# ઉડતી નજરે....

## ઓગસ્ટ-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...........<br>કે જેમાંથી | ૮,૬૪૧ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........... **૪૫૧** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........... **૫૧** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........... **૧૮** | |
| | (ગ) | સોનોગ્રાફી ........... **૫૮૫** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........... **૧૭** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........... **૨૨૬** | |
| | (છ) | અન્ય ........... **૭,૨૯૩** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........... **૬૬.૭૪%** | ૧,૯૩૨ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... | ૭૬૦ |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........... **૮૮.૫૫%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... | ૫૩૦ |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........... **૪૦.૬૫%** | |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... | ૩,૧૭૦ |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........... | ૭,૦૦૦ |
| ૭. | | ઓગસ્ટ-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........... | ૨૨,૦૩૩ |

## દીપોત્સવી અંક

મંગલ મંદિરનો 'નવેમ્બર-૨૦૧૦'નો અંક દીપોત્સવી અંક તરીકે પ્રગટ કરવામાં આવનાર છે. લેખકશ્રીઓને વિનંતી કે તેઓ પોતાના લેખો 'દીપોત્સવી અંક'ને અનુરૂપ મોકલી આપે.

***દીપોત્સવી અંકના જાહેરાતના ભાવો નીચે મુજબના રહેશે :***

| | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| **બ્લેક એન્ડ વ્હાઈટ** | રૂા. ૫,૦૦૦ | રૂા. ૩,૦૦૦ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૫૦૦/- |
| **મલ્ટી કલર** | રૂા. ૧૦,૦૦૦ | રૂા. ૬,૦૦૦ | રૂા. ૩,૫૦૦ | – |

દીપોત્સવી અંકમાં જાહેરાત આપી, આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાં કરાવી શકશો. દીપોત્સવી અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

***મુખ્ય તંત્રી, મંગલ મંદિર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | શનિવાર, તા. ૯-૧૦-૨૦૧૦ (બીજું નવરાત્ર) રાત્રે ૮.૦૦ વાગે | પટાંગણ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ. | • યુવા વિકાસ સમિતિ આયોજિત નવરાત્ર મહોત્સવ. શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા ગરબા હરીફાઈ. |
| • | શુક્રવાર, તા. ૨૨-૧૦-૨૦૧૦ રાત્રે ૮.૦૦ વાગે | પટાંગણ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ. | • યુવા વિકાસ સમિતિ આયોજિત શરદ પૂનમોત્સવ. ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ. |
| • | શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦ બપોરે ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | • યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈ. |
| • | શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦ (ખાલી દિવસ) સાંજના ૫.૦૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ. | • નૂતન વર્ષ મિલન સમારંભ |
| • | સોમવાર, તા. ૮-૧૧-૨૦૧૦થી ગુરુવાર, તા. ૧૧-૧૧-૨૦૧૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી સોમવાર તા. ૮-૧૧-૨૦૧૦ સવારમાં ૬.૦૦ વાગે ઉપડશે. | કચ્છ દર્શન – ૪ દિવસ માટે. (વિગતવાર કાર્યક્રમ અન્યત્ર આપેલ છે.) શુક્રવાર, તા. ૧૨-૧૧-૨૦૧૦ના વહેલી સવારે અમદાવાદ પરત. |
| • | રવિવાર, તા. ૯-૧-૨૦૧૧ સવારમાં ૯.૦૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | સમૂહ પ્રાર્થના. |

**'મંગલ મંદિર'ના લવાજમના દરો : • ૧વર્ષના : રૂા.૧૫૦/ • ૩ વર્ષના : રૂા.૪૦૦/- • ૫ વર્ષના : રૂા. ૬૦૦ • આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** — શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** — લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** — હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** — અશ્વિન તલકશી શાહ,C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** — જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** — નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : (ઓ) ૦૨૬૫-૨૪૩૯૭૮૪, (ઘર) ૦૨૬૫-૨૪૮૬૩૩૬, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** — જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. ફોન : ૦૨૬૧-૨૭૬૬૧૭૭, મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** — શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૩૬
- **ઘાટકોપર, મુંબઈ** — રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૩૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** — રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧, મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** — ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. ફોન : ૦૪૪-૪૨૬૨૪૫૬૦, મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

છેલ્લા ૩૫ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ : ગાંધી જયંતી જેવા પવિત્ર મહિનામાં થોડું ચિંતન જરૂરી છે ............ અશોક મહેતા ........ ૯

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત (પ્રકરણ-૧૩)
  કચ્છમાં આઝાદીની લડત અંતર્ગત જૈનોનો ફાળો ............ ડૉ. નીતા ઠાકર ...... ૧૩
- ઝારાનો ભીષણ સંગ્રામ : સીદીઓ (પ્રકરણ-૧૬) ............ ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૧૬

## માહિતી

- વાઘા સરહદી થાણું ............ રક્ષા મ. વ્યાસ ...... ૧૭
- ગ્રાહક તરીકેના તમારા હક્કો અને સાવચેતીઓ ............ સી.એ. પુષ્પા અશોક શાહ ...... ૧૮
- માહિતી અધિકાર ધારાનો ચમત્કાર
  નિવૃત્ત સરકારી અધિકારીઓની લેણી રકમ મળી ............ ચંદ્રકાંત આનંદપરા ...... ૧૯
- ચમત્કાર માહિતી અધિકારનો ............ પ્રેષક : ખીમજી મોમાયા મામણિયા ...... ૨૦
- આપણી જળસમસ્યા નિવારવાના અગ્રીમ ઉપાયો ............ પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ...... ૨૨
- ઓક્ટોબર માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ ...... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૨૩

## વ્યક્તિ વિશેષ

- નારી તું ના હારી : ચંદાબહેન શ્રોફ ............ પ્રિયંકા વિસરિયા ...... ૨૫
- ખારે કચ્છ જો મઠો માડુ : કાંતિસેન શ્રોફ ............ પ્રિયંકા વિસરિયા ...... ૨૬

## જીવન ચરિત્ર

- 'નોબેલ' સન્માન મેળવનાર વિખ્યાત ખગોળ ભૌતિકશાસ્ત્રી
  ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખર ............ સંજય પી. ઠાકર ...... ૨૯

## વિચાર-વિમર્શ

- કાશ્મીર ઉપવનમાં પ્રસરતા લાવા માટે આપણે કેટલા જવાબદાર? ............ પ્રા. પૃથ્વી શાહ ...... ૩૧
- આત્માના સ્વરૂપ વિશે થોડા પ્રશ્નો (ભાગ-૨) ............ મુરજી ગડા ...... ૩૩
- દેશ પ્રત્યેનું ઋણ ............ કોર્નલાઈસ વોન બેચર ...... ૩૫
- આપણી માનસિકતા કમનસીબ પરિસ્થિતિએ છે! ............ શાંતિલાલ સંઘવી ...... ૩૭
- અંતિમ પર્ણ... જિંદગીની મહેક ............ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૩૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન

● સરસ્વતીચંદ્રમાં સમાજ જીવન ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૩૯
● પ્રાયશ્ચિતનું પાવન ઝરણું ........ આશા વીરેન્દ્ર ...... ૪૦
● દિલમાં જો સતયુગ છે તો દુનિયામાં સતયુગ છે...
દિલમાં જો કલિયુગ છે તો દુનિયામાં કલિયુગ છે... ........ પ્રેષક : પ્રભુલાલ એમ. સંઘવી ...... ૪૩
● ધરણીનું ઋણ અદા કરીએ – મૃત્યુ પાછળ વૃક્ષારોપણ ........ ગાંગજી લીલાધર દેઢિયા ...... ૪૫
● વૃદ્ધાશ્રમ બનાવવા જોઈએ કે નહીં?
વૃદ્ધાશ્રમ નહીં, સિનિયર સિટીઝન સોસાયટી બનાવવી ........ રસિક શુક્લ ...... ૪૬
● ક્રોધ કાબૂમાં લીધો ........ પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) ...... ૪૭

## તંદુરસ્તી

● તેલ ઢોળાય તો તાવડીમાં ........ મીમાંસા યોગેન્દ્ર પારેખ ...... ૪૯

## હાસ્ય

● હળવાશની ક્ષણોમાં!
રિસેપ્શન છૂટાછેડાનો - જાપાનમાં! ........ ચિત્રસેન શાહ - ગાંધીનગર ...... ૫૧
● બાલુડેં જ્યું ગાલિયું ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૪

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૫૫
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૯
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૬૩
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૬૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો - સાભાર સ્વીકાર ......... ૬૫
● પુસ્તક પરિચય – **"Rays of Light"** ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૬
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૮
● શબ્દ રમત-૫૩ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૯
● સુડોકુ – ૧૦૧૦ ........ હરખચંદ સાવલા ...... ૭૧
● સમાચાર સાર ........ પ્રેષક : શાંતિલાલ સંઘવી ...... ૭૩
● વલોવતન ........ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ...... ૭૫
● સમાજ દર્પણ ........ ૭૭
● સંસ્થા સમાચાર ........ ૭૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ........ ૧૦૫

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ગાંધી જયંતી જેવા પવિત્ર મહિનામાં થોડું ચિંતન જરૂરી છે

***– અશોક મહેતા***

૧૯૪૭ની આઝાદી સમયે દેશ કાજે મરી ફીટવાની લોકોની ભાવના હતી. પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવાની તમન્ના હતી. દેશને આબાદ જોવાની લોકોની મનોકામના હતી. જાહેર સમાજમાં નૈતિકતાનું ધોરણ ઉચ્ચ કક્ષાએ વ્યાપેલ હતું. જાહેર જીવનમાં પ્રામાણિકતા બુલંદી પર હતી.

દેશ સ્વતંત્ર થયો. આઝાદી આવી. આબાદી લાવવા મહેચ્છાઓ સેવાવા લાગી. દેશને યોગ્ય રાહે લઈ જવાની જવાબદારી આગેવાનોને શિરે આવી પડી.

એ સમયે દુનિયામાં બે જ વાદ પ્રવર્તતા હતા : સામ્યવાદ અને મૂડીવાદ. એકમાં નીચેના લોકોને લાભો આપી તેઓને ઉપર લઈ જવાની વાત હતી, બીજામાં ઉપરના લોકોને વિકસાવી, એ લાભો ધીરે ધીરે નીચે સુધી પ્રસરાવવાના હતા. આપણે ત્રીજો અથવા વચલો વાદ સ્વીકાર્યો – સમાજવાદ. એક તરફથી નીચેના લોકોને પ્રોત્સાહન આપવાનું. બીજી તરફથી નિયંત્રિત પદ્ધતિમાં ઉપરના લોકોને વિકાસ કરવા પ્રોત્સાહિત કરવા.

નીચેના લોકોને પ્રોત્સાહિત કરવા વિશાળકાય ઉદ્યોગો જાહેર ક્ષેત્રમાં નંખાયા. સહકારી મંડળીઓને ઉત્તેજન આપવામાં આવ્યું. ગ્રામ પંચાયત સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ થવા લાગ્યું. મજૂર ચળવળને ઉત્તેજન આપવામાં આવ્યું. લેબર યુનિયનોની બોલબાલા થવા લાગી. સરકાર જાતે જાહેર ક્ષેત્રના ઉદ્યોગો દ્વારા ઉત્પાદન અને વ્યાપાર કરવા લાગી.

ઉપરના લોકોને પ્રોત્સાહિત કરવા નિયંત્રીત નીતિઓ અમલમાં મૂકવામાં આવી. પ્રાઈવેટ સેક્ટરમાં ઉદ્યોગો સ્થાપવાની છૂટ આપવામાં આવી પરંતુ તેના પર નિયંત્રણો મૂકવામાં આવ્યા. લાઈસન્સ, ક્વોટા પદ્ધતિ વગેરે નીતિઓને અમલમાં મૂકવામાં આવી.

ધીરે ધીરે સમજાવા લાગ્યું કે સમાજવાદી સમાજ રચનાથી ધાર્યા પરિણામો મેળવી શકાશે નહીં. માત્ર કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર જાહેર સાહસો ઊભા કરે તેનાથી પ્રગતિના સોપાનો સર કરી શકાશે નહીં. રશિયામાં પણ સામ્યવાદ સફળ પરિણામો ના લાવી શક્યું. અન્ય તરફ મૂડીવાદી દેશોની પ્રગતિ આંખે ઊડીને વળગવા લાગી. અર્થશાસ્ત્રીઓને આપણી નીતિઓમાં ફેરફાર કરવાની જરૂરત જણાઈ. તેઓની માન્યતાએ પલટો લીધો. દેશના વિકાસમાં પ્રાઈવેટ સેક્ટરનો પણ મોટા પ્રમાણમાં સહયોગ લેવાનું જરૂરી લાગ્યું. મૂડીવાદી અર્થતંત્ર તરફ આપણે આકર્ષાયા. સમાજવાદી સમાજ રચનાના સિદ્ધાંતોને બાજુએ મૂકવામાં આવ્યા. લાઈસન્સ અને ક્વોટા રાજને તિલાંજલિ આપવામાં આવી. મુક્ત વાતાવરણ અપનાવવામાં આવ્યું. મૂડીપતિઓને મોટા ઉદ્યોગો સ્થાપવાની છૂટ આપવામાં આવી. અનેક વસ્તુઓના આયાત - નિકાસની પણ છૂટ આપવામાં આવી. દેશનો જી.ડી.પી. રેશિયો વધવા લાગ્યો. આપણે હરખમાં આવી ગયા. આ નીતિઓ ફાયદાકારક દેખાવા લાગી. પરંતુ ધીરે ધીરે અન્ય હકીકતો સપાટી પર આવવા લાગી. ધનિકો ખૂબજ ધનિકો બનતા ગયા. નફાનો મોટો ભાગ તેઓ પાસે રહ્યો. તેઓની સંગ્રહ શક્તિએ માઝા મૂકી. દેશમાં મોંઘારત વધવા લાગી.

શરૂથી આજ સુધી અર્થશાસ્ત્રીઓ એક હકીકતને ધ્યાનમાં લેવાનું ચૂકી ગયા. દરેક નીતિમાં નૈતિકતાને નેવે મૂકવામાં આવી. તેના પર સવિશેષ ધ્યાન આપવામાં ન આવ્યું. લોકોને વધુને વધુ શિક્ષિત કરવામાં આવ્યા પરંતુ ચારિત્ર્ય તરફ નજરઅંદાજ કરવામાં આવ્યું.

અન્ય તરફ આંતરરાષ્ટ્રીય બજાર ખૂલી જવાના કારણે લોકોને પૈસા કમાવાની તડપ લાગી. આ તડપ ભ્રષ્ટ વ્યવહારોમાં પરિણમી. ભ્રષ્ટ વાતાવરણ પહેલેથી જ હતું પરંતુ લાલચ મોટા પ્રમાણમાં વધી જવાથી ભ્રષ્ટતાએ માઝા મૂકી. નૈતિકતા તરફ તો શરૂથી જ આંખ આડા કાન કરવામાં આવ્યા હતા. રાજકારણીઓ, અમલદારો, ઉદ્યોગપતિઓ સ્વરૂપે નવા મહારાજાઓ પેદા થયા. ભ્રષ્ટ નીતિઓથી માલેતુજાર બનવાની લાલચ કોઈ પણ રોકી ના શક્યું. વાડ જાતે ચીભડા ગળવા લાગી. મીલી ભગતના કારણે 'રૂક જાવ' કહેનારું કોઈ ના રહ્યું. નૈતિકતાના ધોરણો છેક તળિયે પહોંચી ગયા. એક તરફ અલ્પ માત્રામાં ધનિક વર્ગ ઊભો થયો કે જેના હાથમાં દેશની સંપત્તિનો મોટો હિસ્સો રહ્યો. અન્ય તરફ દેશનો મોટા ભાગનો વર્ગ ગરીબી તરફ ધકેલાયો.

*આપીને જે આનંદ વધારે તે અમીર, લઈને જે લાલસા વધારે તે ગરીબ.*

આ વર્ગને બે ટંક ખાવાના પણ સાંસા પડવા લાગ્યા.

ભારત દેશની એક અબજ દસ કરોડની વસતિમાંથી ૭૭ ટકા એટલે કે લગભગ ૮૪ કરોડ લોકોની રોજની આવક રૂા. ૨૦/- કરતાં પણ ઓછી થઈ ગઈ, અને એ ૮૪ કરોડમાંથી ૩૦ કરોડ લોકો તો ગરીબી રેખાની નીચે જીવન જીવવાની પરિસ્થિતિમાં આવી ગયા. દેશનો ગ્રોથ રેશિયો વધારવાની લાયમાં આમ આદમીની સંપૂર્ણપણે બાદબાકી કરી દેવામાં આવી. જ્યાં દેશના મોટા ભાગના લોકો બે ટંકભેર ખાવા ના પામી શકતા હોય એ આભાસી પ્રગતિનું કરવાનું શું? છેવટે તો દેશની બરબાદી જ થવાની. વાતાવરણમાં એવો ભાસ ઉત્પન્ન થવા લાગ્યો કે ક્રાંતિ હવે બારણે ટકોરા મારીને આવતી દેખાય છે!

આયોજન પંચના બધા જ આયોજનો નાકામિયાબ પુરવાર થતા દેખાઈ રહ્યા છે. મોન્ટેકસિંહો, અહલુવાલિયાઓ, મનમોહન સિંઘોના અર્થતંત્રના આયોજનો નાકામિયાબ રહેવા પામેલ છે. એકએક આયોજનકાર સંપૂર્ણપણે ફેઈલ જતો દેખાઈ રહેલ છે.

આજે ભારત દેશને એવા આયોજનકારની જરૂરત નથી કે જે દુનિયામાં વટ પાડવા દેશનો જી.ડી.પી. રેશિયો વધારતો રહે. દેશની સંપત્તિ વધારતો રહે. દુનિયામાં ભારત દેશની વાહવાહ બોલાવતો રહે. તેને તો એવા આયોજનકારની જરૂરત છે કે જેના આયોજનથી ભારતના એકે એક નાગરિકને 'રોટી, કપડાં અને મકાન' પૂરું પાડી શકાય.

હજુ પણ વિચારવાનો સમય છે.

(૧) **ખેતી પર વધુ લક્ષ્ય આપવાની જરૂરત છે. મુખ્યત્વે જળસંચયની કામગીરી વધારી વર્ષમાં વધુને વધુ પાકો મેળવવાના આયોજનોનો અસરકારક અમલ કરાવવો જરૂરી છે. ઉત્પન્ન થતી સંપત્તિ છેવાડાના અનેક માનવોના હાથમાં તે વહેંચાય તેના પર સવિશેષ ધ્યાન આપવું જરૂરી છે.**

(૨) **શિક્ષણથી પણ અધિક ચારિત્ર્ય ઘડતર પર લક્ષ્ય કેન્દ્રિત કરવું જરૂરી છે કે જેથી ભ્રષ્ટ નીતિઓને શક્ય જાકારો આપી શકાય.**

ભારત દેશને આજે જરૂરત છે આ પ્રકારની નીતિઓના અસરકારક અમલ માટેના આયોજનકારોની અને તેવી જ રાજકીય નેતાગીરીની.

ગાંધી જયંતીના આ મહિનાના અવસરે આ બાબતે સવિશેષ ચિંતન આવશ્યક છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આધુનિક 'દલો તરવાડી'

સાંસદ (આધુનિક દલો તરવાડી) : પાર્લામેન્ટ, રે પાર્લામેન્ટ...

પાર્લામેન્ટ (સાંસદ જ જવાબ આપે છે) : શું કહો છો જેન્ટલમેન?

સાંસદ : પગાર વધારું, બે ગણો?

પાર્લામેન્ટ : વધારી લે ને ત્રણ ગણો!

અને પગારો ત્રણ ગણા વધી ગયા.

આ છે આધુનિક દલા તરવાડીની કહાની.

***નોંધ :*** આઝાદી સમયે ચર્ચિલે કહેલું કે 'આ પીંઢારાઓ - લૂંટારુઓ (ભારતની નેતાગીરી) ભારતના નાગરિકોને લૂંટી લેશે' એ ભવિષ્યવાણી આજે અક્ષરસઃ સાચી પડતી દેખાઈ રહી છે.

## ભારતીય સાંસદોને હવે કેટલા પગાર / ભથ્થાં મળશે?

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | માસિક પગાર...................................... | રૂા. | ૫૦,૦૦૦ | |
| | માસિક ઓફિસ ખર્ચ................................ | રૂા. | ૪૫,૦૦૦ | |
| | માસિક કોન્સ્ટિટ્યૂઅન્સી ભથ્થું ...................... | રૂા. | ૪૫,૦૦૦ | |
| | ................................................ **કુલ** | **રૂા.** | **૧,૪૦,૦૦૦** | |
| ૨. | સાંસદને જીવનભર પેન્શન ......................... | રૂા. | ૨૦,૦૦૦ | માસિક |

| | | |
|---|---|---|
| ૩. | સંસદ ચાલુ હોય ત્યારે દરરોજનું ભથ્થું ........... | રૂા. ૨,૦૦૦ દૈનિક (વર્ષે રૂા. ૨.૦૦ લાખ થાય.) |
| ૪. | મહિનામાં ૧૦ મિટિંગોની સિટિંગ ફી ............. | રૂા. ૨,૦૦૦ એક મિટિંગના (વર્ષે રૂા. ૨.૫૦ લાખ થાય.) |
| ૫. | મોટર ખરીદવા વગર વ્યાજની લોન .............. | રૂા. ૪,૦૦,૦૦૦ |
| ૬. | પોતાની મોટર વાપરે તો ભથ્થું (આ ભથ્થું તેમના પત્નીને પણ મળે) ............ | રૂા. ૧૬/- કિ.મી. |
| ૭. | પૉશ વિસ્તારમાં રહેવાનું સરકારી ઘર ફ્રી ......... | સરેરાશ ભાડું રૂા. ૧,૦૦,૦૦૦/- મહિને (વાર્ષિક રૂા. ૧૨ લાખ થાય.) |
| ૮. | ત્રણ ટેલિફોન તથા બે મોબાઈલ.................. | વર્ષે દોઢ લાખ કોલ ફ્રી (વર્ષે રૂા. ૧.૫૦ લાખ થાય.) |
| ૯. | વીજ વપરાશ મફત .............................. | વર્ષે ૫૦,૦૦૦ યુનિટ (વર્ષે રૂા. ૨.૫૦ લાખ થાય.) |
| ૧૦. | સાંસદની પત્નીને રેલવેમાં મુસાફરી ............... | ફર્સ્ટ ક્લાસમાં ગમે તેટલી વાર ફ્રી |
| ૧૧. | સાંસદની પત્નીને એર ટ્રાવેલ ..................... | વર્ષે આઠ મુસાફરી ફ્રી |
| ૧૨. | સાંસદને દિલ્હી આવવા-જવા માટે ................ | વર્ષે ૩૨ ફ્લાઈટ ફ્રી અથવા એ.સી. ફર્સ્ટક્લાસ ફ્રી. |
| ૧૩. | પાર્લામેન્ટ હાઉસની કેન્ટીનમાં ભોજન-નાસ્તો ....... | લગભગ મફતના ભાવે |

***ઉપરોક્ત ગણનાએ એક સાંસદ પાછળ વાર્ષિક કુલ ખર્ચ : રૂા. ૩૭ લાખ.***

ભારતના આમ આદમીની સરેરાશ આવક સામે ઉપરોક્ત આંકડા ખૂબ જ અકળાવનારા છે.

આઝાદી સમયે ભારતમાં સુરાજ્ય સ્થાપવાની કલ્પના સાથે આપણે ક્યાંથી શરૂઆત કરેલી અને આજે પહોંચ્યા ક્યાં?

જૂના રાજા-મહારાજાઓના સ્થાને નવા રાજા-મહારાજાઓ આવ્યા!

જનતા તો ઠેરની ઠેર!

## આમ માનવીની સરેરાશ નેશનલ ઈન્કમ કરતાં જે-તે દેશના સાંસદોને કેટલા ગણો વધારે પગાર મળે છે

નોંધ : સામાન્ય માનવીની સરેરાશ નેશનલ ઈન્કમ એટલે જે તે દેશોની પરચેઈઝિંગ પાવર પેરિટી પ્રમાણે આમ આદમીની પર કેપીટા ઈન્કમ.

| *દેશ* | *આમ આદમીની સરેરાશ નેશનલ ઈન્કમ કરતાં ત્યાંના સાંસદને કેટલા ગણા પગાર / ભથ્થાં વધુ મળે છે* |
|---|---|
| સિંગાપોર | ૪ ગણો |
| જાપાન | ૬ ગણો |
| ઈટાલી | ૭ ગણો |
| ફ્રાંસ | ૮ ગણો |
| ઈંગ્લેન્ડ | ૯ ગણો |
| પાકિસ્તાન | ૧૭ ગણો |
| અમેરિકા | ૩૫ ગણો |
| ભારત | ૧૦૪ ગણો |

સવિશેષ નોંધવાનું એ કે ભારતમાં સાંસદના પગાર / ભથ્થાંનું ધોરણ આમ આદમીની સરેરાશ માસિક આવક કરતા ૧૦૦ ગણા વધારે હોવા છતાં :

૧. સંસદમાં સવાલ પૂછવાના સાંસદ દ્વારા નાણાં લેવાય છે.

૨. પૂછેલા સવાલના દિવસે એ સાંસદ ગેરહાજર રહે તેના પૈસા લેવાય છે.

૩. રોજનું રૂા. ૨૦૦૦ દૈનિક ભથ્થું લેનાર સાંસદો ભાગ્યે જ આખો દિવસ સંસદમાં હાજર હોય છે.

૪. પાર્લામેન્ટમાં કૉરમ માટે અવારનવાર ઘંટડીઓ વગાડવી પડે છે.

૫. કેટલાક સાંસદો વર્ષમાં એકવાર પણ ભાગ્યે જ બોલીને સંસદમાં ભાગ લેતા હોય છે.

૬. સંસદીય ક્ષેત્રની વાર્ષિક રૂા. ૨ કરોડ (૫ વર્ષમાં રૂા. ૧૦ કરોડ)ની ગ્રાંટ એ સાંસદો માટે સાલિયાણું બની ગયેલ છે.

૭. કેટલાક સાંસદો પોતાના સરકારી મકાનમાં ગેરકાયદેસર ભાડુઆતો રાખે છે.

૮. કેટલાક સાંસદો કોર્પોરેટ હાઉસના લાયાઝન ઓફિસર તરીકેનું કામ કરી નિયમિત ફાયદો મેળવતા હોય છે.

૯. વોટિંગ સમયે કેટલાક પક્ષોના સાંસદોને વોટની તગડી કિંમત મળે છે.

**બોલો, મેરા ભારત દેશ મહાન!**

*બેઠાબેઠા પૈસા ઉછીના આપો અને તેને પરત લેવા દોડ્યા કરો.*

## ભારતના વિવિધ પ્રદેશોના મુખ્ય પ્રધાનશ્રીઓએ તેઓએ જાતે જાહેર કરેલ પોતાની મિલકત

- ઉત્તર પ્રદેશના માયાવતી રૂા. ૫૨.૦૦ કરોડ
- તામિલનાડુના કરુણાકરન રૂા. ૪૩.૮૦ કરોડ
- પંજાબના પ્રકાશસિંહ બાદલ રૂા. ૯.૨૦ કરોડ
- મહારાષ્ટ્રના અશોક ચૌહાણ રૂા. ૬.૮૦ કરોડ
- નાગાલેન્ડના નેઈફ્યુરિઓ રૂા. ૬.૨૦ કરોડ
- અરુણાચલના દોરજી ખંડુ રૂા. ૪.૨૦ કરોડ
- આંધ્રના સ્વ. રાજશેખર રેડ્ડી રૂા. ૩.૫૦ કરોડ
- કાશ્મીરના ઓમર અબ્દુલ્લા રૂા. ૩.૫૦ કરોડ
- ગોવાના દિગંબર કામત રૂા. ૩.૧૦ કરોડ
- સિક્કીમના પવન ચમલિંગ રૂા. ૨.૫૦ કરોડ
- ઓરિસ્સાના નવીન પટનાયક રૂા. ૨.૩૦ કરોડ
- મિઝોરમના લાલનાથવાલા રૂા. ૨.૨૦ કરોડ
- મેઘાલયના દોનકુપર રોય રૂા. ૧.૮૦ કરોડ
- હિમાચલ પ્રદેશના પ્રેમ ધુમલ રૂા. ૧.૭૦ કરોડ
- કર્ણાટકના યેદિયુરપ્પા રૂા. ૧.૫૦ કરોડ
- મધ્યપ્રદેશના શિવરાજસિંહ ચૌહાણ રૂા. ૧.૪૦ કરોડ
- દિલ્હીના શીલા દિક્ષીત રૂા. ૧.૧૮ કરોડ
- હરિયાણાના ભૂપેન્દ્રસિંહ હૂડા રૂા. ૧.૧૫ કરોડ
- છત્તીસગઢના રમણસિંહ રૂા. ૧.૧૦ કરોડ
- રાજસ્થાનના અશોક ગેહલોત રૂા. ૧.૦૦ કરોડ
- ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ખંડુરી રૂા. ૧.૦૦ કરોડ
- આસામના તરુણ ગોગાઈ રૂા. ૯૭ લાખ
- બિહારના નીતિશકુમાર રૂા. ૫૫ લાખ
- ગુજરાતના નરેન્દ્ર મોદી રૂા. ૪૩ લાખ
- ઝારખંડના માજી મુખ્યપ્રધાન શિબૂ શોરેન રૂા. ૩૮ લાખ
- પોંડિચેરીના રંગાસ્વામી રૂા. ૨૨ લાખ
- બંગાળના ભટ્ટાચાર્ય રૂા. ૧૫ લાખ
- કેરળના અચ્યુતાનંદ રૂા. ૯ લાખ

બંગાળ અને કેરળના મુખ્ય પ્રધાનો સિવાય અન્ય મુખ્ય પ્રધાનોએ જાહેર કરેલ આંકડા કોઈ પણ નાગરિક સાચા માનતા નથી. કદાચ તેમની જાહેર કરેલ મિલકત જાહેર કરેલ આંકડા કરતા અનેકગણી વધુ હશે.

મોટાભાગના મુખ્ય પ્રધાનશ્રીઓ જ્યારે રાજકારણમાં દાખલ થયા ત્યારે તેમની મિલકત બિલકુલ તળિયાઝાટક હતી. રાજકારણના પ્રતાપે તેઓ માલામાલ થયા છે. મોટાભાગે ભ્રષ્ટાચાર વિના આ શક્ય નથી. ખૂબ જ ઓછા સમયમાં તેઓએ આ મૂડી હાંસલ કરેલ છે.

## ભારત દેશના સાંસદોએ જાતે જાહેર કરેલ પોતાની મિલકતના આંકડા

ભારતની પાર્લિયામેન્ટમાં બેસનાર સાંસદોમાંથી ૩૫૦ સાંસદો કરોડપતિ અથવા તો તેનાથી વધુ મિલકત ધરાવે છે. તેમાંના કેટલાકે જાતે જાહેર કરેલ પોતાની મિલકતના આંકડા અત્રે પ્રસ્તુત છે.

| | |
|---|---|
| ટી. સુબ્બારામી રેડ્ડી (આંધ્રપ્રદેશ - કોંગ્રેસ) | રૂા. ૨૩૬.૬૦ કરોડ |
| અભિનેત્રી જયા બચ્ચન | રૂા. ૨૧૪.૩૦ કરોડ |
| પ્રેનીત કોર (કોંગ્રેસ) | રૂા. ૩૭.૧૦ કરોડ |
| સુપ્રિયા સુલે (શરદ પવારની દીકરી - એન.સી.પી.) | રૂા. ૨૫.૯૦ કરોડ |
| ધર્મેન્દ્ર (ફિલ્મી કલાકાર) | રૂા. ૨૩.૧૦ કરોડ |
| પ્રતિભાસિંઘ (કોંગ્રેસ) | રૂા. ૨૨.૬૦ કરોડ |
| રાહુલ બજાજ (અપક્ષ) | રૂા. ૧૯.૬૦ કરોડ |
| રેણુકા ચૌધરી (આંધ્રપ્રદેશ - કોંગ્રેસ) | રૂા. ૧૪.૨૦ કરોડ |
| પી. જયાપ્રદા નાહટા | રૂા. ૮.૪૦ કરોડ |
| મેનકા ગાંધી | રૂા. ૬.૬૦ કરોડ |
| દાગુપત્તી પુરણ દારેશ્વરી (આંધ્રપ્રદેશ-કોંગ્રેસ) | રૂા. ૩.૮૩ કરોડ |
| સંગીતાકુમારી સિંઘ (ભાજપ) | રૂા. ૨.૭૦ કરોડ |

આ બધા જ સાંસદોને આપવામાં આવતો પગાર ખૂબ જ ઓછો પડતો હોવાથી પોતાના પગારમાં ત્રણ ગણો વધારો કરી દીધેલ છે. અન્ય ભથ્થાંમાં પણ વધારો કરી લીધેલ છે.

## અમેરિકી રિસર્ચ સંસ્થાનો અહેવાલ

અમેરિકાની જાણીતી રિસર્ચ સંસ્થાના અહેવાલ મુજબ ભારતના ભ્રષ્ટ રાજકારણીઓ તથા અધિકારીઓએ વર્ષ ૨૦૦૦થી ૨૦૦૮ના સમયગાળાના ૮ વર્ષ દરમ્યાન રૂા. ૬૦૦૦ અબજ કરતાં વધુ રકમ પોતાના વિદેશી બેંકોના ખાતામાં ગેરકાયદેસર રીતે જમા કરાવેલ હતી.

## પ્રૂફ રીડિંગ

દર મહિને નિયમિતપણે પ્રસારિત થતા મંગલ મંદિરના પ્રૂફ રીડિંગ માટે (સાર્થ જોડણીકોશ મુજબ) સમાજના અથવા અન્ય ગુજરાતી વ્યાકરણ શાસ્ત્રીની સેવાની જરૂરિયાત રહે છે.

આ કામગીરી સામાન્યપણે દર મહિનાની ૨૦ તારીખથી ૩૦ તારીખની વચ્ચે નભાવવાની હોય છે. અંદાજિત ૧૦૦થી ૧૨૫ પાના જેટલી કામગીરી રહેવા પામે છે.

જે કોઈ વ્યક્તિ ઉપરોક્ત બાબતે સેવા કરવાની ઈચ્છા ધરાવતી હોય તેઓશ્રીએ મંગલ મંદિરના મુખ્ય તંત્રીશ્રીનો ૯૮૨૫૩ ૨૨૬૮૯ અથવા ૯૪૨૮૦ ૪૦૨૬૧ નંબર પર સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

*મુખ્યતંત્રી - મંગલ મંદિર*

*વિચારો કાબૂમાં રાખશો તો અહંકાર આપમેળે ઓગળી જશે.*

કચ્છ

# કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

(પ્રકરણ-૧૩)

# કચ્છમાં આઝાદીની લડત અંતર્ગત જૈનોનો ફાળો

• ડૉ. નીતા ઠાકર •

## • જૈન મુનિઓનો ફાળો :

ઈ.સ. ૧૯૨૦-૨૫ દરમ્યાન ગાંધીજીની સત્યાગ્રહની લડતે આખા દેશને આઝાદીની તમન્નાના રંગે રંગી દીધો હતો. ત્યારે કચ્છમાં જૈન મુનિ શ્રી કલ્યાણચંદ્રજી પણ એનાથી મુક્ત રહી શક્યા નહીં. એ વખતે એમના દાદા ગુરુશ્રી વ્રજપાલજી સ્વામી ક્ષીણ જંઘાબળને કારણે મુંદ્રામાં સ્થિરવાસ હતા. એમની સેવામાં શ્રી કલ્યાણચંદ્રજી ખડેપગે રહેતા. પણ તક મળતાં જ હરિજનવાસમાં નીકળી પડતાં. ખાદીનો પ્રચાર કરતા, રેંટિયો તો એ નિયમિત રીતે કાંતતા અને ખાંડના મિષ્ટાનનો પણ એમણે ત્યાગ કર્યો હતો. મુંદ્રાના જૈનસંઘના કેટલાક શ્રાવકોને કલ્યાણચંદ્રજીની આ પ્રવૃત્તિ ગમતી નહીં. એ વ્રજપાલજી સ્વામી પાસે ફરિયાદ કરતા, 'પૂજ્ય સાહેબ, કલ્યાણચંદ્રજી મહારાજ તો હરિજનવાસમાં જાય છે. રેંટિયો કાંતે છે.' **પૂજ્ય મહારાજ કહેતા, 'શું કરું ભાઈ? મારું શરીર ચાલતું નથી. નહિ તો હું પણ એમજ કરું.'** સ્વાભાવિક છે કે 'ધર્મ'ની ઉત્કૃષ્ટ ભાવનાને કારણે જ શ્રી વ્રજપાલજી સ્વામી અને શ્રી કલ્યાણચંદ્રજીએ આઝાદીની લડતને અને ખાસ તો 'સત્યાગ્રહ'ની લડતને એક ધર્મના સ્વરૂપે સ્વીકારી રાષ્ટ્ર તરફની પોતાની ફરજ નિભાવી હતી.

મુંદ્રામાં એ વખતે શેઠ પુરુષોત્તમ મૂળજી, વાઘજીભાઈ સોલંકી, વલ્લભદાસ મહેતા વગેરે કિશોરો ગાંધીજી પાછળ ઘેલા બની આઝાદીની ચળવળમાં ભાગ લેતા હતા તે ખાદી પ્રચાર માટે ખાદીના તાકા ખભે ચડાવીને મહારાજશ્રી સાથે ગામેગામ ઘુમતા. શ્રી પુરુષોત્તમ શેઠના નાના ભાઈ શ્રી તુલસીદાસભાઈ જેમણે સરકારી કામગીરી ને રાજકારણમાંથી નિવૃત્ત થઈને કચ્છમાં કેળવણીના પ્રચારમાં પોતાનો ફાળો આપ્યો. અંજારના શ્રી કાંતિપ્રસાદ અંતાણી, નાનાલાલ ઉપાધ્યાય, જમનાદાસ ગાંધી, ડૉક્ટર લતીફ, કેરાના કવિ મહમદ હાસન 'ચમન' વગેરે દેશસેવકો કચ્છની જનતાને જાગૃત કરવા મથી રહ્યા હતા. તેમને પણ શ્રી કલ્યાણચંદ્રજીનો પૂરો સહકાર મળતો હતો.

મુંદ્રામાં એક હરિજનશાળા ખોલવાનો વિચાર શ્રી કલ્યાણચંદ્રજી મહારાજના અંતરમાં રાતદિવસ રમી રહ્યો હતો. એવામાં એક દિવસ એમને કાને વાત આવી કે મુંદ્રામાં એક વખત 'ઇભીવછેરા'ના તોછડા નામે ઓળખાતો ખોજા જ્ઞાતિનો એક તોફાની છોકરો મુંબઈ જઈને જાત મહેનતથી મોટો શેઠ બની ગયો છે. એ શેઠ ઈબ્રાહીમ પ્રધાન હમણાં જ મુંબઈથી આવેલ છે. મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ તક ઝડપી લીધી. એક દિવસ હાથમાં પાત્રા લઈ એ નવી શેરીમાં રહેતાં ઈબ્રાહીમ પ્રધાનને બંગલે પહોંચી ગયા. એક જૈન સાધુને આવી ચડેલા જોઈ શેઠે કહ્યું, 'મહારાજ, તમે ભૂલી ગયા લાગો છો. વાણિયાના ઘર તો બાજુમાં છે. અમે તો ખોજા છીએ.' પણ હું તો તમારે ત્યાં જ વહોરવા આવ્યો છું. આમ કહીને મુનિ કલ્યાણચંદ્રજીએ હરિજનશાળા માટે ૧૧ હજાર રૂપિયા માંગ્યા. **આમ ઈબ્રાહીમ શેઠના સહકારથી મુંદ્રામાં હરિજનશાળા ચાલુ થઈ ગઈ.** નોંધનીય છે કે આ શાળાની મુલાકાત ગાંધીજીએ કચ્છ પ્રવાસ સમયે લીધી હતી.

ઈ.સ. ૧૯૨૫માં કાઠિયાવાડ રાજકીય પરિષદના કાર્યકર્તાઓએ પરિષદ ભાવનગર ભરવાનું નક્કી કરેલ. એ વખતે કચ્છના ચાર કાર્યકર્તાઓએ ગાંધીજીને કચ્છ પધારવાનું આમંત્રણ આપેલ. એ વખતે શ્રી કલ્યાણચંદ્રજીએ કચ્છના કાર્યકર્તાઓને કહ્યું હતું કે, 'બાપુજીને કચ્છ આવવાનું આમંત્રણ તો ભલે આપ્યું પરંતુ બાપુજીના આગમન પહેલાં કચ્છમાં ખૂબ પ્રચાર કરવાની જરૂર છે. કચ્છની પરિસ્થિતિ જોતાં જો પૂરતો પ્રચાર નહીં થાય તો બાપુજીના મનને દુઃખ થશે. કચ્છના પ્રવાસમાં એમને દરેક રીતે સંતોષ થાય એ આપણે ખાસ જોવાનું છે.' આ પરિષદનાં કાર્યક્રમમાં બાપા શ્રી ચારિત્રવિજયજી અને શ્રી કલ્યાણચંદ્રજી મહારાજે હાજરી આપી હતી. ત્યાર પછી આસો માસની અધવચ્ચે શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ પર ગાંધીજીનો પત્ર આવ્યો હતો. જેમાં જણાવેલું કે 'હું દિવાળી પછી તરતમાં જ કચ્છ જવાનો છું.' પ્રત્યુત્તરમાં શ્રી કલ્યાણચંદ્રજીએ બાપુજીને જણાવેલું કે મારાથી ત્યાં (કચ્છમાં) આવી શકાશે નહીં પરંતુ આપ મુંદ્રા પધારો ત્યારે મારા દાદાગુરુ જેઓ વૃદ્ધાવસ્થાના કારણે હાલ ત્યાં સ્થિરવાસ છે, તેમને મળવા પ્રબંધ કરશો.

ગાંધીજીના કચ્છ પ્રવાસ સમયે શ્રી કલ્યાણચંદ્રજીએ કચ્છમાં શ્રી દેવચંદ્રજી સ્વામીને મુંદ્રા પત્ર દ્વારા વ્યવસ્થા કરવા જણાવેલ અને **જ્યારે ગાંધીજી મુંદ્રા પધાર્યા ત્યારે વ્રજપાલજી સ્વામીને તેઓ મળ્યા હતા અને પ્રશ્ન પૂછ્યો હતો કે, 'સ્વદયા તે શું અને પરદયા તે શું?'** તેના પ્રત્યુત્તરમાં શ્રી વ્રજપાલજી સ્વામીએ જણાવ્યું હતું કે "સ્વદયા એટલે આત્મદયા. આત્મદયાના ચાહકે પ્રથમ રાગ અને દ્વેષથી પર થવા માટે સદા જાગૃત રહેવું જોઈએ. પાંચ પ્રમાદ, ચાર કષાય અને પાંચ વિષયથી નિવૃત્ત થવું જોઈએ. જીવન અને મરણ જેને સમાન હોય, શત્રુ તેમજ મિત્ર પ્રત્યે જેને સમદૃષ્ટિ હોય, માન-અપમાન વચ્ચે જેને ભેદ ન હોય અને છેવટે ભવભ્રમણ અને મોક્ષ પ્રત્યે પણ જેને સમાનભાવ હોય તે જ સ્વદયાનો આરાધક થઈ શકે. જે સ્વદયાના સ્વરૂપને સમજી તેનું પાલન કરે છે, તેને કોઈપણ પ્રવૃત્તિમાં પાપ કે પુણ્યનો બંધ થતો

*શિખામણ આપતાં પહેલાં તેનું પોતે આચરણ કરવું જોઈએ.*

નથી. સદાય સ્વ સ્વરૂપમાં સ્થિરતા તેનું જ નામ સાચી સ્વદયા.

પરદયા તો ઓછા-વધતા પ્રમાણમાં દરેક જણ કરે છે. કોઈને દુઃખી દેખી તેને દુઃખ મુક્ત કરવા પ્રયત્ન કરવો, મન-વચન-કર્મથી કોઈને દુઃખ ન આપવું એવી ભાવના સાથે અંતરમાં અન્ય પ્રત્યે જે દયાવૃત્તિ હોવી તેનું નામ પરદયા.''

શ્રી વ્રજપાલજી સ્વામીના ઉત્તરથી પોતાની પ્રસન્નતા વ્યક્ત કર્યા પછી ગાંધીજીએ જણાવ્યું કે, ''આજકાલ સ્વદયાનું સ્વરૂપ સમજનાર અને એને આચરણમાં મૂકનાર કોઈ વિરલ પુરુષ જ હશે કારણકે બાહ્યદયા પણ સમજણપૂર્વક પાળનારા ઘણા ઓછા જોવામાં આવે છે. બાકી તો બધા સ્થૂલ દયાને જ દયા માનનારા છે.''

અંતમાં વ્રજપાલજી સ્વામીએ ગાંધીજીને દયા અને અહિંસાના ઉપકરણ તરીકે પ્રસિદ્ધ એવો એક ગુચ્છો ગાંધીજીને ભેટ આપ્યો હતો. જે ગુચ્છો ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં સંભાળપૂર્વક સાચવી રાખેલ. કચ્છની મુલાકાત વિશેના પોતાના વિચારો ગાંધીજીએ તે સમયના 'નવજીવન'માં વિગતપૂર્વક વ્યક્ત કરેલ.

પંડિત શ્રી સુખલાલજીએ ગાંધીજીનું 'અહિંસા' સંદર્ભે યથાર્થ મૂલ્યાંકન કર્યું છે. જે મુજબ :

ગાંધીજીનું દૃષ્ટિબિંદુ મહાયાની અને તેમાં 'અહિંસા'નું તત્ત્વ ઉમેરાયું એટલે સ્વાભાવિક રીતે જ તેમનું જીવન લોકકલ્યાણ તરફ વળ્યું અને તેમની આધ્યાત્મિક શુદ્ધિની દૃષ્ટિએ તેમને અનાસક્ત કર્મયોગ સુઝાડ્યો. તેમનામાં મૂળથી જ અહિંસાના સંસ્કાર ઓતપ્રોત હતા. એટલે તેમણે પોતાની 'અહિંસા'ને પ્રવૃત્તિનાં બધા જ ક્ષેત્રોમાં વહેતી મૂકી. ગાંધીજીએ જૈન પરંપરાને માન્ય એવી નિવૃત્તિ પક્ષી દેખાતી અહિંસા અપનાવી છે ખરી પણ તેમણે પોતાના સર્વ કલ્યાણકારી સામાજિક ધ્યેયની સિદ્ધિ અર્થે તે અહિંસાના અર્થનો એટલો બધો વિસ્તાર કર્યો છે કે આજની સ્થિતિમાં ગાંધીજીનો અહિંસાધર્મ એ એક પોતાનો જ અહિંસાધર્મ બની ગયો છે. ગાંધીજીના જીવનમાં જૈન ધર્મ એના મૂળ અર્થ કે પારિભાષિક અર્થમાં નથી જ, એ રીતે એમ પણ કહી શકાય કે તેમના જીવનમાં બૌદ્ધ કે બીજા કોઈ ધર્મો તેના સાંપ્રદાયિક અર્થમાં નથી જ અને છતાં તેમનાં જીવનમાં જે જાતનો ધર્મ સક્રિયપણે કામ કરી રહ્યો છે તેમાં બધા જ સાંપ્રદાયિક ધર્મોનો યોગ્ય રીતે સમન્વય છે.

આઝાદીની લડતમાં મુનિશ્રી જયવિજયજીનો ફાળો પણ નોંધનીય છે. તા. ૧૫-૩-૧૯૨૩ના રોજ અંજારમાં કાર્યકરોની સભા મળી. તેના ઠરાવ પ્રમાણે કચ્છમાં એક 'સર્વ સામાન્ય સંસ્થા' ખોલવી તે અંગે વિચાર કરવા કચ્છના તથા કચ્છ બહારના આગેવાનો અને કાર્યકરોને વર્તમાનપત્ર દ્વારા મુનિશ્રી જયવિજયજી, શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી છગનલાલ ભવાનીશંકર અને શ્રી પોપટલાલ મહેતા એમ ચારની સહીથી આમંત્રણો અપાયા હતા.

ત્યારબાદ રાજકીય સ્પષ્ટ હેતુથી સમગ્ર કચ્છીઓની પહેલી સભા મળી હતી. સભામાં ૨૫૦થી વધુ લોકોની હાજરી હતી. **તેમાં 'કચ્છી પ્રજાસંઘ' સંસ્થાની જાહેરાત થઈ. તેના કાર્યવાહક તરીકે મુનિ શ્રી જયવિજયજી પ્રમુખ તરીકે રહ્યા હતા.**

**તા. ૨૩-૭-૧૯૨૩ના રોજ મુંદ્રામાં જ્યારે મિટિંગ મળી તેના પ્રમુખ તરીકે મુનિશ્રી કલ્યાણચંદ્રજી રહ્યા હતા અને અગત્યના પ્રવક્તા તરીકે મુનિશ્રી જયવિજયજી રહેતા.** સાથે મંત્રી કાંતિપ્રસાદ રહેતા હતા. રાજ્યને આ રાજકારણનાં જુવાળથી રાજતંત્રમાં ભયગ્રંથિ શરૂ થઈ. અંગ્રેજ સરકારે તેમાં પ્રોત્સાહન આપ્યું અને તા. ૨૯-૭-૧૯૨૩ના પ્રમુખશ્રી જયવિજયજી મહારાજને દેશપાર કર્યા. તેમની સાથે કાંતિપ્રસાદ પણ ગયા અને સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુરમાં આશરો લીધો તે પછી મુનિશ્રીએ રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લીધી. આમ કચ્છમાં જૈન મુનિઓએ પણ આઝાદીની લડતમાં રાષ્ટ્રધર્મ સંદર્ભે મહત્વનો ફાળો આપ્યો હતો.

### ● જૈન શ્રેષ્ઠીઓનો ફાળો :

જૈન મુનિઓનો સત્યાગ્રહની લડતમાં જેટલો ફાળો છે તેમ કચ્છના શ્રેષ્ઠીઓનો ફાળો પણ મહત્ત્વનો રહ્યો છે. **શ્રી સાકરચંદ પાનાચંદ કચ્છમાં નગરશેઠના હુલામણા નામથી સમગ્ર વિસ્તારમાં જૈન અને જૈનેતરોમાં જાણીતા હતા. કચ્છના રાજકીય જીવનના નગરશેઠ મુખ્ય સ્તંભ હતા. કચ્છની સૌપ્રથમ રાજકીય સભા તેમના પ્રમુખપદે જૈન જ્ઞાતિના વંડામાં યોજાઈ હતી.** આ સભામાં 'કચ્છી પ્રજા પરિષદ'ની સ્થાપના કરવામાં આવી. ત્યારથી કચ્છમાં આઝાદીની લડતના શ્રીગણેશ થયા તેમને નગરશેઠનું બિરુદ રાજ્ય તરફથી મળેલ પણ અંગત સ્વાર્થ છોડી રાજવિરુદ્ધ આઝાદીના જંગમાં ઝંપલાવ્યું. જવાબદાર રાજતંત્રની લડત અંગેની કચ્છી પ્રજા પરિષદની ઐતિહાસિક ગુપ્ત બેઠકો નગરશેઠના નિવાસ સ્થાને યોજાતી. આવી બેઠકો ક્યારેક આખી આખી રાત ચાલતી હતી. તેમાં જાણીતા સમાજવાદી નેતા યુસુફ મહેરઅલી પણ હાજર રહેતા. ગાંધીજી ભુજ પધાર્યા ત્યારે જૈન જ્ઞાતિના વંડામાં સન્માન કરવામાં આવ્યું હતું પરંતુ 'મહાદેવભાઈની ડાયરી' પુસ્તકમાં નાગરોની વાડીમાં સન્માન કર્યાનો ઉલ્લેખ છે. અન્ય આધારોમાં પણ નાગરવંડીનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમારંભના પ્રમુખ સ્થાને નગરશેઠ સાકરચંદ પાનાચંદ હતા. પાછળથી કચ્છ પ્રજા પરિષદના કાર્યવાહક પ્રમુખ તરીકે રહેલા. કચ્છનાં રાજકીય જીવનનાં પિતામહ ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા તેમના નીકટના મિત્ર હતા તો કચ્છના પીઢ નેતાઓ વયોવૃદ્ધ કાંતિપ્રસાદ અંતાણી, બિહારીલાલ અંતાણી તેમજ શ્રી રસિકલાલ જોષી સાથે તેમના ઊર્મિશીલ સંબંધો હતા.

કચ્છની અદાલતો નગરશેઠની જુબાની પર ભરોસો રાખી જજમેન્ટ આપતી હતી. સામાજિક ક્ષેત્રે પણ તેમનું પ્રદાન વિશિષ્ટ રહ્યું હતું. એટલું જ નહીં મુસ્લિમો પણ નગરશેઠ પર ભરોસો રાખી મસ્જિદના દસ્તાવેજો તેમને સાચવવા આપી જતાં. આઝાદીની લડત વખતે મહારાવશ્રી ખેંગારજી પણ તેમની ધરપકડ કરવાથી દૂર રહેતા. ભુજ પાંજરાપોળના ઘણા વર્ષો સુધી તેઓ પ્રમુખ હતા. ભદ્રેશ્વર તીર્થના તેઓ આજીવન પ્રમુખ હતા જે નોંધનીય છે. ૬૬ વર્ષની વયે તા. ૧૯-૧-૧૯૫૨ના રોજ

*તલવારનો ઘા તો થોડા દિવસમાં ભરાઈ જાય છે પરંતુ અપમાનનો ઘા ક્યારેય ભરાતો નથી.*

તેમનું અવસાન થયું. પણ ભુજના નગરશેઠ તરીકે કચ્છના ઈતિહાસમાં તેમનું એક નિશ્ચિત સ્થાન બની ગયું છે.

તેવી જ બીજી પ્રતિષ્ઠિત વ્યક્તિ શ્રી માનસંગ કચરાભાઈ હતા. તેમણે પણ ગાંધીજીની કચ્છયાત્રા સમયે નાગરોની વાડીમાં આવકાર આપી કચ્છની મરુ મરુ થઈ રહેલી ચાંદીની અનુપમ કારીગરીનો અપાર સૌંદર્યવાળો મોટો પંજાબી ઢબનો, બધો જ નક્કર ચાંદીથી બનેલો રેંટિયો કચ્છ તરફથી ભેટ ધર્યો હતો. અને પછી શહેરના નગરશેઠે માનપત્ર વાંચ્યું હતું. શ્રી માનસંગ કચરાભાઈએ રૂપિયા ૧૦ હજાર દેશબંધુ ફંડમાં આપ્યા અને રૂપિયા ૨૫૦૦ ગૌરક્ષા માટે આપ્યા હતા. **આ ઉપરાંત જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રીમ સેનાનીઓ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝ જ્યારે રંગૂન ગયેલા ત્યારે શ્રી માનસંગ શેઠે તેમનું સ્વાગત કરીને તમામ વ્યવસ્થા સંભાળી હતી.**

આઝાદીની લડતમાં શ્રી મોહનલાલ શિવચંદ શાહે પણ ભાગ લીધો હતો. યુસુફ મહેરઅલી સાથે પણ લડત સંદર્ભે કામ કર્યું હતું. કચ્છમાં રાજાશાહી જુલમો સામે તેમણે પોતાનો અવાજ બુલંદ કર્યો હતો અને મુંબઈના એક સાપ્તાહિકમાં રાજ્ય વિરુદ્ધ લખાણ કરવા બદલ કચ્છની રાજસત્તાએ તેમની ધરપકડનો વોરંટ પણ કાઢેલ.

**કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામમાં શાહ સોદાગર શેઠ કલ્યાણજી ધનજીનું સ્થાન પણ સુસ્મરણીય છે.** તેમનો જન્મ ઈ.સ. ૧૯૦૧માં થયો હતો. નાની ઉંમરે કોડાયથી માંડવી આવી વેપારમાં ઝંપલાવ્યું. તેમાં તેમને સારી સફળતા મેળવી. જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામ સંદર્ભે ઈ.સ. ૧૯૨૫માં ગાંધીજી કચ્છ યાત્રાએ આવ્યા ત્યારે માંડવીમાં સ્વયંસેવક દળના કેપ્ટન તરીકે રહ્યા અને ઈ.સ. ૧૯૨૮થી માંડવી પરિષદમાં અગ્રેસર ભાગ લીધો હતો. કચ્છી વેપારીઓનું અગ્રપદ સંભાળી મહારાવશ્રી ખેંગારજી સાથે વેપારી અંગેના ડેપ્યુટેશનમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. આમ તેઓ ઈ.સ. ૧૯૩૪ના અરસામાં કચ્છ વેપારી મંડળના પ્રેરક સ્થાપક હતા. ભચાઉ પરિષદના સ્થાનિક કારોબારી સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા તેમજ મુંદ્રા પરિષદ સમયે શ્રી મહેરઅલીના ખાસ વિશ્વાસુ સાથી રહ્યા હતા. ભુજ પરિષદની કારોબારીમાં પણ ખાસ સ્થાને તેઓ નિયુક્તિ પામ્યા હતા. આમ પ્રજા જાગૃતિના જોમને આગળ વધારવામાં તેમણે ગૌરવભેર ભાગ લીધો હતો. વિશેષરૂપે સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશનના પ્રસ્થાપક કચ્છી ડાયરેક્ટર પણ તે હતા અને માંડવી મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ તરીકે તેઓ ચૂંટાયા હતા.

કચ્છ રાજ્યે જવાબદાર રાજતંત્ર અંગેની બંધારણ સમિતિમાં પરિષદના નોમિની રહ્યા હતા. આમ રાજા અને પ્રજાના આગેવાનો વચ્ચે સફળતાપૂર્વક સાંકળ બની સક્રિય ભાગ લીધો હતો. સ્વરાજ્ય મળ્યા પછી 'સી' સ્ટેટનો દરજ્જો મેળવવામાં ચીફ કમિશનર પાસે વિશ્વાસુ પ્રજા આગેવાન તરીકે ફરજ બજાવી હતી. વિશેષમાં 'જય કચ્છ' વર્તમાનપત્રને મુંબઈથી કચ્છમાં લાવવાનું કાર્ય પણ તેમનું હતું. કચ્છ સ્વતંત્ર ભારત સાથે ભળતાં પરિષદ વિસર્જન અને કોંગ્રેસ સંસ્થામાં સંલગ્ન થવામાં તેનું છેલ્લું અધિવેશન તેમના ગામ કોડાયમાં મળ્યું. તેના તેઓ સ્વાગત પ્રમુખ હતા. **નોંધનીય છે કે કચ્છી પ્રજામાં કદાચ પ્રથમ મોટર ભોગવનાર, ફોનથી દુનિયા સાથે વેપારની સાંકળ બાંધનાર પણ તેઓ હતા.**

**જ્યારે રાષ્ટ્રીય ક્ષેત્રે મૂળ માંડવીના પ્રા. ખુશાલ ટી. શાહ (કે.ટી. શાહ)નું અર્થશાસ્ત્રી તરીકે મહત્ત્વનું સ્થાન રહ્યું છે.** રાષ્ટ્રીય આયોજન બાબતે જવાહરલાલ નહેરુ કે સુભાષચંદ્ર બોઝ પણ તેમની સલાહ લેતા. સ્વાતંત્ર્ય બાદ એકવાર ડૉ. રાજેન્દ્રપ્રસાદ સામે પ્રમુખની ચૂંટણીમાં પણ ઊભેલા. આમ કચ્છ અને કચ્છ બહાર વસતા જૈનોએ પણ આઝાદીની લડતમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે જે નોંધપાત્ર ગણાય. **જૈન હોય કે જૈનેતર પણ કચ્છીઓનો વતનપ્રેમ ખરેખર પ્રશંસાને પાત્ર છે.**

- **જૈન સ્ત્રીઓનો ફાળો :**

આઝાદીની લડતમાં જૈન સ્ત્રીઓ પણ જોડાઈ હતી. કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ યુસુફ મહેરઅલીની આગેવાની હેઠળ જ્યારે કચ્છને માટે જવાબદાર રાજતંત્ર મેળવવા શરૂ થયેલ આંદોલનમાં દારૂના અડ્ડા પર નગરશેઠાણી મણિબહેન સાકરચંદ પાનાચંદના નેતૃત્વ નીચે અન્ય બહેનો સાથે પિકેટિંગ કર્યું હતું. આ માટે કચ્છના પોલીસ અમલદારો સાથે રાજકીય ઘર્ષણ ઊભું થયું હતું. પિકેટિંગ ઉપરના બહેનોને હટાવવા પોલીસે ઘોડાઓ અને દારૂડિયાઓ દ્વારા હુમલો કરાવીને બહેનોને ડરાવવા પોલીસ તરફી પ્રયાસો પણ થયા છતાં બહેનોએ પોતાનું કાર્ય ન છોડ્યું.

જ્યારે ભુજ સ્ત્રી સંમેલન યોજાયું ત્યારે ઉદ્‌ઘાટા શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયનાં પ્રમુખ સ્થાને શ્રી પ્રેમીલાબહેન ઠાકરશી હતાં અને વક્તાઓ તરીકે પદ્માવતી માણેક, કુમારી પ્રભાવતી માનસંગ કચરા, સ્વાગત પ્રમુખ - નગરશેઠાણી મણિબહેન પાનાચંદ સાકરચંદ, મોંઘીબહેન માવજી કંતાનવાલા, ઝવેરબહેન મૂલરાજ કરશનદાસ, ચંદ્રમણિબહેન અંજારિયા અને દેવકીબહેન હતા. વિશેષમાં જ્યારે કચ્છ સ્વતંત્ર ભારતમાં રાજકીય એકમ તરીકે જોડાયું ત્યારે 'કચ્છી પ્રજા પરિષદ'નું વિસર્જન અને કોંગ્રેસ સંસ્થાગત રીતે કચ્છમાં પ્રવૃત્તિશીલ બની ત્યારે કોડાયની પરિષદ તા. ૧૯-૧૦-૧૯૪૮માં સ્વાગત સમિતિમાં શ્રી પાનબાઈ ઠાકરશી હતાં. આમ જૈન સ્ત્રીઓમાં જીવીબહેન, માંકબાઈ અને પાનબાઈ તો ઈ.સ. ૧૯૨૩માં અમદાવાદ કોંગ્રેસમાં પણ સામેલ થયાં હતાં.

*(ક્રમશઃ)*

(પ્રકરણ-૧૬)

## ઝારાનો ભીષણ સંગ્રામ

# સીદીઓ

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

મહારાવશ્રી ગોડજી એવા કોઈ અશુભ સમયે કચ્છ રાજ્યની ગાદી પર બિરાજ્યા હતા કે એમના સન ૧૭૬૧થી ૧૭૭૮ સુધીના અઢાર વરસોના શાસનકાળ દરમ્યાન શરૂઆતમાંજ સન ૧૭૬૨માં એમને ઝારાના મહાભીષણ સંગ્રામમાં સિંધની સાગર જેવડી સેનાની કચ્છ પર ચડાઈનો સામનો કરવો પડ્યો. એને પરિણામે કચ્છમાં જાનમાલની ભયંકર ખુવારી થઈ અને જાગીરદારો તથા રાજ્ય વચ્ચેના સંબંધ પણ થોડાક બગડવા પામ્યા. પૂંજા શેઠને બંદીવાન બનાવી, એની પર ત્રાસ વર્તાવીને, એને ઝેરનો કટોરો પી જવાની ફરજ પાડીને એનો વધ કરવામાં આવ્યો. તેથી રાજાનાં અસ્થિર સ્વભાવ તથા ક્રૂરતા અને અવિચારીપણાથી લોકોના મનમાં ખરાબ અસર થઈ. રાણીવાસમાં પણ થોડોક અણગમો ઉદ્ભવ પામ્યો.

બીજી વારની ગુલામશાહની ચડાઈ વખતે રાજ્યના લખપત શહેરમાં સિંધિપતિ ગુલામશાહે પોતાનું થોડુંક લશ્કર રાખીને ત્યાં પોતાનું થાણું સ્થાપ્યું. તેથી રાજ્યની સત્તાને ઘણી અસર પહોંચી તથા **'અરડબંધ'ના કારણે ચોખાના મબલખ પાકની વાર્ષિક ઊપજ રાજ્યને મળતી, તે ગુમાવવી પડી.** રાજાના કમનસીબે આ અરસામાં નવાનગરમાં મેરુ ખવાસ નામે ખૂબ જ શક્તિશાળી સત્તાધીશ હતો તથા જૂનાગઢમાં એનાથી પણ વધુ શક્તિશાળી સત્તાધીશ દીવાન અમરજીની સત્તાનો ઉદય થયો હતો. મોરબીમાં મહત્ત્વાકાંક્ષી રાજા વાઘજી ગાદી પર હતા, જેઓ પોતાના દાદા કાંયાજી કચ્છ રાજ્યના ખરા હક્કદાર હતા એવો દાવો રાખતા હતા અને એ માન્યતાને લઈને કચ્છ રાજ્ય વિરુદ્ધ હતા તથા કચ્છને નુકસાન કરવા અદાવત રાખતા હતા. મહારાવશ્રી પ્રાગમલજીના સમયમાં સન ૧૭૧૦ના અરસામાં કચ્છ રાજ્યને નવાનગર રાજ્ય તરફથી બાલંભાનો પ્રદેશ કિલ્લા સહિત કબજે આવેલ હતો તે મેરુભાને ખૂંચતું હતું. **કચ્છ રાજ્ય પર સિંધના બે હુમલા થયા તેથી કચ્છની સત્તા તથા સમૃદ્ધિ નબળી પડી હતી.** આ નબળી પરિસ્થિતિનો ગેરલાભ લઈને નવાનગરના સત્તાધીશ મેરુ ખવાસે કચ્છના સૈન્યના કબજાના બાલંભા કિલ્લા પર અચાનક આક્રમણ કરીને, ત્યાં રહેતા નાના સૈન્યને હરાવીને જબરદસ્તીથી ગેરવાજબી રીતે કિલ્લાનો કબજો કરી લીધો. મહારાવ ગોડજીને એની જાણ થતાં એઓ ખૂબ ગુસ્સે થયા તથા ઉશ્કેરાયા, પરંતુ નવાનગર પર ચડાઈ કરીને બાલંભા પાછું મેળવવા જેટલી લશ્કરી તાકાત એ વખતે ન જણાઈ. રાયધણપુરનું લશ્કર પહેલાં ભાડે આવેલ તેને પૂરતાં નાણાંનું ચૂકવણું ન થતાં એ સૈન્ય પણ કચ્છની વિરુદ્ધમાં હતું અને કચ્છમાં ખુવારી - નુકસાની થાય એમ ચાહતું હતું. મહારાવે થોડું લશ્કર ભેગું કરીને નવાનગર પર ચડાઈ કરવાની તૈયારીઓ કરી, પણ એ વખતે ખબર મળ્યાકે નવાનગરને મદદ કરવામાં જૂનાગઢના અમરજી તથા મોરબીના વાઘજી લશ્કર સાથે તૈયાર હતા અને વખતે એઓ બધા સાથે મળીને કચ્છ પર ચડાઈ કરે એમ હતું. ભુજમાં મહારાવને દીવાન દેવચંદ શેઠ બહુ જ નબળા અને નરમ માલૂમ પડ્યા હતા. એટલું જ નહિ, પણ એઓ જરૂરી નાણાનો બંદોબસ્ત કરવા પણ અસમર્થ બન્યા હતા. જાગીરાદરો પણ દાદ દેતા ન હતા અને ભુજ પર ભવિષ્યમાં મોરબી કે નવાનગર ચડાઈ કરી આવે તો જાગીરદાર ભાયાતો ઉપયોગી થાય એમ ન હતું. મિરઝા અમીરબેગ તથા સેનાપતિ કુરપાબેગ રાજાને અવળી સલાહ આપીને દેવચંદ શેઠ વિરુદ્ધ ઉશ્કેરી રહ્યા હતા અને નાણાં માટે તકાદો કરી રહ્યા હતા. રાણીવાસમાં પણ મહારાવની નબળાઈ તથા મિરઝા અમીરબેગ અને મિરઝા કુરપાબેગના વર્ચસ્વ સામે રોષ જાગ્યો હતો.

આફ્રિકા ખંડના કેટલાક દેશોમાં સીદી યાને હબસી તરીકે ઓળખાતી આદિવાસી કોમના લોક સેંકડો વરસોથી યુરોપ, એશિયા તથા અમેરિકા વગેરે ખંડોમાં ગુલામો તરીકે લઈ જવાતા. આ લોકો શરીરે મજબૂત અને મહેનતુ હતા પણ સાધનહીન હોવાથી મજૂરી સિવાય બીજું કામ બહુ ઓછા લોકો કરી શકતા. એઓને લક્ષાધીશો તથા શ્રીમંત લોકો ગુલામો તરીકે ખરીદીને પોતાને ત્યાં મજૂરી કરાવતા. થોડાએક સૈન્યમાં પણ ભરતી થયા હતા. તેઓમાંથી કેટલાક ખ્રિસ્તી બનેલાઓને મુખ્યત્વે કરીને અમેરિકામાં ગુલામ મજૂરો તરીકે લઈ જવાયા હતા. ભારતવર્ષમાં એઓ મુસ્લિમ વિજેતાઓ સાથે આવ્યા અને લગભગ બધા મુસ્લિમ હતા. એઓમાંથી કેટલાકને ફોજમાં ભરતી કરવામાં આવતા અને કેટલાકને બાદશાહો અથવા રાજાઓ પોતાના અંગરક્ષક તરીકે રાખતા. એઓમાંથી કેટલાક જન્મથી જ હીજડા હોય તેઓને બાદશાહો પોતાના જનાનખાનામાં ચોકીદાર તરીકે રાખતા. **આ સીદીઓ સ્થાનિક પક્ષાપક્ષીમાં રસ લેતા નહિ અને જેની નોકરી કરતા તેને બહુ જ વફાદાર રહેતા.** અમીરબેગ તથા કુરપાબેગની સલાહથી મહારાવે કેટલાક સીદીઓને ફોજમાં ભરતી કર્યા અને કેટલાકને પોતાના અંગરક્ષક અથવા ચોકીદારો તરીકે નિમ્યા. આ અંગરક્ષકો તથા ચોકીદારો રાજમહેલમાં છૂટથી આવજા કરતા. મહારાવ અસ્થિર મનના તથા વહેમી બન્યા હતા. એમને રાજપૂત અંગરક્ષકોમાં વિશ્વાસ રહ્યો ન હતો. કેટલાક હીજડા સીદીઓને એમણે રાજમહેલમાં ચોકીદાર તરીકે પણ નીમ્યા. લશ્કરમાં ભરતી થયેલ સીદીઓમાંથી કેટલાક ભુજ શહેરમાં છૂટથી ફરતા અને કોઈ કોઈવાર લોકો પાસેથી જબરાઈથી નાણા કઢાવવા લાગ્યા તેથી પ્રજામાં અસંતોષ ફેલાયો હતો. આ સીદીઓની નિયુક્તિ સામે કાકા નોંધણજી તથા દીવાન દેવચંદ શેઠનો વિરોધ હતો. પણ રાજા હઠાગ્રહી બન્યા હતા. રાણીવાસમાં પણ હીજડાઓની નિમણૂકથી તેમજ રાજાના અંગરક્ષકો તરીકે સીદીઓ આવજા કરતા તેથી રાણીઓમાં પણ રોષ વ્યાપ્યો હતો. રાજાએ કોઈનું કંઈ સાંભળ્યું નહિ અને સીદીઓને નોકરીમાં ચાલુ રાખ્યા. તેથી અસંતોષ ફેલાયો હતો.

*(ક્રમશઃ)*

*આળસ જીવતી લાશ છે એને દૂર કરશો તો ધ્યેય પ્રાપ્ત કરી શકશો.*

માહિતી

# વાઘા સરહદી થાણું

• રક્ષા મ. વ્યાસ •

ભારત-પાકિસ્તાન સીમા રેખા પરનું પંજાબમાં આવેલું થાણું. પંજાબ રાજ્યની પશ્ચિમ અને વાયવ્ય ખૂણાની સીમા પડોશી દેશ પાકિસ્તાન સાથે જોડાયેલી છે. ભારત-પાકિસ્તાન સરહદ પરનું આ મહત્ત્વનું સરહદી થાણું પંજાબના અમૃતસર શહેર અને પાકિસ્તાનના લાહોર શહેર વચ્ચેની રેખા પર બરાબર મધ્યમાં આવેલું છે. વાઘાથી અમૃતસર અને વાઘાથી લાહોર વચ્ચે માત્ર ૨૮ કિ.મી.નું અંતર છે. **આ વાઘા સરહદ ભારત અને પાકિસ્તાન બંને દેશોને સડક અને રેલવે માર્ગથી જોડે છે.** સરહદ-રેખાની સાવ નજીક - લગભગ દોઢ કિ.મી.ના અંતરે વાઘા ગામ આવેલું છે. જે પાકિસ્તાન તરફના હિસ્સામાં સ્થિત થયેલું છે. સરહદ રેખાથી દોઢ કિ.મી.ના અંતરે ભારત તરફના હિસ્સામાં અટારી ગામ આવેલું છે. બંને દેશો વચ્ચેની સરહદ રેખા પર અહીં કાંટાળા તારની વાડ છે. તેમાં થોડો ભાગ ખુલ્લો રાખી તેનાથી થોડાક અંતરે, અંદરની બાજુ બે પાકા થાંભલા ચણી લોખંડી દરવાજા મૂકવામાં આવેલા છે. એ રીતે ભારત અને પાકિસ્તાન વચ્ચે અધિકૃત પરવાના ધરાવનાર વ્યક્તિઓ અવરજવર કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

દિલ્હી-લાહોર બસ સેવા વાઘા સરહદે આગળ વધી પ્રવાસીઓને તેમના મુકામ પર પહોંચાડે છે. ૧૯૭૬થી શરૂ થયેલી સમજૌતા એક્સપ્રેસ અહીંથી પસાર થઈ દોઢ કિ.મી.ના અંતરે આવેલા અટારી ગામના સ્ટેશને થોભે છે. આ દોઢ કિ.મી.ના અંતર દરમિયાન આતંકવાદી, દાણચોર કે અન્ય કોઈ રીતની ગેરકાયદેસર પ્રવૃત્તિ ન ફૂલેફાલે તે માટે ટ્રેન ભારતીય પ્રદેશમાં પ્રવેશે ત્યાંથી દોઢ કિ.મી.ના અંતર સુધી કડક પોલીસ બંદોબસ્ત અને ઘોડેસવાર પોલીસ કડક જાપ્તો રાખી રૉન ભરતી રહે છે. પહેલાં આ ટ્રેન દરરોજના ધોરણે અવરજવર કરતી હતી તે ૧૯૯૩થી ઘટાડીને સપ્તાહમાં માત્ર બે વારની કરવામાં આવી છે. ભારે તંગદિલી કે બે દેશો વચ્ચેના યુદ્ધના સમયે ઘણીવાર ટ્રેનની અવરજવર બંધ કરવામાં આવે છે. ટ્રેન અટારી સ્ટેશને આવી થોભે ત્યારે હવાઈ મથકોની જેમ જ પાસપોર્ટ અને વીઝા અંગેની તમામ તપાસવિધિ હાથ ધરવામાં આવે છે.

દિલ્હી-લાહોર બસ સેવાનું ઈમિગ્રેશન કામકાજ અને તે અંગેની અન્ય વિધિ વાઘા સરહદે થાય છે. આથી જ્યારે બસ સેવા ચાલુ હોય ત્યારે વાઘા સરહદ બંને દેશોના પ્રવાસીઓના વહીવટી કામકાજના કારણે અત્યંત જીવંત હોય છે. સામાન્ય સંજોગોમાં અહીંથી વાહનોની કે વ્યક્તિઓની અવરજવર માટે ખાસ પરવાનગી આવશ્યક હોય છે. વિશ્વના વિવિધ દેશોની સફરે નીકળતા પ્રવાસીઓ ઘણે ભાગે ભારત-પાકિસ્તાન જવા-આવવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. **૧૯૯૯માં ભારતના વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને પાકિસ્તાનના ત્યારના વડાપ્રધાન નવાઝ શરીફ વાઘા સરહદે મળ્યા હતા.** તે પછી ટૂંકા ગાળામાં જ લશ્કરી વડા પરવેઝ મુશર્રફે પાકિસ્તાનમાં સત્તા હાંસલ કરી ત્યારે બંને દેશો વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બનતાં આ સડક અને રેલમાર્ગ બંધ કરવામાં આવ્યો હતો.

સૂર્યોદય સમયે સરહદની આ ચોકી પરના દરવાજા ખૂલતા હોય છે અને સૂર્યાસ્ત સમયે તે બંધ કરવામાં આવે છે. બંને તરફના દરવાજાઓ વચ્ચેની ખુલ્લી જગ્યામાં (જે 'નો મૅન્સ લૅન્ડ' તરીકે ઓળખાય છે)ના કેન્દ્રમાં નજીક નજીક બે સ્તંભ છે. જેના પર બંને દેશોના રાષ્ટ્રીય ધ્વજ ફરકતા રહે છે. સૂર્યોદય સમયે લશ્કરી વિધિ અને માન સન્માન સાથે તે સ્તંભ પર ભારત તરફની સીમા પર ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવે છે. સંધ્યાકાળે સૂર્યાસ્ત સમયે રાષ્ટ્રીય ધ્વજ ઉતારવાની વિધિ પૂરા લશ્કરી દબદબાપૂર્વક યોજાય છે. ધ્વજ અવરોહણની વિધિ પૂર્વે બંને દેશોના સૈનિકો પરસ્પર હસ્તધનૂન કરી આ વિધિ આટોપે છે. આ કાર્યક્રમના દર્શન માટે પ્રવાસીઓ ભારે ઉત્સુકતા ધરાવતા હોવાથી અમૃતસરથી વાઘા સુધીના સરહદી મથકે પહોંચવા માટે મોટા પાયા પર વાહનોની અવરજવર રહે છે. **ધ્વજારોહણ અને ધ્વજાવરોહણની આ વિધિ પ્રવાસી નાગરિકો જોઈ શકે તે માટે ત્યાં ખાસ પ્રેક્ષક દીર્ઘા બનાવવામાં આવી છે.** અમૃતસરના સુવર્ણ મંદિર અને જલિયાંવાલા બાગ સાથે વાઘા સરહદી થાણું ભારે આકર્ષણ અને મુગ્ધ કૌતુકનું કેન્દ્ર બન્યું છે. બંને દેશો વચ્ચે શાંતિ પ્રવર્તતી હોય ત્યારે અહીં સૈનિકો વચ્ચે મિત્રાચારીભર્યા અને માનવ્યપૂર્ણ સંબંધો પ્રવર્તતા હોય છે.

*સી-૧, પ્રયાગરાજ ફ્લેટ્સ,*
*જૂના શારદા મંદિર પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬.*
*ફોન : ૨૬૪૬૨૪૪૨*

# ગ્રાહક તરીકેના તમારા હક્કો અને સાવચેતીઓ

• સી.એ. પુષ્પા અશોક શાહ •

**બિલ પર ભલે નો એક્સ્ચેંજ - નો રિફંડ લખેલ હોય પણ તમે ખરીદેલી વસ્તુ હલકી ગુણવત્તાની નીકળે તો બિલ રજૂ કરીને તમે એ વસ્તુનું રિપ્લેસમેન્ટ કે પૂરા પૈસા પાછા માંગી શકો. ભલે એ વસ્તુ થોડી વપરાઈ હોય.**

વેચનાર આ માટે આનાકાની કરે તો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી શકાય. મોટેભાગે 'ફરિયાદ કરશું' એ કહેવાથી આપણું કામ થઈ જાય છે.

ખાદ્ય પદાર્થો જેવાં કે કેક, મીઠાઈ, ફરસાણ અથવા દવા ખરીદો ત્યારે અને હોટલમાં જમો ત્યારે બિલ જરૂર લેવું. જો આને લીધે બીમાર પડીએ તો પ્રૂફ તરીકે આ બિલ કામ લાગશે.

ખાદ્ય પદાર્થો અને દવાઓની ક્વોલિટી વિશે ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ખાતામાં (એફ.ડી.એ.) લેખિત ફરિયાદ કરી શકાય. ટેલિફોન નં. (૦૨૨) ૨૬૫૯૨૩૬૨ / ૨૬૫૯૨૩૬૫. *(આ મુંબઈના નંબર છે. અન્ય શહેરોના નંબર તપાસીને નોંધ કરી રાખવા જોઈએ.)*

★ એમ.આર.પી.થી વધારે કિંમત લેવાતી હોય તો એ માટે અને લખેલ કરતાં વજન ઓછું હોય તો લીગલ મેટ્રોલોજી ડિપાર્ટમેન્ટને બિલની કોપી સાથે લેખિત ફરિયાદ કરી શકાય. ટેલિફોન નં. (૦૨૨) ૨૨૮૮૬૬૬૬. *(આ મુંબઈના નંબર છે. અન્ય શહેરોના નંબર તપાસીને નોંધ કરી રાખવા જોઈએ.)*

★ કોઈપણ કન્ઝ્યુમર ડ્યુરેબલ જેવાં કે ટી.વી., ફ્રિજ, વોશિંગ મશીન, મિક્સર વગેરે ખરીદો ત્યારે તેનું બિલ, દુકાનના સ્ટેમ્પ અને સહીવાળું વૉરન્ટી કાર્ડ, કંપનીના સર્વિસ સેન્ટરોની વિગત ખાસ લેવી.

★ આ વસ્તુઓ વૉરન્ટી પિરિયડમાં બગડે તો એની લેખિત ફરિયાદ દુકાનદાર અને કંપનીને કરી, તારીખ પ્રમાણે રેકોર્ડ રાખો. જેવી ક્યારે ફરિયાદ કરી? ટેક્નિશિયન ક્યારે આવ્યો? વગેરે. ટેક્નિશિયન કોઈ કાગળ પર સહી કરવાનું કહે તો ફક્ત સહી ન કરતાં, એણે શું કર્યું અને તમારી શું અપેક્ષા છે એ લખો.

★ જ્યારે કોઈ પાર્સલ સ્વીકારો ત્યારે ફક્ત મળ્યાની સહી ન કરતાં સમય, તારીખ અને મળ્યું છે પણ અંદરનો સામાન તપાસ્યો નથી (રિસિવ્ડ બટ કન્ટેન્ટ્સ નોટ ચેક્ડ) એવું લખી આપો. ભવિષ્યમાં આ બાબત કોઈ તકરાર હોય ત્યારે આ કામ લાગશે.

★ કોઈપણ ટૂરમાં જોડાતા પહેલાં તેમની પાસેથી બધી વિગતો લેખિત લો. જેવી કે દરરોજનો પ્રોગ્રામ, હોટલોના નામ અને સરનામા, પ્રવાસ ખર્ચમાં શું સામેલ છે તે વગેરે તેમજ ભરેલા પૈસાની રસીદ જરૂર માંગો.

★ વસ્તુ ખરીદતાં પહેલાં તેની પર એમ.આર.પી., લીલાં રંગનું ટપકું, એક્સપાયરી ડેટ વગેરે ચેક કરી લેવું. ખાસ કરીને ખાદ્ય પદાર્થો અને દવાઓમાં.

★ શોપિંગ મોલ કે સુપર માર્કેટમાં ખરીદેલી વસ્તુઓ અને બિલ સરખાવી જુઓ. ઘણીવાર 'સોફ્ટવેર પ્રોબ્લેમ'ના નામે છેતરપિંડી થાય છે અને ખરીદેલી વસ્તુઓ કરતાં વધારે વસ્તુઓનું બિલ બનાવવામાં આવે છે.

### ★ કોઈપણ વસ્તુ કે સર્વિસ માટે ફરિયાદ કઈ રીતે કરવી?

★ ફરિયાદના પત્રમાં ફરિયાદ માટેનું સચોટ કારણ દર્શાવો અને તમને એનાથી શું નુકસાન થયું તે જણાવો.

★ ફરિયાદ પત્ર સાથે સંબંધિત વિગતો મોકલો જેવી કે બિલની કોપી, વોરન્ટી કાર્ડની કોપી, શક્ય હોય તો એ વસ્તુના ફોટોગ્રાફ વગેરે.

★ નજીવી ફરિયાદ પર પણ લક્ષ આપો.

★ ફરિયાદ પત્ર શક્ય હોય તો ટાઈપ કરીને અથવા સારા હસ્તાક્ષરમાં લખો. તેમાં તમારું નામ, સરનામું, ફોન નંબર લખો.

★ ફરિયાદની મુદ્દાસર રજૂઆત કરો.

★ ફરિયાદનો ઉકેલ તમે કઈ રીતે ઈચ્છો છો તે દર્શાવો. દા.ત. વસ્તુ બદલી આપે કે પૈસા પાછા આપે વગેરે.

★ સંબંધિત યોગ્ય અધિકારીને પત્ર લખો અને તેમાં શક્ય હોય તો તેમનો હોદ્દો વગેરે લખો. ઉચ્ચત્તમ અધિકારીને ફરિયાદ કરવાથી નિકાલ જલદી આવે છે. દરેક ગવર્નમેન્ટ ખાતામાં અને પબ્લિક કોર્પોરેશન જેવા કે બેંકો, ઈન્સ્યુરન્સ કંપની વગેરેમાં ફરિયાદ માટે ગ્રીવન્સીઝ સેલ કે ઓમબડ્સમેન (લોકપાલ) હોય છે તેમને ફરિયાદની કોપી મોકલો.

★ ફરિયાદ જે કંપનીને કરતા હો તેમાં વિશ્વાસ દાખવો અને પત્રના અંતમાં લખો કે તમને કંપનીની કાર્યક્ષમતા પર વિશ્વાસ છે અને આશા દર્શાવો કે તેઓ તમારી ફરિયાદ પર લક્ષ આપી ઘટતું

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)

*સંપત્તિની આસક્તિ ઘસાય તેનું નામ દાન.*

# માહિતી અધિકાર ધારાનો ચમત્કાર

## નિવૃત્ત સરકારી અધિકારીઓની લેણી રકમ (Dues) મળી

● ચંદ્રકાંત આનંદપરા ●

પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, હકની રજાનો પગાર ઇત્યાદિ કર્મચારીઓને સમયસર મળતા નથી અને તેમને પારાવાર પરેશાની ભોગવવી પડે છે એવી વ્યાપક ફરિયાદો હોવા છતાં દાદ મળતી નથી. પણ હવે માહિતી અધિકાર ધારા હેઠળ અરજી કરવાથી ચોક્કસ એનો ઉકેલ આવી શકે છે.

મિલિન્દ મુલેની માતા વિજ્યા મુલેએ મરોલ મેટરનિટી હોમમાંથી નર્સ તરીકે નિવૃત્તિ લીધી. પણ તેણીની વાજબી લેણી (Dues) રહેલી રકમ વારંવાર માંગણી કરવા છતાં અઢાર મહિના પર્યંત મળી નહીં. મિલિંદ જણાવે છે, 'મને રીતસર ધક્કે ચડાવતા હતા. જ્યારે પણ વળતર વિશે પૂછવામાં આવે ત્યારે દર વખતે નવા કારણો કાઢતાં અને જુદે જુદે સ્થળે દોડાવતા. હું ખરેખર કંટાળી અને ત્રાસી ગયો હતો.'

મિલિન્દે માહિતી અધિકાર હેઠળ અરજી કરી ત્યારે જાણવા મળ્યું કે એમની જેમ ઘણાં કર્મચારીઓને (Leave Encashment) રજા માટેની રોકડ રકમ આપવામાં આવી નહોતી.

રાજ્યના નાણાખાતા તરફથી ૧૦મી નવેમ્બરે એક પરિપત્રમાં આદેશ આપવામાં આવ્યો હતો કે નિવૃત્ત કર્મચારીઓને એમનું પૂરું પેમેન્ટ મળી જવું જોઈએ. આ પરિપત્રમાં સ્પષ્ટ નિર્દેશ હતો કે પુનઃઠરાવેલ (Revised) પગારની વિગતો મળી નથી ઇત્યાદિ કારણો હેઠળ કશો વિલંબ થવો જોઈએ નહીં. આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું કે પૂરું પેમેન્ટ એક જ વખતમાં આપી દેવાનું છે. એના હપ્તાઓ પાડવાના નથી. પરિપત્રમાં વધુમાં જણાવ્યું કે પુનઃ સુધારીને (Revised) કરવામાં આવેલી લેણી રકમ થવાથી ફરક પડતો હોય તો પણ એકજ જથ્થામાં ને (Lumpsum) રકમ આપવી દેવાની રહેશે. જેમાં કોઈ પણ હપ્તાઓમાં આ પેમેન્ટ નહીં આપવાનું રહેશે.

સરકારને કોઈ પૂછવાવાળું છે? ત્યાં ગાદી પર બિરાજમાન અધિકારીઓ મનમાની કરે એને કોણ પડકારવાનું છે.

આપણી આંખો ઊઘાડે એવા આંકડાઓ જુઓ.

ફક્ત ફાયર બ્રિગેડ ડિપાર્ટમેન્ટમાં જ ૪૧ બંબાવાળાઓને (Firemen) છેલ્લાં ૩ વરસની બાકી રહેતી રજાનો પગાર મળ્યો નથી! જે બંબાવાળાઓ જાનનું જોખમ કરી જાન-માલનું રક્ષણ કરવા ૨૪ કલાક તૈયાર રહે છે અને સેવામાં ત્રુટી ન આવે એટલે રજા ન લે તો એનો હક્કનો રજાનો પગાર ત્રણ વરસ સુધી ના મળે!

હજુ આગળ વાંચો : આર.ટી.આઈ. અરજીના જવાબમાં એ પણ માહિતી સાંપડી કે ૭૮૭ કર્મચારીઓની રૂા. ૬.૮૧ કરોડની બાકી રહેતી લેણી રકમ આપવામાં આવી નથી. ૩૦૮ કર્મચારીઓની ફાઈલ ૧૪ મ્યુનિસિપલ વૉર્ડમાંથી આગળ જતી જ નથી!

કેટલીક વખત સૈનિકો અધિકારીઓ કે કમાન્ડરોને એમની આગવી સેવાઓ માટે ઉપાધિઓ, ચંદ્રકો અને રોકડ રકમની જાહેરાત થાય છે. આ સમયસર મળતા નથી એવી ફરિયાદો છે. વળી સ્વાતંત્ર્ય સૈનિકોમાંથી કેટલાકને આ પેન્શન નિયમિત ન મળવાથી પારાવાર હાડમારી પડે છે એની પણ વ્યાપક ફરિયાદો છે.

ખૂબજ ગણનાપાત્ર સેવાઓ માટે પ્રેસિડન્ટ ગેલેન્ટ્રી ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર, સિનિયર અગ્નિશામક અધિકારી જણાવે છે, "લગભગ દોઢ વરસ સુધી બિન્દાસ - ફટ દઈને કહેવામાં આવતું. "પછી મળજો, જોઈશું." મારા જેવા જ અન્ય અગ્નિશામક કાર્યના અધિકારીઓએ પોતાના કે કુટુંબની સુખાકારી અને સુવિધાઓ મહિનાઓ સુધી ભોગવી નથી! તેમજ થાક ખાધા વગર અઠવાડિયાના સાતે દિવસ ખડેપગે ફરજ માટે ઊભા રહીએ છીએ. એમને ડિપાર્ટમેન્ટ આવી રીતે શિરપાવ આપે છે!" એમણે આક્રોશ કાઢતા કહ્યું.

**યુદ્ધ માટે ફના થનાર શહીદ સૈનિકો / અધિકારીની વિધવાઓ / બાળકો એમને માટે જાહેર કરેલ વળતર સમયસર / કે મળતું જ નથી એવી કેટલીક ફરિયાદો બહેરા કાને અથડાઈને પાછી ફરે છે.**

*૩૦-૮-૧૦ના 'મુંબઈ સમાચાર'ના સૌજન્યથી.*

*પ્રેષક : મણિલાલ કે. છેડા - ડોંબીવલી, મુંબઈ*

*__નોંધ__ : આ લેખમાં પણ મુંબઈની જ વાત છે પણ કાગડા બધે જ કાળા હોય છે.*

### ગ્રાહક તરીકેના તમારા હક્કો અને સાવચેતીઓ

(અનુ. પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)

કરશે અને એનાથી એમના પર તમારો વિશ્વાસ દ્રઢ થશે.

★ ફરિયાદ મળી છે તેનો સ્વીકાર નોંધ (એકનોલેજમેન્ટ) જરૂર લો.

★ ફરિયાદનો ઉકેલ ન આવે તો ફરી રિમાઈન્ડર મોકલો અને તેની સાથે અત્યાર સુધી કરેલી બધી ફરિયાદોની કોપી મોકલો.

★ ફરિયાદનો પીછો કરો. એને છોડો નહીં. ફરિયાદનો જવાબ ન આવે તો ધમકી આપો કે ગ્રાહક સંરક્ષણ સમિતિમાં જણાવશું. આ બાબતને અખબારોમાં પ્રસિદ્ધિ આપશું કે આગળ પગલાં લેશું.

★ ફરિયાદનું સંતોષકારક નિવારણ થાય તો સંબંધિત અધિકારીનો આભાર માનતો પત્ર જરૂર લખો. જેથી આપણા જેવા અન્ય કોઈ ફરિયાદ કરે તો એમને સહાય કરવાનું અધિકારીને પ્રોત્સાહન મળે.

*૧૦૧, રૂબી એપાર્ટમેન્ટ, ૨૫૩, વાલકેશ્વર રોડ, સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૬.*

*વાસના ઘસાય તેનું નામ શિયળ.*

# ચમત્કાર માહિતી અધિકારનો

● પ્રેષક : ખીમજી મોમાયા મામણિયા ●

## નાનુ જેવા એક સામાન્ય મજૂરે અધિકારનો ઉપયોગ કર્યો અને....

*નોંધ : આ પત્રની વિગત મુંબઈને લગતી હોવાથી, પત્રના નીચે કન્ઝ્યુમર સેલનું સરનામું મુંબઈનું આપવામાં આવેલ છે. એ જ રીતે ભારતના દરેક શહેરમાં કન્ઝ્યુમર સેલના સરનામા અલગ અલગ રહેવાના.*

*– મુખ્ય તંત્રી*

**'જે કામ માટે તમારો અધિકાર છે, છતાં એ કાર્ય સરકારી દફ્તરમાં ન થઈ શકે તો એ માટે લાંચ ન આપતા. તમે અધિકારપૂર્વક લાંચને લાત મારો.'** આ પ્રકારનું સૂત્ર છે માહિતી અધિકાર અંગે જાગૃતિ પ્રસરાવતા રાષ્ટ્રીય અભિયાનનું. નાગરિકોના આ અભિયાનમાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે પાસપોર્ટ, રેશનકાર્ડ, રેશન, પી.એફ., કર રિફંડ, પાણીનું જોડાણ, ઇત્યાદિમાં ઢીલ થતી હોય કે ફરિયાદનો જવાબ ન મળતો હોય તો લાંચ નહીં આપતા. લાંચને લાત મારો. માહિતી અધિકારનો ઉપયોગ કરો ને કાર્ય પાર પાડો.

સ્વાભાવિક પ્રશ્ન ઊઠે કે સામાન્ય ફરિયાદ કરવાથી કે વારંવાર યાદી આપવા છતાં ને વ્યક્તિગત ધક્કા ખાવા છતાં કાર્ય પાર પાડી શકાતું નથી. **એક જ સલાહ મળે છે, 'ચા-પાણી આપો તો કામ થાય. બાકી નહીં.'** ચા-પાણીની રકમ ઉપર બે/ત્રણ મીંડાં ઉમેરો – એ સમજી લેવાનું હોય છે. સત્ય ઘટના પર આધારિત એક દૃષ્ટાંત અહીં પ્રસ્તુત છે. જે રોજબરોજની હકીકત રજૂ કરે છે.

દૈનિક રોજી કમાતો નાનુ નામનો એક મજૂર છે. એ ઝૂંપડપટ્ટી જેવી મજૂરોની કોલોનીમાં રહે છે. રેશનકાર્ડ ગુમ થઈ ગયું એટલે આ વર્ષે જાન્યુઆરી માસમાં એણે ડુપ્લિકેટ રેશનકાર્ડ માટે અરજી કરી. આ માટે એમણે સ્થાનિક અન્ન અને નાગરિક પુરવઠા ખાતાની કચેરીમાં ત્રણથી ચાર મહિના સુધી ધક્કા ખાધા. યાદીઓ આપી. એમના મિત્રોએ કહ્યું કે આમ ધક્કા ખાવાથી ડુપ્લિકેટ રેશનકાર્ડ નહીં મળે. કોથળી ઢીલી કર. ૫૦૦/૭૦૦ રૂપિયા વેરવા પડશે. એણે જોયું કે અન્ય અરજી કરનારા જેમણે એના પછી રજૂઆત કરી હતી એને ડુપ્લિકેટ રેશનકાર્ડ મળી ગયું હતું અને એ રહી ગયો. નાનુના દોસ્તે માહિતી અધિકારના આશ્રય હેઠળ એને અરજી કરી દીધી. આ અરજીમાં માહિતી અધિકારના એક્ટ પ્રમાણે રેશનિંગ કચેરીને પૂછવામાં આવ્યું કે તેની ડુપ્લિકેટ રેશનકાર્ડ ઈસ્યૂ કરવામાં શી પ્રગતિ થઈ છે. વળી, અરજી અંગે નિર્ણય લેનારા સંબંધિત અધિકારીઓનાં નામ, કઈ તારીખે તેમની પાસે અરજી આવી હતી તેમજ અરજીનો નિકાલ કરવામાં થયેલી ઢીલ માટે તેની સામે પગલાં લેવાની માહિતીની માંગણી કરી.

માહિતી અધિકારના એક્ટ હેઠળ અરજી કરવામાં આવી તેના એક જ સપ્તાહની અંદર અન્ન અને નાગરિક પુરવઠા ખાતાની વિભાગીય કચેરીમાંથી એક ઈન્સ્પેક્ટરે નાનુની મુલાકાત લીધી અને ડુપ્લિકેટ રેશનકાર્ડ ઑફિસમાંથી લઈ જવાનું કહેવામાં આવ્યું. જ્યારે નાનુ કાર્ડ લેવા રેશનિંગ ઑફિસમાં ગયો ત્યારે અન્ન અને નાગરિક પુરવઠાના વિભાગીય કચેરીના મુખ્ય અધિકારીએ તેનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, ચા-પાણીની ઑફર કરી અને માહિતી અધિકાર હેઠળ નાનુએ કરેલી અરજી પાછી ખેંચી લેવા વિનંતી કરી કારણકે ડુપ્લિકેટ રેશનકાર્ડનું એનું કામ થઈ ગયું હતું.

આ ચમત્કાર – એ પણ આટલો ત્વરાથી કેમ થઈ શક્યો – સહેજે સવાલ ઊઠે છે.

નાનુએ તેની માહિતી અધિકાર હેઠળ કરવામાં આવેલી અરજીમાં નીચે પ્રમાણે પ્રશ્નો પૂછ્યા હતા.

૧. મેં ૨૭મી જાન્યુઆરી, ૨૦૦૪ના રોજ ડુપ્લિકેટ રેશનકાર્ડ ઈસ્યૂ કરવા માટે અરજી કરી હતી. અત્યાર સુધીમાં મારી અરજીની શી પ્રગતિ થઈ છે! જેમ કે મારી અરજી કઈ તારીખે કયા અધિકારી પાસે ગઈ, એની પાસે કેટલા સમય સુધી અરજી પડી રહી અને એ સમય દરમિયાન આ અધિકારીએ શું કર્યું?

૨. નિયમ-કાયદા પ્રમાણે મારું ડુપ્લિકેટ રેશનકાર્ડ ૧૦ દિવસની અંદર તૈયાર થઈ જવું જોઈએ, જ્યારે અહીં તો ત્રણ માસથી વધારે સમય થઈ ગયો છે અને કાર્ડ મળ્યું નથી. કૃપા કરીને આ કાર્ડ - ઈસ્યૂનું કાર્ય સંભાળનારા સંબંધિત અધિકારીઓનાં નામ અને હોદ્દા વિશે વિગત આપો – જેમણે આ કાર્ય કર્યું નથી.

૩. જેમણે આ કાર્ય કર્યું નથી તેમજ પ્રજાને પરેશાન કરી છે એવા અધિકારીઓ સામે શિસ્તનાં કશાં પગલાં લેવાયાં છે? જો કોઈ પગલાં અત્યાર સુધીમાં ન લેવાયાં હોય તો ક્યારે પગલાં લેવાશે?

૪. મને રેશનકાર્ડ ક્યારે મળશે?

સામાન્ય રીતે આવા અબૂધ નાનુ જેવા મજૂરની અરજી ઉપર કોઈ ધ્યાન જ ન આપે. કચરાની ટોપલીમાં જ જાય. "વજન" વગર

*મુસીબતના સમયે મદદ ન કરે તેને ભાઈબંધ ન કહેવાય.*

કામ થાય જ નહીં એવા ઘાટ છે, પણ જ્યારે માહિતી અધિકાર હેઠળ આવી અરજી કરવામાં આવે ત્યારે ૩૦ દિવસની અંદર જવાબ આપવો જ જોઈએ. જો જવાબ ન મળે તો આપવા આસાન નથી.

***પ્રથમ પ્રશ્ન (૧) મારી અરજીની પ્રગતિનો અહેવાલ આપો.***

કશી પણ પ્રગતિ થઈ નથી એ હકીકત છે. પણ અધિકારીઓ લિખિત આપી શકતા નથી કે તેમણે મહિનાઓ સુધી કશું કર્યું નથી. આ તો ગુનાની કબૂલાત થઈ ગઈ!

***પ્રશ્ન-(૨) કૃપા કરીને આ કાર્ડ ઈસ્યૂ કરવાનું કાર્ય સંભાળનારાં સંબંધિત અધિકારીઓનાં નામ અને હોદ્દા વિશે વિગત આપો, જેમણે આ કાર્ય કર્યું નથી.***

જો સરકાર તરફથી આ સંબંધિત અધિકારીઓનાં નામ અને તેમના હોદ્દા આપવામાં આવે તો એનાં કાંડા કપાઈ જાય. એની જવાબદારી ફિક્સ્ડ થઈ ગઈ. કોઈ પણ અધિકારી આવી જવાબદારી ફિક્સ્ડ થાય એનાથી ભાગતો ફરે છે. એટલે જ્યારે પણ આવા પ્રકારની અરજી કરવામાં આવે એટલે તરત જ કામ પાર પડી જાય છે.

— તો આ છે — માહિતી અધિકાર એક્ટ હેઠળની અરજીનો ચમત્કાર — તમારી કે જનતાની કોઈ પણ સમસ્યા માટે એની અજમાઈશ કરો.

માહિતી અધિકારના રાષ્ટ્રીય અભિયાન સાથે ગાઢ રીતે સંકળાયેલા શૈલેષ ગાંધીએ આ માહિતી અધિકારનો ઉપયોગ કરવાની ભારપૂર્વક ભલામણ કરી છે. માર્ગદર્શન માટે સંપર્ક સાધો —

E-mail : shailesh@satyamevjayate.info
B2, Gokul Apartment, Podar Road,
Santacruz (W), Mumbai-40 0054.

ઉપરાંત માર્ગદર્શન માટે તેમજ પત્રક ભરવાની સહાય માટે કન્ઝ્યુમર સેલ, મુંબઈ-ગ્રાહક પંચાયત, સંત જ્ઞાનેશ્વર માર્ગ, જે.વી.પી.ડી., વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬. ફોન : (૦૨૨) ૨૬૨૮૧૮૩૨.

## તંત્રી મંડળમાં આવકાર



**શ્રી દિનેશચંદ્ર રતિલાલ મહેતા**

*ઓક્ટોબર-૨૦૧૦થી શ્રી દિનેશ આર. મહેતાને મંગલ મંદિરના તંત્રી મંડળમાં સહર્ષ આવકારીએ છીએ. જોકે છેલ્લા કેટલાય સમયથી તેઓશ્રી મંગલ મંદિરના વિવિધ વિભાગો સાથે સંકળાયેલા રહ્યા છે.*

*તેઓશ્રી મૂળ ભુજના વતની છે. તેમનો વસવાટ ભારતના અનેક શહેરોમાં વિવિધ સમય માટે રહેવા પામેલ હતો. હાલે છેલ્લા કેટલાક વર્ષોથી તેઓશ્રી અમદાવાદ ખાતે સ્થિર થયેલ છે.*

*તેઓશ્રીએ જર્નાલિઝમનો અભ્યાસ કરેલ છે અને ઉત્તીર્ણ થયા બાદ કેટલાક સમય સુધી અમદાવાદના માતબર ગુજરાતી દૈનિક અખબારો સાથે સંકળાયેલ રહેલ હતા.*

*શ્રી દિનેશભાઈને મંગલ મંદિરના તંત્રી મંડળમાં આવકાર.*

*તેમના પ્રવેશથી તંત્રીમંડળ વધુ સમૃદ્ધ બનશે તેવી અપેક્ષા.*

**અશોક મહેતા**
**મુખ્ય તંત્રી - મંગલ મંદિર**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## લાઈબ્રેરી સમિતિ

જેઓ મંગલ મંદિરનું નિયમિત વાંચન કરે છે તેઓને એ ખ્યાલ હશે જ કે સમાજના સખી સદ્‌ગૃહસ્થો તરફથી છેલ્લા ત્રણેક માસથી શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ૨૦૦થી પણ વધુ ભેટ પુસ્તકો દર મહિને સપ્રેમ ભેટ તરીકે મોકલી આપવામાં આવે છે.

આ એક ખૂબ જ સારી હકીકત છે અને અમે ભેટ મોકલનાર પુસ્તકોના દાતાશ્રીઓની સરાહના કરીએ છીએ - તેઓને અભિનંદન પાઠવીએ છીએ.

કેટલાક દાતાશ્રીઓએ તો હજારો રૂપિયા ખર્ચી તદ્દન આધુનિક પુસ્તકો વેચાણે લઈ તેને સમાજની લાઈબ્રેરી પર મોકલી આપેલ છે.

અન્ય કેટલાક દાતાશ્રીઓએ પૂ.રત્નસુંદરશ્રીજી તથા અન્ય અનેક ધાર્મિક બુકો પણ મોકલી આપેલ છે.

સમાજની લાઈબ્રેરીમાં એકની એક ધાર્મિક બુકોની એકથી વધુ પ્રત થઈ જવા પામેલ છે. સામાન્યપણે ન વંચાય તેવી ધાર્મિક બુકોનો ભરાવો થઈ ગયેલ છે તેવું કહીએ તો તે બિલકુલ અસ્થાને નહીં ગણાય.

**આથી દરેક સખી ગૃહસ્થને અપીલ કરવામાં આવે છે કે સમાજની લાઈબ્રેરી પર ધાર્મિક બુકો હવે પછી કોઈપણ સંજોગોમાં ના મોકલે. નાના બાળકો તથા યુવા વર્ગને પસંદ પડે તેવા અંગ્રેજી પુસ્તકો આવકાર્ય રહેશે.**

***કન્વીનર, લાઈબ્રેરી સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*જોશ - જુસ્સો હોય તો સપનાં થાય સાકાર.*

# આપણી જળસમસ્યા નિવારવાના અગ્રીમ ઉપાયો

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

આજે સમગ્ર વિશ્વમાં પીવાના પાણીની સમસ્યાએ માથું ઊંચક્યું છે. પાણીની અછત સમયે જ 'જળ એ જીવન છે' એ સૂત્ર સમજવામાં આવે. પૃથ્વીનો ૭૧ ટકા ભાગ પાણીથી ભરાયેલો છે જેમાં મહદ્ અંશે સમુદ્રો છે. ૨૯ ટકા ભાગમાં જમીન છે. જેમાં જંગલો, ખડકો, પર્વતો સાથે વસવાટ માટે અને ખેતી અને ઉદ્યોગ માટે તથા રેલ રસ્તા માટે જમીન છે. પૃથ્વીના માત્ર એક ટકા ભાગમાં નદીઓ, તળાવો, સરોવરો અને કૂવાઓમાં પેય જળ છે.

છેલ્લા લગભગ ચાર પાંચ દાયકાથી જે નાની મોટી નદીઓમાં વહેતા પાણી અને ઝરણાઓનું સાતત્ય હતું તે લગભગ બંધ થઈ ગયું છે. ગ્લોબલ વોર્મિંગને આ માટે જવાબદાર માનવામાં આવે છે. પાંચ દાયકા પહેલાં સ્નાન કરવા, વાસણ સાફ કરવા અને કપડાં ધોવા માટે સરેરાશ ૧૫ લીટર પાણીનો ઉપયોગ થતો. **પરંતુ આજે માત્ર કપડાં ધોવા અને સ્નાન ક્રિયા માટે સરેરાશ દૈનિક પચાસથી પંચોતેર લીટર જેટલું પાણી વપરાય છે.** વિશ્વના વિકાસશીલ દેશોની લગભગ બાર કરોડ વ્યક્તિઓને પીવાનું સ્વચ્છ પાણી પ્રાપ્ત થતું નથી. શુદ્ધ પીવાના પાણીની મોજણી મુજબ ઈ.સ. ૧૯૯૧ના આંકડા અન્વયે શુદ્ધ પીવાના પાણીની પ્રાપ્તિના ક્રમમાં આ દેશોમાં ભારતનો ૪૨મો ક્રમ છે. માત્ર દિલ્હીમાં પ્રતિદિન ૧૧૦૦ કરોડ ગેલન પીવાના પાણીની માંગ છે. જેમાંથી ૮૦૦ કરોડ ગેલનની માંગ સંતોષાય છે.

ભારતમાં પેયજળની વિકટ સમસ્યા ઉદ્ભવવાના કારણોમાં દેશની વધતી જનસંખ્યા, શહેરી વિસ્તારોનો વધતો વ્યાપ, જળ વ્યવસ્થાપનની ખામી, ભૂગર્ભ જળ વપરાશ, વૃક્ષો તથા વનોનો વિનાશ, વધતા જતા ઔદ્યોગિક એકમોનો જળ વપરાશ આદિ સમાવિષ્ટ છે.જયાં જયાં ફેક્ટરીઓ કે ઔદ્યોગિક એકમો આવેલા છે ત્યાં, તેના ૫૦ મીટરમાં પ્રદૂષિત પાણી નીકળે છે. એક અહેવાલ મુજબ ઓછા વરસાદી વિસ્તારો કે ઓછા વરસાદને કારણે લોકોને ફ્લોરાઈડવાળું પાણી પીવું પડે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પીવાલાયક પાણી માટે ટી.ડી.એસ.નું પ્રમાણ નક્કી કર્યું છે, જે લગભગ ૬૦૦થી ૧૨૦૦ વચ્ચે હોવું જોઈએ. **જો ટી.ડી.એસ. ૧૨૦૦થી વધું હોય તો શરીરને હાનિ પહોંચાડે છે. વરસાદના પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ ૬૦૦ હોય છે.**

ભૂગર્ભમાંથી જળ ખેંચવામાં ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ, કર્ણાટક, તામિલનાડુ અને આંધ્રપ્રદેશ અગ્ર સ્થાને રહ્યા છે. પરિણામે ભૂગર્ભ જળસ્તર નીચા ગયા છે. નવમી પંચવર્ષીય યોજના સુધી આપણી તમામ યોજનાઓમાં આપણી જળરાશિ વધારવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. આઠમી યોજનામાં આ માટે કેન્દ્રશાસિત પ્રદેશો માટે રૂા. ૧૦,૯૬૬.૭૪ કરોડ જેવી ધનરાશિનું આયોજન કરવામાં આવ્યું.

**પાણીના પ્રશ્નને નિવારવા રાષ્ટ્રીય પેયજળ પંચ, રાજીવ ગાંધી પેયજળ મિશન, રાષ્ટ્રીય જળ વ્યવસ્થાપન જેવા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે.** પેયજળની વિકટ સમસ્યા નિવારવા હવે તો આપણે સહુએ સહિયારા પ્રયત્નો કરવા એ જ ઉત્તમ માર્ગ છે. સૌપ્રથમ તો વસતિ વધારાનું નિયંત્રણ કરવા પરિવાર નિયોજનના કાર્યક્રમો અપનાવવા પડશે. દૂષિત પાણી અને શબો તથા મૃત જાનવરોને નદીમાં ઠાલવવાનું અટકાવવું અને આવા શબો માટે નદી કિનારે ઈલેક્ટ્રિક સ્મશાનઘરો બાંધવા. વન સંવર્ધન અને વન સંરક્ષણ વરસાદ લાવવા ઉપયોગી છે. પર્વતોના શિખરો પરથી વહેતા પાણીને, ઝરણાઓને કૃત્રિમ માર્ગ આપી, મોટા તળાવો અને ખેત તલાવડીઓ કે ચેક ડેમોમાં સંગ્રહી શકાય. પડતર જમીન વિસ્તારમાં પાણી રોકવા કૉઝવે કે પાળા બાંધવા, મધ્યમ ડેમો અને નાના ડેમો વધુ બાંધી વરસાદી પાણીને સંગ્રહવું જરૂરી છે.

આપણા ઘરના ધાબા કે અગાસી પર પડતા વરસાદી પાણીનું ટીપે ટીપું બચાવી શકાય અને તે પાણીને ઢાળઆપી ઘર પાસે જ સૂર્યપ્રકાશ ન આવે તેવા ચુસ્ત ઢાંકણવાળા સિમેન્ટના ટાંકા બનાવી, આ પાણીનો સંગ્રહ કરવો જોઈએ. પરિણામે વર્ષભર આ પાણી ઉપયોગી બની શકે. ખેતરોમાં નીકો પર ઘાસચારો ઉગાડી શકાય. પાણી બચાવવાના સાધનો અને અનેક લાભની માહિતી શાળામાં બાળકોને અચૂક આપવી જોઈએ. **ચાલુ વર્ષે 'જલમણિ' કાર્યક્રમ અંતર્ગત દેશમાં એક લાખ શાળાઓને 'ડ્રિન્કિંગ વોટર પ્યોરિફિકેશન સીસ્ટમ'ની સુવિધાથી આવરી લેવામાં આવશે.** આ કાર્યક્રમમાં પરિણામલક્ષી સફળ અમલીકરણ 'વાસ્મો' દ્વારા ગ્રામ્ય પાણી સમિતિની મદદથી શાળા સમિતિઓ મારફત થઈ રહ્યું છે. ગુજરાતમાં મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર તથા કચ્છ તથા વલસાડને આવરી લેવાયા છે.

જળ સંરક્ષણ માટે થોડી જાગૃતિ આવી છે. સૌરાષ્ટ્રમાં લોકમંચે વોટર હાર્વેસ્ટિંગ અને વોટર મેનેજમેન્ટનું સુંદર કાર્ય કર્યું છે. ગુજરાતમાં દાહોદ જિલ્લામાં 'સદ્ગુરુ જળ અને વિકાસ પ્રતિષ્ઠાન' જેવી સ્વૈચ્છિક સંસ્થાએ જળ સંગ્રહ માટે નવી પદ્ધતિ વિકસાવી છે. ૪,૫૩,૦૭૦ ઘન મીટરનું એક મોટી ક્ષમતાવાળું જળાશય બનાવવામાં આ સંસ્થા સફળ રહી છે. જો આપણે જળને બચાવીશું તો જળ આપણને બચાવશે.

*૬ એ લીમડા લાઇન, સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*નિર્ધન હોવા છતાં પણ જે વ્યક્તિ સંતુષ્ટ છે, હકીકતમાં એ જ સાચો ધનવાન છે.*

# ઓક્ટોબર માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

*નવેમ્બર-૨૦૦૯ દરમ્યાન શરૂકરેલ 'દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ'ની આ સવિશેષ માહિતીને ઓક્ટોબર-૨૦૧૦માં બાર મહિના પૂરા થાય છે. આશા છે કે આ વિગત વાચક વર્ગમાંના કેટલાકની જિજ્ઞાસા સંતોષી શકેલ હશે. 'ગૂર્જર વાસરિકા-૨૦૦૮'માંથી મુખ્યત્વે આ વિગતો લેવામાં આવેલ છે. અમે તેઓના આભારી છીએ.*

***– ગુલાબચંદ ધારશી રાંભિયા***

| તારીખ | વર્ષ | વિશિષ્ટ વ્યક્તિનું નામ |
|---|---|---|
| **૧.** | **૧૮૪૭** | **એની બેસન્ટ** |
| **૧** | **૧૯૦૩** | **સચીન દેવ બર્મન** |
| **૨** | **૧૮૬૯** | **મોહનદાસ કરમચંદ ગાંધી** |
| **૨** | **૧૯૦૪** | **લાલબહાદુર શાસ્ત્રી** |
| ૩ | ૧૯૦૭ | મનસુખલાલ મ. ઝવેરી |
| **૪** | **૧૮૫૭** | **શ્યામજી કૃષ્ણવર્મા** |
| ૪ | ૧૮૮૨ | વાલજી ગો. દેસાઈ |
| ૪ | ૧૯૦૫ | બચુભાઈ પ્ર. શુક્લ |
| ૫ | ૧૭૧૩ | દેની દીદરો (ફ્રાંસ) |
| ૫ | ૧૮૯૦ | કિશોરલાલ ધ. મશરૂવાળા |
| ૬ | ૧૯૧૩ | ભૃગુરાય દુ. અંજારિયા |
| **૭** | **૧૯૦૭** | **પ્રાગજી જ. ડોસા** |
| ૭ | ૧૯૧૪ | બેગમ અખ્તર |
| ૭ | ૧૯૨૭ | મૃણાલિની દેસાઈ |
| ૮ | ૧૯૩૫ | મિલ્ખાસિંહ |
| ૯ | ૧૯૩૨ | જગદીશ જોશી |
| **૯** | **૧૯૩૬** | **જોસેફ મેકવાન** |
| ૧૦ | ૧૮૭૦ | જદુનાથ સરકાર |
| ૧૦ | ૧૯૦૬ | આર.કે. નારાયણ |
| ૧૦ | ૧૯૧૦ | બબલદાસ મહેતા |
| ૧૧ | ૧૮૫૭ | ડાહ્યાભાઈ દેરાસરી |
| ૧૧ | ૧૮૫૮ | નથ્થુરામ શર્મા |
| ૧૧ | ૧૮૯૯ | મગનભાઈ પ્ર. દેસાઈ |
| **૧૧** | **૧૯૦૨** | **જયપ્રકાશ નારાયણ** |
| **૧૧** | **૧૯૩૨** | **સુરેશ દલાલ** |
| ૧૨ | ૧૯૧૨ | પ્રહલાદ જે. પારેખ |
| ૧૨ | ૧૯૪૨ | રાજેન્દ્ર શુક્લ |
| ૧૩ | ૧૮૭૭ | ભુલાભાઈ દેસાઈ |
| ૧૪ | ૧૯૩૧ | નિખિલ બેનરજી |
| ૧૫ | ઈ.પૂ. ૭૦ | વરજિલ (ઈટલી) |
| ૧૫ | ૧૯૦૮ | જોન કેનેથ ગાલબ્રેથ (યુ.સ્ટે.) |
| **૧૫** | **૧૯૧૪** | **મનુભાઈ પંચોળી 'દર્શક'** |
| ૧૬ | ૧૮૭૮ | વલ્લતોલ કે. નારાયણ મેનન |

| તારીખ | વર્ષ | વિશિષ્ટ વ્યક્તિનું નામ |
|---|---|---|
| ૧૬ | ૧૯૦૮ | બિરંચીકુમાર બરુઆ |
| ૧૭ | ૧૮૫૯ | કેશવ હ. ધ્રુવ |
| ૧૭ | ૧૯૦૭ | દિનકર મહેતા |
| ૧૮ | ૧૯૦૬ | જયંતીલાલ મ. આચાર્ય |
| ૧૯ | ૧૮૯૫ | રત્નમણિરાય ભી. જોટે |
| ૧૯ | ૧૯૦૪ | રાયચંદ બોરાલ |
| ૧૯ | ૧૯૧૦ | સુબ્રમણ્યન ચંદ્રશેખર |
| **૨૦** | **૧૮૫૫** | **ગોવર્ધનરામ મા. ત્રિપાઠી** |
| ૨૦ | ૧૮૯૦ | ધનસુખલાલ મહેતા |
| ૨૦ | ૧૯૨૦ | જયંત પાઠક |
| ૨૧ | ૧૭૭૨ | સેમ્યુઅલ ટે. કોલરિજ (બ્રિટન) |
| **૨૧** | **૧૮૩૩** | **આલ્ફ્રેડ નૉબેલ (સ્વીડન)** |
| **૨૧** | **૧૯૦૧** | **જ્યોતીન્દ્ર હ. દવે** |
| ૨૧ | ૧૯૩૩ | અનિલા દલાલ |
| ૨૩ | ૧૮૬૯ | બળવંતરાય ક. ઠાકોર |
| ૨૪ | ૧૮૬૫ | મહારાજા ભગવતસિંહ જાડેજા |
| ૨૪ | ૧૮૯૨ | હરજી લ. દામાણી 'શયદા' |
| ૨૪ | ૧૯૦૩ | પ્રોમથેશ ચંદ્ર (પી.સી.) બહુઆ |
| ૨૪ | ૧૯૧૧ | રસિક ઝવેરી |
| ૨૫ | ૧૮૮૧ | રણજિતરામ વા. મહેતા |
| ૨૬ | ૧૮૫૪ | જીવનજી જ. મોદી |
| ૨૭ | ૧૪૬૬ | ડેસડેરિયસ ઈરેઝમસ (નેધરલેન્ડ્ઝ) |
| ૨૭ | ૧૮૯૫ | મુનિ પુણ્યવિજય |
| ૨૮ | ૧૭૨૮ | જેઈમ્સ કૂક (બ્રિટન) |
| ૨૮ | ૧૮૬૭ | ભગિની નિવેદિતા |
| ૨૮ | ૧૯૦૨ | મનુભાઈ જોધાણી |
| ૨૯ | ૧૭૪૦ | જેઈમ્સ બોઝવેલ (બ્રિટન) |
| ૩૦ | ૧૮૮૯ | નરેન્દ્ર દેવ |
| **૩૦** | **૧૯૦૯** | **હોમી ભાભા** |
| **૩૧** | **૧૮૭૫** | **વલ્લભભાઈ ઝ. પટેલ (સરદાર પટેલ)** |
| ૩૧ | ૧૮૮૭ | સુરેન્દ્રનાથ દાસગુપ્તા |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

*માર્ગનાં વિઘ્નોને નહીં લક્ષ્યને જ નીરખો.*

વ્યક્તિ વિશેષ

# નારી તું ના હારી : ચંદાબહેન શ્રોફ

• પ્રિયંકા વિસરિયા •

કચ્છની અભણ, ગરીબ છતાંય કલાની સમૃદ્ધિથી છલકાતી નારીઓને તેમની ઓળખ અપાવવા માટે ઝઝૂમી રહેલી નારીશક્તિ એટલે ચંદાબહેન શ્રોફ. ચાલીસ વર્ષથી ૩,૦૦૦ નારીને રોજીરોટી આપીને સ્વાભિમાનના પાઠ ભણાવનારા ચંદાબહેન સાથે માંડીએ ગોઠડી....

કચ્છના સાવ અંતરિયાળ ગામમાં રહે છે વાદળીબહેન. બાળપણમાં જ સગપણ નક્કી થઈ ગયું હતું. જ્યારે લગ્ન લેવા ટાણું થયું ત્યારે ખબર પડી કે વરરાજાને ડાયાબિટીસની બીમારી છે અને પરિસ્થિતિ ગંભીર છે. લગ્ન તો થઈ ગયા. પરંતુ થોડા સમયમાં જ પતિને હોસ્પિટલમાં દાખલ કરવાની નોબત આવી. ગરીબ અને અભણ વાદળીબહેન મૂંઝાઈ ગયા. પાંચ હજારની રકમ એમને મન ધરતી જેટલી વિશાળ અને આભ જેટલી ઊંચી હતી. હવે કરવું શું? એમને અચાનક ધ્યાનમાં આવ્યું કે ચંદાબહેને ભરત ભરવા માટે મોકલાવેલી શાલ એમની પાસે તૈયાર છે. તેમણે એ શાલ ગીરવે મૂકીને રૂા. ૫,૦૦૦ ઉછીના લીધા. પતિને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર કરાવી. જીવનનો સૌથી કપરો કાળ ટળી ગયો હતો. બે-ચાર દિવસમાં સૃજનના એજન્ટ આવીને એ શાલ લઈ ગયા. એની મજૂરી પેટે ૧૦,૦૦૦થી વધુ રકમ આપી ગયા અને અફકોર્સ વાદળી બહેનના અને તેમના પતિના ચહેરા પર સ્મિત પણ.

કચ્છની લગભગ ૩,૦૦૦ મહિલાના જીવનમાં ક્રાંતિ આવી ગઈ છે, ચંદાબહેન શ્રોફના 'સૃજન'ને સથવારે. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ માંડલ ગામમાં જન્મ થયો ચંદાબહેનનો. મુંબઈ-રાજકોટમાં ૧૦મા ધોરણ સુધીનું શિક્ષણ મેળવ્યું. આગળ જઈને હસ્તકલાની તાલીમ મેળવી. મોટાભાઈએ તેમની કલાને ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. ૨૪ વર્ષની વયે કચ્છના કાંતિસેનભાઈ શ્રોફ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. સંસાર ખૂબ સુખેથી ચાલી રહ્યો હતો. વર્ષ ૧૯૬૮માં કાંતિસેનભાઈ સાથે કચ્છ આવ્યા ત્યારે ઉપરાઉપરી દુકાળને કારણે પરિસ્થિતિ ખૂબ જ ગંભીર હતી. લોકોને ખાવા માટે ધાન નહોતું. ઘરમાં હાંડલા કુસ્તી કરતા હતા. ઢોરો ચારાને અભાવે મરી રહ્યા હતા. આવે સમયે કચ્છની આ ભલીભોળી પ્રજાને મદદ કરવા માટે શું કરવું? ચંદાબહેનના મનમાં આ જ એક પ્રશ્ન રમવા લાગ્યો અને તેમણે જોયું કે ગામડાંની બહેનોના હાથમાં કારીગરી અદ્‌ભુત છે. તેમણે આ ભરતકામની કલાનો યોગ્ય ઉપયોગ કરીને બહેનોને રોજીરોટી આપવાનું નક્કી કર્યું.

જોકે ગામડાંની આ કલાનું શહેરમાં માર્કેટિંગ કરવું હોય તો તેના સ્વરૂપમાં થોડોઘણો ફેરફાર કરવો પડશે એ ચંદાબહેન સુપેરે જાણતા હતા. તેમણે પરંપરાગત ભરતકામને ફેન્સી લુક આપવાનું નક્કી કર્યું. તેઓ ભરતકામ માટેનું કાપડ, દોરા મુંબઈથી મોકલતા અને તેના પર પરમાબહેન ટ્રેડિશનલ ડિઝાઈન પાડીને બહેનોને ભરતકામ કરવા માટે આપતા. કામ પૂરું થઈ જતા બહેનોને યોગ્ય વળતર પણ આપવામાં આવતું. હવે ચંદાબહેન પાસે ઘણો બધો સ્ટોક જમા થઈ ગયો હતો. પરંતુ એને વેચવો ક્યાં? **પહેલી વખત મુંબઈમાં વર્ષ ૧૯૬૯માં તેમણે કચ્છની કલાકારીગરીનું એક્ઝિબિશન ગોઠવ્યું અને મુંબઈગરાએ ચંદાબહેનના પ્રયાસોને ઉમળકાભેર વધાવી લીધો.**

ખૂબ જબરદસ્ત પ્રતિભાવ સાંપડતા ચંદાબહેને પોતાની આ પ્રવૃત્તિને ચાલુ જ રાખી છે. માત્ર ધાણોટી ગામની મહિલાઓને રોજીરોટી આપવાથી શરૂ થયેલી ચંદાબહેનની પ્રવૃત્તિ આજે ૧૨૦ ગામની ૩,૦૦૦ મહિલા સુધી વિસ્તરી છે. પહેલાં માત્ર સાડી પર જ ભરતકામ કરાતું હતું. પરંતુ હવે ડિઝાઈનર બ્લાઉઝ, જેકેટ, કુર્તા, કુશન કવર, વોલ હેંગિંગ, તોરણ, ટેબલ ક્લોથ, બેડશીટ વગેરે લગભગ ૩૦-૪૦ પ્રકાર પર ચંદાબહેને કચ્છના ભરતકામના સફળ પ્રયોગો કર્યા છે. **કચ્છમાં ભરતકામ કરનારી ૧૦-૧૨ જાતિ છે.** કુલ ૧૬ પ્રકારના ભરતકામ અમે મહિલાઓ પાસેથી કરાવીએ છીએ. જ્યારે આ પ્રવૃત્તિ કચ્છમાં શરૂ કરી ત્યારે એમનું અહીં કોઈ સન્માન, સ્થાન જ નહોતું. આજે એ કમાય છે એટલે પરિવારમાં એમનું સ્વમાન જળવાય છે. પરિવારમાં શાંતિ રહે છે. આત્મવિશ્વાસથી ભરપૂર બનેલી મહિલાઓ પોતાના સંતાનોને શિક્ષણ અપાવવાનો આગ્રહ પણ રાખે છે. અમારી પાસે કામ કરવા ઈચ્છતી મહિલાઓએ કોઈ ડિપોઝિટ કે ગેરન્ટર આપવાની જરૂર હોતી નથી. અમે તેમને ખાતરી આપીએ છીએ કે તેમને અમારી પાસેથી હંમેશાં કામ મળી રહેશે, એવું 'મુંબઈ સમાચાર'ને કહે છે ચંદાબહેન.

**ભુજોડી પાસે પોણાબે એકરના વિસ્તારમાં 'સૃજન'નું યુનિટ આવેલું છે. વર્ષે રૂા. ૩.૫ કરોડનું ટર્નઓવર ધરાવે છે. આશરે ૭૦ જણનો સ્ટાફ છે. સૃજનના જ કર્મચારીઓ ગામડાંઓમાં જઈને મહિલાઓને કાપડ-દોરા-ડિઝાઈન આપી આવે છે. અમુક મુદત બાદ તેઓ જ જઈને ભરતકામ કરેલાં કપડાં પાછા લઈ આવે છે અને મજૂરીના પૈસા ચૂકવી આવે છે.** આમ કામ લેવા કે આપવા ક્યાંય જવું પડતું નથી. સામે ચાલીને રોજીરોટી તેમને મળી રહે છે. કચ્છની સંસ્કૃતિની આવી સર્જનાત્મક કદર ભાગ્યે જ કોઈએ કરી હશે. આપણા માટે ગર્વ લેવા જેવી વાત એ છે

*તગડી ગુલામી કરતાં પાતળું સ્વાતંત્ર્ય સારું છે.*

ચંદાબહેન શ્રોફની આ સેવાની કદર આંતરરાષ્ટ્રીય સ્તરે કરવામાં આવી છે. **'રોલેક્સ એવૉર્ડ ઑફ એન્ટરપ્રાઇઝ'થી તેમને સિંગાપોરમાં નવાજવામાં આવ્યા હતા.** આ ઈન્ટરનેશનલ ઍવૉર્ડ મેળવનારા તેઓ એકમાત્ર ભારતીય છે.

શહેરનો પૈસો ગામડામાં લઈ જઈને સુખ-શાંતિ અને સમૃદ્ધિનાં પુષ્પ ખીલવવામાં સફળ થયેલા ચંદાબહેન હવે કચ્છની આ કલાકારીગરીને ચિરંજીવ બનાવવા સંઘર્ષ કરી રહ્યા છે. તેમણે આહિર કોમના ઈતિહાસને, ભરતકામને એક પુસ્તકમાં શબ્દદેહ આપવાનો સુંદર પ્રયાસ કર્યો છે. 'બસ આવી જ રીતે કચ્છની તમામ જાતિના ભરતકામને મારે પુસ્તકોમાં સાંકળીને આગામી પેઢીને તેની સમજણ - ઓળખાણ રહે એવો પ્રયાસ કરવો છે' એવી આશા વ્યક્ત કરે છે ચંદાબહેન.

માત્ર દુકાળના એકાદ-બે વર્ષ માટે શરૂ કરેલી સૃજન સંસ્થા વડલાની જેમ વિસ્તરશે એની ક્યારેય કલ્પના પણ ના કરનારા ચંદાબહેન આજે કચ્છના હજારો પરિવારોના કલરવ અને કલબલાટનું કારણ બન્યા છે. ૭૭ વર્ષની વયે પણ તેમની ધગશ અને દ્રઢ સંકલ્પો પિછાણીને લખવાનું મન થઈ જાય કે :

*'પ્યાસ લગતી હૈ, ચલો રેત નિચોડી જાયે,*
*અપને હિસ્સે મેં સમંદર નહીં આનેવાલા....'*

***'મુંબઈ સમાચાર' તા. ૩૧-૮-૨૦૧૦માંથી સાભાર***

***પ્રેષક : મણિલાલ કે. છેડા - મુંબઈ***

## આગળ વધતા રહીએ...

*આગળ વધવા માટે દરેક વ્યક્તિએ પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેમાં જરાપણ પ્રમાદ સેવવો જોઈએ નહીં. આગળ વધવાના આપણા માર્ગમાં મુશ્કેલીઓ અને અવરોધો તો આવશે જ. પણ એ અવરોધો સામે હારી જવાને બદલે આપણે એને પાર કરી આગળ વધવું જોઈએ.*

*જીવનના દરેક જટિલ સંજોગો સામે આપણે સ્વસ્થતા ગુમાવ્યા વગર એનો ઉકેલ શોધવો જોઈએ.*

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

# ખારે કચ્છ જો મઠો માડુ : કાંતિસેન શ્રોફ

**• પ્રિયંકા વિસરિયા •**

માભોમ કચ્છનું ઋણ ઊતારવા માટે છેલ્લાં ૩૫ વર્ષથી કટિબદ્ધ બનેલા કાંતિસેન શ્રોફ એટલે 'યંગ મેન વિથ વ્હાઈટ હેર.' કચ્છમાં ગામેગામ ચેક ડેમ બનાવીને ધરતીને ખેતીલાયક બનાવવાથી લઈને પશુપાલન, ખેડૂતોને નવી ટેકનોલોજીની ટ્રેઈનિંગ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ વગેરે ક્ષેત્રે તેમણે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટના નેજા હેઠળ ધરખમ સફળ પ્રયોગો કર્યા છે. ચાલો, આજે આ મુઠ્ઠી ઊંચેરા માનવીની મુલાકાતે....

**સુકાભઠ્ઠ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં અત્યાર સુધી ૯૫૦ ચેક ડેમ, ૨૦૦ ખેત તલાવડી, ૩.૩૦ કરોડ ઘન મીટર પાણીનો સંગ્રહ, ૫૪ ગામમાં વોટરશેડ પ્રોગ્રામ, ૩૦ શાળામાં રૂફ વોટર હાર્વેસ્ટિંગ ટેન્ક, ૪ તાલુકાના ૨૩૩ ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા, ૪૫૯૨ પશુઓની સારવાર, ૪૪ ગાયની મોડેલ ગૌશાળા, ૧૧૧ ગોબર ગેસ પ્લાન્ટ, ૩૨ ઘાસ બેંક, ૨૨,૦૦૦ નિર્ધૂમ ચૂલા, ૫૦,૦૦૦ રોપાની બે નર્સરી.... આવી તો અઘધધ પ્રવૃત્તિઓનો સરવાળો એટલે હેતાળવા હૈયાના ધણી કાંતિસેન શ્રોફ.**

કચ્છ એટલે આપણા શબ્દોમાં 'દુકાળિયો પ્રદેશ', પરંતુ આ દુકાળિયા પ્રદેશના માનવીઓ ઘણા જ હર્યાભર્યા દિલના હોય છે એવું અનુભવાય કાંતિસેન શ્રોફને મળીને. મૂળ માંડવી - કચ્છના મુંબઈ જઈને વસેલા શ્રોફ પરિવારના મોભી ચત્રભુજ શ્રોફના સૌથી નાના પુત્ર કાંતિસેનભાઈની આજે આપણે વાત કરવી છે. ત્રીજી જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ ગોકીબાઈની કૂખે જન્મેલા કાંતિસેનભાઈ મેટ્રિક સુધી ભણ્યા બાદ ચિત્રકામના વધારે અભ્યાસ માટે તેઓ વર્ષ ૧૯૪૨માં શાંતિનિકેતન પણ પહોંચ્યા. એ સમયે દેશમાં સ્વાતંત્ર્યનો જુવાળ વ્યાપ્યો હતો. કાંતિભાઈને પણ એનો રંગ લાગ્યો. છૂપી રીતે બોમ્બ બનાવવાના કામમાં સંકળાયેલા કાંતિભાઈએ કારાવાસ પણ વેઠ્યો. આ સમય દરમિયાન જ દેશ હિતચિંતકોના સંપર્કમાં આવ્યા. વિનોબા ભાવે, અન્નાસાહેબ સહસ્રબુદ્ધે, જયપ્રકાશ નારાયણ વગેરે પાસેથી પ્રેરણા મેળવીને આપણા આ સ્વાતંત્ર્યસેનાની પોતાના પારિવારિક વ્યવસાય સાથે સાથે જ કચ્છના ગ્રામ્ય વિસ્તારોને સતાવતી સમસ્યાઓ સુલઝાવવા માટે કટિબદ્ધ બન્યા. સતત કચ્છની મુલાકાત લીધી. ખેડૂતોના પ્રશ્નો, અનાવૃષ્ટિ, ક્ષારગ્રસ્ત જમીન વગેરેની સમસ્યાઓનો ઊંડો અભ્યાસ કર્યો. છેવટે વર્ષ ૧૯૭૫માં ગ્રામવિકાસ કેન્દ્રની સ્થાપના કરી. પાછળથી આ કેન્દ્રને 'વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ'નું નામ આપવામાં આવ્યું. માંડવી - નાંગલપુરના રસ્તે માંડવીથી અઢી કિ.મી. દૂર આવેલા વી.આર.ટી.આઈ.એ કચ્છના જનજીવનમાં સુધાર લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કચ્છ એ સતત પાણીની અછતથી પીડાતો પ્રદેશ છે. વરસાદ જ મૂળ ઓછો પડે. એમાંય જ્ઞાનના અભાવે વરસાદનું પાણી વહીને સમુદ્ર કે રણમાં ભળી જાય. દરિયાનું પાણી જમીન તરફ ધસી આવે અને ભૂગર્ભજળને પણ ખારા કરી દે છે. **આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે વી.આર.ટી.આઈ.એ નિષ્ણાતોનો સંપર્ક સાધ્યો અને પ્રાયોગિક ધોરણે ચેક ડેમ બાંધીને વરસાદના પાણીનો સંગ્રહ કર્યો. એટલું જ નહીં, એને રિચાર્જ ટ્યૂબવેલ દ્વારા જમીનમાં પણ ઊતાર્યું.** પાઈપલાઈનો નાંખીને ખેતરે ખેતરે પાણી પહોંચતું કર્યું. કચ્છનો સૂકોભઠ્ઠ પ્રદેશ લીલોછમ બન્યો અને ખેડૂત ભાઈઓના અંતરના આશિષ કાંતિસેનભાઈને મળ્યા. આવા ૧૦-૨૦ કે

*વૃક્ષોનું વહાલ માણસોને હાશકારોદે, માણસનો ઈન્તેકામ હતું બસ એજ લાકડું.*

૨૦૦-૪૦૦ નહીં પરંતુ પૂરા ૯૫૦ ચેકડેમ વી.આર.ટી.આઈ.ના નેજા હેઠળ બંધાયા હોવાનું તેના સ્થાપક સભ્ય કાંતિસેન શ્રોફે 'મુંબઈ સમાચાર'ને હસતાં હસતાં જણાવ્યું હતું.

વાત માત્ર અહીં જ અટકતી નથી. ખેડૂતોને નવી દિશાઓ અને નવી ક્ષિતિજોનો પરિચય પણ તેમણે કરાવ્યો છે. આખા દેશમાં ખારેક માત્ર કચ્છમાં જ થાય છે. **ખારેકનો વર્ષે ૩૫-૪૦ હજાર ટન પાક થાય છે.** ખારેકની જાત, એના સંવર્ધનની પદ્ધતિઓ, પાકની, પાણીની જરૂરિયાત, ઇઝરાઈલમાં ઉપયોગમાં લેવાતી આધુનિક પદ્ધતિઓ વિશે વી.આર.ટી.આઈ.એ અનેક પ્રયોગો કર્યા છે. અનાજ - શાકભાજી - ફળો - તેલીબિયાંની ખેતી કરતા ખેડૂતોને તેમણે ઔષધીય પાકોની ખેતી તરફ દોર્યા. **કચ્છમાં લીમડો તો છે જ, પરંતુ અશેળિયો, અશ્વગંધા, શતાવરી, જેઠીમધ, આમળા, સર્પગંધા, ગૂગળ, હરડે, અરીઠાં, ચણોઠી, કુંવારપાઠું વગેરે પચાસ જેટલી ઔષધીય વનસ્પતિની ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરે છે.** મધમાખી ઉછેર અને મધ ઉત્પાદનની નિઃશુલ્ક તાલીમ આપે છે. પશુપાલન, ડેરી યુનિટ, વોટરશેડ્સ, રોજગારલક્ષી તાલીમવર્ગો વગેરે તેમની અનેક પ્રવૃત્તિઓમાંની કેટલીક જ છે. છેલ્લાં ૩૫ વર્ષમાં વી.આર.ટી.આઈ.ના બેનર હેઠળ લગભગ રૂા. ૪૦-૪૫ કરોડની વિવિધ સેવાભાવી પ્રવૃત્તિઓ કચ્છને હર્યુંભર્યું બનાવવા માટે કરવામાં આવી છે. ગાંધીવાદી વિચારસરણી ધરાવતા કાંતિસેનભાઈ નિખાલસ ભાવે જણાવે છે કે, 'અમારા ઉછેરમાં, અમારા સંસ્કારોમાં વડીલોએ ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. ગાંધીજીએ કહ્યું હતું કે સ્વરાજને જાળવજો અને બસ, ૩૫ વર્ષના અનુભવ બાદ કહી શકું છું કે જો ધ્યેય નક્કી કરીને આગળ ધપવામાં આવે તો સ્વરાજને લાયક બની શકાય છે. આપણી પાસે સાધન કેટલા છે? એના કરતાં વધારે જરૂરી છે આપણી પાસે આવડત અને મનમાં ધગશ કેટલી છે.' કચ્છના ગ્રામીણ ભાઈ-બહેનોની સુખ-શાંતિ-સમૃદ્ધિ માટે હજી ઘણાંય કાર્યો હાથ ધરવાના છે. અનેક પ્રોજેક્ટની રૂપરેખા તેમની પાસે તૈયાર છે. ૮૭ વર્ષની વયે પણ આનંદપૂર્વક સમાજસેવાનો ભેખ ધરીને બેઠેલા કાંતિસેનભાઈ અત્યારે તો કચ્છમાં ભુજ પાસે આવેલા ભુજોડી ગામમાં રહે છે.

કચ્છના ખારા પ્રદેશને મીઠો બનાવવા માટે ચાર દાયકાથી અથાક પ્રયાસ કરી રહેલ શ્રોફ દંપતીને મળીને ખૂબ જાણીતો શેર યાદ આવી ગયો :

*કૌન કહેતા હૈં આસમાં મેં સુરાગ નહીં હોતા,*
*એક પથ્થર તો તબિયત સે ઉછાલો યારોં....*

***'મુંબઈ સમાચાર'***
***તા. ૨૪-૮-૨૦૧૦માંથી સાભાર***

***પ્રેષક : મણિલાલ કે. છેડા - મુંબઈ***

## માળી કર્મ

નાના બાળકના અનુસંધાને કહેવાનું મન થાય છે કે : આપણું કામ કુંભારકર્મ નથી, આપણું કામ તો માળી કર્મ છે. કુંભારનું કામ તો ઈશ્વરે કરી દીધેલું છે. આપણું કાર્ય તો ઈશ્વરના કાર્યને ઊલટાવી દેવાના બદલે આ છોડને ખાતર આપી, તેની માવજત કરી સર્જકની ઈચ્છા મુજબનું વિક્સિત વટવૃક્ષ તૈયાર થાય તે જોવાનું છે.

જીવન ચરિત્ર

'નોબેલ' સન્માન મેળવનાર વિખ્યાત ખગોળ ભૌતિકશાસ્ત્રી

# ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખર

• સંજય પી. ઠાકર •

*જન્મે ભારતીય પણ અમેરિકા જઈ સ્થાયી થયેલા અમેરિકાના સૈદ્ધાંતિક ખગોળ ભૌતિકવિજ્ઞાની ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખરનું મૂળ સંશોધનક્ષેત્ર, મુખ્યત્વે તારાઓના બંધારણનો અભ્યાસ અને એમના ક્રમિક વિકાસ એટલે કે તારક ઉત્ક્રાંતિ સંબંધિત તથા તારાઓની અંદર ચાલતી ઊર્જાના સ્થાનાંતરની પ્રક્રિયાઓના અભ્યાસને લગતું રહ્યું છે. ૧૯૮૩માં 'ચંદ્રશેખર લિમિટ' સિદ્ધાંત માટે ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રનું નોબેલ પ્રાઈઝ મેળવનાર આ વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિકની જન્મ-શતાબ્દી (૧૯૧૦-૨૦૧૦) પ્રસંગે એમના જીવન અને કાર્યની આછેરી ઝલક પ્રસ્તુત છે....!*

તારાવિષયક મૂળભૂત સિદ્ધાંત રચનાર અને શ્વેત વામન (વાઈટ ડ્વાર્ફ) તારાઓની નિયતિ અંગે મહત્ત્વનું સંશોધન કરનાર આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત મૂળ ભારતીય સૈદ્ધાંતિક ખગોળ ભૌતિકવિજ્ઞાની ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખર (એસ. ચંદ્રશેખર)નો જન્મ ૧૯મી ઓક્ટોબર, ૧૯૧૦ના રોજ અખંડ ભારતના લાહોર (હાલે પાકિસ્તાન) ખાતે શૈવ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમનો પરિવાર ૧૯૧૮માં ચેન્નાઈ (અગાઉના મદ્રાસ) ખાતે સ્થાયી થયો હતો. તેમના પિતા સી.એસ. ઐય્યર (૧૮૮૫-૧૯૬૦) ભારતીય રેલવેના ચીફ ઓડિટર અને ભારતના એકાઉન્ટન્ટ જનરલ હતા. ચંદ્રશેખરે અગિયાર વર્ષની ઉંમર સુધી ઘેર રહીને જ અભ્યાસ કર્યો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે ચેન્નાઈમાં લીધું હતું. મદ્રાસ યુનિવર્સિટીની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્રના વિષય સાથે સ્નાતકની પદવી મેળવ્યા પછી ઉચ્ચ વર્ગમાં એમ.એ.ની ડિગ્રી લઈને ભારત સરકારની છાત્રવૃત્તિ મેળવી હતી. ઓગસ્ટ ૧૯૩૦માં તે વધુ અભ્યાસાર્થે ઈંગ્લેન્ડ ગયા અને ૧૯૩૩માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટની ઉપાધિ પ્રાપ્ત કરી. કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં તેઓ ફેલો હતા.

૧૯૩૬માં તે અમેરિકા ગયા અને શિકાગો યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે નિમાયા હતા. પોતાના મોટાભાગના સંશોધન તેમણે 'યર્કિઝ' વેધશાળામાં કર્યા. ૧૯૩૬થી ૧૯૩૮ દરમ્યાન યર્કિઝ વેધશાળાના સહાયક સંશોધક તરીકે તેમણે કામ કર્યું. ૧૯૮૦ સુધી શિકાગો યુનિવર્સિટીના વિભિન્ન પદ પર કામગીરી બજાવીને ૧૯૮૦માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. ૧૯૫૩માં અમેરિકાનું નાગરિકત્વ સ્વીકાર્યા પછી તેમણે 'એસ્ટ્રોફિઝિકલ જર્નલ' જેવા પ્રતિષ્ઠિત માસિકના સંપાદનની જવાબદારી બે દાયકા સુધી સંભાળી હતી. તેમણે સંખ્યાબંધ દેશોના અભ્યાસ-પ્રવાસો ખેડ્યા હતા.

તારાઓનો જીવનક્રમ અને તારાઓની આંતરિક સંરચના વિષયક તેમણે કરેલા સંશોધન મૂળભૂત બની રહ્યા. તારાઓમાંના હાઈડ્રોજન વાયુનું રૂપાંતર હિલિયમમાં થયા પછી ઊર્જા નિર્માણ ઘટીને તારાઓ પોતાના જ દળ (માસ)ના પ્રભાવ તળે સંકોચાવા લાગે છે. તેને કારણે તારાની ઘનતા વિપુલ પ્રમાણમાં વધે છે. તારા લઘુતમ એટલે એક વિશિષ્ટ મર્યાદા કરતાં ઓછા આકારના હોવાથી તેની અંતિમ અવસ્થા મહાપ્રચંડ ઘનતાના તદ્દન નાના આકારના શુભ્ર નાના તારાની થાય છે. પરંતુ મૂળ આકાર તે મર્યાદા કરતાં વધુ હોવાથી તારાની અંતિમ અવસ્થામાં મહાવિસ્ફોટ થઈને તેનું રૂપાંતર અતિદીપ્ત નવા તારામાં થાય છે એમ ચંદ્રશેખરે સિદ્ધ કર્યું. સૂર્યના ૧.૪૪ ગણા કરતાં (૪૪% કરતાં) આકાર ધરાવતા તારા આણ્વિક ઈંધણ પૂરું થયા પછી નિરંતર આકુંચિત થાય છે. આવો સિદ્ધાંત સુદ્ધાં ચંદ્રશેખરે રચ્યો. આ સિદ્ધાંતને કારણે તેમને વૈશ્વિક માન્યતા મળી અને તે મર્યાદાને ત્યારબાદ 'ચંદ્રશેખર લિમિટ' તરીકે ઓળખવામાં આવી. **તારાઓની રચના, તેમનું જીવન, ઇતિહાસ અને પ્લાઝમા ભૌતિકવિજ્ઞાન ક્ષેત્રે ઉચ્ચ પ્રદાન માટે તેમને ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રનું નોબલ પારિતોષિક ૧૯૮૩માં એનાયત કરાયું હતું.** તેમને, અમેરિકી ખગોળ - ભૌતિકવિજ્ઞાની ડૉ. વિલિયમ આલ્ફ્રેડ ફાઉલર (૧૯૧૧-૯૫) સાથે સંયુક્ત રીતે નોબેલ પ્રાઈઝ અપાયું હતું. ૧૯૫૭માં અમેરિકાની કલા અને વિજ્ઞાન અકાદમી દ્વારા રૂમ્ફોર્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. તેમના બે વિદ્યાર્થીઓને ૧૯૫૭માં ભૌતિકનું નોબેલ મળ્યું હતું. **૧૯૬૮માં ભારત સરકારે ડો. ચંદ્રશેખરને 'પદ્મવિભૂષણ' ખિતાબથી સન્માન્યા હતા.** ૧૯૮૪માં લંડનની રોયલ સોસાયટીએ 'કોપ્લે ચંદ્રક' દ્વારા તેમનું બહુમાન કર્યું હતું. ૧૯૮૪માં આર.ડી. બિરલા મેમોરિયલ ઍવૉર્ડ તથા ૧૯૮૫માં ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીનો વેણુ બાપુ મેમો. ઍવૉર્ડ તેમને આપવામાં આવ્યો હતો.

૨૦મી સદીના અગ્રણી ખગોળશાસ્ત્રીઓમાં જેમની ગણના થાય છે તે ડૉ. ચંદ્રશેખરે શ્વેત-વામન તારાઓ અંગે વિશિષ્ટ સૈદ્ધાંતિક સંશોધનો કર્યા હતા. તેમણે આપેલા સિદ્ધાંતોને પગલે શ્વેત-વામન તારા, સુપરનોવા, ન્યુટ્રોન તારા, બ્લેક હૉલના નિર્માણ તથા અથડાતા તરંગોની સમજૂતી આપી શકાઈ હતી. **બ્રિટનના ખગોળવેત્તા માર્ટિન રોઝે તેમના વિશે કહ્યું હતું કે 'બ્રહ્માંડ વિશે આઈન્સ્ટાઈન પછી જો પૃથ્વી ઉપર કોઈ વ્યક્તિ વધુ ઊંડાણપૂર્વકનું જ્ઞાન ધરાવતી હોય તો તે ડો. ચંદ્રા છે.'** ડૉ. ચંદ્રશેખર વિજ્ઞાન વર્તુળમાં 'ચંદ્ર'ના હુલામણા નામે ઓળખાતા હતા. વિજ્ઞાનની સેવા કરતાં કરતાં અમેરિકામાં સ્થાયી થયેલા આ ભારતીય વૈજ્ઞાનિકની જીવનશૈલી સંપૂર્ણ ભારતીય હતી.

*જીવનનું મહત્ત્વ વેદનાઓ અને પીડાઓથી દુઃખી થવામાં નહિ પરંતુ તેને સહન કરી લેવામાં છે.*

ભારતીય સંગીત - ખાસ કરીને કર્ણાટક સંગીતનો તેમને ભારે શોખ હતો. **તેઓ, ૧૯૩૦માં ભૌતિક વિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર મેળવનાર ભારતરત્ન સી.વી. રામન (૧૮૮૮-૧૯૭૦)ના સગા ભત્રીજા હતા.**

એમણે લખેલા મહત્ત્વપૂર્ણ ગ્રંથોમાં 'ઍન ઈન્ટ્રોડક્શન ટુ ધ સ્ટડી ઑફ સ્ટેલર સ્ટ્રક્ચર' (૧૯૩૯), 'પ્રિન્સિપલ્સ ઑફ સ્ટેલર ડાયનેમિક્સ' (૧૯૪૨), 'સ્ટોકેસ્ટિક પ્રોબ્લેમ્સ ઇન ફિઝિક્સ એન્ડ એસ્ટ્રોનોમી' (૧૯૪૩), 'રેડિયેટિવ ટ્રાન્સફર' (૧૯૫૦), 'હાઈડ્રોડાયનેમિક એન્ડ હાઈડ્રોમેગ્નેટિક સ્ટેબિલિટી' (૧૯૬૧), 'એલીપ્લોઈડલ ફિગર્સ ઑફ ઈક્વિલિબ્રિયમ' (૧૯૬૮), 'ધ મેથમેટિકલ થિયરી ઑફ બ્લેક હોલ્સ' (૧૯૮૩), 'એડિંગ્ટન : ધ મોસ્ટ ડિસ્ટિંગ્વિશ્ડ એસ્ટોફિઝિસ્ટ ઓફ હિઝ ટાઈમ' (૧૯૮૩), 'ટ્રુથ એન્ડ બ્યૂટી : એસ્થેટિક્સ એન્ડ મોટિવેશન્સ ઈન સાયન્સ' (૧૯૮૭), 'સિલેક્ટેડ પેપર્સ' (૬ ખંડોમાં : ૧૯૮૯-૯૦) અને 'ન્યૂટન્સ પ્રિન્સિપિયા ફોર ધ કોમન મેન' (૧૯૯૫)નો સમાવેશ થાય છે. તેમના પુસ્તકોનો અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે.

આ મહાન ખગોળ ભૌતિકવિદ્નું ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૫ના દિને ૮૫ વર્ષની વયે શિકાગો ખાતે નિધન થયું હતું. ખગોળશાસ્ત્રમાં એક વિરાટ કદમરૂપ સંશોધન કરનાર 'નાસા'ની, પૃથ્વીની ભ્રમણકક્ષામાં ૧૯૯૯માં તરતી મૂકાયેલી ઓરબિટરી ઓબ્ઝર્વેટરીને મૂળ ભારતીય વંશના ટોચના ખગોળવેત્તા સુબ્રમણ્યમ ચંદ્રશેખરની યાદમાં 'ચંદ્રા' નામ અપાયું છે.

*લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩, મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## લાઈબ્રેરી સમિતિ

સમાજના બુદ્ધિજીવી તથા ચિંતન અને મનન કરી શકે તેવા સભ્યશ્રીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે. અહીંની લાઈબ્રેરીમાં રાજકારણ, સમાજશાસ્ત્ર, મહાપુરુષોના જીવન ઝરમર, નવલિકા, નવલકથાઓ, શૌર્યકથાઓ, આઝાદી સંગ્રામને લગતા પુસ્તકો, ડિટેક્ટીવ સ્ટોરી, ઐતિહાસિક કથાઓ, હાસ્ય કથાઓ, હળવું વાંચન વગેરે અનેક પ્રકારના પુસ્તકો સંગ્રહિત કરવામાં આવેલ છે. દરેક વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણેના પુસ્તકો અહીંથી મેળવી, વાંચી શકે છે.

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની લાઈબ્રેરી સમિતિની હરીફાઈ યોજનાના વિજેતાઓ આ વાચક વર્ગમાંથી જ આવી શકશે. જેઓ વધુ વાંચન કરશે તેમની જીતની શક્યતા તેટલી જ વિશેષ રહેવા પામશે.

લાઈબ્રેરી સમિતિની યોજના અનુસાર આપશ્રી ઘરે બેઠાં મહિનામાં ૪ વખત વિવિધ પ્રકારના પુસ્તકો મંગાવી શકો છો.

લાઈબ્રેરીના સભ્ય થવા માત્ર રૂા. ૧૦૦/- ડિપોઝિટના જમા કરાવવાના રહે છે કે જે રિફંડેબલ છે.

મહિનામાં ૪ વખત ઘરે બેઠાં બુક્સ મંગાવવાનો માસિક ચાર્જ માત્ર રૂા. ૫૦/- રાખવામાં આવેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સભ્ય ના હોય તેવી વ્યક્તિ પણ આ લાઈબ્રેરીનો ઉપયોગ - સમાન ધારાધોરણ અનુસાર - કરી શકે છે.

લાઈબ્રેરીના સભ્ય બનવા, આપશ્રી આજે જ આપનું નામ નોંધાવો.

*કન્વીનર, લાઈબ્રેરી સમિતિ*

વિચાર વિમર્શ

# કાશ્મીર ઉપવનમાં પ્રસરતા લાવા માટે આપણે કેટલા જવાબદાર?

• પ્રા. પૃથ્વી શાહ •

કાશ્મીર એ માત્ર દેશના એક રાજ્યનું નામ નથી. શ્રીનગર એ માત્ર એક રાજધાનીનું નામ નથી. ડાલ લેક માત્ર એક સરોવર નથી. મોગલ ગાર્ડન અને નિશાત બાગ એ સામાન્ય બગીચા નથી. પટની ટોપ એ હવા ખાવાનું સ્થળ માત્ર નથી. અમરનાથ કે વૈષ્ણોદેવી માત્ર યાત્રાધામના નામ નથી. ગુલમર્ગ કે સોનમર્ગ માત્ર ટ્રેકિંગ સ્થળ નથી. **આ તમામ સ્થળ એક જ રાજ્યમાં આવેલ હોવા છતાં દેશની સંસ્કૃતિ સાથે સંકળાયેલ છે. દરેક ભારતીયની જીભે આ નામો આસ્થા સાથે ઉચ્ચારાય છે. દરેક ભારતીય આ સ્થળની મુલાકાત લઈ ગૌરવ અનુભવે છે.** આ સ્થળની મુલાકાત બાદ આવતી નિદ્રા પણ શાંત અને સુખદ હોય છે. આ સ્થળો મુલાકાત લેનારના શ્વાસમાં - ધબકારમાં સતત ગુંજે છે, પરંતુ આજે કાશ્મીરમાં — આવા ગુલાબી ઉપવનમાં લાવા પ્રસરી રહેલ છે. રાજ્ય અશાંતિની આગમાં લપેટાઈ રહેલ છે. આજે કાશ્મીરની આબોહવા સરકારના અંકુશમાંથી સરકી રહેલ છે. અંકુશ વગરના લોકો આબોહવાને રંગ આપતા જણાય છે. દેશના લોકો જાણે મૌન બની કાશ્મીરની બદલાતી આબોહવાના દશ્ય જોઈ રહ્યા જણાય છે. દેશને વફાદાર લોકો પીડાઈ રહ્યા છે. સામાજિક, આર્થિક, ધાર્મિક, નૈતિક રીતે દુર્દશા તરફ ધકેલાતી આ પ્રક્રિયા જણાય છે.

યુવાન માનવીને મહેનત કરવી છે. કમાણી કરવી હોય છે. તે ઘરનું યોગ્ય સંચાલન કરી આર્થિક સદ્ધરતા ઈચ્છે છે. ભવિષ્ય માટે કુટુંબની સલામતી અને સુખાકારી ઈચ્છે છે. બાળકો માટે શિક્ષણ ઈચ્છે છે. બાળકોની યોગ્ય કારકીર્દિ ઈચ્છે છે. ભગવાને બે હાથ મહેનત કરવા - ઉત્પાદન કામ કરવા આપ્યા છે. દેશની પ્રગતિમાં આ બે હાથ ઉપયોગી થઈ શકે છે. પરંતુ કાશ્મીર ઘાટીમાં પ્રવર્તતી અશાંતિને લીધે ઘણા સમયથી ત્યાં કરફ્યુ લદાયેલ છે. તેથી બાળકો નિશાળે જઈ શકતા નથી, યુવાનો કામધંધા વિના બેકારી તરફ ધકેલાઈ રહ્યા છે. કુટુંબની આર્થિક સ્થિતિ વણસી રહી છે. સરકારી કચેરીઓ પણ બંધ રહેતા, પગારના અભાવે કર્મચારીઓ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. કરફ્યુને લીધે શાળા, કૉલેજો, દુકાનો, ઓફિસો બંધ રહેવાથી નવરા પડેલા હાથનો ઉપયોગ પથ્થર ફેંકવામાં અને સરકારી મિલકતને આગ લગાડવામાં થતો જોવા મળે છે.

સત્તા ઉપર બેસવા રાજકારણીઓ રાજ્યનું ભલું જોવાને બદલે, એક થવાને બદલે ખટપટનો સહારો લઈ રહ્યા છે. લોકોની વચ્ચે આવી સમસ્યાના મૂળ અંગે લોકોને સમજાવી રાષ્ટ્રહિતની ભાવના કેળવતા હોય એવું જણાતું નથી. કલ્યાણ રાજ્યની અપેક્ષા રાખતી જનતા બેચેની અનુભવી રહી છે. કરફ્યુમાં તેમનો વિકાસ રુંધાતો હોય, આઝાદી હણાતી હોય અને તેમને નજરકેદમાં રખાતા હોવાની લાગણી અનુભવતા જણાય છે. પરિણામે કાશ્મીર ઘાટીમાં સ્વતંત્રતાની માંગ તરફનું વલણ સાંભળવા મળે છે. રાજકારણીઓએ આપસી રમત છોડી, જાગવાનો અને સમસ્યા પ્રત્યે લક્ષ આપવાનો આ સમય છે. મત મેળવવાના પ્રયાસમાં ક્યાંક ડહાપણ નંદવાઈ ન જાય અને દેશની અખંડિતતા તૂટે નહીં એ જોવું રહ્યું.

**કાશ્મીર ઘાટીમાં જે બુદ્ધિજીવી હતા, સાહસિક અને ઉદ્યમી હતા તેમને ૧૯૮૮થી ૧૯૯૦ દરમિયાન વતન છોડવા મજબૂર બનાવાયા.** વતનની અસ્મિતા બચાવવા અને કાશ્મીર માટે લઘુમતી ગણાતી કાશ્મીરી પંડિતોની કોમને રક્ષણ આપવા એ સમયે યોગ્ય પગલાં ન લેવાયા. કાશ્મીરી પંડિતોની કાશ્મીરમાંથી હકાલપટ્ટી સાથે એક ગૌરવની હકાલપટ્ટી થઈ. વતન પ્રત્યે સાચી લાગણી ધરાવનાર વર્ગ જ અદશ્ય થયો. ઘાટીમાં ઉગ્રતા દર્શાવનારા પ્રત્યે સહાનુભૂતિ રાખી વાટાઘાટ માટે બોલાવાય છે, તેમને થાળે પાડવા પ્રોત્સાહક યોજના ઘડાય છે. પરંતુ શાંત, સૌમ્ય અને ભાવનાશીલ પંડિતોની હકાલપટ્ટી થઈ ત્યારે મહિનાઓ સુધી તેઓ તંબુ વિના રસ્તા ઉપર રહ્યા. તેઓની યુવાની એળે જઈ રહી હતી, વગર વાંકે વતન વિમુખ થઈ સજા ભોગવી રહ્યા હતા ત્યારે કાશ્મીર સરકારે તેમની સુખાકારી અને રક્ષણ માટે શું કર્યું? વતન વિમુખ કરાયેલ પંડિતોના દર્દને આપણે કેટલું સમજ્યા? આ પંડિતો પ્રત્યે હરિયાણા સરકારે સહાનુભૂતિ દાખવી. તેમને હરિયાણાનું નાગરિકત્વ સ્વીકારવા અને રાહત દરે પ્લોટ મેળવી કાયમી વસવાટ માટે આમંત્રણ આપ્યું. હરિયાણાનું નાગરિકત્વ સ્વીકારવાથી કેટલાય પંડિતો વતનની ભૂમિથી - મૂળ સંસ્કૃતિથી અળગા થયા.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી જ્યારે કોંગ્રેસ તરફથી કાશ્મીરના પ્રભારી હતા ત્યારે શરણાર્થી બનેલ કાશ્મીરી પંડિતોને સરકારી નોકરીમાં પાંચ વરસ ઉંમરબાધની છૂટ આપવાની જોગવાઈ કરાવી હતી. પરંતુ ૧૯૯૦ પછી પંડિતોને સરકારી નોકરીઓમાં કે સીધી ભરતીની જગ્યા પર કેટલું પ્રતિનિધિત્વ મળ્યું તેના આંકડા જાહેર કરવાની જરૂર છે. કેન્દ્રમાં કોંગ્રેસ હોય કે ભાજપ, આ સમસ્યા પ્રત્યે યોગ્ય લક્ષ અપાયું નથી. **સમગ્ર દેશમાં જ્યારે લઘુમતીના હિતનું રક્ષણ થાય અને તેમને નોકરીમાં પણ આરક્ષણ મળે તે માટે કાયદા ઘડવાની વાત થાય છે ત્યારે કાશ્મીરમાં લઘુમતીમાં રહેલ પંડિતોના રક્ષણ - આરક્ષણ માટે કેટલી જોગવાઈ થઈ?**

*ચોવીસ કલાક ખુશ રહેવા થોડો સમય મૌન રહો.*

કાશ્મીર ઘાટીમાંથી પંડિતોની હકાલપટ્ટીને એક સંસ્કૃતિ માટે વિનાશક પગલું ગણી શકાય. એક સંસ્કૃતિ માટે શૂન્યાવકાશ સર્જાયો. એ સમયે પ્રદેશમાં બિનસાંપ્રદાયિક ભાવના જાળવવા કોઈ આયોજન ન થયું. કાશ્મીરની શૈવ અને સુફી સંસ્કૃતિ માટે આ બાબત ઘાતક પુરવાર થાય એમ છે. ભવિષ્યમાં કટ્ટરવાદીઓ આ પરિસ્થિતિનો ખોટો લાભ ન ઉઠાવે એ માટે સજાગતા કેળવવાની જરૂર છે.

કાશ્મીરના કારગીલ ક્ષેત્રમાં પાકિસ્તાને બંકર બનાવ્યા. ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી કરી. ભારતે યુદ્ધ લડી પાકિસ્તાનને હરાવ્યું. ઘણા ભારતીય સૈનિકો શહીદ થયા. આપણે ગૌરવ દિવસ ઉજવતા થયા. પરંતુ પાકિસ્તાન ઘુસણખોરી કરી ભારતીય હદમાં બંકર બનાવતું રહ્યું ત્યારે ઈન્ટેલીજન્સ કેમ નિષ્ફળ રહ્યું તે ઊંડાણથી વિચાર્યું નહિં. સ્થાનિક જનતાએ આવી ગંભીર બાબત અંગે સ્થાનિક સરકારને આંખ આડા કાન કરી માહિતી આપવાની તસ્દી ન લીધી અથવા માહિતી અપાઈ પણ સરકારની ઉદાસીનતા સૈનિકોના બલિદાન સુધી લઈ ગઈ. આ વિચારણીય બાબત છે.

વરસો અગાઉ કાશ્મીરમાં આવેલ હઝરતબાલ દરગાહમાંથી હઝરત સાહેબનો વાળ ગુમ થયેલ. સમગ્ર ઘાટીમાં ઉગ્ર દેખાવ થયેલ. પરંતુ માત્ર બે દિવસમાં એ વાળ પરત મેળવી માનપૂર્વક ગોઠવવામાં આવેલ. એ સમયે સરકારની કામગીરી સમગ્ર દેશમાં વખાણવામાં આવી હતી. હઝરતબાલ જેવી પવિત્ર દરગાહને સમગ્ર દેશના ધાર્મિક પ્રતીક તરીકે વિકસાવવા ઉત્સાહ દાખવવાની જરૂર હતી. **કચ્છના હાજીપીરમાં સમગ્ર ગુજરાતના તમામ કોમના લોકો માર્ચ મહિનામાં પગપાળા ભક્તિભાવથી યાત્રા કરે છે. એમ સમગ્ર દેશના તમામ કોમના લોકો હઝરતબાલ દરગાહ ખાતે જાય અને બિનસાંપ્રદાયિક ભાવનાના વિકાસ સાથે કાશ્મીરને નજીકથી જાણવાનો અવસર મળે એવા પગલાંની જરૂર હતી.**

એક સૌથી મોટી ભૂલ કદાચ ૧૯૪૭માં કરવામાં આવી છે. સમગ્ર દેશમાં રાજ્યો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશની રીતે ઓળખાય છે. માત્ર કાશ્મીર રાજયને આપણે જમ્મુ અને કાશ્મીર રાજ્ય તરીકે ઓળખીએ છીએ. તેથી જમ્મુ રાજ્ય અને કાશ્મીર રાજ્ય એવી સમજણ કેટલાકના મનમાં પ્રવર્તે છે. અહીં લડાખનો ઉલ્લેખ થતો નથી. **વાસ્તવમાં જમ્મુ હિંદુ, કાશ્મીર મુસ્લિમ અને લડાખ બૌદ્ધ બહુમતી વસતિ ધરાવે છે.** લડાખ વિસ્તારમાં ચીન સતત નજર રાખે છે. **વાસ્તવમાં આ વિસ્તારની કાશ્મીર રાજ્ય તરીકે ઓળખ પ્રસ્થાપિત કરવાની જરૂર હતી.**

એક અહેવાલ મુજબ ૨૦૦૨ની ચૂંટણી વખતે કાશ્મીર ઘાટી વિસ્તારમાં ૨૫.૫ લાખ મતદાર હતા. ૨૦૦૮માં યોજાયેલ ચૂંટણી સમયે ઘાટીમાં ૩૨.૯ લાખ મતદાર નોંધાયા હતા. આમ છ વરસમાં ઘાટીમાં મતદારોની સંખ્યામાં સાત લાખ ઉપરાંતનો વધારો નોંધાવા પામ્યો હતો. જ્યારે આ જ ગાળામાં જમ્મુ વિસ્તારમાં મતદારોનો વધારો માત્ર એક લાખ હતો. ઘાટીમાં મતદારોના થયેલ વધારાને ગંભીરતાથી ચકાસવાની જરૂર છે. જો મતદારો સાત લાખ વધ્યા હોય તો કુલ વસતિ કેટલી વધી હશે? નવા રેશનકાર્ડ કેટલા બન્યા હશે? આ પ્રશ્નો રાષ્ટ્રીય હિતમાં અભ્યાસ કરવા જેવા છે.

સમગ્ર ભારતમાં ચૂંટણી માટે નવું સીમાંકન તૈયાર થયું પણ ૨૦૦૨ના કાશ્મીર રાજ્ય વિધાનસભાના ૨૦૨૬ સુધી સીમાંકનમાં ફેરફાર નહિં કરવાના ઠરાવને એ સમયે કેન્દ્રમાં સત્તા ઉપર રહેલ ભાજપ સરકારે માન્યતા આપી દીધી.

કાશ્મીરમાં જનતાની નારાજગી દૂર કરવાનો આ સાચો સમય છે. તેમની સમસ્યા સમજી પગલાં લેવાની આ પળ છે. બાકી ઘરમાં આવક ન હોય, અનાજ ન હોય ત્યારે માણસનો વિચારવાનો ઢંગ બદલાય છે. તેમાંય દુશ્મન વિરોધી પ્રચારમાં લાગેલા હોય ત્યારે લોક માનસમાં તેના પ્રત્યાઘાત પડ્યા વિના ન રહે. કાશ્મીરના નેતાઓએ વિષમ કસોટીમાંથી સફળતાથી બહાર આવી પ્રજાના દિલ જીતી, રાષ્ટ્રીય અખંડિતતામાં ફાળો આપી, રાજકારણના મંચ પર શોભે એવા નેતા બનવાનો આ સમય છે. પ્રજાના ધિક્કારને શાંત કરવાની જરૂર છે. પોતાની શોભા અને મહત્તા વધારવાની જરૂર છે. કાશ્મીરના લોકોની આંખમાં આ દેશ પ્રત્યે પ્રેમ અને આદર વરસે અને દેશના દુશ્મનોને ધિક્કારે એવી સ્થિતિ પેદા કરવાની જરૂર છે.

***પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦, ગાંધીનગર.***
***ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫***

## ભારત સરકારના ગૃહમંત્રી

મઝહબને ખોટી રીતે આગળ કરીને ચાલતા આતંકવાદથી આજે આખી દુનિયા ત્રસ્ત છે.

જેહાદી ત્રાસવાદને નાથવાની બાબત આજે વિશ્વ સમસ્યા બની છે.

ભારતમાં પણ પાકિસ્તાન - બાંગ્લાદેશ જેવા પડોશીઓના પાપે આ જેહાદી ત્રાસવાદ ખૂંખાર બનેલો છે.

કાશ્મીરમાં આ ત્રાસવાદે તો માઝા મૂકી છે.

તેને મૂળમાંથી અસરકારક રીતે ડામવાની - નાથવાની ખાસ જરૂરત છે કે જેમાં ભારત સરકારના ગૃહમંત્રી પૂરેપૂરા નાકામિયાબ રહેલ છે.

જેહાદી ત્રાસવાદને ડામવાને બદલે 'હિંદુ ત્રાસવાદ - ભગવો ત્રાસવાદ' જેવા વેણો ઉચ્ચારીને ખરેખરા જેહાદી ત્રાસવાદીઓને ફાયદો થાય તેવી ભુંડી કોશિશ ભારત સરકારના ગૃહમંત્રી શ્રી પી. ચિદમ્બરમ્ ખુદ કરી રહ્યા છે. સ્વાર્થી રાજનીતિના આચરણમાં તેઓ દેશને કેટલું મોટું નુકસાન કરાવી રહ્યા છે!

આ પ્રકારના રાજકારણીઓથી હરખ હવે તું હિંદુસ્તાન!

મેરા ભારત મહાન!

# આત્માના સ્વરૂપ વિશે થોડા પ્રશ્નો

(ભાગ-૨)

• મુરજી ગડા •

આગલા લેખમાં આત્માના શરીર પ્રવેશનો સમય; આત્માની શરીર છોડવાની ઘટના; નવા શરીર પ્રવેશ સુધી ક્યાં હોવાનું તેમજ આપણા શરીરમાં રહેતા અન્ય સૂક્ષ્મ જીવોના આત્મા સાથેનો સંબંધ વગેરે વિશે પ્રશ્નો પૂછ્યા હતા. આ લેખમાં આત્માના સ્વરૂપ તેમજ શરીર છોડ્યા પછી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખવાની શક્યતા વિશે કેટલાક સવાલ છે તે રજૂ કર્યા છે.

શરીરમાં આત્મા ક્યાં અને કેવા સ્વરૂપે હોય છે એના વિશે ક્યાંય સ્પષ્ટ, સ્વીકારણીય ઉલ્લેખ મળતો નથી. **ધાર્મિક સિરિયલોમાં એને મૃત્યુ સમયે શરીરમાંથી નીકળતી એક જ્યોતના સ્વરૂપે બતાવવામાં આવે છે. એ માત્ર પ્રતીકાત્મક (Symbolic) છે. વાસ્તવતમાં કોઈએ હજી સુધી એવી કોઈ જ્યોત જોઈ નથી.**

જો આત્મા પ્રકાશના રૂપમાં હોય તોયે મૃત્યુ પછી એનું સ્વતંત્ર અસ્તિત્વ જળવાવું શક્ય નથી. પ્રકાશના જુદા જુદા ઉદ્‌ગમ સ્થાનથી (source) નીકળેલો પ્રકાશ તરત એકબીજામાં ભળી જાય છે. પછી એને જુદો પાડી શકાતો નથી. એવી જ રીતે ગરમી, વીજળી વગેરે બધી પ્રકારની ઊર્જા (Energy) તરંગોના સ્વરૂપે ફેલાય છે અને તરત એકબીજામાં ભળી જાય છે કે રૂપાંતર પામે છે. એકમાત્ર ધ્વનિ તરંગો (અવાજ) થોડી ક્ષણો માટે પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખે છે. પછી એ પણ નબળા પડી, અન્ય તરંગોમાં બદલાઈ જાય છે. કોઈપણ ઊર્જાનું એકમ સ્વતંત્ર રહી શકતું નથી.

ઊર્જા સિવાયના બીજા કોઈ સ્વરૂપે આત્માનું હોવું લગભગ અશક્ય જેવું છે. છતાં એ શક્યતાઓ પણ ચકાસી લઈએ. પાણી કે અન્ય કોઈ પ્રવાહીના ટીપાં ભેગા કરીએ તો એ પણ તરત એકબીજામાં ભળી જાય છે. કોઈ એક ચોક્કસ ટીપું એના મૂળ સ્વરૂપે પાછું મેળવી શકાતું નથી. જે ટીપું પાછું મેળવી શકાય તે બીજાં કેટલાંયે ટીપાંઓના મિશ્રણથી બનેલું નવું ટીપું હોય છે. વાયુનું પણ આવું જ છે. કોઈપણ વાયુપુંજ તરત વાતાવરણમાં ભળી જતાં મૂળ વાયુપુંજને એ જ સ્વરૂપે પાછો મેળવી શકાતો નથી.

**એટલું તો ચોક્કસ સાબિત થાય છે કે આત્મા વાયુ, પ્રવાહી, પ્રકાશ કે અન્ય કોઈ ઊર્જા સ્વરૂપે શરીરમાં હોય તો એ મૃત્યુ પછી તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી શકે નહીં.**

એકમાત્ર અપવાદ ઘન / નક્કર સ્વરૂપે મળતા પદાર્થોનો છે. રેતીના કણ, અનાજના દાણા કે એવી કોઈ ઘન વસ્તુ એકબીજા સાથે ગમે તેટલી ભેળવવા છતાં દરેક કણ અલગ રહે છે. આપણી નિશાની કરેલ હોય એવો કોઈ ચોક્કસ કણ એ જ સ્વરૂપે આપણે પાછો મેળવી શકીએ છીએ. જાહેર છે કે શરીરના બીજા અવયવોની જેમ આવા નક્કર સ્વરૂપે આત્મા કોઈને મળ્યો નથી. આત્માના એવા સ્વરૂપનો દાવો પણ કોઈ કરતા નથી.

**આપણી જાણમાં છે એવા કોઈ પણ સ્વરૂપે આત્માનું હોવું શક્ય નથી. એકમાત્ર શક્યતા એ છે કે માણસ હજી સુધી જાણી નથી શક્યો એવા કોઈ જુદા જ સ્વરૂપે આત્માનું અસ્તિત્વ હોય.**

જેને કોઈએ જોયો નથી, જેના સ્વરૂપની આપણને હજી ખબર નથી, જેના કાળચક્ર વિશે જુદી જુદી ધાર્મિક વિચારધારાઓમાં મતભેદ પ્રવર્તે છે, છતાંય એને પહેલેથી મનાતું આવ્યું છે એટલા માટે એના ગૂઢ સ્વરૂપને સ્વીકારી લેવું એ એક વિચારધારા છે. એના વિકલ્પ તરીકે, આપણા અનુભવ અને જ્ઞાનને આધારે જે બુદ્ધિગમ્ય હોય એવું સ્વરૂપ ખોળવાના પ્રયાસ કરીએ એ બીજી વિચારધારા છે. એને વિજ્ઞાન કહેવાય છે. આમ તો પૃથ્વી સ્થિર અને સપાટ હોવાનું પણ હજારો વરસથી માનવામાં આવતું જ હતું. વૈજ્ઞાનિક વિચારસરણીના આધારે જ એ ખોટું સાબિત થયું છે.

**આત્મા, સ્વર્ગ - નરક જેવી અદૃશ્ય દુનિયાની આપણી સમજ અને માન્યતા સાચી હોય યા ન હોય, એ કુદરતી નહીં પણ આપણો સાંસ્કૃતિક વારસો છે.** જે કુદરતી છે એ બધા જ માણસો માટે સરખું હોય છે. કુદરતે બધાને સરખા અવયવો આપ્યા છે. બધાનો લોહીનો રંગ લાલ છે. એમાં દેશ, ધર્મ, સંસ્કૃતિ પ્રમાણે ભેદભાવ નથી કર્યા. માન્યતાઓમાં જે ફરક છે તે આપણા બનાવેલા છે. સંસ્કૃતિઓ સમય અને સ્થળ પ્રમાણે બદલાય છે એ પણ હકીકત છે. ફક્ત આપણી માન્યતા સાચી અને બીજી બધી ખોટી એ તો અહંકાર છે.

ભવોભવમાંથી પસાર થતા આત્મામાં માનનારાઓ માટે એક સવાલ છે. જે માતા-પિતા નાનપણમાં આપણી સંભાળ રાખી મોટો કરે છે એમને આપણે જીવનભર માન અને પ્રેમ આપીએ છીએ, એમનો આદર કરીએ છીએ અને વૃદ્ધાવસ્થામાં એમની સંભાળ રાખીએ છીએ. **જે શરીર આત્માને જીવનભર સાચવે છે એને આત્માનો વિરોધી કેમ માનવામાં આવે છે? શરીરને કષ્ટ આપવાથી જ આત્માનો ઉદ્ધાર થાય એવું કેમ મનાય છે? શરીરની કુદરતી જરૂરિયાતોને અધ્યાત્મના નામે કેમ અવગણાય છે?** અહીં શરીરને પંપાળવાની કે બહેકાવવાની વાત નથી, એની સાહજિક સંભાળ રાખવાની વાત છે. અંતે તો આ શરીર જ આત્માનું ઘર મનાય છે.

*જ્ઞાનના શસ્ત્ર સામે બધાં શસ્ત્રો બુઠ્ઠાં છે.*

બધા માણસોમાં સારા-ખરાબ તત્ત્વોનું મિશ્રણ હોય છે. એના લીધે એના મનમાં ગડમથલ ચાલતી હોય છે. એના સમાધાન માટે તે પોતાની સમજ પ્રમાણે પ્રયત્ન પણ કરે છે. આત્માના ઉદ્ધારના નામે જે પૂજાપાઠ, વ્રત, ધ્યાન, તપ વગેરે જે પણ થાય છે એ બધું મનમાં ચાલતા આ સંઘર્ષોના સમાધાન માટે પણ હોઈ શકે છે. આપણે જેને ખોટું માનીએ છીએ છતાં છોડી નથી શકતા એના પ્રાયશ્ચિત માટે પણ હોઈ શકે છે. આ બધાથી આત્માનો ઉદ્ધાર થાય છે કે નહીં એ કોઈ ચોક્કસપણે કહી ન શકે. જોકે એનાથી મનને શાંતિ મળે છે, સાંત્વન મળે છે એ ઘણાએ અનુભવ્યું છે. એને જ પૂરા સત્ય તરીકે ન સ્વીકારાય?

Occams's Razor (ઓકામ્સ રેઝર) નામે અંગ્રેજીમાં એક સિદ્ધાંત પ્રચલિત છે. જ્યારે કોઈ પણ સવાલના એકથી વધારે ઉત્તર મળતા હોય ત્યારે જેમાં સૌથી ઓછી ધારણાઓ કરેલી હોય એવો સાદો અને સરળ લાગતો ઉત્તર સાચો હોય છે. જ્યારે આપણે ઘણી મનફાવતી ધારણાઓ કરીએ છીએ ત્યારે સાચા ઉત્તરથી દૂર જતા રહીએ છીએ. આને Law of Succinctness એટલે કે ટૂંકા અને સચોટના સિદ્ધાંત તરીકે પણ ઓળખાવાય છે. આ સિદ્ધાંત ઘણી બાબતોમાં સાચો સાબિત થયો છે. અહીં પણ આ સિદ્ધાંત સ્વીકારાય તો આત્મા વિશેની બહુમતીની સમજ ખોટી ઠરે. આત્મા શરીરથી અલગ નહીં પણ શરીરનો જ એક ભાગ હોવાની વાતમાં કેટલું તથ્ય હોઈ શકે?

સજીવને નિર્જીવથી અલગ પાડતી ચેતના શું છે એ વિશેની અમારી વિજ્ઞાન આધારિત સમજને અલગ લેખમાં ચર્ચવામાં આવશે.

*(ક્રમશઃ)*

*૧, શ્યામવાટિકા સોસાયટી, વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## દેશના નામી ધારાશાસ્ત્રીઓ દેશનું શું ભલું કરવાના?

રામ જેઠમલાણી હાલે ગુજરાતના ગૃહમંત્રી અમિત શાહનો કેસ લડી રહ્યા છે. ભૂતકાળમાં તેઓએ બોફોર્સકાંડના આરોપી હિંદુજા બંધુઓના, શેરબજારના કૌભાંડકાર હર્ષદ મહેતાના, જૈન હવાલા કેસમાં એલ.કે. અડવાણીના, ચારા કૌભાંડમાં લાલુ યાદવના અને ઇંદિરા ગાંધીના હત્યારાઓના કેસો પણ લડેલ હતા.

આ જાતના કેસો અભિષેક સિંઘવી, પી. ચિદમ્બરમ્ અને કપિલ સિબ્બલ જેવા ખ્યાતનામ ધારાશાસ્ત્રીઓ પણ લડી ચૂક્યા છે.

એક અખબારી અહેવાલ અનુસાર નામી વકીલોની અદાલતમાં પાંચ મિનિટ હાજર રહેવાની ફી રૂા. ૩ થી ૫ લાખ જેટલી હોય છે. એક દિવસમાં તેઓ ૮ થી ૧૦ વખત આ પ્રકારની ૫-૫ મિનિટ હાજરી આપે છે.

જે દેશના ખ્યાતનામ ધારાશાસ્ત્રીઓ રૂપિયા એકત્રિત કરવાની આ પ્રકારની લાલચ રોકી શકતા નથી, તેવા ઉચ્ચ પ્રકારના ધારાશાસ્ત્રીઓ પાસે યોગ્ય ન્યાયના વર્તન અંગેની શું અપેક્ષા રાખી શકાય?

ડૉક્ટર, એડવોકેટ, કન્સલ્ટન્ટ વગેરે પ્રકારના વ્યવસાયિકો જ્યાં લગી ન્યાયનીતિમાં રહી પ્રામાણિક વર્તન નહીં કરે ત્યાં સુધી આ દેશનું શું ભલું થવાનું?

# દેશ પ્રત્યેનું ઋણ

• કોર્નલાઈસ વોન બેચર •

શ્યામ : મારાથી હવે આ જરાય સહેવાતું નથી! મારે અહીંથી ક્યાંક બહાર ચાલ્યા જવું છે.

એકનાથ : શાંત થા, શ્યામ. હું સમજું છું. તું નિશાળથી કંટાળી ગયો છે. પણ હવે થોડા જ વખતમાં તે પૂરું થશે.

શ્યામ : નહિ, નહિ થાય! હજુ તો વર્ષોના વર્ષો કાઢવાના છે અને હું કંઇ માત્ર નિશાળ માટે જ નથી કહેતો. હું તો આ ઘરથી પણ કંટાળી ગયો છું. ક્યારે ઊઠવું, ક્યારે સૂવું, ક્યાં જવું અને ક્યાં ન જવું, શું પહેરવું અને શું વિચારવું એ બધું જ સૌ મને કહ્યા કરે છે. એ લોકો મને ખરેખર ગાંડો કરી મૂકે છે!

એકનાથ : તારું કુટુંબ તો ખરેખર અદ્ભુત છે, શ્યામ. તું શું કરવા ધારે છે? છોડી જવું છે?

શ્યામ : હા, જઇને પરદેશમાં વસવાની મારી ઇચ્છા છે. એવા સ્થળે કે જ્યાં હું સ્વૈરવિહાર કરી શકું.

એકનાથ : એવું સ્થળ તો ક્યાંય નથી. ખરેખર તો લોકો જેની સતત વાત કર્યા કરે છે એવાં સિંગાપુર, જર્મની અને કદાચ ઓસ્ટ્રેલિયા જેવાં સ્થળો જોવાનું મને ગમે.

શ્યામ : એ સ્થળોમાં એવું તે શું મોટું (જોવા જેવું) છે?

એકનાથ : એ બધા સફળ દેશો છે. ત્યાં દરેક જણ કામ કરે છે અને દરેકની સંભાળ લેવાય છે. આ લોકો ખરેખર કેવા છે એ જોવાની જિજ્ઞાસા છે.

શ્યામ : આવાં જ કોઇ સ્થળે મારે નોકરી કરીને ખૂબ પૈસા કમાવા છે.

એકનાથ : તું ધારે છે તેટલું એ સહેલું નથી, શ્યામ.

શ્યામ : પણ, ત્યાં હું ધારું તે કરી શકું. કોઇ પણ પ્રકારનો વ્યવસાય કરી શકું કે કોઇ વિષયનો પ્રોફેસર બની શકું...

એકનાથ : (હસે છે) તારી યોજના તો મઝાની લાગે છે! પણ તું ત્યાં ખરેખર સ્થાયી થવા માગે છે? તો પછી અહીં તારા કુટુંબ અને મિત્રોનું શું?

શ્યામ : એ બધાંથી છેવટે મારો છૂટકારો થશે. (શ્યામના પિતા પ્રવેશે છે.)

ડૉ. પંડિત : કેમ, એકનાથ. તને મળીને આનંદ થયો. અને શ્યામ, તું શું સ્વતંત્રતાની શોધમાં છે? તું એવું શા માટે કહે છે?

શ્યામ : મારે શું કરવું તે સૌ કોઇ મને કહેતું ફરે છે- અહીં, નિશાળમાં અને બધે જ.

ડૉ. પંડિત : અને તેના બદલામાં અમે તને કંઇ નથી આપતા? ઘર, શિક્ષણ, પ્રેમાળ કુટુંબ અને મિત્રો?

એકનાથ : એજ વાત હું તેને કહી રહ્યો છું.

શ્યામ : હા, તું કહે છે. પણ હું દૂર દૂર જઇ પગભર થવા માગું છું.

ડૉ. પંડિત : સમજ્યો, પણ બીજા દેશોમાં નોકરી માટે અરજી કરવા માટે તારે હજુ થોડાં વર્ષોની રાહ જોવી પડશે. તારે અહીંથી છૂટવું છે. પણ એ માટે તે એક જ કારણ છે?

શ્યામ : હું કંઇક જુદું જ કરવા માંગું છું. મારે જુદા જુદા દેશો જોવા છે.

એકનાથ : બીજા દેશોમાં લોકો ખરેખર વધારે સુખી છે કે નહિ એ હું જોવા માગું છું.

ડૉ. પંડિત : પ્રવાસ માટે એ એક સારું કારણ છે, એકનાથ. શ્યામ, તું જાણે છે કે તારા જન્મ પહેલાં મેં અને તારી મમ્મીએ કેનેડા જવાનો લગભગ નિશ્ચય કરેલો.

શ્યામ : તો તમે એમ કહેવા માગો છો કે આપણે અત્યારે અહીં ના હોત?

ડૉ. પંડિત : ખરું. આ વાતની સાક્ષી પૂરવા તારી મમ્મી અહીં હોવી જોઇએ.

(ડૉ. પંડિત શ્રીમતી પંડિતને બોલાવે છે. તેમનો પ્રવેશ)

ડૉ. પંડિત : શ્યામ અને એકનાથ બીજા દેશોમાં રહીને કામ કરવાની વાત કરે છે.

શ્રીમતી પંડિત : ઠીક, પણ આ વિશે વિચારવાની હજી તમારા બંનેની ઉંમર નથી. (તમે ઘણા નાના છો.)

ડૉ. પંડિત : હા, એ વાત થઇ. આપણે કેનેડા જવાની તૈયારી કરી લીધી હતી તે વાત મેં તેમને હમણાં જ કહી.

શ્રીમતી પંડિત : પણ અમે જવાનું માંડી વાળ્યું.

ડૉ. પંડિત : આ વાત તેમને કહેવામાં તું મને મદદ કર જેથી જે કંઇ બન્યું તે શ્યામ અને એકનાથ સમજી શકે.

શ્રીમતી પંડિત : તમે શરૂ કરો.

*જીવનમાં મુશ્કેલીઓની વચ્ચે પણ સફળતા પૂર્વક આગળ વધવા માટે શ્રદ્ધા, પુરુષાર્થ અને વિવેક અનિવાર્ય છે.*

ડૉ. પંડિત : બાયોટેકનોલોજીમાં કંઇક સંશોધન કરવાની મારી ઇચ્છા હતી. અને મને જે ખાસ વિષયમાં રસ હતો તે માટેની સારી (સજ્જ) પ્રયોગશાળા એ સમયે ભારતમાં ન હતી. પણ કેનેડામાં સરસ પ્રયોગશાળા હતી.

એકનાથ : પછી તમે શું કર્યું?

શ્રીમતી પંડિત : અમે ત્યાં જવાનું વિચાર્યું અને પરદેશમાં જ છોકરાઓને ઉછેરવા તેમ નક્કી કર્યું. આપણા સગાં-સંબંધીઓના પરિચય વિના છોકરાંઓ ત્યાં જ મોટા થાય. ત્યાં અમને અમારો રોજિંદો ખોરાક અને ઉત્સવોનો આનંદ મળવાનો ન હતો. અરે, હવામાન સુદ્ધાં જુદા પ્રકારનું.

શ્યામ : મમ્મી, આ તો મજાની વાત લાગે છે.

ડૉ. પંડિત : ત્યાં બધું જ જુદું જુદું હતું, અને થોડા વખત માટે મજા પણ પડી હોત એ વાત ખરી. પણ અમે એક જુદી જ બાબત પર વિચાર કર્યો. **મેં મારું ડોક્ટરી શિક્ષણ સરકારી કોલેજમાં લીધું હતું. તને તો ખબર છે કે પ્રત્યેક ડોક્ટર વિદ્યાર્થી પર સરકાર હજારો રૂપિયાનું ખર્ચ કરે છે. કરદાતાઓના કર મારફત આ પૈસા આવે છે. તેથી મને એમ થયું કે કેનેડા જવું એ સરકારે અને પ્રજાએ મને આપેલી મદદને ભૂલી જવા બરાબર છે. આ તો કૃતઘ્નતા કહેવાય.** વાસ્તવમાં, આ નિઘોજ જેવા નાનાં સ્થળે મેં રહેવાનું એટલા માટે પસંદ કર્યું કે સામાજિક ઋણ અદા કરવાનો એ શ્રેષ્ઠ માર્ગ હતો એમ મને લાગ્યું. મારા લોકો અને મારા દેશનો હું ઋણી છું.

એકનાથ : શ્યામ, તું આજે કેનેડામાં રહેતો હોત તો ત્યાંથી પણ તને નાસી છૂટવાની ઇચ્છા થઇ આવી હોત.

શ્યામ : એ પણ ખરી વાત છે.

***પ્રેષક : શાંતિલાલ ગાલા***

## ભારતમાં ગુનેગારીના પ્રકારો

હાજી મસ્તાન, દાઉદ, અરુણ ગવલી, છોટા શકીલ, મટકાકિંગ કલ્યાણ, ચાર્લ્સ શોભરાજ, છોટા રાજન, ભીંડરાનવાલે વગેરે એક પ્રકારના ગુનેગારો.

લક્ષ્મણ બંગારુ, એ.રાજા, સુખરામ, લાલુપ્રસાદ યાદવ, જયલલીતા, માયાદેવી, અજિત જોગી, મધુ કોડા, રેડ્ડી બંધુઓ વગેરે બીજા પ્રકારના ગુનેગારો.

બાબરી મસ્જિદ ધ્વંસ, નરોડા પાટિયાનો બનાવ, ઇંદિરા ગાંધીની હત્યા પછી શીખોની કત્લેઆમ, રામ રથયાત્રા જેવા રાજકીય કાર્યક્રમો વગેરે ત્રીજા પ્રકારના ગુનેગારો.

આ દેશમાં કોઈ પણ પ્રકારના ગુનેગારોની કમી નથી!

બોલો, મેરા ભારત મહાન!

# આપણી માનસિકતા કમનસીબ પરિસ્થિતિએ છે!

• શાંતિલાલ સંઘવી •

જગતના કોઈપણ દેશની પ્રજા હોય પણ તેમનામાં કેટલીક ખૂબીઓ હોય, સામે કશીક ખામીઓ પણ હોય જ. હજુ સુધી પરમાત્માએ જેનામાં એક પણ ખામી ન હોય અને જેણે જીવનમાં ક્યારેય એકપણ ભૂલ કરી ન હોય એવો માણસ સર્જ્યો નથી.

યુરોપ - અમેરિકા વગેરે દેશોના લોકોની કેટલીક રીતરસમ અને જીવનશૈલી અને માન્યતાઓની આપણે ઘણીવાર ટીકા કરતા હોઈએ છીએ. અને આવી ટીકા ઘણીવાર સાચી પણ હોય છે. આ લખાણમાં તે લોકોની કેટલીક ખાસ ખૂબીઓની નોંધ લેવાનો ઉપક્રમ છે.

સૌપ્રથમ તો એ પ્રજાસમૂહ એ ખુલ્લો સમાજ છે. ત્યાં કોઈપણ માન્યતાને પડકારી શકાય છે. માન્યતા ગમે તેટલી જૂની હોય કે લોકમાન્ય હોય તો પણ તે માન્યતાની ટીકા કે આલોચના થઈ શકે છે. ખુદ ઈશુની ટીકા થઈ શકે છે, એના ગુણદોષની ચર્ચા થઈ શકે છે. પૉપની ટીકા થઈ શકે છે, બાઈબલની પણ સારા-નરસા પાસાની ચર્ચા થઈ શકે છે. આમાં કોઈની લાગણી દુભાતી નથી. અમુક લોકો જુદા વિચારના હોય તો પણ તેમની 'લાગણી દુભાતી' નથી અને છતાં કોઈની દુભાય તો તેની નોંધ લેવામાં આવતી નથી. ટૂંકમાં કોઈ કહેતા કોઈની પણ અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને રૂંધી શકાતું કે અટકાવી શકાતું નથી. જુદા વિચાર, નવા વિચારનું મોટેભાગે સ્વાગત કરવામાં આવે છે, એની ખુલ્લી ચર્ચા ચાલે છે. ત્યાં ધર્મ, કોમ, ભગવાન, જાતિ, પ્રદેશ વગેરે કોઈપણની ટીકા - આલોચના થઈ શકે છે. એની ભૂલ - ખામી બતાવી શકાય છે અને એ નિમિત્તે ત્યાં કોઈ વિરોધ આંદોલનો થતા નથી, મારામારી કે ભાંગફોડ કે ધરણા - બંધ - હડતાલ કે હત્યા થતા નથી. ખુદ ભગવાનના કાર્ટૂન બનાવી તેમની ઠેકડી ઊડાવી શકાય છે. મોઢું પ્રેસીડેન્ટનું ને ધડ ગધેડાનું એવા કાર્ટૂન છાપી શકાય છે છતાં એને ઘેર કે ઓફિસમાં પ્રેસિડેન્ટના પ્રશંસકોનું ટોળું ધસી આવતું નથી. તેમજ બીજા દિવસે એને ત્યાં ઈન્કમટેક્સવાળાની રેડ પણ પડતી નથી. કવિઓ, લેખકો, વક્તાઓ, ચિત્રકારો, કલાકારો આ બાબતમાં પૂરી સ્વતંત્રતા ભોગવે છે.

આપણે ત્યાં હાલત સાવેસાવ જુદી છે. અહીં કોઈ કહેતા કોઈની ટીકા કે આલોચના થઈ શકતી નથી. ધર્મ, જાતિ, કોમ, પ્રદેશ, ગુરુ વગેરે કોઈની ભૂલ કે ખામી બતાવી શકાતી નથી. હંમેશાં બધાનું સારું જ બોલવું અને સારું જ લખવું એ ફરજિયાત. એમાં પણ જો ભૂલેચૂકેય કોઈ ભગવાન કે કોઈ ધર્મગ્રંથ કે કોઈ મોટા ધ.ધૂ.પ.પૂ.ની ભૂલ બતાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે જણનું આવી જ બને. અનુયાયીઓ અને ભક્તો અને પ્રશંસકો તેના પર તૂટી જ પડે. કોઈની પણ માન્યતાને બિલકુલ પડકારી શકાય જ નહીં. જેમ વધારે પ્રાચીન તેમ વધારે પવિત્ર, વધારે મહાન. જેમ વધારે પ્રાચીન તેમ તેના માટે વધારે ગર્વ લઈ શકાય.

અમારા ભગવાન, અમારા ઈષ્ટદેવ, અમારા ગુરુદેવ કદી ભૂલ કરે જ નહીં, ક્યારેય ખોટા હોઈ શકે જ નહીં. એમના વિશે સહેજપણ અશ્રદ્ધા રખાય જ નહીં. એ પ્રકારની જડ માન્યતાનો આપણે બહુ મોટા ભાગના લોકો શિકાર છીએ.

પોતાના ભગવાન, ઈષ્ટદેવ વિશે કોઈ નવી વાત જાણવા - સમજવા - સ્વીકારવાની વાત જ કરવાની નહીં. જે છે, જેમ છે, તે જ સર્વશ્રેષ્ઠ છે એવી જડબેસલાક માન્યતા.

છતાં ધારો કે પ્રાચીનકાળમાં આપણા દેશમાં કેટલાક ઉત્તમ પુરુષો થઈ ગયા તો પણ અત્યારે વર્તમાનમાં એના માટે 'આપણે' કેવી રીતે ગર્વ લઈ શકીએ? કારણકે 'આપણે પોતે' તો કશું કર્યું જ નથી. એક પણ નવો વિચાર, નવી ફિલસૂફી, નવો સિદ્ધાંત, શોધી કાઢ્યો નથી. એક ડગલું પણ આગળ ભર્યું નથી, માત્ર જૂની વાતોના પારાયણ જ કર્યા કરીએ છીએ. અમારું પોતાનું પ્રદાન શૂન્ય છે તો પછી એમાં ગર્વ લેવા જેવી વાત ક્યાં છે? છાતી ફુલાવીને કૂકડાની જેમ ડોક ઊંચી કરીને 'મહાન' 'મહાન' જપ્યા કરવાની વાત ક્યાં આવી? આપણે પોતે જાતે કશુંક નવું - અગાઉના મહાપુરુષોને સૂઝ્યું ન હોય એવું કરી બતાવીએ તો જ કાંઈક ગર્વ લેવા જેવું ગણાય.

આપણે આજે રાતદિન જીવનમાં જે જે ટેકનોલોજીનો મિનિટે મિનિટ ઉપયોગ કરીએ છીએ તે તમામે તમામ ટેકનોલોજી અન્ય દેશોમાંથી આવેલી છે. અપવાદરૂપે પણ આપણે એક પણ નવી ટેકનોલોજી શોધી શક્યા નથી. મહાન, મહાનની બૂમો પાડવાથી તો મહાન બની જવાતું નથી.

દુનિયામાં કોણ સાંભળે છે આપણી વાત? એથી ઊલટું જગતના અનેક દેશોના દબાણ અને પ્રભાવ નીચે આપણે છીએ. સ્વમાન છોડીને લગભગ મોં માં તરણું લઈને આપણે બીજા દેશોની શરતો માનવી પડે છે.

અહીં નવા વિચારોને કચડી નાખવામાં આવે છે. કશુંક નવું કરવા જનારને હડધૂત કરવામાં આવે છે. વિચાર સ્વાતંત્ર્ય છે જ નહીં. **બહુ દુઃખની વાત તો એ છે કે અનેકાંતવાદનો સિદ્ધાંતમાં સ્વીકાર કરવાવાળા જૈનો પણ અસહિષ્ણુ બની ગયા છે. જૈનોમાં પણ વિચાર સહનશીલતા રહી નથી.**

*કોઈની પજવણીથી ચડિયાતો બીજો કોઈ અત્યાચાર નથી.*

જગત આખામાં વધુમાં વધુ મંદિરો, દેરાસરો, તીર્થો, મઠો, આશ્રમો વગેરે આપણા દેશમાં છે. છતાં સહનશીલતા, ઉદારતા, તટસ્થતાનો ભાવ - વૈજ્ઞાનિક વિચારધારા વગેરે ઘણા ઓછા પ્રમાણમાં છે.

યુરોપ - અમેરિકા જેટલું જ અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય આપણી પ્રજામાં હોવું જોઈએ. બધાને પોતાનો અભિપ્રાય - માન્યતા રજૂ કરવાનો હક્ક કાયદેસર હોવો જોઈએ. જેને ન ગમે, જે અસંમત હોય તે પણ પોતાની માન્યતા રજૂ અવશ્ય કરી શકે - બિલકુલ 'લાગણી દુભાવ્યા' વગર.

બૌદ્ધિક વિચાર વિનિમયમાં લાગણીને તો બિલકુલ જ સ્થાન ન હોવું જોઈએ.

આ 'લાગણી' શબ્દ ભારે ઉધમાતીઓ છે. ગુજરાતી સિવાયની કોઈ ભારતીય ભાષામાં 'લાગણી' શબ્દ નથી. 'લાગણી' શબ્દ આપણને આપ્યો છે વીર નર્મદે. નર્મદ પહેલાના ગુજરાતી સાહિત્યમાં 'લાગણી' શબ્દ નથી. નર્મદે પ્રથમવાર આ શબ્દનો ઉપયોગ કર્યો છે.

ધારો કે હું એમ લખું કે રામચંદ્રજી અવશ્ય મહાન હતા પરંતુ સ્ત્રીના હૃદયને, તેની માનસિકતાને પારખવામાં રામ નિષ્ફળ ગયા હતા. પરંતુ સ્ત્રીના હૃદયને, તેની કોમળ - મધુર લાગણીઓને તથા તેના વ્યક્તિત્વને સમજીને પારખી શકનારામાં કૃષ્ણ અદ્વિતીય હતા.

તો રામના ભક્તોની 'લાગણી' દુભાય. આ જ રીતે અન્ય ભગવાનો તથા ઈષ્ટદેવો તથા ગુરુદેવોનું નવમૂલ્યાંકન કરવાની કોશિશ કરવામાં આવે તો આપણા લોકો તેને સમભાવપૂર્વક તથા બુદ્ધિપૂર્વક સહન કરી શકે નહીં તેમજ વિચારી શકે નહીં.

આ અત્યંત કમનસીબ પરિસ્થિતિ છે.■

## પ્રત્યક્ષ દૃષ્ટાંત

સુખ સામગ્રી મેળવીને ભોગવાતાં સુખ કરતાં એ બધી જ સામગ્રીને છોડીને અનુભવાતું સુખ કંઈગણું ચડિયાતું છે. સુખ સામગ્રી છોડીને સાધુપણાને સ્વીકારતો મુમુક્ષુ આનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. *પ્રેષક : પ્રભુલાલ સંઘવી*

# અંતિમ પર્ણ.... જિંદગીની મહેક

**• ગુલાબચંદ ધારશી રાંભિયા •**

એક કવિતામાં વાંચવામાં આવ્યું હતું કે 'પથ્થર પણ ચોખ્ખો ચણાક હોય તો ફૂલ જેવી શોભા આપે છે.' એક માત્ર શ્યામ કલંક હોવાને કારણે ચંદ્ર વારંવાર ટીકાપાત્ર બન્યો છે. જ્યાં સુધી પૂર્ણતાની અભિપ્સા પ્રજ્વલિત ન થાય ત્યાં સુધી મનુષ્ય જ્યાં છે ત્યાંથી ભાગ્યે જ આગળ વધી શકે છે.

જેને આપણે અનુભવ કહીએ છીએ તે મોટેભાગે પુનરાવર્તન હોય છે. અનુભવ અને પુનરાવર્તન માણસને મૂર્તિ જેવો નિશ્ચેતન બનાવી દે છે.

જિંદગીનો એકે એક દિવસ એટલો ઉજ્જવળ હોય છે કે દરેકે દરેક ક્ષણમાં હમણાં જ ખીલેલા ગુલાબ જેવી ગુલાબી તાજગી ભરપૂર હોય છે પણ અનુભવ વગર સાચા ગુલાબનેય ફ્લાવર વાઝનું ખોટું ખોટું હાસ્ય માનીને આપણે પસાર થઈ જઈએ છીએ. ક્ષણોમાં ઊંડે ઊંડે સમાયેલા રોમાંચને સપાટી પર લાવીને પોતાના હૃદયમાં ઉતારવાનું કામ ખરેખર જિંદગી જીવતા માણસનું છે. આયુષ્ય તો સૌને મળે પણ જિંદગી બહુ ઓછાને હાથવગી છે. આયુષ્ય તો જંતુઓ, પશુ-પક્ષીઓને હોય છે. મનુષ્ય એનાથી હજાર વેંત ઊંચી હસ્તી છે. આયુષ્યને જિંદગીમાં પલટાવવાની કળા એ જ અદ્‌ભુત આનંદનો શ્રોત છે.

એકવાર અજાણ્યા આંસુ લૂછવા બેસો કે તરત આખું જગત તમને તમારું પોતાનું લાગવા માંડે. એક પ્રશિષ્ટ અંગ્રેજી વાર્તાકારની વાર્તા 'ધ લાસ્ટ લીફ'નો અનુવાદ અહીં પ્રસ્તુત છે.

એક યુવતી હતી. લાંબા સમયથી તે બીમાર હતી. એની પથારી સામે એક બારી હતી. અને બારીની બહાર તેને એક જર્જરિત વૃક્ષ દેખાતું હતું. યોગાનુયોગ એ યુવતી એ ઝાડના બચેલા પાંદડા ગણે છે. બીજી બાજુ દરરોજ ઝાડનું એક પાંદડું ખરતું જાય છે. પેલી યુવતીને થાય છે કે બસ હવે માત્ર ચાર પાંદડા બાકી રહ્યા છે. મારી જિંદગીના દિવસો પણ આમ ખરી રહ્યા છે.

બહાર બરફ વર્ષાનું તોફાન ચાલુ છે. શહેરની શેરીઓ શીતળતાથી સૂનકાર થઈ ગઈ છે. આ યુવતીના ઘરની પાસે જ એક મોટી ઉંમરનો ચિત્રકાર રહેતો હોય છે. એ આ યુવતીની મનોદશા જાણી જાય છે એટલે રાત્રે બરફમાં થરથર ધ્રુજતો ધ્રુજતો તે વૃક્ષની અડોઅડ આવેલી દીવાલ પર નવા પાન ચીતરવા લાગે છે. ઝાડ ઉપરથી છેલ્લું પાંદડું ખરે એ પહેલા એ નવા પર્ણ આબેહૂબ ચિતરે છે.

નવા ફૂટેલા પાન જોઈ પેલી યુવતીને જિંદગીની આશા પ્રબળ બને છે. આ જોઈ યુવતી પણ સાજી થવા લાગે છે. હવે તે સંપૂર્ણ સાજી થયા પછી બારી પાસે આવીને શેરીમાં જુએ છે તો ત્યાંથી કોઈની અંતિમયાત્રા પસાર થતી હોય છે. યુવતી એની માતાને પૂછે છે, 'આ કોનું મૃત્યુ થયું?' માએ જવાબ આપ્યો કે ઠંડીને કારણે આપણી પડોશમાં રહેતા ચિત્રકારનું મૃત્યુ થયું છે.

કોઈની જિંદગીમાં આપણે ચિતરેલું એકાદ પર્ણ ઘટાટોપ વૃક્ષ થઈને ખીલી ઉઠતું હોય છે એનો અહેસાસ કરવા માટે આપણે પૃથ્વી પર હોઈએ કે ન હોઈએ પણ પેલા ચિત્રકારે એની જિંદગીના છેલ્લા દિવસોમાં તોફાની ઠંડી બરફ વર્ષામાં દોરેલા પર્ણોથી વધુ મહાન કૃતિ બીજી કઈ હોઈ શકે?

કોઈ નવપલ્લવિત કાળને બેઠેલી પાનખર એણે ઉપાડી લીધી હતી અને પોતાના હાથે જ નવી જિંદગીની વસંત એણે આલેખી હતી.

કોઈને કોઈ મનુષ્યના દર્દમય દિવસો વેળાએ તમને પેલા વૃદ્ધ ચિત્રકાર પુરુષની જેમ પર્ણ દોરવાની તક મળતી હોય છે. મોટેભાગે તો આપણે આપણા જ આંસુઓમાં એટલા ડૂબેલા હોઈએ છીએ કે બીજાની આંખ તરફ આપણો રૂમાલ લંબાવી શકતા નથી.

આપણી ભીતરના સર્વ વ્યર્થ મિલાપ દૂર થયા પછી જ આપણને બીજાના હીબકાં કે ડૂસકું સાંભળવાની ઈશ્વર રજા આપે છે. એ સંભળાય પછી જ મનુષ્યની વ્યાખ્યામાં આપણે પ્રવેશીએ છીએ. વિલાપથી મુક્ત રહેવું તે પહેલો આનંદ અને બીજાના દર્દને સાંભળવું એ પહેલી યોગ્યતા. આ બંને પ્રાપ્ત કર્યા પછી જિંદગી ખરા અર્થમાં મહેકે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જેનો વર્તમાન સારો, એનું ભવિષ્ય સારું.*

સમાજ દર્પણ
સાહિત્ય આચમન

# સરસ્વતીચંદ્રમાં સમાજ જીવન

• ડૉ. ગિરીશ વીછીવોરા •

સરસ્વતીચંદ્ર નવલકથાના કથાવસ્તુનો સમય એવો છે જ્યારે અંગ્રેજોનું રાજ્ય આવી ચૂક્યું હતું, છતાં જનજીવન પર એની અસર ઓછી હતી. એ સમય ગુજરાતના મુસલમાન બાદશાહો ને મરાઠા રાજ્યોનો - પેશ્વાઈનો - અસ્તકાળ ને અંગ્રેજોના રાજ્યના ઉદયકાળનો છે. આવા સંધિકાળમાં જૂના જીવનમૂલ્યો આસ્તે આસ્તે વિદાય લે છે ને એની જગ્યાએ નવા રાજ્યકર્તાઓની અસર જનજીવન પર વર્તાતી શરૂ થતી દેખાય છે. જનજીવન પર હજી થઈ ગયેલા શાસકોને એમના સમયના રીતરિવાજોની અસર હતી. હિંદુ સમાજમાં એ જ ચતુર્વર્ણને એના સારા-માઠાં પરિણામો મોજૂદ હતા. સમાજનો એક નાનોશો કહેવાતો ઉચ્ચવર્ગ, જેમાં ભણેલા ગણેલા બ્રાહ્મણો, રાજશાસન ભોગવતા ક્ષત્રિયો ને થોડાક ચતુર વૈશ્ય વેપારીઓનો સમાવેશ થતો હતો. એ વર્ગનું આધિપત્ય બહુધા જન સમુદાય પર વિશેષ હતું. એ સમાજમાં ભણેલા ગણેલા સ્ત્રી પુરુષ હતાં જ ને એમના એ વિશિષ્ટ જ્ઞાનથી આખા સમાજને ઑપ આપતા હતા. બ્રાહ્મણો વિદ્યાબળથી, તો ક્ષત્રિયો ત્યારના વિદાય લેતા મધ્યયુગી વાતાવરણમાં પોતાની બહાદુરી ને તલવારનાં જોર પર સત્તા ટકાવી રાખતા હતા. સહેજે વૈશ્યો પોતાની વેપારી કુનેહ ને હોંશિયારીથી સમાજમાં ને રાજ દરબારમાં ઠેઠ મોગલ સમયથી પોતાનો મોભો જાળવી રહ્યા હતા. સમાજનો બહોળો સામાન્ય વર્ગ અજ્ઞાન, વહેમ અને ગરીબાઈમાં જ સબડતો હતો. ભદ્ર સમાજની ભાષા, સામાજિક રીતરિવાજો ને રહેણીકરણી વ્યવસ્થિત હતા, તો સામાન્ય વર્ગ અભણ ને અણઘડ હતો. આવા વાતાવરણમાં આપણી નવલકથાના લેખક ભદ્ર સમાજમાંથી આવતા ને ઉચ્ચ આધુનિક શિક્ષણ લીધેલા હોવાથી સહેજે એમની નવલકથાનું કથાવસ્તુ સમાજના એ ઉચ્ચવર્ગની આજુબાજુ ગુંથાયેલું છે. **ગુજરાતી નવલકથાના એ ઉદયકાળમાં ઐતિહાસિક, ધાર્મિક કે ઉચ્ચ સામાજિક કથાવસ્તુ જ લેવાતું. સામાન્યજન કેન્દ્રિત નવલકથાઓ તો તે પછી પચાસેક વર્ષે ગાંધીયુગમાં લખાવાની શરૂઆત થઈ.**

આપણી નવલકથાનો નાયક સરસ્વતીચંદ્ર એક અતિ ધનવાન પિતા લક્ષ્મીનંદનનો સુશિક્ષિત, સંસ્કારી ને આદર્શવાદી યુવાન છે. તો નાયિકા કુમુદ સુંદરી એવા જ ભણેલા ગણેલા માબાપની સુંદર, શરમાળ ને સુશીલ કન્યા છે. બંને કુટુંબ પૈસાદાર ને સંસ્કારી છે છતાં સામાન્યપણે લક્ષ્મીપતિઓના જીવનમાં દેખાતી ક્ષતિઓ, તેમનામાં નથી; એટલે જ તેઓ ખરા અર્થમાં સંસ્કારી છે. આવો સંસ્કારી વર્ગ અતિ અલ્પ હતો. કદાચ એટલે જ સરસ્વતીચંદ્રના ગૃહત્યાગ પછી કુમુદને પ્રમાદધન જેવો કુસંસ્કારી પતિ મળે છે. સરસ્વતીચંદ્રનો દિલોજાન દોસ્ત ચંદ્રકાંત પણ એક તંદુરસ્ત સમાજના સભ્ય તરીકેની છાપ આપણા મન પર મૂકી જાય છે.

નવલકથામાં સરસ્વતીચંદ્રનો આદર્શવાદ, કુમુદ સુંદરીનો આદર્શ પ્રેમ, ચંદ્રકાંતની નિઃસ્વાર્થ દોસ્તી, પ્રમાદધનની લોલુપતા ને બીજા ઘણા પાત્રોની વિશિષ્ટ ખૂબીઓ વચ્ચે પણ લેખક ત્યારના સામાન્ય જન જીવનની છબી અચૂક અહીંતહીં ઉપસાવતા રહે છે. ભરબપોરે તડકામાં નાયક સરસ્વતીચંદ્ર જંગલમાં રખડતો હોય છે તેને ભર ઉનાળામાં પુલ પરથી હાંફતા હાંફતા પસાર થતા કોઈ એકલદોકલ એન્જિન સાથે સરખાવી લેખક ત્યારે લોકોના જીવનમાં નવી આવેલી રેલવેનો ઉલ્લેખ સચોટ રીતે કરે છે; તો બહારવટિયા સાથેની ઝપાઝપી પછી ઘાબાજરિયું લગાવતા એક સામાન્યજનને સરસ્વતીચંદ્રને ચાંદાભાઈ કહેતો બતાવી એ સમાજ હજી કેટલો અજ્ઞાની, અણઘડ છતાં સાચીલો હતો તેનો નિર્દેશ કરે છે.

સ્ત્રી પુરુષનું જાહેરમાં હળવુંમળવું ઓછું જ હતું ને સ્ત્રી સ્વાતંત્ર્યનું સુપ્રભાત હજી દૂર હતું. ભણેલી ગણેલી સ્ત્રીઓને પણ પ્રમાણમાં ઓછી છૂટછાટ હતી તે મુસલમાન રાજકર્તાઓની રહી ગયેલી અસરનો નિર્દેશ કરે છે. સરસ્વતીચંદ્ર અલક કિશોરીને એકાંતમાં મળે છે, અલકકિશોરી એકતરફી પ્રેમ વ્યક્ત કરે છે ત્યારે પણ આ આદર્શવાદી યુવાન ત્યારના નીતિમત્તાના ધોરણોનું ચુસ્ત પાલન કરી એવા પ્રેમ પ્રત્યે પોતાનો અણગમો વ્યક્ત કરે છે.

કુમુદ સાધુસંતોનો સત્સંગ કરે છે ને એમના સહવાસથી પોતાનું દુઃખ ઓછું કરી કોઈ રચનાત્મક કાર્ય તરફ વળવાનો નિર્ણય લે છે તે કહી જાય છે કે પુરાણકાળથી ચાલતો આવતો આપણો આધ્યાત્મિક વારસો ત્યારના સમયમાં પણ બુદ્ધિજીવીવર્ગને પોતાનું દુઃખ મટાડવા માટેનું હમણાંની જેમ એક સાધન હતું.

નવલકથાના અંતમાં નાયક સરસ્વતીચંદ્ર ને નાયિકા કુમુદ સુંદરીનું મિલન જરૂર થાય છે, પણ, કુમુદ ત્યારે વિધવા થઈ ગઈ હોય છે. એટલે કુમુદને સરસ્વતીચંદ્ર સાથે ન પરણાવતાં - વિધવા વિવાહનો જાહેર પ્રચાર ન કરતાં - લેખક વચલો માર્ગ લે છે ને કુમુદની નાની બહેન કુસુમને સરસ્વતીચંદ્ર જોડે પરણાવે છે. કુમુદ પણ એમાં પોતાનો સંતોષ વ્યક્ત કરે છે. અત્યારની સ્થિતિ તદ્દન ભિન્ન છે. સો વર્ષ પહેલાંના જમાનાનો વિચાર કરીએ તો ત્યારના સંજોગો ને લોકોના વિચારો વિધવા વિવાહનો વિચાર પચાવી શકે એવા ન હતા. લેખક પોતે કદાચ વિધવા વિવાહમાં માનતા હતા. એવું હોય તો આપણે કહી શકીએ કે

*જે વ્યક્તિ કોઈને રચનાત્મક વિચાર આપે છે તે હંમેશ માટે તેને સંપન્ન કરી દે છે.*

એ વિચાર પોતાની નવલકથામાં મૂર્ત કરવાની નૈતિક હિંમત તેમનામાં ન હતી. અથવા તેઓ એટલા શાણા હતા કે જનસમુદાય કેટલું પચાવી શકશે તે સમજતા હતા. પચાસેક વર્ષ પછી ગાંધીયુગમાં જમાનો કેટલો બદલાયો હતો, તે, તે જમાનાના સાક્ષરવર્ય ન્હાનાલાલના શબ્દોઃ

*દેહલગ્નની વિધવાને પુર્નલગ્નસમ પુણ્ય નથી,*
*પ્રેમ લગ્નની વિધવાને પુર્નલગ્નસમ પાપ નથી.*

થી આપણને સમજાય છે અધ્યાત્મના ઓઠાં હેઠળ આવા ઘણાં ડિંડવાણા ચાલતા હતા. એમ મન મનાવી લેવું સહેલું નથી. આધ્યાત્મિક સ્તરના ઉચ્ચ શિખરો સર કરનાર બહુધા જુઠાડા હોય છે. એમની કહેવાતી આધ્યાત્મિક પ્રગતિ ને લબ્ધિ એક દીવાસ્વપ્ન જેવી હોય છે. પાણીનો રેલો પગ નીચે આવે તરત જ પીગળી જાય છે. પોતાનું મન મનાવી લેવાની એ શાહમૃગવૃત્તિ છે. આનું ઉપર ઉપરનું લીંપણ જ સમાજમાં સડો વધારે છે.

ગો.મા. ત્રિપાઠીથી થોડાક વર્ષ પહેલાં થઈ ગયેલ મહાન ઉર્દૂ શાયર મિરઝા ગાલીબ લોકોના વિરોધ વચ્ચે પણ પોતાના અંતઃકરણના અવાજને વળગી રહ્યા. આટલો સમય વિત્યા છતાં દુનિયા આખી એમને આદરપૂર્વક યાદ કરે છે. ગોવર્ધનરામે વિધવા વિવાહનું પ્રતિપાદન કર્યું હોત તો એમને આપણે અત્યારે જેટલા આદરથી જોઈએ છીએ એના કરતાં અનેકગણા વધારે માનથી જોતા હોત.

*૫૦/૪ રામસદન, માટુંગા,*
*મુંબઇ-૪૦૦ ૦૧૯.*

★ ***અકબર બાદશાહે એકવાર સંગીત સમ્રાટ તાનસેનને પૂછ્યું કે 'તું આટલો મહાન સંગીતકાર છે કે તારા સંગીતની અસર પશુ પંખીઓ તેમજ પથ્થર પર પણ થાય છે. છતાં તારા ગુરુ હરિદાસના સંગીત પાસે તારું સંગીત ફિક્કું લાગે છે. તેનું કારણ શું?' તાનસેને ખૂબ જ માર્મિક જવાબ આપતા કહ્યું, 'હું દિલ્હીશ્વરને ખુશ કરવા માટે ગાઉં છું. જ્યારે મારા ગુરુ જગદીશ્વરને ખુશ કરવા માટે ગાય છે. તેથી જે ફરક દિલ્હીશ્વર અને જગદીશ્વરમાં હોય તેટલો ફરક મારા અને મારા ગુરુના સંગીતમાં રહેવાનો જ!'***

# પ્રાયશ્ચિતનું પાવન ઝરણું

• આશા વીરેન્દ્ર •

મુંબઈ સર્વોદય મંડળના કાર્યકર તુલસીભાઈ સોમૈયા કે જેઓ સોમૈયાકાકાના લાડીલા નામે જાણીતા છે, તેઓ ગાંધીવિચારના પ્રચાર-પ્રસાર માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. જેલમાં ક્રિમિનલ ગુનાની સજા ભોગવી રહેલાં કેદી ભાઈ-બહેનો વચ્ચે જઈને તેઓ ગાંધી મૂલ્યોની, નીતિમત્તાની અને સત્યના આચરણની વાતો અસરકારક રીતે રજૂ કરતા હોય છે.

થોડા સમય પહેલાં સોમૈયાકાકાએ એક સી.ડી. મોકલી છે. જેનું શીર્ષક છે - 'જિંદગી લાઈવ.' આઈ.બી.એન.-૭ ચેનલે પોતાના ગુનાની સજા પૂરી કરી જેલમાંથી બહાર આવ્યા પછી આજે સન્માનપૂર્વક જીવન વિતાવી રહેલા પાંચ ભાઈઓની મુલાકાત લીધી હતી. એ મુલાકાત દરમિયાન આ ભાઈઓએ નિખાલસપણે પોતે કરેલા ગુનાનો એકરાર કરવાની સાથે સાથે ચોધાર આંસુ સાથે એ ભૂલોનો પશ્ચાતાપ કરીને હળવા પણ થયા.

ગુના અને ગુનેગાર અંગે ગાંધીજીના વિચારો કંઈક આવા હતા. **'કોઈ પણ માણસ જન્મજાત ગુનેગાર હોતો નથી. પરિસ્થિતિ તેને ગુનો કરવા પ્રેરે છે, પણ અપરાધીનું હૃદયપરિવર્તન શક્ય છે અને તે સમાજમાં ફરીથી જવાબદાર નાગરિક તરીકે જીવન જીવી શકે છે.'** આ સી.ડી.માંના પાંચે ભાઈઓની આપવીતી સાંભળીએ તો ગાંધીજીનું મંતવ્ય અક્ષરશઃ સાચું પડતું જોઈ શકાય છે. આ મુલાકાતો (આઈ.બી.એન.-૭)ના સંવાદદાતા ઋચા અનિરુદ્ધે લીધી છે. આવેશમાં આવી જઈને અથવા તો સંજોગોના માર્યા પોતે આચરેલા ગુનાને કારણે પોતાના અને ભોગ બનનાર વ્યક્તિના — આમ બંનેના પરિવારોને જે યાતના વેઠવી પડી એની વાત કરતી વખતે ખૂનખાર ખૂની પણ નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડે એ જોઈ આપણી આંખો પણ છલકાઈ જાય છે.

એક નહીં, બે નહીં પણ અઢાર અઢાર ક્રિમિનલ ગુના આચરી ચૂકેલ, બે વાર તો જેને તડીપાર કરવામાં આવેલો એવા લક્ષ્મણ ગોળે આજે એક ગાંધી વિચારકના પ્રસારક તરીકેની કામગીરી બજાવી રહ્યા છે. ૧૬ વર્ષની ઉંમરથી જ ગુનાની અંધારી દુનિયામાં પ્રવેશી ચૂકેલ લક્ષ્મણ ગોળેના હાથમાં જેલવાસ દરમિયાન એક દિવસ 'સત્યના પ્રયોગો' પુસ્તક આવ્યું અને આ પુસ્તક વાંચ્યા પછી એના મનમાં એક ઘમ્મર વલોણું ચાલુ થયું. એને થયું ગાંધીજીના આખાય જીવન પર દૃષ્ટિ નાખતા સત્યની તાકાત નજરે પડે છે. જ્યારે મારું જીવન જૂઠ, ફરેબ, ખૂન અને ગુનાથી ખરડાયેલું. કોર્ટમાં એના કેસની સુનાવણી હતી. એણે પોતાના જેલના સાથીદારોને કહી દીધેલું કે ન્યાયાધીશ આગળ હું ગુનો કબૂલ કરી લેવાનો છું. મિત્રો એની મજાક ઉડાવવા લાગ્યા કે મોટો ગાંધીવાદી ન જોયો હોય તો! **પણ કોઈનીય પરવા કર્યા વિના એણે પોતાનો ગુનો કબૂલી લીધો.** જજ પણ નવાઈ પામી ગયા કે અઢાર-અઢાર ગુના આચરનાર રીઢો ગુનેગાર આજે ગુનો કબૂલે છે. વાત શું છે? એમણે લક્ષ્મણને ચેતવ્યો પણ ખરો કે સાત વર્ષની સજા થશે, તને ખબર છે? પણ એણે કહ્યું કે જે સજા આપવી ઘટે તે આપો, પણ એ નક્કી છે કે આ મારી જિંદગીનો છેલ્લો ગુનો છે. એની સચ્ચાઈથી પ્રભાવિત થઈને જજે એને સાતને બદલે ચાર વર્ષની સજા ફરમાવી. જેલવાસ પૂરો કરીને નીકળેલા લક્ષ્મણનો હૃદયપલટો થઈ ચૂક્યો હતો.

આજે લક્ષ્મણ સર્વોદય મંડળમાં કાર્યકર્તા તરીકે સેવા આપે છે. નિયમિતપણે રેંટિયો કાંતે છે. મહારાષ્ટ્રની જુદી જુદી જેલોમાં જઈને ગાંધીનાં સત્ય, અહિંસા, પ્રેમનો સંદેશો હજારો કેદીઓ સુધી પહોંચાડે છે. કેદીઓને ગાંધીસાહિત્ય વાંચવા આપી પછી જેલોમાં

*સાહસ અને સંગઠન સફળતા અપાવે છે.*

શાંતિપરીક્ષાઓનું આયોજન કરે છે. પોતાના જેવા જ એક કેદીના જીવનમાં આવેલું પરિવર્તન એમના મર્મસ્થાને અસર કરી જાય છે.

લક્ષ્મણને જેમ ગાંધીવિચારનું નિમિત્ત મળ્યું એ જ રીતે અન્ય ચાર કેદી ભાઈઓને કોઈને કોઈ વ્યક્તિ અથવા સંજોગો એવા મળ્યા જેણે એમને સમજાવ્યું કે ભૂતકાળમાં ભૂલ કરી તો ભલે કરી, હજી ભવિષ્ય તમારા હાથમાં છે.

ફૂટડા યુવાન દીપક શર્માને જોઈએ અને એને મોઢે જ એણે કરેલા ગુના વિશે જાણીએ તોય આપણું મન માનવા તૈયાર ન થાય કે આ શાલીન અને સૌમ્ય દેખાતા શિક્ષિત યુવાને કોઈ વ્યક્તિને મોતને ઘાટ ઉતારી દીધી હશે, પણ દીપક કહે છે કે ક્ષણિક આવેશે મારી પાસે આ દુષ્કૃત્ય કરાવી નાખ્યું. જમીનના ઝઘડામાં એના પિતાજીનું અપમાન કરનાર અને એમને એલફેલ કહેનાર વ્યક્તિને એણે છરો હુલાવી દીધો. એ પલ એવી ગોઝારી હતી જ્યારે એનો મન-મગજ પર કાબૂ નહોતો. ગ્રેજ્યુએટ થયેલ અત્યંત તેજસ્વી દીકરાને જેલના સળિયા પાછળ જોઈને માતા-પિતાના હૈયા આક્રંદ કરી ઊઠતાં હતાં. દીપકને પણ પારાવાર પસ્તાવો હતો. જેલ સુપ્રિન્ટેન્ડેટ સાહેબે આ યુવાનનું હીર પારખ્યું અને એ જેલમાં રહીને લૉ નો અભ્યાસ કરે, લૉ ના ત્રણે પાર્ટની પરીક્ષા આપે એ માટે એમણે તમામ સગવડ કરી આપી. દરેક પરીક્ષા વખતે મા જેલમાં આવીને એને હિંમત અને સધિયારો આપતી, 'બેટા, જે થઈ ગયું તે થઈ ગયું. હવે તારે દિલ દઈને ભણવાનું છે.'

આ બધી વાત કહેતી વખતે આજેય દીપકનું હૈયું વલોવાઈ જાય છે. કહે છે, 'દરેક પરીક્ષા વખતે થતું કે હું કેવો કમભાગી છું કે મા-બાપનાં ચરણસ્પર્શ કરીને એમના આશીર્વાદ પણ નથી મેળવી શકતો. માતા-પિતાની શુભેચ્છા અને આશિષ સાથે મક્કમ મનોબળ, અડગ પુરુષાર્થ અને વડીલોના અંતરની દુઆએ ચમત્કાર સર્જ્યો અને દીપક લૉ ના ત્રણેત્રણ પાર્ટની પરીક્ષામાં યુનિ.માં પ્રથમ ક્રમે આવીને ઉત્તીર્ણ થયો. જેલની સજા પૂરી કર્યા પછી ફેબ્રુઆરી, ૨૦૦૯થી એણે શાળા ચાલુ કરી. **ખૂનીની શાળામાં બાળકોને ભણવા કોણ મોકલે? આવી વિચારસરણીને કારણે જેમ તેમ ચાર બાળકોથી શરૂ થયેલી આ શાળામાં આજે ૪૦૦ બાળકો અભ્યાસની સાથે સાથે જીવનલક્ષી તાલીમ લઈ રહ્યાં છે.**

દરેક જુદો કેદી અને એની જુદી દાસ્તાન. સમંદરે તો વળી સાવ નાદાનિયત અને નાસમજીમાં ગુનો કરી નાખ્યો. આજુબાજુમાં એવું ભરમાવનારા લોકો મળી ગયા કે આ ખ્રિસ્ચનિયાઓ મળીને આપણા હિંદુ ધર્મનું નખ્ખોદ વાળે છે. આપણા લોકો પાસે ધર્મપરિવર્તન કરાવે છે. બસ, સમંદરના મગજ પર ધર્મનું ઝનૂન સવાર થઈ ગયું. બસમાં મુસાફરી કરી રહેલાં તદ્દન નિર્દોષ એવાં સિસ્ટર મારિયાને બસમાંથી ખેંચી કાઢીને રસ્તા પર જ એમની હત્યા કરી નાખી. ચૌદ વર્ષના કારાવાસની સજા થઈ. સાત વર્ષે એક દિવસ અચાનક સિસ્ટર મારિયાનાં બહેન સિસ્ટર સેલીમી રાખડી બાંધવા આવ્યા. સમંદરને કહ્યું કે હું તને સાચા દિલથી માફી આપું છું. ઈસુએ પણ પ્રેમ અને ક્ષમાનો જ સંદેશો આપ્યો છે, મારે પણ તને માફ કરવો જોઈએ. **સમંદર એમના પગમાં પડી ગયો અને એણે એ ઘડીથી નિશ્ચય કર્યો કે જેલમાંથી બહાર આવીને હું સિસ્ટરને એમનાં કાર્યોમાં મદદ કરવામાં જીવન સમર્પિત કરીશ.'**

ચંદુભાઈ પ્રજાપતિને વળી કારમી ગરીબી ગુનાની દુનિયામાં ખેંચી લાવી હતી. પછી તો સટ્ટો રમવો, ખંડણી ઉઘરાવવી, લોકોને ધમકી આપવી — આવી બધી હરકતો એમને માટે રોજની થઈ ગઈ. એક વખત એમાંને એમાં ઝઘડો વધી ગયો ને એકસાથે એમણે ત્રણ-ત્રણ જણનાં ઢીમ ઢાળી દીધાં. આકરી જેલની સજા દરમિયાન એમના આઘાતમાં ને આઘાતમાં દાદી અને મા બંને મોટા ગામતરે ચાલી નીકળ્યાં. એમની છેલ્લી પળોમાં એમને મળાયું પણ નહીં. આ બંને મૃત્યુ એમને માટે કારમા ફટકા સમાન હતા જ, પણ એ પછી જે ફટકો પડ્યો એ સહેવાની એમનામાં તાકાત નહોતી. એમના બારમા ધોરણમાં ભણતા પુત્રને સતત એવું લાગતું કે બાપના ગુનાને કારણે સૌકોઈ મને હીણી નજરે જુએ છે. ભયંકર ડિપ્રેશનના શિકાર થઈને એણે આત્મહત્યા કરી લીધી. દીકરાના મૃત્યુનો આઘાત જાણે ઊંટની પીઠ પરનું છેલ્લું તણખલું હતું. **આ ગુનાહિત અને કલંકિત જીવનના ડાઘ ધોવા માટે એકાદ સત્કાર્ય તો કરું એમ વિચારીને રાંધણકળામાં પ્રવીણ એવા ચંદુભાઈએ સાબરમતી જેલમાં ભજિયાંની દુકાન ચાલુ કરી.**

'સાબરમતી ભજિયાં હાઉસ'ના સ્વાદિષ્ટ, ગરમાગરમ ભજિયાં લેવા માટે ૨૫-૩૦ લોકો લાઈનમાં ઊભા રહે છે. કેટલાય કેદીઓ ભજિયાં હાઉસમાં કંઈ ને કંઈ કામ કરીને કમાણી કરે છે અને પોતાની જાતને કામમાં રોકાયેલી રાખે છે.

અરવિંદ વત્સ 'અકેલા' કહે છે કે એવો કોઈ ગુનો નહીં હોય જે મેં આચરવાનો બાકી રાખ્યો હોય. જાણે ગુનાની દુનિયામાં ખદબદતો કીડો જોઈ લો. એણે BAMSની ડિગ્રી મેળવી હતી, પણ ગોરખધંધાઓ કરવામાં પડી ગયેલા અરવિંદને મન આ ડિગ્રીની કોઈ કિંમત નહોતી. સગાં-સંબંધી તો ઠીક, પત્ની પિંકી સુદ્ધાં પતિની ગુનાહિત વૃત્તિથી ત્રાસી જઈને એને છોડી ગયેલી. **લાંબા જેલવાસના દિવસો દરમિયાન એક દિવસ દિવ્ય જ્યોતિ જાગૃતિ સંસ્થાનમાંથી આવેલા સ્વામીજીનું પ્રવચન સાંભળીને અરવિંદના હૃદયમાંથી પ્રાયશ્ચિતનું પાવન ઝરણું ફૂટી નીકળ્યું.** હવે અરવિંદ શાળા ચલાવે છે અને નિજી કમાણીમાંથી રોગીઓની સારવાર કરે છે, એમને દવા આપે છે. જીવનમાં સ્થિરતા આવી, ખુશાલી આવી તો આટલાં વર્ષો સુધી પતિ સુધરવાની પ્રતીક્ષામાં પિંકી પણ પતિનાં સત્કાર્યોમાં સાથ આપવા પાછી ફરી છે.

આ તમામે અશક્ય લાગતી ગુનેગારોના પુનઃસ્થાપનની વાત શક્ય કરી બતાવી છે. કહેવાય છે કે જુલમની દુનિયાનો રસ્તો વન-વે હોય છે. એમાં જઈ તો શકાય છે, પણ પાછા નથી ફરી શકાતું. પણ આ બધાએ પાછા ફરવાનો રસ્તો કંડાર્યો. સમાજમાં માન્યતા મેળવી. એટલું જ નહીં, માનભર્યું સ્થાન પણ મેળવ્યું. 'જાગ્યા ત્યારથી સવાર' એ ઉક્તિને સાર્થક કરી.

આ અંગેની વધુ માહિતી માટે સંપર્ક તુલસીદાસજી સોમૈયા : ૦૨૨-૨૩૮૭૨૦૯૧

***'જન્મભૂમિ પ્રવાસી'માંથી સાભાર***

*સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા, સાચા સંબંધો કદી સાચવવા નથી પડતા.*

# દિલમાં જો સતયુગ છે તો દુનિયામાં સતયુગ છે....
# દિલમાં જો કલિયુગ છે તો દુનિયામાં કલિયુગ છે....

• પ્રેષક : પ્રભુલાલ એમ. સંઘવી •

પડછાયો! આપણે કદાચ એના પર બહુ ઓછી વાર વિચાર્યું હશે. પરંતુ એની પણ ઘણી બધી વિલક્ષણ ખાસિયતો છે. અંધકારમાં એ આપણો સાથ-સંગાથ છોડી દે છે, તો પ્રકાશમાં એ આપણી આગળ-પાછળ પ્રવાસ કર્યા કરે છે. ઘણીવાર એ આપણા દેહ કરતાંય અનેકગણો વિસ્તૃત થઈને દેખાય છે, તો ઘણીવાર એ સાવ સંકોચાતો પણ જોવાય છે. પણ એની સૌથી મોટી નકારાત્મક બાબત એ છે કે એ સાવ નિરૂપયોગી છે.

પડછાયો જેનું ફરજંદ છે તે દેહ તો ઉપયોગિતાનો ભંડાર છે. એ સ્વ અને પર, સૌને અનેક રીતે ઉપયોગી બની શકે છે. પોતાની અનેક જરૂરિયાતો સ્વયં પૂર્ણ કરવા ઉપરાંત એ અન્યોને પણ વિવિધરૂપે સહાયક નીવડી શકે છે. કોઈ વૃદ્ધને એ માર્ગના સામા કિનારે પહોંચાડી શકે છે તો કોઈ અશક્તને એ મંદિરના પગથિયાં ચડાવી શકે છે. કોઈ બીમારની એ સેવા-શુશ્રૂષા કરી શકે છે તો કોઈ અશાંતને આશ્વાસન આપી શકે છે. જ્યારે એનું ફરજંદ ગણાતો પડછાયો આવું કાંઈ જ કરી શકતો નથી. માટે એ નકારાત્મક્તાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. અને... નકારાત્મક્તા કોને પસંદ પડે, ભલા?

જીવનની અપાર આફતો સામે ઝઝૂમીને જીવનજંગ જીતી જનારી જગવિખ્યાત હસ્તી હેલન કેલરે આ નકારાત્મક્તાના પ્રતીકરૂપ પડછાયાને લક્ષ્યમાં રાખીને બહુ માર્મિક વિધાન કર્યું છે કે : 'તમારો ચહેરો સૂર્ય તરફ જ રાખો. એટલે તમને પડછાયો કદી નહિં દેખાય.' એ એક હકીકત છે કે જ્યારે સૂર્ય તરફ મુખ રાખીને વ્યક્તિ ચાલે ત્યારે તેનો પડછાયો એની આગળ કદી આવી શકતો નથી. એટલે એ દૃષ્ટિએ તો હેલન કેલરનું વિધાન વાસ્તવિક છે જ. પરંતુ એનો રહસ્યાર્થ એથી પણ વાસ્તવિક છે.

સૂર્ય જેવા છે સદ્‌ગુણો અને પડછાયા જેવી છે નકારાત્મક બાબતો. **માનવી જો સૂર્યનું - પ્રકાશનું પ્રતિનિધિત્વ ધરાવતાં સદ્‌ગુણોની અભિમુખ રહેવાનો જ સંકલ્પ ધરાવતો થઈ જાય તો નકારાત્મક બાબતો પડછાયાની જેમ એને આંબી ન શકે.** એની આગળ ન આવી શકે. અલબત્ત, એક વાત તો ચોક્કસ છે કે સદ્‌ગુણોની જ અભિમુખ રહેવાનો સંકલ્પ કરવો અને વજ્રલેખની જેમ એને ટકાવી રાખવો એ જરાય આસાન નથી. લાખોનો લાભ થઈ જાય એવા પ્રલોભનની પળે નખશિખ પ્રામાણિકતાના સદ્‌ગુણમાં ટકી રહેવું આસાન નથી. તો લપસી જવાય એવા સંયોગો સામેથી સર્જાય ત્યારે અણીશુદ્ધ ચારિત્ર્યના સદ્‌ગુણમાં મજબૂત ટકી રહેવુંય આસાન નથી. જરાક જૂઠું ન બોલીએ તો લાંબી ફસામણ થઈ જાય એવી સ્થિતિમાંય સત્યના ચુસ્ત આગ્રહી રહેવું આસાન નથી, તો મોંફાડ મુશ્કેલીઓ સામે ઊભી હોય ત્યારે ય નૈતિક મૂલ્યોમાં બાંધછોડ ન કરવી પણ આસાન નથી. આમ છતાં આજના કલિયુગના નામે પિછાણાતાં કાળમાં ય નિકટના ભૂતકાળમાં એવા એવા ઉદાહરણો મળે છે જે કટોકટીના તબક્કે પણ સદ્‌ગુણોના સૂર્ય તરફ જ અભિમુખ રહ્યાં હોય, મૂલ્યોમાં કોઈ બાંધછોડ ન કરી હોય, એય વળી સંત-સાધુના નહિ, સંસારી ગૃહસ્થના ઉદાહરણો! આપણે આજે અહીં નિહાળીશું આવું એક પ્રેરક પાત્ર.

બ્રિટીશરોની જંઝીરોમાં જ્યારે રાષ્ટ્ર જકડાયેલું હતું ત્યારની વાત. એ સમયે દેશમાં એક નામાંકિત શેઠ રહે. ખૂબ લાંબો પહોળો એમનો વેપાર અને ખૂબ બધા મુનીમો - ગુમાસ્તાઓ એમની પેઢીઓમાં. શેઠે મુનિમોને સ્પષ્ટ સૂચના આપેલી કે ધંધામાં જે કમાણી થાય એ જરાય છુપાવ્યા વિના એનો પૂરેપૂરો ટેક્સ ભરવો. પણ મુનિમો વધારે ચતુર હતા. એ સમજ્યા કે આવી વાતો માત્ર કહેવાની હોય, કરવાની ન હોય. ઓછી આવક બતાવીને કરવેરા ઘણા બચાવવા દ્વારા લાભ કરાવી આપીએ તો, આ શું? દુનિયાના કોઈ પણ શેઠ રાજીના રેડ થયા વિના ન રહે. આખરે સંપત્તિ તો સૌને વહાલી જ હોય ને?

એવામાં કુદરતી શેઠને પરદેશ જવાનું થયું અને બીજી તરફ વેરો ભરવાના દિવસો આવ્યા. દર વર્ષ કરતાં એ વર્ષે શેઠની પેઢીએ એટલો જંગી નફો કર્યો હતો કે, બધી વિગત બતાવવા જતાં કરવેરો પણ તોતિંગ ભરવાનો આવે. હોંશિયાર મુનિમે વકીલોની સલાહ લઈને સરકારી અમલદાર સામે જબરજસ્ત કુનેહભરી રજૂઆત કરી કે "આગ લાગવાથી ચોપડા જ ખતમ થઈ ગયા છે. માટે ગયા વર્ષની કમાણીના અંદાજ મુજબ આ વર્ષનો અંદાજ કરીને કરવેરો ઠરાવો!"

ઘડીભર તો અમલદાર ગુંચવાયો. પરંતુ આખરે એય સવાશેર નીકળ્યો. એક સરકારી રિપોર્ટના આધારે એણે એ વર્ષની જંગી કમાણી પકડી પાડી અને એના આધારે કરવેરો ઠરાવ્યો. એ કાળે રૂા. ૮૫ હજાર. મુનિમની ભારે પીછેહઠ થઈ. પરંતુ તોય એણે હામ ન ગુમાવી. અમલદાર સાથે એના ઘરે મસલત કરીને સમજાવ્યો કે "બહુ ચીકાશ શા માટે કરે છે? આખરે આ રકમ પરદેશી સરકારને જશે ને? એના કરતાં અમારી થોડી ભેટ (લાંચ) તમે લઈ લો ને વાતનો અંત લાવો." અમલદાર પૈસાના પ્રભાવમાં તણાઈ ગયો અને રાતોરાત કાગળીયા પગ કરી જવા સાથે માત્ર સાતેક હજારના વેરામાં વાત પતી ગઈ.

પરદેશથી આવ્યા બાદ શેઠે જ્યારે કરવેરા અંગે પૂછ્યું ત્યારે મુનિમે જાણે જંગ જીત્યો હોય એવા જુસ્સાથી આખો ઘટનાક્રમ વર્ણવ્યો. નારાજ થઈને શેઠ બોલ્યા : "બહુ ખોટું કામ થયું. **આ સરકાર ભલે પરદેશી છે પણ ન્યાય-નીતિના સિદ્ધાંતો કંઈ પરદેશી નથી. આપણે એનો ભંગ કરીએ તો ભગવાનના ગુનેગાર બનીએ.**"

શેઠ માત્ર બોલીને અટકી ન ગયા. હવે

*ધર્મ મજાથી કરશો તો તરી જશો, પાપ મજાથી કરશો તો મરી જશો.*

શું કરવું? એના માર્ગદર્શન માટે ગાંધીજી પાસે ગયા. સરકારી હિસાબ કિતાબ તો ક્યારનાય પતી ગયા અને હવે જો એને ફરી ખોલાવાય તો શેઠના માટે ગલત કરનાર નિર્દોષ મુનિમને સલવાઈ જવું પડે. એટલે બધું વિચારીને ગાંધીજીએ માર્ગ દર્શાવ્યો કે, એમાં બચેલ સંપત્તિની પાઈએ પાઈ લોકહિતના કાર્યમાં વાપરી દો જેથી મુનિમને અને સૌને ખ્યાલમાં આવે કે અનીતિથી આવેલ લક્ષ્મીને શેઠ પાપલક્ષ્મી ગણીને કદાપિ ઘરમાં નહીં રાખે.'' શેઠે આ સૂચનાનો સવાયો અમલ કરીને બચેલી રકમમાં વ્યાજ પણ ઉમેરીને એ તમામ રકમ તાત્કાલિક જ જનહિતના કાર્યમાં કોઈ પણ પ્રકારના નામ વિના વાપરી દીધી!

મુનિમની આંખમાં આંસુ આવી ગયા શેઠની આ નેકદિલી પર....

આ ઘટનાને થોડાં વર્ષો વીત્યા બાદ બીજો પ્રસંગ તો એવો બન્યો કે જે આનાથીય સવાયો પુરવાર થાય. એ ઘટના કાંઈક આવી હતી :

એ જ શેઠની પેઢીમાં મિલકતનો એક બહુ મોટો સંઘર્ષ ઊભો થયો. બે પક્ષ થઈ ગયા અને વાત કોર્ટે ગઈ. મુદ્દો એટલો જબરદસ્ત હતો કે કોર્ટમાં જે જીતે એ માલામાલ થઈ જાય અને હારે એ સાવ બેહાલ થઈ જાય. જીવન-મરણ જેવો આ પ્રશ્ન હતો તોય શેઠે જરાય ઉચાટ ન કર્યો. વકીલો અને મુનિમોની પેનલને પ્રશ્ન સોંપીને એ એમના ઉમદા કાર્યોમાં સામેલ રહ્યા.

મામલો ઘણા વર્ષો લંબાયો. એમાં એક તબક્કે સામા પક્ષે આ પક્ષની મહત્ત્વની જાણકારી મેળવી લીધી કે, અમુક સાલના ચોપડા જો કોર્ટમાં રજૂ થાય તો શેઠનો કેસ સાવ નબળો પડી જાય. એ પક્ષે કોર્ટમાં એ વર્ષના ચોપડા માટે માંગ મૂકી. મુશ્કેલીમાં મુકાઈ ગયેલા શેઠના વકીલોએ 'વર્ષો જૂના ચોપડા છે જ નહિં' નું રટણ કર્યું પણ સામા પક્ષે ભારે દેકારો મચાવી દીધો.

સાંજે શેઠના કાને આ વાત આવી. એમણે શાંતિથી મુનિમને પૂછ્યું : 'ચોપડા આપણી પાસે છે ખરા?'

'હા, પરંતુ એ મૂકવાથી આપણા પક્ષને મોટા નુકસાનની શક્યતા છે.' મુનિમે ડરતા ડરતા ઉત્તર આપ્યો. શેઠે સાંભળ્યું ન સાંભળ્યું કરી ચોપડાનું પોટલું મંગાવીને પોતાની પાસે રાખ્યું. બીજે દિવસે શેઠ જાતે કોર્ટમાં હાજર થયા અને સુનાવણીના પ્રારંભે જ ન્યાયના કાર્યને સહાયક થવા પોટલું ધરી દીધું! એમના શુભેચ્છકો તો ઠીક, શત્રુઓ પણ દંગ રહી ગયા શેઠના આ પગલાં પર. પણ... આશ્ચર્ય એ થયું કે ચોપડાઓ તપાસાયા પછી પણ એ અંગે સમગ્ર કેસ શેઠની તરફેણના ચુકાદારૂપે પરિણમ્યો! જાણે.... 'સત્યમેવ જયતે'નો સાક્ષાત્કાર થયો... **કસોટીની અગ્નિપરીક્ષા વચ્ચેય સો ટચનું સોનું બનીને બહાર આવનાર મુશ્કેલમાં મુશ્કેલ તબક્કેય મૂલ્યોમાં બાંધછોડ ન કરનાર એ શેઠનું નામ જમનાલાલ બજાજ.**

હૃદયને અપીલ કરી જાય તેવી આ સત્ય ઘટનાઓ વાંચતા એમ નથી લાગતું કે આપણા કરતૂતો માટે કલિયુગને દોષ દેવો એ કાયરતામાત્ર છે? વસ્તુતઃ કાળને અપાયેલ સતયુગ અને કલિયુગની સંજ્ઞા એક ઔપચારિકતા છે. **બાકી નક્કર વાસ્તવિક્તા તો એ છે કે, 'દિલમાં જો સતયુગ છે તો દુનિયામાં પણ સતયુગ છે ને દિલમાં જો કલિયુગ છે તો દુનિયામાં પણ કલિયુગ છે.'**

*પ્રેષક : પ્રભુલાલ એમ. સંઘવી*

# ધરતીનું ઋણ અદા કરીએ
# મૃત્યુ પાછળ વૃક્ષારોપણ

• ગાંગજી લીલાધર દેઢિયા •

જન્મ લેતી દરેક વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત હોય છે. તે ક્યારે આવે છે અને કેવી રીતે આવશે એ આપણા હાથમાં નથી. વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાનની કેટલી બધી ક્રિયાઓ થકી આડઅસરને લીધે પ્રદૂષણ વધારવામાં, અજાણતાં ભાગીદાર બની જાય છે.

**વ્યક્તિ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે એની ઈચ્છા મુજબ ચક્ષુદાન, ત્વચા દાન, કિડની દાન, લીવર (યકૃત) દાન, હૃદય દાન, અસ્થિ દાન, ફેફસાં દાન, દેહદાન અને ભવિષ્યમાં સ્ટેમસેલ દાન કરી શકે છે.** મૃત્યુ પછી પણ ઉપરોક્ત રીતે પૃથ્વી પરના કેટલા બધા લોકોને ઉપયોગી થઈ શકે છે.

પ્રદૂષણ વધારવામાં, મૃત્યુ પછી શબને બાળી નાખવાની ક્રિયા પણ ભાગ ભજવે છે. એક સામાન્ય કદની વ્યક્તિને બાળવા માટે ઓછામાં ઓછા ચારસો કિલો લાકડાંની જરૂર પડે છે. એ લાકડાંનું વિચ્છેદન પણ ધર્મને હિસાબે પાપ છે. ચારસો કિલો એટલે ઓછામાં ઓછા ચાર વૃક્ષોનું નિકંદન થાય છે. વૃક્ષો પર્યાવરણને સુધારવામાં થડ, ડાળીઓ, પાંદડાઓ, ફૂલ, ફળ વગેરે આપણને આપીને આપણી સેવા કરે છે. એને જ આપણે મરતાં મરતાં પણ મારતાં જઈએ એ કેટલું યોગ્ય છે? આપણને એક પણ વૃક્ષ કાપવાનો (સીધો અથવા આડકતરી રીતે) શું અધિકાર છે? આપણે જિંદગીભર એક પણ વૃક્ષ વાવતા નથી ત્યારે તો બિલકુલ નહીં જ. આટલી સમજ પછી આપને નથી લાગતું કે તમારા મૃત્યુ પછી તમારા શબને લાકડાં વડે બાળવામાં ન આવે? વિચારજો અને એના અમલીકરણ માટે કુટુંબની દરેક વ્યક્તિને આજે જ જણાવી દેજો. આપ કોઈ કુટુંબના કર્તાહર્તા હો તો આવા પ્રસંગોએ કુટુંબના સભ્યોને સમજાવવાની તમારી ફરજ સમજીને પ્રયત્ન કરશો તો જરૂર ઉપરોક્ત કાર્યનો પ્રચાર થશે.

હવે જ્યારે આપણી પાસે લગભગ બધા સ્મશાનોમાં વિદ્યુત વડે શબને બાળવાની સગવડ છે તો આપણે લાકડાં વડે શા માટે બાળીએ એ સમજાતું નથી. વીજળી વડે શબદહન કરવાથી નજીકના સર્વ સગાંવહાલાંના સમયનો બચાવ થાય છે અને વૃક્ષોના નિકંદનનાં પાપમાંથી બચી જઈએ છીએ અને પ્રદૂષણ વધારવામાં ભાગીદાર નથી બનતા.

વૃક્ષનું મહત્ત્વ બહુ જ છે. જ્યારે જ્યારે વૃક્ષોનું બળતણ માટે છેદન થાય છે ત્યારે જંગલો નષ્ટ થાય છે. તેને લીધે પાણી (વરસાદ)ની અછત થઈ જાય છે. વૈશ્વિક ગરમીનું પ્રમાણ વધે છે. સુનામી વખતે કિનારા પર આવેલાં વૃક્ષોએ ઘણાં લોકો અને ઘરોને રક્ષણ બક્ષેલ છે તે તો આપ જાણો જ છો. વૃક્ષોને હિસાબે જમીનનું ધોવાણ પણ અટકે છે. હવામાં ઓક્સિજન (પ્રાણવાયુ) વધે છે.

વૃક્ષોનું મહત્ત્વ આપણા રોજિંદા જીવનમાં હોય તો આપણે એનું નિકંદન કરવા તૈયાર થઈએ એ કેટલું યોગ્ય લાગે છે?

અજ્ઞાની લોકો જો વૃક્ષ નિકંદન કોઈને કોઈ કારણસર કરતા હોય તો એક નાગરિક તરીકે આપણી ફરજ થઈ પડે છે કે આપણે વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીએ. આપણે નિવૃત્ત થઈએ અને શારીરિક ક્ષમતા સારી હોય તો ચોક્કસ આ દિશામાં પ્રવૃત્ત થવાથી આપણી ભાવિ પ્રજા માટે કંઈક કરી જવાની ઈચ્છા પૂર્ણ થઈ શકશે.

મૃત્યુ પછી પહેલાં સાદડીની પ્રથા હતી અને આખો દિવસ એ સાદડી ચાલતી. શહેરીકરણને હિસાબે હવે ફક્ત દોઢ કલાકની પ્રાર્થના સભા યોજવાની પ્રથા ચાલુ છે. પ્રાર્થનામાં જવા માટે લોકોને દૂર દૂરથી પણ આવવું પડે છે. આવીને, આપણે સદ્ગતના સગાંઓને વંદન કરી સાંત્વના આપવાનો સંતોષ મેળવીએ છીએ. સ્ત્રીઓ, મૃત વ્યક્તિની નજીકની બહેનોની પાસે જઈને ગત વ્યક્તિના મરણની યાદ અપાવતી હોય એવું લાગે છે કારણકે સગાંવહાલાંને હાથ લગાડીને પછી પોતાની જગાએ બેસી જાય છે. આથી સગાંમાં રહેલી સ્ત્રીઓના રૂદનની કેસેટ લગભગ સવા કલાકથી દોઢ કલાક ચાલુ જ રહે છે. તમને લાગે છે કે આપણી આ પ્રકારની હાજરી પુરાવવાની રીતથી આપણે સાંત્વના આપી શકીએ છીએ? હરગીઝ નહીં.

એ વ્યક્તિની યાદમાં જરૂરિયાતવાળી સંસ્થાઓમાં દાન આપવાની પ્રવૃત્તિ થઈ શકે. વર્તમાનપત્રોમાં મોટી મોટી શ્રદ્ધાંજલિની જાહેરખબરો આપવાના પૈસાનો સદુપયોગ બીજી ઘણી રીતે થઈ શકે છે. અરે, પ્રાર્થના સભા યોજીને આપણે કેટલી બધી વ્યક્તિઓને એ સભામાં આવવાનું ફરમાન (આડકતરી રીતે) આપીએ છીએ. મોટી ઉંમરની અને હવે નાની ઉંમરની વ્યક્તિના મૃત્યુ બાદ પ્રાર્થના સભા ન યોજનારાની સંખ્યા વધવા માંડી છે અને હવેની ફાસ્ટ જીવનશૈલીમાં આવી પ્રાર્થના સભાઓ યોજવાનું કદાચ ચાર પાંચ વર્ષમાં બંધ પણ થઈ જાય.

મૃત વ્યક્તિના સગાંવહાલાં, મિત્ર વર્તુળ, એમનાથી લાભ મેળવેલ એવી સૌ વ્યક્તિઓની એવી ઈચ્છા તીવ્રપણે થાય કે એમની યાદમાં એવું કોઈ કાર્ય થાય કે જેથી ભાવિ પેઢી પણ એમને યાદ કરે. તો આવી એક પ્રવૃત્તિ છે, ખર્ચાળ અને કેટલા બધા લોકોના સમયનો વ્યય કરતી પ્રાર્થનાસભાને બદલે વૃક્ષારોપણ.

*ધર્મ સડે છે ત્યારે નીતિ બની જાય છે, નીતિ સડી જાય છે ત્યારે રાજનીતિ. – ઑશો.*

વૃક્ષારોપણના લાભો સમજયા પછી આપણા આર્થિક સંજોગો પ્રમાણે આપણે રહેતા હોઈએ તે મકાનની બહાર (સોસાયટીના પ્રાંગણમાં) ઓછાવત્તા અંશે વૃક્ષો વાવીએ. નગરપાલિકાની રજા લઈને રમતના મેદાનો, બગીચાઓમાં વૃક્ષારોપણ થઈ શકે છે. આપના ગામમાં કે શહેરના જાહેર સ્થળે આપ વૃક્ષો વાવીને એ મૃત વ્યક્તિની યાદમાં તેમના નામનું બોર્ડ પણ મૂકી તેમની યાદને કાયમી બનાવી શકાય.

કચ્છના બીદડા ગામમાં શ્રી હીરજીભાઈએ પોતાની વાડીમાં સેંકડો લીમડાનાં વૃક્ષો વાવીને એને ગ્રામજનો માટે ફરવાનું સ્થળ બનાવી દીધું. તેવી જ રીતે તમે જે ગામમાં જન્મ લીધો હોય અથવા જે ગામના કહેવડાવવાનો તમને હક્ક મળ્યો હોય તે, તમને નથી લાગતું કે તમારા મૃત્યુ બાદ એ ગામમાં, શહેરમાં અને પરાંમાં સર્વ રીતે ઉપયોગી વૃક્ષારોપણની પ્રવૃત્તિ તમારી યાદમાં થાય?

નગર પાલિકાઓએ ગુલમહોર જેવા વૃક્ષોને રોપવા કરતાં શિરીષ, લીમડો, વડ જેવા વૃક્ષો વાવવાં જોઈએ કારણકે એ પર્યાવરણને શુદ્ધ કરે છે અને એમના થડ બહુ મજબૂત હોય છે. જેથી મુંબઈ જેવા શહેરમાં વરસાદ સાથે આવતા જોરદાર પવન સામે પણ ટકી શકે.

ચાલો! આપણે સૌ પ્રાર્થનાસભામાની પ્રથાને તિલાંજલિ આપીને સેંકડો હજારોની સંખ્યામાં વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં જોડાઈએ અને આપણા વડીલો, મિત્રો, સગાંઓની હરહંમેશ માટેની યાદને જાગૃત રાખીએ.

*૪૦૫, કેસરકુંજ, તેલંગ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

# વૃદ્ધાશ્રમ બનાવવા જોઇએ કે નહીં?

## વૃદ્ધાશ્રમ નહીં, સિનિયર સિટીઝન સોસાયટી બનાવવી

• રસિક શુક્લ •

સંતાનોએ પોતાના મા-બાપને વૃદ્ધાશ્રમમાં મુકવા જોઇએ નહીં, તેઓની માન મર્યાદા સાચવીને સેવા કરવી જોઇએ. મા-બાપને લીધે સંતાનો આ દુનિયામાં આવ્યા છે, મા-બાપને સુખશાંતિ આપવી જોઇએ. વૃદ્ધાશ્રમ બનાવવું ભારતીય સંસ્કૃતિની વિરુદ્ધ છે.

વાચકો આપ શક્ય હોય નીચેના સવાલોના જવાબ શોધવા પ્રયત્ન કરો.

**સવાલ-૧ :** ચાકુથી અમુક લોકો ખૂન કરે છે. તો શું ચાકુ બનાવવાના નહીં? ચાકુને યોગ્ય સમયે યોગ્ય રીતે વાપરવામાં આવે તો તે ઉપયોગી છે અને ચાકુ જરૂરી પણ છે.

મશીનો આવ્યા ત્યારે અમુક યુનિયન લીડરોએ વિરોધ કર્યો હતો. તેઓનું કહેવું હતું કે યંત્રોથી નોકરોની નોકરી જતી રહેશે.

બસ આવી ત્યારે ઘોડાગાડીવાળાઓએ બસનો વિરોધ કર્યો હતો.

**સવાલ-૨ :** જે લોકો એમ કહે છે વૃદ્ધાશ્રમ બનાવવા નહિ તેઓ એક વખત વૃદ્ધાશ્રમની મુલાકાત લે. જે લોકો ત્યાં રહે છે તેમની સાથે વાતો કરે, તેઓ વૃદ્ધાશ્રમમાં શા માટે આવ્યા છે તે જાણવાનો પ્રયત્ન કરે.

**સવાલ-૩ :** કોઇ મા-બાપને એકાદ દીકરી હોય તે પરણી જાય પછી મા-બાપનું ધ્યાન કોણ રાખે?

કોઇ મા-બાપને એકાદ દીકરો હોય, નોકરી માટે પરદેશ જાય તો મા-બાપ શું કરે? દીકરો મા-બાપની સેવા કરવા તૈયાર ન હોય તો શું કરવું?

**સવાલ-૪ :** મા-બાપનું શરીર ચાલતું ન હોય, મોંઘવારી વધતી જાય છે. ખર્ચાઓને પહોંચી શકાય નહિ તો શું કરવું? વૃદ્ધાશ્રમમાં જમવાનું અને બીજી અનેક સગવડતાઓ તૈયાર મળે છે. વડીલોને જાનની સલામતી રહે છે, રસોઇ-કપડાં કરવાના ન હોય તો ઇશ્વરની ભક્તિ કરવા વધારે સમય મળે છે.

**સવાલ-૫ :** જે મા-બાપને સંતાન નથી, તેને સાચવનાર કોઇ નથી તે ક્યાં જાય?

**સવાલ-૬ :** અમુક મા-બાપના સ્વભાવ ઝઘડાખોર છે દીકરાઓએ શું કરવું? સિનિયર સિટીઝન શરીરથી વૃદ્ધ થયા હોય છે, પરંતુ ઉંમર વધ્યા પછી મન-બુદ્ધિથી તેઓ બાળક બની જાય છે. બાળકને કાબૂમાં રાખવો સહેલું છે પરંતુ વડીલ (વૃદ્ધ)ને સમજાવીને તેમના વર્તનને કાબૂમાં રાખવું ખૂબ જ મુશ્કેલ છે.

**સવાલ-૭ :** મા-બાપ બે માંથી એક જીવતું છે, એકનો સ્વર્ગવાસ થયો છે. એક વ્યક્તિએ શું કરવું? મા-બાપ બંને જીવતાં છે એક ખૂબ જ બીમાર રહે છે, તેઓએ શું કરવું?

**સવાલ-૮ :** કુટુંબ પરિવાર મોટો થવાથી જગ્યા નાની પડતી હોય તો શું કરવું?

***"યુવાન વડીલ" મેગેઝીનમાંથી સાભાર***
***પ્રેષક : લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી,***
***મુલુંડ (વેસ્ટ), મુંબઇ***

★ કાંઈ વાગે અને લોહી વહે ત્યારે રૂ થી દબાવીને એ ભાગને શક્ય હોય તો હાર્ટથી ઉપરના ભાગમાં રાખવું હિતાવહ છે.
★ દરરોજ દસ વખત ઊંડા શ્વાસ લઈને ધીમેથી કાઢવાથી હાર્ટ મજબૂત થાય છે.
★ ગુસ્સો આવે તો દસ ઊંડા શ્વાસ લેવાના અને એક ગ્લાસ પાણી પીવાનું.
★ ગુસ્સો કરવાથી બ્લડપ્રેશર, સુગર અને એસિડિટીમાં વધારો થાય છે.

# ક્રોધ કાબૂમાં લીધો

• પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) •

રાજસ્થાનની આ ઘટના છે.

સૈકાઓ પૂર્વે રાજસ્થાનમાં તખતગઢ શહેરમાં એક શ્રીમંત શ્રાવક રહેતો હતો. એ શ્રાવક ખૂબ ધર્મી. ધર્મ ખૂબ કરે પણ એના જીવનનો એક મોટો દોષ હતો, ક્રોધ. એ ખૂબ ક્રોધ કરતો. નાની નાની વાતોમાં ગુસ્સો કરી બેસે. કેમેય કરીને એનો ક્રોધ જતો ન હતો. છતાં તે સરળ પણ એટલો જ. એના આ દોષ ઉપર કોઇ ધ્યાન દોરે ત્યારે સરળતાથી સ્વીકારી લેતો. આ ક્રોધ બદલ તેને ખૂબ દુઃખ થતું હતું.

એકવાર આ ભાઇને શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ભાવના થઇ. અને તેની ભાવના ફળી. પાલિતાણા પહોંચીને ભાવપૂર્વક શત્રુંજયની યાત્રા કરી. યાત્રા કર્યાનો આનંદ ચરમસીમાએ પહોંચ્યો હતો. કેમ કે જિંદગીમાં પહેલી જ વાર શત્રુંજયની યાત્રાએ આવ્યા હતા. ઘણાં દિવસો પાલિતાણામાં રહ્યા અને ઘણી બધી યાત્રાઓ કરી.

હવે જ્યારે વિદાયની વેળા આવી ત્યારે ભાવપૂર્વક કરેલી આ યાત્રાઓની સ્મૃતિ કાયમ રહે એ માટે કોઇક પ્રતિજ્ઞા કરવાનું તે ભાઇને મન થયું. એમણે એક મહારાજ સાહેબને આ વાત કરી.

સાધુએ તે ભાઇને પૂછ્યું, 'તમારા જીવનમાં તમને સૌથી વધુ કયો દોષ સતાવે છે?'

પેલા શ્રાવકે નિખાલસતાથી કહ્યું, 'મને ક્રોધ બહુ સતાવે છે.'

સાધુએ કહ્યું 'જો તમે મન મક્કમ કરીને નિયમ પાળી શકતા હો તો એવો નિયમ લો કે પ્રતિકૂળ પરિસ્થિતિમાંય ક્રોધ કરવો નહીં.'

પેલા ભાઇ ક્રોધને કારણે ઘણા હેરાન થતા હતા. ક્રોધને દૂર કરવાની ઇચ્છાતો હતી જ, એટલે તેણે સાધુની વાત સ્વીકારી લીધી અને તરત પ્રતિજ્ઞા કરી લીધી.

અને પેલા શ્રાવકે પાલિતાણાથી વિદાય લઇ લીધી. તખતગઢ પહોંચ્યા ત્યારે પરિવાર-સ્નેહીજનોએ તેમને આવકાર્યા. તેમની યાત્રાની વાતો જાણીને ખૂબ ખુશ થયા, ખૂબ પ્રશંસા કરી.

છેલ્લે પેલા શ્રાવકે ક્રોધ-ત્યાગના નિયમની વાત કરી ત્યારે તો સ્વજનો ખૂબ આશ્ચર્ય પામ્યા, કેમકે સહુ તેમના ક્રોધને જાણતા હતા. પરંતુ ભત્રીજાને આ વાત ઉપર વિશ્વાસ બેસતો નહોતો, એણે કાકાની પરીક્ષા કરવાનો સંકલ્પ કર્યો.

રજાના એક દિવસે ભત્રીજાએ કાકાની યાત્રાની ખુશાલીમાં જ્ઞાતિજનોનું જમણ ગોઠવ્યું. દરેકના ઘેર બધાને આમંત્રણ મોકલ્યું પણ જાણી જોઈને કાકાને ઘેર આમંત્રણ મોકલ્યું નહીં.

આ જાણીને કાકી ગુસ્સે થઇ ગયા અને બોલ્યા 'આપણને જાણીને આમંત્રણ આપ્યું નથી માટે આપણે એમાં જમવામાં જવું નથી.'

કાકાએ પૂરી ઠંડકથી કાકીને સમજાવ્યું કે, 'આપણે તો ઘરના માણસ કહેવાઇએ. ઘરના માણસને આમંત્રણ હોતું હશે? મારી યાત્રાની ખુશાલીમાં તો જમણ ગોઠવ્યું છે. એટલે આપણે આમંત્રણની રાહ જોયા વિના સામેથી જઇશું.'

છેવટે કાકી કમને જવા તૈયાર થયા.

આ વાતની ભત્રીજાને ખબર પડી. પ્રથમ પરીક્ષામાં કાકા પાસ થયેલા જાણીને ભત્રીજો ખુશ થયો. પણ તેણે હજી કાકાની પરીક્ષા કરવાનું ચાલુ રાખ્યું. આ વખતે ભત્રીજાએ જમવાના સમયે મંડપના દ્વાર ઉપર ઊભા રહીને દરેક સ્વજનોને આવકાર્યા. દરેકને તેમની બેસવાની જગ્યા સુધી બેસાડવા આવ્યો પણ કાકા-કાકી આવ્યા ત્યારે તેમની સામે પણ જોયું નહીં. એમની સદંતર ઉપેક્ષા કરી. એમની સાથે એક શબ્દ પણ બોલ્યો નહિ. આવું જોઇને કાકી તો ધૂંઆપૂંઆ થઇ ગયા. તેમણે ધણીને કહ્યું, 'ચાલો, આપણે પાછા ઘેર જતા રહીએ. આપણું અહીં સહેજે માન નથી.'

આ વખતેય કાકાએ પૂર્ણ શાંતિથી કાકીને સમજાવવા માંડ્યું કે 'ઘરના માણસોથી પહેલા જમવા ન બેસાય. પહેલાં પીરસવું જોઇએ.' એટલે જ આપણને કોઇ બેસવાની જગ્યા બતાડતું નથી.

નારાજ થયેલી કાકીએ કાકાની શરમે થોડીવાર પીરસ્યું. છેવટે બંને જેમ તેમ કરીને સ્વજનોની સાથે જમવા બેઠા. આ પરીક્ષામાં ય કાકા પાસ થઇ ગયા.

હજી ભત્રીજો કાકાની પરીક્ષા લે છે.

હવે મહેમાનોને લાડુ પીરસતો ભત્રીજો બધાને લાડુ પીરસે છે પણ કાકાનું ભાણું ખાલી રાખીને આગળ પીરસે છે. આ જોઇને હવે કાકીથી ચૂપ રહેવાયું નહીં. એમણે જોરદાર રાડ પાડીને કાકાને કહ્યું, 'હવે તો હદ થાય છે. આટલું હડહડતું અપમાન! તમે બેશરમ બનીને અહીં બેસશો તોય હું અહીં બેસવાની નથી.'

આ સાંભળીને ય કાકાએ એવીજ ઠંડકથી કાકીને સમજાવ્યા કે 'ખરેખર તો બધા મહેમાનોએ જમી લીધા પછી જ ઘરના માણસે જમવા બેસવું જોઇએ. પણ આપણે થોડીવારમાં જ જમવા બેસી ગયા એ આપણી ભૂલ છે. એ ભૂલ આપણને સમજાય અને આપણે સાનમાં સમજી જઇએ માટે જ આપણું ભાણું ખાલી રાખ્યું છે.'

અને તરત કાકા ભાણા ઉપરથી ઊઠીને બધાને પીરસવા લાગ્યા. આકરી કસોટીઓમાંથી અપૂર્વ ક્ષમા રાખીને કાકા પાર ઉતરી ગયા તેથી ભત્રીજો ખૂબ ખુશ થઇ ગયો તેણે સહુ સમક્ષ કાકાના સ્વભાવ-પરિવર્તનની ખૂબ પ્રશંસા કરી અને કાકાના પગમાં પડીને માફી માંગી.

*સાભાર : 'મુક્તિદૂત'*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*
*- અમદાવાદ*

*બાણમાંથી નીકળેલું તીર માત્ર સામેની વ્યક્તિને જ અસર કરે છે. મોંમાંથી નીકળેલો શબ્દ બંનેને અસર કરે છે.*

તંદુરસ્તી

# તેલ ઢોળાય તો તાવડીમાં

• મીમાંસા યોગેન્દ્ર પારેખ •

ગાંધીજીના શબ્દોમાં કહીએ તો જરૂરિયાત કરતાં વધુ વાપરવું એ પણ સૂક્ષ્મ હિંસા ગણાય. સહેજ વિસ્તારથી વિચારીએ કે આવી હિંસા અતિ વપરાશનાં કારણે આપણા શરીર સાથે થતી હોય તો? મારે તેલના અતિ વપરાશ વિશે થોડી માંડીને વાત કરવી છે. સ્ટેટસ સિમ્બોલ જેવા રોગને પણ માણસ આસાનીથી નિભાવે છે.

જેમ રસોઇમાં વઘારનો આધાર તેલ છે તેમ રોગને છાવરવાનો, સાચવવાનો આધાર શરીર બની રહે છે. બડાઇપૂર્વક કોઇ એમ પણ કહે કે, ''શરીરનું તો શું છે, આજ છે ને કાલ નથી. રોજે રોજ મોજ મજા કરી લેવી.'' શરીર નાશવંત છે એવું આધ્યાત્મિક સત્ય લાધ્યા પછી, પામ્યા પછી માણસે તેની સ્વાદેન્દ્રીયને પ્રબળ બનાવી દીધી અને તેની આ પ્રબળતાને ઉત્તેજિત કરે છે આજની ગૃહિણી.

ગૃહિણીની રસોઇની શુભ શરૂઆત થાય તેલના મોટા કડછાથી કે તેલ ભરેલી તાવડીથી. જાણે ઘરના 'હનુમાન'ને તેલ ચડાવવાની પૂર્વ તૈયારી. કહો કે પૂરી તૈયારી! આ મોંઘવારીમાં 'ઘાંચીનો બળદ' પીલાઇ પીલાઇને તેલના ડબ્બા ભર્યા કરશે અને સ્ત્રી તેલ પીવડાવ્યા કરશે. સ્વાદનો ચટકો અને ભોજનને જોઇને રુચિ તો જ થાય જ્યારે શાક-દાળ વગેરે તેલમાં 'ડૂબેલા' હોય! આવી ઘર કરી ગયેલી ગૃહિણીઓની માન્યતા તેલથી શરૂ કરી તેલમાં જ સ્થિર થાય છે. દાળ-ભાત-શાક-રોટલી એ તો નવાઇના કહેવાય એટલે એમાં ઉમેરાય એક ફરસાણ. વળી સાંજની રાંધવાની પળોજણ ઊભી હોય એટલે કંઇક નવું કરવાની, ઘરનાને ખુશ કરવાની કરામતમાં વળી 'ડીપફ્રાય' (વધુ તેલમાં તળવાની પ્રક્રિયા) સમોસા, પકોડા કે ટીકડી જેવું ઘણું બધું 'ઝટ થઇ જાય.' નવું લાગે. મજા આવે અને જઠરાગ્નિ પણ ઠરે. એવું આશ્વાસન લગભગ દરેક ઘરમાં દરેક ગૃહિણી અઠવાડિયામાં બે-ત્રણ વાર તો લેતી જ હોય. એમાંય વળી જો મહેમાન આવી ચડે તો? તો તો પૂછવું જ શું? **ઘી ઢોળાય તો ખીચડીમાં સૂત્ર તો તિલાંજલિ પામ્યું. હવે તો તેલ ઢોળાય તો તાવડીમાં - સુશિક્ષિત ગૃહિણી આમ માનતી હોય તે હવે નવાઇની વાત નથી.** તેલના ડબ્બાનો ભાવ ભલે આસમાને જાય પણ તેલ પ્રત્યેનો આપણો 'પ્રેમભાવ' ઓછો ન થાય. આવી 'સમજદારી' જેણે કેળવી છે તે ઘરમાં તો તેલની ધારાઓ વહેતી હોય તો એમાં નવાઇ નહિ.

તેલ સાથેનો અતૂટ પ્રેમપ્રવાહ-તેલપ્રવાહ ખાળવાની જરૂર છે. મુશ્કેલ નથી. એક ઝાટકે ન છૂટી શકતી કુટેવોને પ્રયાસપૂર્વક ટેવમાં તો લાવી શકાય. રોજેરોજ રસોઇમાં તેલના વપરાશની કાળજી રાખીએ તો સૌના સ્વાસ્થ્ય સુખનું કારણ બનશે. બહેનોએ સમજવું જોઇશે કે રસોઇનાં સ્વાદનો આધાર તેલ નહિ પણ તેમાં પડતા યોગ્ય પ્રમાણનાં મસાલા અને યોગ્ય રીતની પાકકલા છે. વસ્તુના સ્વાદનો ખરો આનંદ તેલની અતિ માત્રા સાથે નહિ પણ રસોઇ બનાવનારની ભાવના સાથે જોડાયેલ છે. 'અન્ન તેવો ઓડકાર' - કહેવાયું છે તે સાચું છે.

**ચાર વેદો સિવાય પણ આપણને પાંચમા વેદ તરીકે આર્યુવેદની ભેટ મળી છે.** ચાર વેદ પચાવવા સામાન્યજનને અઘરા પડે પણ ગૃહિણીઓ જો આયુર્વેદના થોડાઘણાં સિદ્ધાંત અને નુસખા રસોઇઘરમાં અજમાવે તો અન્ન પચાવવાની ક્ષમતા દરેક સભ્યમાં આપોઆપ કેળવાશે. તેલમાં ડૂબેલા આહાર પચતા નથી ત્યારે 'પાચનતંત્ર નબળું' હોવાની ફરિયાદ ઊઠે છે. 'લૉ કેલરી' કે 'લૉ ફેટ'ની ફેશનમાં ન જઇએ અને સંતુલિત આહારનાં નિયમો અપનાવીશું તો સુખમય સ્વાસ્થ્યનો ઓડકાર આવશે. સ્વાદનો આનંદ કેળવાતો જશે અને હૃદય તૃપ્ત બની ધબકતું રહેશે.

*બી લાઇન, મણિનગર, વીરાણી રોડ, નખત્રાણા, કચ્છ-૩૭૦ ૬૧૫.*

## મહેનતથી કરેલું કાર્ય લાભદાયી હોય છે

એક વખત ભગવાન બુદ્ધ રાજગૃહમાં હતા. લોકોને પોતાના પ્રવચનનો લાભ આપ્યા બાદ સંધ્યાકાળે બુદ્ધ તેમના શિષ્યો સાથે બેસીને વિવિધ વિષયો પર ચર્ચા કરતા રહેતા હતા. આમ કરવાથી શિષ્યોના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થતી અને બુદ્ધ પણ તેમના શિષ્યોનું બૌદ્ધિક સ્તર જાણી શકતા હતા. એક દિવસ અચાનક તેમણે એક સવાલ કર્યો કે, 'સૌથી ઉત્તમ જળ કયું છે?' એક શિષ્યે તુરંત જ જવાબ આપ્યો કે ગંગાજળ. બીજો શિષ્ય બોલ્યો, 'જમીન પર પડતું વરસાદનું પ્રથમ પાણી.' ત્રીજા શિષ્યે જણાવ્યું કે 'વહેલી સવારે પડતા ઝાકળના બિંદુઓ.' બુદ્ધને આ જવાબથી પણ સંતોષ થયો નહીં. ચોથા શિષ્યની દૃષ્ટિએ ખોવાઈ ગયેલા પુત્રને મળ્યા બાદ માની આંખોમાંથી વહેતા અશ્રુ સૌથી ઉત્તમ જળ હતું, તો પાંચમા શિષ્યના અનુસાર છેતરપિંડીથી એકઠું કરેલું ધન જોઈને મરણ પથારીએ પડેલા ધનવાનની આંખોમાંથી પશ્ચાતાપ સ્વરૂપે નીકળતા અશ્રુથી ઉત્તમ બીજું કોઈ જળ ન હોઈ શકે. બુદ્ધે ફરીથી ના પાડી અને બોલ્યા કે શું આનાથી પણ વધુ વંદનીય અને પવિત્ર જળ છે? ઘણા સમયથી ચૂપચાપ બેઠેલો એક શિષ્ય આનંદ બોલ્યો, 'ઉનાળો, શિયાળો અને વરસાદમાં રાત-દિવસ કઠોર મહેનત કરીને અમારા માટે અનાજ પેદા કરનારા ખેડૂતના પરસેવાનું પાણી.' આ જવાબ સાંભળીને બુદ્ધના ચહેરા પર સંતોષની લહેર દોડી ગઈ અને તેમણે આનંદ ને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગ મહેનતની મહત્ત્વતાનો બતાવે છે.

જીવનમાં સફળતાના ઉચ્ચ શિખરો સર ત્યારે જ કરી શકાય જ્યારે વ્યક્તિ સંપૂર્ણ ઉત્સાહ સાથે મહેનત કરે. મહેનત દ્વારા કરવામાં આવેલું દરેક કર્મ હંમેશાં લાભદાયક જ હોય છે.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

હાસ્ય

હળવાશની ક્ષણોમાં!

# રિસેપ્શન છૂટાછેડાનો – જાપાનમાં!

• ચિત્રસેન શાહ - ગાંધીનગર •

લોકો ધામધૂમથી ઘોડે ચડે એટલે કે ધામધૂમથી લગ્ન થાય પરંતુ છૂટાછેડા પણ ધામધૂમથી થાય તેવું સાંભળ્યું છે?! નહીં જ સાંભળ્યું હોય. મેં પણ નો'તું સાંભળ્યું પરંતુ આજે ન્યૂઝપેપરમાં વાચ્યું!

**જાપાનમાં છૂટાછેડા પણ ધામધૂમથી લેવાય છે!** અરે, ઘણીવાર તો લગ્ન કરતાં છૂટાછેડામાં વધારે ધામધૂમ થાય છે! કારણકે ઘણીવાર ઘણા લોકોને લગ્ન વખતે અમુક પ્રોગ્રામ કરી શક્યા ન હોવાને કારણે અફસોસ રહી ગયો હોય છે! ત્યારે તેવા લોકો મનમાં વિચારતા હોય છે કે બીજો કોઈ પ્રસંગ આવવા દો ત્યારે સાટું વાળી લેશું! હવે જો બીજો પ્રસંગ છૂટાછેડાનો જ હોય તો?! તો ત્યારે સાટું વાળવું જ પડે! ન્યૂઝપેપરમાં સમાચાર હતા કે–

જાપાનમાં લગ્નજીવનથી અસંતુષ્ટ હોય તેવા યુગલો પરિવાર અને મિત્રમંડળ સહિત એકઠા થઈને ઉજવણી કરે છે અને એકબીજાને 'કબૂલ છે' કહીને આનંદથી છૂટા પડે છે! અને આખા લગ્નજીવન દરમ્યાન અનુભવેલી ન હોય તેવી હળવાશ અનુભવે છે! જેમ લગ્ન તેમજ લગ્નના રિસેપ્શન માટે આમંત્રણ કાર્ડ સગાંસંબંધીઓને મોકલાવાય છે તે જ રીતે છૂટાછેડા માટે પણ આમંત્રણ કાર્ડ મોકલાવાય છે!

આ પ્રમાણેની ઉજવણીનો આરંભ આજથી એકાદ વર્ષ પહેલાથી થયો! એકાદ વર્ષ પહેલાં જ્યારે એક હિરોકી તેરાઈ નામનો જાપાનીઝ રિટાયર્ડ થવાની તૈયારીમાં હતો ત્યારે જ તેના લગ્નજીવનમાં શાંત જળમાં પથ્થર પડવાને કારણે વમળો સર્જાયા હતા! વાત ડાઈવોર્સ સુધી પહોંચી ગઈ હતી!

રિટાયર્ડ થતાં બીજા ઘણા લોકોની માફક જ તેને પણ પ્રશ્ન થયો હોવો જોઈએ – 'રિટાયર્ડ થયા પછી કરવું શું?'

પરંતુ ત્યારે જ તેને અણીને સમયે 'ડાઈવોર્સ મેન્શન' બનાવવાનો અને તે આનુષંગિક પ્રવૃત્તિઓમાં લાગવાનો વિચાર આવ્યો! આ રીતે એક કાંકરે બે પક્ષી.... પ્રવૃત્તિની સાથે પૈસા પણ મળે તેવો વિચાર મગજમાં ઝબક્યો! ટોક્યોમાં 'ડાઈવોર્સ મેન્સન' બનાવ્યું કે જ્યાં છૂટાછેડા પાર્ટીની ઉજવણીઓ તેમજ રિસેપ્શન વગેરે ગોઠવી શકાય છે. **દરેક દુઃખી યુગલ ૬૦૬ ડોલર ભરીને ધામધૂમ સાથે છૂટાછેડા ઉજવી શકે છે!** તે પ્રસંગે લગ્ન સમયે એકબીજાને પહેરાવેલી વીંટીઓની પણ ફેરબદલ થાય છે! હવે પછીની વાત કલ્પનાના રંગોમાં ઝબોળીને લખું છું! વીંટીની ફેરબદલી વખતે ક્યારેક તકરાર થવાની સંભાવના રહે છે! પરંતુ બેમાંથી કોઈ પાર્ટી એમ તો કહે નહીં કે – મારી ઓરિજિનલ વીંટી આપો નહીં તો જાવ, નથી લેવા છૂટાછેડા!'

છૂટાછેડાની ઉજવણીનો વાયરો ઈન્ડિયામાં અને ગુજરાતમાં પણ ફૂંકાયો! અમારા એક મિત્રનું માનવું છે કે જાપાનમાં 'ડાઈવોર્સ મેન્સન' ઊભું કરનાર કદાચ ગુજરાતની કોઈ કંપની સાથે 'વાઈબ્રન્ટ ડાઈવોર્સ મેન્સન' ઊભું કરવા માટેના એમ.ઓ.યુ. પણ કરી શકે! જે પોતાનું કાર્યક્ષેત્ર પાછળથી બિહાર સુધી લંબાવે જેનો રેલો ત્યાંના શ્રી નીતિશકુમાર સુધી પહોંચે! લોકો છૂટાછેડા માટેના સત્કાર સમારંભના આમંત્રણ કાર્ડ પણ છપાવવા લાગ્યા!

આવી એક પાર્ટીએ તો વળી પોતાની આમંત્રણ પત્રિકા નીચે પ્રમાણેની ખાસ નોંધ લખી – **'આજના પ્રસંગે હાજરી આપનાર જો આ છૂટા પડી રહેલા દંપતીના આજથી ૨૫ વર્ષ પહેલાં લગ્ન સમારંભમાં પણ આવ્યા હોય અને તેમણે 'ચાંદલો' કરેલ હોય તો 'ચાંદલો' કર્યાના પુરાવા રજૂ કરી રિફંડ મેળવી લેવું!**

**ચાંદલાની રકમમાંથી સર્વિસ ટેક્સ અને ટી.ડી.એસ. કાપીને રકમ ચૂકવાશે! ૧૫-એચ ફોર્મ ભરીને આપવાથી ટી.ડી.એસ. કપાશે નહીં!**

ચાંદલાનું રિફંડ એ દિવસે જ મેળવી લેવાનું રહેશે. ત્યારબાદ ક્લેઈમ થયેલા ન હોય તો બધી રકમ સરકારશ્રીના 'કન્યાદાન' ફંડમાં જમા કરાવી દેવામાં આવશે!' પછી તમે જાણો ને 'કન્યાદાન'વાળા જાણે.

સમૂહ લગ્નની માફક જ છૂટાછેડાના પ્રસંગ પણ સમૂહમાં યોજાઈ શકે છે! બીજું જેમ કોઈ મોટી ઈન્ડસ્ટ્રી એક જગ્યાએ ઊભી થાય તો તેની આસપાસ તેને આનુષંગિક સ્પેર પાર્ટસ વગેરે બનાવતી નાની નાની ફેક્ટરીઓ પણ ઊભી થઈ જાય છે તેમ 'ડાઈવોર્સ મેન્સન'ની આસપાસ 'મેરેજ બ્યુરો' વગેરે પણ ઊભા થઈ જાય છે! કારણકે ઘણા અધીરાં લોકોમાં ધીરજ હોતી નથી! તે લોકો તો ડાઈવોર્સ લઈને સીધા પહોંચે છે 'મેરેજ બ્યૂરો'માં! ફરીથી ઘોડે ચડવાના અરમાન સાથે! સામાન્ય રીતે દૂધના દાઝેલા લોકો છાશ પણ ફૂંકી ફૂંકી પીતા હોય છે! પરંતુ આગળ લખ્યું તેમ અહીં અધીરા લોકો તો એમ વિચારે છે કે જેમ જેમ ક્ષણ વીતતી જશે તેમ તેમ ઉંમરમાં ક્ષણ ક્ષણનો ઉમેરો થતો રહેશે! અને લગ્નની બજારમાં તેના ભાવ ઘટતા જશે! તેથી તેવા લોકો તો દૂધથી દાઝેલા લોકો છાશને પણ ફૂંકી ફૂંકીને પીએ છે! એ કહેવતને જ ઘોળીને પી જાય છે!

*મન, કર્મ, વચનથી જીવન સુંદર હોવું જોઈએ.*

પરંતુ બીજા કેટલાક ડાઈવોર્સ લીધેલા ઠરેલ લોકો એવી જલદબાજીમાં માનતા નથી! તે લોકો માનતા હોય છે કે — 'ઉતાવળે આંબા ના પાકે!' તેવા લોકો કાર્બાઈડના ઈન્જેક્શન આપીને આંબા પકવવામાં માનતા નથી! વળી છૂટાછેડા લીધા પછી યુગલોમાંના ઘણા પતિઓને પત્ની વગરની જિંદગી અને ઘણી પત્નીઓને પતિ વગરની જિંદગી જીવતી વખતે શૂન્યના શોધક આર્યભટ્ટ યાદ આવી જાય છે! (વિશ્વને શૂન્યની મહાન ભેટ આપનાર ભારતના વિદ્વાન ગણિતશાસ્ત્રી આર્યભટ્ટ) કારણકે પતિ કે પત્ની વગરની એકાકી જિંદગી એકડા વગરના શૂન્ય જેવી થઈ જાય છે!

એટલે શૂન્યમાંથી સર્જન કરવા બંને આત્માઓ કદાચ ફરીથી એક થવા પણ વિચારે! અમેરિકામાં તો આવા કેસ અવારનવાર બને છે! ઘણીવાર છૂટા પડે છે અને ઘણીવાર ભેગા થાય છે! હવે આપણે લેખના તેમજ યુગલના લગ્નજીવનના અંતિમ ચરણમાં આવી ગયા છીએ!

છૂટાછેડા - વિદાય સમારંભના સ્ટેજ પર આજુબાજુમાં ગોઠવાયેલા પતિ-પત્નીમાંથી પત્ની છૂટા પડતી વખતે 'લવ ઈન ટોકિયો' પિક્ચરનું ગીત — 'સાયોનારા... સાયોનારા... કલ ફીર આઉંગી સાયોનારા (આવજો!)' ગણગણતી સ્ટેજની એક બાજુથી ઉતરે છે અને પતિ સ્ટેજની બીજી બાજુથી ઉતરતા હસીને જવાબ આપે — 'મિલેંગે - મિલેંગે!'

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## હૂંફ કોને નથી જોઈતી

ચાવીથી ચાલતું જડ ઘડિયાળ પણ જો એને ચાવી ચડાવીને હૂંફ ન દેવાય તો બંધ પડી જાય છે.

દુનિયાના કોઈપણ માણસને તમારી હૂંફ જોઈએ છે. ખાસ કરીને તમારા સ્વજનોને અને સ્નેહીજનોને.

જો તમને બધા ચાહે એવું તમે ઈચ્છો છો તો તેવું બધા ઈચ્છે છે. તમે સહુને ખૂબ સ્નેહભાવ આપો. કોઈને પણ તિરસ્કારો નહીં, ધિક્કારો નહીં. બધાના આત્મ સન્માનનું ગૌરવ કરો.

તમારા આશ્રિતોને પણ પ્રેમ આપો. તમે એના સુખદુઃખની તેની સાથે વાત કરો. તમે ભલે શેઠ હો, પણ અવારનવાર તમારું "શેઠપણું" બાજુ ઉપર મૂકીને તેના મિત્ર કે ભાઈ બની જાઓ. તેની ઉપર પુષ્કળ હેત વરસાવો. તેના ઘરે જાઓ. તેની ચા પીઓ.

સ્વર્ગે તો જવાનું હશે ત્યારે જવાશે, પણ આ રીતે તમારા ઘરમાં તમે સ્વર્ગ ઉતારો.

જે ઘરમાં સર્વત્ર ત્રાસવાદ છે તે ઘરની મુલાકાત એક દિ' માટે લેજો. પછી તમને આ "સ્નેહ"ના મૂલ્યની સાચી સમજ પડશે.

*સાભાર : "મુક્તિદૂત"*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

## જાહેર જીવનની નેતાગીરી ક્યાંથી ક્યાં પહોંચી ગયેલ છે!

સ્વરાજ માટેની લડતમાં ફાંસીને માંચડે ચડી જનારા વીર ક્રાંતિકારીઓમાં એક હતા શ્રી રામપ્રસાદ 'બિસ્મિલ.' એની એક બહેન હતી, નામ શાસ્ત્રીદેવી. એ પણ ક્રાંતિકારીઓના દળમાં જોડાઈને જોખમી કામ કરતાં. જો પકડાઈ જવાય તો ભાઈની જેમ ફાંસી નિશ્ચિત. આજે જેઓ હજુ હયાત છે એવા સુપ્રસિદ્ધ વાર્તાકાર, નવલકથાકાર કમલેશ્વર પણ ક્રાંતિકારીઓ સાથે કામ કરતા. કમલેશ્વરને શાસ્ત્રીદેવી માટે અનહદ માન.

વરસો વહી ગયા. ભારતને આઝાદી મળી ગઈ. પછી ક્રાંતિકારીઓને કોણ યાદ કરે? 'જરા યાદ કરો કુરબાની' ગીત સાંભળીને નહેરુજીની આંખે આંસુ આવ્યા - પણ પછી શું થયું? ગજવામાંથી રૂમાલ કાઢી આંસુ લૂછી નાખ્યા ને વાત થઈ પૂરી.

પછી કમલેશ્વરે પણ ટી.વી. વિભાગમાં નોકરી સ્વીકારી લીધી. પણ તેઓ શાસ્ત્રીદેવીને ભૂલ્યા ન હતા. ભાઈને ફાંસી પછી શાસ્ત્રીદેવી એકલા, અટૂલા ને નિરાધાર બની ગયા હતા. કમલેશ્વરને થયું કે તેમને કશીક મદદ કરવી જોઈએ. થોડા મિત્રોએ ભેગા થઈ ફાળો એકઠો કર્યો તે લઈને કમલેશ્વર શાસ્ત્રીદેવીને ગામ આપવા ગયા.

શાસ્ત્રીદેવી બિલકુલ પથારીવશ, લકવાગ્રસ્ત. પડોશીઓ ભલા હતા. રામપ્રસાદના બહેન પ્રત્યે તેમને લાગણી હતી. તેથી પડોશીઓ જ તેમની સંભાળ રાખતા અને ટાઈમે જમવાનું પણ પડોશીઓ જ આપી જતા.

સ્વરાજની લડત દરમ્યાન ક્રાંતિકારીઓને પૈસાની જરૂર પડતી ત્યારે તે મેળવવા તેઓ કોઈ જમીનદાર કે શ્રીમંતને ત્યાં ધાડ પાડતા. પછી બીજે દિવસે જેમને ત્યાં ધાડ પડી હોય તેને પત્ર લખી જાણ કરતા કે તમારે ત્યાં ધાડ પાડી, અમે આટલા રૂપિયા લીધા છે. સ્વરાજ મળી જતાં તમારી એ રકમ તમને પાછી મોકલી આપીશું.

સ્વરાજ તો આવી ગયું. મોટાભાગના ક્રાંતિકારીઓ તો ફાંસીને માંચડે ચડી ગયા હતા. પણ શાસ્ત્રીદેવીએ બરાબર નોંધ રાખેલી કે આટલા લોકોને પૈસા આપવાના બાકી છે.

કમલેશ્વરે ખબર પૂછીને સંકોચાતા ફાળાની વાત કરી ત્યારે શાસ્ત્રીદેવીએ કહ્યું, 'ભાઈ કમલેશ્વર, પેલા ગોખલામાં એક કવર છે તે લઈ આવો. તેમાં બે પહોંચ છે તે કાઢો. તમે જે પૈસા લાવ્યા છો તે પૈસામાંથી પહેલાં જેને ત્યાં ધાડ પાડી પૈસા પાછા આપવાનું વચન આપેલ છે તેને પૈસા પ્રથમ પહોંચાડો.'

પોતે લકવાગ્રસ્ત - પથારીવશ - આવકનું કશું જ સાધન નહીં - પાડોશીઓ પર નિર્ભર - લાચાર.

છતાં લોકોને આપેલ વચનનું પાલન કરવા માટેની તત્પરતા અને આગ્રહ.

આવા હતા દેશભક્તો.

ઈચ્છા થાય તો આજના મંત્રી સેવકો, સંસદ સેવકો, ધારા સેવકો, નગર સેવકો વગેરે સાથે ક્રાંતિકારી દેશ ભક્તોની સરખામણી કરી શકો છો.

*(વિગત 'અખંડ આનંદ'ના ઓગસ્ટ-૨૦૧૦ના અંકમાંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*કાર્યકુશળ વ્યક્તિ માટે ધન અને કીર્તિની કોઈ કમી નથી હોતી.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા.

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : હી મડે ક્રિકેટ મેચું રમાજે ત્યું તેમેં બોલર 'નો બોલ' વજે તડેં અમ્પાયર ફ્રી હીટ ડેતો... સે ટી.વી. તે વતાઈયેંતા પણ કઈ 'HIT' ફ્રી મેં ડીંયેતા? કોક્રોચજી કે મચ્છરજી સે તા વતાઈયે નતા. સે જરા તપાસ તા કર અનમેં કઈ હીટ ડીંયેતા?

બચુડો : અધા નો બોલ મેં ન તા કોક્રોચજી હીટ ડીંયેતા કે નતા મચ્છરજી હીટ ડીંયેતા. પણ અનમેં ખેલાડી - બેટ્સમેન કે હકડો વધુ ફટકો (હીટ) મારેલા મલેતો.

## ખિલજા મ ભલા

મોન્ટુ : સાહેબ, મેં હિંદીમાંથી અંગ્રેજીમાં બરાબર ભાષાંતર કર્યું છે... હું પાસ તો થઈ જઈશ ને?

શિક્ષક : ના... કોઈ હિસાબે નહીં... તારા ભાષાંતરનો નમૂનો હું બોર્ડ પર લખું છું... તે વાંચ અને પછી બધાને પૂછ...

હિંદી વાક્ય : 'મૈં આમ આદમી નહીં હું'

અંગ્રેજી : I am not a Mangoman.

હિંદી વાક્ય : દો ઔર દો ચાર.

અંગ્રેજી : Give and Give Four.

હવે... આવા ભાષાંતરમાં તું ક્યાંથી પાસ થાય...

☺ ☺ ☺ ☺ ☺

હિટલર : મારી ડિક્ષનેરીમાં 'ઇમ્પોસિબલ' જેવો શબ્દ નથી.

પુસ્તક વિક્રેતા : હવે કહેવાથી શું ફાયદો? જ્યારે ડિક્ષનેરી ખરીદી ત્યારે જ ચેક કરી લેવું હતું ને...

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : ડૉક્ટર સાહેબ, મને વારેવારે આપઘાત કરવાના સ્વપ્ના આવે છે... શું કરું?

ડૉક્ટર : એક કામ કરો, એકવાર કરી નાખો. પછી નહીં આવે.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : કુછ ખાને કા દો બાબા...

રીન્કુ : ટમાટર ખાઓ.

ભિખારી : રોટી દે દો બાબા...

રીન્કુ : ટમાટર ખાઓ.

ભિખારી : તો ટમાટર હી દે દો...

રીન્કુનો પાડોશી : યે તો તોતલાતે હૈં... કહ રહે હૈં કમાકર ખાઓ.

☺ ☺ ☺ ☺ ☺

મનુ : વિમાનને કલર કરવાનો શ્રેષ્ઠ સમય કયો ગણાય?

કનુ : એ જ્યારે હવામાં ઉડતું હોય ત્યારે.

મનુ : એમ કેમ?

કનુ : ત્યારે વિમાનની સાઈઝ એકદમ નાની હોય છે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આ શાક તેં કર્યું છે તેનાથી ચારઘણું વધારે કર્યું હોત તો બહુ સારું થાત.

પત્ની : (ફુલાઈને) કેમ બહુ સરસ થયું છે?

પતિ : ના... એમ નથી... પણ એમાં તેં મીઠું નાંખ્યું છે તેના પ્રમાણ પરથી કહું છું.

☺ ☺ ☺ ☺ ☺

મોહનભાઈ : (બીજા ભાઈને) તમારું નામ મોહનભાઈ મગનભાઈ છે?

બીજાભાઈ : ના... કેમ પૂછવું પડ્યું?

મોહનભાઈ : એ નામ તો મારું છે... પણ તમે એ નામવાળી છત્રી લઈ જાવ છો તેથી પૂછવું પડ્યું.

☺ ☺ ☺ ☺ ☺

જજસાહેબ : (ચોરને) અરે આ માણસે કડી આંકડાવાળા હારમાં પોતાની ઘડિયાળ બાંધીને પોતાના કોટમાં મૂકી હતી છતાં તેં કઈ રીતે કાઢી લીધી?

ચોર : એ કળા શીખવવાની ફી પાંચસો રૂપિયા છે.


☺ ☺ ☺ ☺ ☺

પૂજારી : અરે તેં અહીં મંદિરમાં ખારેકના ઠળિયા અને બદામના છોડાનું દાન કેમ કર્યું?

પ્રવાસી : આ તો મારી ખારેકની અને બદામની થેલી ખોવાઈ ગઈ હતી... એટલે મેં બાધા રાખી હતી કે જો જડી જશે તો અડધી વસ્તુ દાનમાં આપીશ. અને અંતે તે મળી ગઈ એટલે ખજૂરમાંથી ઠળિયા અને બદામમાંથી છોડા એમ અડધી વસ્તુ દાનમાં આપી છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*માનવીનું જીવન એટલે ગણિતનો દાખલો.*




**મંગલ મંદિર સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકના લેખોના પ્રતિભાવો**

ભાઈશ્રી મુરજીભાઈ ગડા આ વખતે બહુ અઘરો અને સંકુલ વિષય લઈને આવ્યા. જો આપણે પૂર્વજન્મમાં માનતા હોઈએ તો આત્મા જેવી કોઈ વસ્તુના અસ્તિત્વને સ્વીકારવું જ પડે. ન માનો તો પણ અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જો સૃષ્ટિ ઉપર બધા જ સજીવોને મશીન માનીએ તો બધી જાતિઓ એક સરખી કેમ નથી?

બાળકો જન્મે છે તેઓમાં કેટલાક ગરીબ અને કેટલાક મધ્યમ કે તવંગર ઘરોમાં કેમ જન્મે છે? કેટલાક વિક્સિત દેશમાં અને કેટલાક અત્યંત અવિક્સિત દેશોમાં કેમ જન્મે છે? કેટલાક બાળકો અત્યંત મેઘાવી, કેટલાક મધ્યમ અને કેટલાક મંદબુદ્ધિના કેમ? કેટલાક ખોડખાંપણ વાળા કેમ? પ્રાણીઓમાં પણ કેટલાક પાલતુ બધી સગવડો ભોગવે છે અને કેટલાક રસ્તે રખડતા રહે છે. આવું કેમ? શું માત્ર જોગાનુજોગ?

જો જિંદગીભરમાં મેળવેલું જ્ઞાન, ડહાપણ મૃત્યુ સમયે ભસ્મ થવાનું કે મિટ્ટીમાં જ મળી જવાનું હોય તો એ માટે જિંદગીભર મથામણ કરવાનો શો અર્થ? એ બધું કોઈપણ રીતે ફરીથી આવે છે એમ ન માનીએ તો માનવી અને પ્રાણીઓની ઉત્ક્રાંતિ થઈ જ ન શકે.

બંને તરફ પ્રશ્નો છે. પ્રતીતિજનક ઉત્તરો મુશ્કેલ છે. આ બાબત પુસ્તકો લખાય તો પણ અંતે સવાલો રહેશે જ. ભવિષ્યમાં કોઈ મહાન વૈજ્ઞાનિક કે મહાન યુગપુરુષ (મહાન આત્મા?) જવાબ કદાચ આપે!

ઘણીખરી વાર એવું લાગે છે કે આવી બાબતો માનવ બુદ્ધિ અને તર્કની સીમાથી બહાર રહી જાય છે.

મુરજીભાઈના આ બાબત બીજા લેખની રાહ જોઈએ.

આ ઉપરાંત તેમણે ભારતની મહાન સંસ્કૃતિએ સ્ત્રીવર્ગને કરેલા અન્યાય બાબત ઠાલવેલો આક્રોશ સંપૂર્ણપણે વાજબી છે. સ્ત્રીઓ અને દલિતો ઉપર વીતાડવામાં આપણી મહાન (?) સંસ્કૃતિએ કંઈ બાકી રાખ્યું નથી. આ બાબત એક અલગ લેખનો વિષય બની શકે.

આ જ અંકમાં ભાઈ મયૂરનું લખાણ અંતરના ઊંડાણમાંથી આવેલ છે અને વિષય પણ સ્ત્રીઓ અને દલિતોની અવદશાનો છે. મિત્તલબહેન જેવા કોઈ ચિંતા કરવાવાળા અને શ્રી લીલાધર ગડા (અધા) જેવા મદદગારો છે એટલો સંતોષ લઈ શકાય. બાકી સામાન્ય જનતા તો ઠીક, પણ શિક્ષિત લોકોમાં પણ આવી બાબતોની જાણકારીનો અભાવ છે. મીડિયામાં પણ વીજમીડિયાને ટી.આર.પી. સિવાય કંઈ દેખાતું નથી. પ્રિન્ટ મીડિયામાં ભૂમિપુત્ર, નવનીત સમર્પણ જેવા કેટલા? એમનો વાચકવર્ગ પણ કેટલો? બાકીનાઓ રાજકીય અને મસાલેદાર સમાચારોમાંથી ઊંચા આવે તો આવું છાપે ને! આવા સમુદાયની સ્ત્રીઓ વેશ્યા કહેવાય અને ભોગવનારા સભ્ય સમાજના પુરુષો દૂધે ધોયેલા! આવા બેવડાં ધોરણો ક્યાં સુધી?

આગળ : ભાઈશ્રી જાદવજીભાઈના ગુજરાત ગૌરવમાં ઘણું રહી ગયું!

પ્રથમ તો ભારતભરનું લગભગ ૭૫% મીઠું (નમક) ગુજરાત પકવે છે.

એશિયામાં સૌથી વિશાળ ખેત પેદાશોનું વિતરણ કેન્દ્ર (માર્કેટિંગ યાર્ડ) આપણા ઉંઝામાં છે.

ભારતમાં જીરું, એરંડા અને વિશ્વભરમાં ઇસબગોલ સૌથી વધારે ગુજરાત પકવે છે.

છેલ્લા ૨-૩ વર્ષથી ભારતમાં કપાસ ઉત્પાદનમાં પણ ગુજરાત પ્રથમ છે.

આફ્રિકા સિવાયની દુનિયામાં સિંહ માત્ર ગુજરાતમાં જ છે.

ભારતને દૂધની શ્વેતક્રાંતિ ગુજરાતે આપી છે.

આમ ગૌરવ લેવા જેવું ઘણું છે પણ થોડા ઊંડા ઉતરીએ (ભાઈ મયૂરની જેમ) તો શરમ અનુભવાય એવું પણ છે!

રક્ષાબહેને ડોલ્ફિન વિશે સરસ માહિતી સમયસર આપી છે. જળચર પ્રાણીઓમાં માનવજાતના ઉત્તમ મિત્ર એવા આ પ્રાણીનું રક્ષણ પૂ. મોરારીબાપુની પ્રેરણાથી સૌરાષ્ટ્રના માછીમારો કરી રહ્યા છે. જાળમાં પકડાય તો પણ છોડી મૂકે છે. ડોલ્ફિન સૌરાષ્ટ્રના દરિયા કિનારે પ્રસૂતિ કરવા આવે છે. પૂ. મોરારીબાપુએ માછીમારોને કહ્યું કે આપણી દીકરીઓ ઘેર પ્રસૂતિ કરવા આવે એવી આ આપણી દીકરીઓ ગણાય અને એનું રક્ષણ કરવાની આપણી ફરજ છે. માછીમારોના હૃદયને સ્પર્શતી આ અપીલ તરત સ્વીકારાઈ ગઈ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## મનના ચક્ષુ

આ પત્રની પ્રેરણા, શ્રી પન્નાલાલ છેડાનો “છે કોઈ દીવો કરનાર?”, ઓગસ્ટ-૨૦૧૦ મંગલ મંદિરમાં આવેલ લેખ છે. આપણા સમાજમાં અને દુનિયામાં દીવો કરનારા ઘણા છે. હવે જરૂર છે તો મનના ચક્ષુ ખોલવાની.

કે.વી.ઓ. સમાજે નવી વેબસાઈટ KVO Parichay શરૂ કરી છે તે માટે સૌ કાર્યકર્તાઓને અભિનંદન. દુનિયાભરના કે.વી.ઓ. સમાજની મોટી સમસ્યા હલ થઈ શકશે. આ લેખમાં હું એક અગત્યના મુદ્દા વિશે આપ સૌનું ધ્યાન દોરવા માગું છું.

શ્રી પન્નાલાલભાઈએ તેમના લેખમાં, આજના યુવાનો, કુંડળી મેળવવાનો આગ્રહ રાખે છે તે વિશે આશ્ચર્ય વ્યક્ત કર્યું અને

*ક્યારેય અને ક્યાંય વધુ પડતું બોલબોલ કરવું નહિ, સામેવાળી વ્યક્તિ વિશે એકદમ અભિપ્રાય ન આપો.*

જ્યોતિષશાસ્ત્ર બિનપાયાદાર નથી એવી દલીલ પણ કરી છે. આ એક વિરોધાભાસ છે.

હકીકતમાં જ્યોતિષશાસ્ત્ર કોઈ વિજ્ઞાન નથી. તેનો કોઈ પાયો કે પુરાવો નથી. આ વિશે મેં અનેક લેખો લખ્યા છે. (જૂન-૨૦૦૨, પગદંડી; મે-જૂન ૨૦૦૫ મંગલ મંદિર)

આ શાસ્ત્ર કેટલાક ચતુર માણસોએ નબળા મનના અને અંધવિશ્વાસુ લોકોને છેતરવા શરૂ કર્યું અને ચલાવે છે. દરેક માણસને પોતાનું ભવિષ્ય જાણવાની તીવ્ર ઈચ્છા હોય છે, ઘણાને ડર પણ હોય છે. આનો ગેરલાભ લેવા આ તુક્કો ચાલી રહ્યો છે.

આ શાસ્ત્રને ખગોળ વિજ્ઞાન, ધર્મ, ગણિતશાસ્ત્ર સાથે જોડી એવો ગૂંચવાડો ઊભો કર્યો કે લોકો તેને સમજી ના શકે અને શંકા ન ઊઠાવે.

દુનિયાભરના અનેક વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે જ્યોતિષશાસ્ત્રમાં કોઈ તથ્ય નથી. કોર્ટ - UGC કે સરકાર આ વિશે જે કહે તેમાં વિશ્વાસ રખાય નહીં. તેમનું કામ આ વિષયની ચકાસણી કરવાનું નથી, પોતાની વોટ બેંક સાચવવાનું છે.

શ્રી અશ્વિન માલદેએ આપેલું સૂચન અગત્યનું છે. યુવાનોએ પરંપરાગત ગાડરિયા પ્રવાહમાંથી નીકળી મનોમંથન કરી પ્રશ્નો પૂછ્યા. ધન્ય છે પગદંડીના તંત્રીને.

*તમન્ના યહી હૈ કે લહેરોં સે ખેલે, નસીબોં કી ગરદીશ કો હસ હસ કે ઝેલે*

*ઉમંગો કી રાહમેં બિછાકે સિતારેં, ચલે જા રહે હૈં કિનારે કિનારે.*

જ્યોતિષથી જે લોકો છેતરાયા છે તેમને આનો આભાસ આવતો નથી અને જ્યારે આવે છે ત્યારે એના નુકસાનનો અંદાજ નથી આવતો.

લોકોમાં ભય પેદા કરી, તેનો લાભ ઉઠાવવાનો ધંધો દુનિયાભરમાં વ્યાપક છે. આનો એક જ ઉપાય જાતે જ્ઞાન મેળવી મનોમંથન કરવું.

આ બધું હું મારા જાત અનુભવથી લખું છું. મારા કુટુંબમાં કોઈ પણ પ્રસંગે અમે કુંડળી કે મુહૂર્ત જોયું નથી છતાં સૌ સારા વાના થયા છે.

વધુ વિગત માટે મારો સંપર્ક કરશો તો મને આનંદ થશે. (ઈ-મેઈલ : harakhsavla@gmail.com અને hksavla@yahoo.com)

***હરખચંદ સાવલા***

• • • • •

સપ્ટેમ્બરના અંકમાં પાના નં.-૩૯ ઉપર શ્રી શાંતિલાલ સંઘવી તરફથી 'નવરાત્રિનું રહસ્ય' લેખ વાંચીને ખૂબ પ્રભાવિત થયા છીએ. મીનાક્ષીને તો ગરબા સાંભળવાનો, માણવાનો, જોવાનો શોખ હોય જ પણ મને અવિનાશને પણ જોવા - સાંભળવાનો શોખ તો છે જ.

પરંતુ ખરેખર તો શ્રી શાંતિલાલભાઈએ નવ દેવીઓ - નવદુર્ગાના પૂજન, અર્ચન અને ઉપાસના તથા તેમાં રહેલાં ગૂઢ રહસ્ય વિશે જે અભ્યાસપૂર્ણ રીતે જણાવેલ છે તે તો ખરેખર અદ્‌ભુત છે. તેઓ તો અમારા માનવા પ્રમાણે જૈન જ હશે - જોકે શ્રી નરોત્તમભાઈ પલણ વિશે ખબર નથી પરંતુ અમારા પરિવાર તરફથી તેઓ બંનેને ખૂબ ખૂબ અભિનંદન.

વાંચકોને ખરા અર્થમાં આવી વૈજ્ઞાનિક રીતે શક્તિની ઉપાસના કરવીની પ્રેરણા મળે તેવી અભ્યર્થના.

***અવિનાશ કૃષ્ણલાલ માંકડ તથા મીનાક્ષી એ. માંકડ - અમદાવાદ***

• • • • •

મંગલ મંદિરના સપ્ટેમ્બર અંકમાં શ્રી મુરજી ગડાનો આત્મા વિષયક લેખ સર્વોત્તમ છે. તેમણે રજૂ કરેલા પ્રશ્નો તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી માટે અત્યંત મહત્ત્વના છે. પોતાના પ્રશ્નોના તેમને મળેલા જવાબો પણ તેઓ રજૂ કરવાના છે, જેનો બેસબરીથી ઇંતેજાર છે.

શ્રી પોપટભાઈ ધરોડે 'અખંડ આનંદ'માંથી શ્રી કાનજીભાઈ વાઢેરનો લેખ લાવીને મંગલ મંદિરના વાંચકોને પરિચય કરાવવા બદલ ધન્યવાદ.

'શેતાનની ચાલબાજી' જે સમજશે તે જરૂર સુખી થશે.

અને શ્રી મયૂર દેઢિયાને ખાસ ધન્યવાદ કે મિત્તલનો પરિચય આપણા સમાજને કરાવ્યો. સદ્‌ભાગ્યે હજુ આપણા દેશમાં તદ્દન નિઃસ્વાર્થભાવે લોકોના ભલા માટે ઝઝૂમતા અને એ કારણે અનેક પ્રકારના કષ્ટો વેઠતા સેંકડો લોકો મોજૂદ છે. તેઓને 'પોતાના આત્માના કલ્યાણ'ની બિલકુલ પરવા નથી. મયૂરભાઈ પાસેથી એટલી અપેક્ષા રાખી શકાય કે આવા ઉપકારીજનોનો પરિચય આપણને કરાવતા રહે.

એક સુધારો કરવો જરૂરી છે. મયૂરભાઈએ મિત્તલનું લખેલ સરનામું જૂનું છે. મિત્તલનું નવું સરનામું નીચે મુજબ છેઃ

**મિત્તલ પટેલ,** જી-૧૦૨, સફલ પરિવેશ, પ્રહલાદ નગર, અમદાવાદ-૧. મો. ૯૪૨૬૫ ૨૫૧૦૧

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

'મંગલ મંદિર' સારું મેગેઝીન છે. તેમાં ઘણા સારા અને ઉપયોગી લેખો છાપો છો. તે માટે મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું. તમારા સૌની કુશળતા ઈચ્છું છું. તમારી અનુક્રમણિકા પણ અલગ લેખો, સમાચારો વગેરેને અલગ રીતે જે છાપો છો તે ઘણી જ સારી વાત છે અને અમદાવાદના સમાચાર વગેરે અલગ બ્લ્યુ પેપર ઉપર છાપો છો તે માટે પણ મારા ધન્યવાદ. આવી રીતે કોઈ મેગેઝીન અલગ અલગ છાપતું નથી. જે આવકારને પાત્ર છે.

***મણિલાલ છેડા - ડોંબીવલી (ઈસ્ટ), જી. થાણા***

• • • • •

સમય મળતાં જાન્યુઆરીથી ઓગસ્ટના અંકો વાંચ્યા. તારણ એ

*સમજ્યા વગર કોઈને પસંદ ન કરતા, ના સમજમાં કોઈને ગુમાવી ના દેતા.*

નીકળ્યું કે 'આંજો કાગર'માં પત્રની લંબાઈ પર ખેંચ આવી છે. સારી વાત છે. વખાણને બદલે પ્રતિઘોષ પણ સંભળાય છે. આ સૌ અંકોમાં આંખે ખૂંચતી અને લાલ બત્તી બતાવવા કલમ ઉપાડી છે.

પ્રથમ શબ્દ રમત મારો પ્રિય વિષય છે. આઠ અંકોમાં જે શબ્દ રમતના ઉકેલ જોયા તે મગજમાં બંધ બેસતા લાગતા નથી. બધા લખું તો પત્રની લંબાઈ વધી જાય. ફક્ત ઓગસ્ટના અંકની વાત કરું તો ઊભી ચાવી નં.-૩૭ ધોરણ, માપનો જવાબ છે 'માનક'. ચાવી નં.-૬૩ તૈયાર, સજ્જનનો જવાબ છે 'તત્પર'. આડી ચાવી નં.-૧ હાકેમ સાથે ઓળખાણવાળું જવાબ છે 'હાકેમરસ', ચાવી નં.-૧૧ બારીનો કાચ જવાબ છે 'તાવદાન', ચાવી નં.-૫૮ જાડા રગડાનો લેપ જવાબ છે 'ખરડ'. સૂરજલાલ મહેતાને વિનંતી કે તમારો બનાવેલ શબ્દકોશની એક પ્રત મોકલી આપશો તો મારા મગજને શાંતિ થશે.

શબ્દકોશ મગજને વિકસાવવા, નવું નવું શબ્દભંડોળ જાણવા જરૂરી છે પણ શબ્દોનો અર્થ સ્પષ્ટ હોવો જોઈએ. મગજમારીને બદલે વેઠ ઉતારતા હોઈએ એવું ન લાગવું જોઈએ. બીજું નંબરનો ઉલ્લેખ ન હોય આડાઅવળા પ્રિન્ટ મિસ્ટેક હોય છતાં દર મહિને બધા સાચામાં પ્રતાપ દંડને અભિનંદન.

મુખપત્રમાં એક જ લેખકના એક જ લેખ લેવાનો તમારો શિરસ્તો સારો છે છતાં અન્ય મેગેઝીન પેપરનાં લેખોને પ્રેષકને નામે છાપી, કતારમાં ઊભેલા લેખકોને અન્યાય કરો છો એવું નથી લાગતું?

મંગલ મંદિર પહેલા ૧/૫ સાઈઝમાં આવતું હતું. એ પછી ૧/૪ થયું અને હવે એ-૪ થવાથી લાભ કોને થયો? સંસ્થા તરફથી પ્રગટ થતું મેગેઝીન ખર્ચામાં બચત કરે તે પ્રથમ પગથિયું છે. મુખપૃષ્ઠ કલરમાં કરવાથી કલરની ઍડ મળશે એજ ફાયદો જરૂર છે પણ આખરે તો પસ્તીમાં જ દર્શન થાય છે ને!

ટચુકડા સંદેશ ગઝલ કવિતા 'પ્રેષક' તરીકે એકજ વ્યક્તિની કેટલી 'કૃતિ' છપાવી શકીએ એનું કોઈ ધારાધોરણ છે કે પછી ખાલી જગ્યા જ ભરવી છે. અનુસંધાન પેજની રામાયણને બદલે બીજા પેજ પર જ લેખ ચાલુ રાખો તે સારું. લેખોના શીર્ષક પણ ટૂંકા અર્થસભર હોવા જોઈએ, નહીં કે કવિતાની જેમ બબ્બે લાઈનોમાં.

છેલ્લે, અમદાવાદ સંસ્થાના અહેવાલનાં પેજ અમારા જેવા મુંબઈગરાને શા કામના? અમદાવાદ કોપી પૂરતું રાખો તો?

*દિનકર ગડા - મુલુંડ (વેસ્ટ), મુંબઈ*

• • • • •

## શું માનવસેવા એ જ પ્રભુસેવા હોય?

જગતમાં માનવ સેવાને ઉત્તમ ગણવામાં આવે છે અને તે ખરેખર સારી બાબત છે. પરંતુ માનવ સેવા એ જ પ્રભુ સેવા એમ માનવું યોગ્ય નથી. કારણકે જગતમાં માનવ સિવાય ઘણા બધા જીવો છે. એની સેવા પણ પ્રભુ સેવા ગણાવી જોઈએ. પરંતુ ખરેખર એવું નથી. માનવ સેવા એ તો એના માત્ર શરીરની જ સેવા ગણાય અને આ દેહ તો સદાયે નાશવંત છે. દેહની સાથોસાથ આત્માનું પણ ધ્યાન રાખે અને એના આત્માના ઉદ્ધાર માટેની ભાવના ભાવે એ જ ખરો મહાન છે. જે ભાવના આપણા તીર્થંકરોએ ભાવી અને જગતના સર્વે જીવોના કલ્યાણ માટેનો માર્ગ કેવળજ્ઞાનના પ્રકાશથી દર્શાવ્યો અને એ જ ભાવના સાક્ષાત્કાર કરી મોક્ષપદની પ્રાપ્તિ કરી. પરમાત્માને તો સંગમ પ્રત્યે પણ કરુણા હતી પરંતુ એની સેવા ન કરી કારણ એ એમનું કર્તવ્ય ન હતું.

પરમાત્માએ ચીંધેલ રાહ હેઠળ પાંચ મહાવ્રતને ધારણ કરનારા આજના સાધુ સાધ્વીજીઓ પણ જગતના સર્વ જીવો પ્રત્યે કરુણા દાખવી તેના કલ્યાણ માટે જ ઉપદેશ આપતા હોય છે. સાધુઓને પણ એમની મર્યાદા હોય છે અને એ જ મર્યાદામાં રહીને સ્વનું તથા પરનું કલ્યાણ કરનારા બને છે. આવા મહાન આત્માઓના ચરણમાં સદાયે નમસ્કાર કરી આપણી જાતને ધિક્કારવી જોઈએ.

જીવદયા પાછળ લાખો રૂપિયા ખર્ચનારની પણ ઘણી વખત સદ્‌ગતિ થતી નથી પરંતુ કષાયોને જીતનાર કે હણનાર કર્મબંધનો તોડી ભવસાગર પાર તરી શકે છે. શ્રેણીક મહારાજા જેવા રાજા પણ પુણિયાનું એક સામાયિક નાણાથી ખરીદવા જાય છે પરંતુ એ ખરીદી શકાતું નથી. તેથી જો સંસારમાં જ રહીને દાનપુણ્ય કરીને, માનવ સેવા કરીને જો મોક્ષે જવાતું હોત તો આપણા પરમાત્મા પણ આપણને એ રાહ પર ચાલવાનું અવશ્ય જણાવત કારણકે સંસારના તમામ સંબંધો કર્મોને આધીન છે. જો તેમાં રાગ રાખીએ તો સંસાર સાગર ક્યારેય પાર કરી ન શકાય અને માનવ સેવા તો માત્ર આ જ ભવમાં અને જ્યાં સુધી શરીર હશે ત્યાં સુધી જ કરી શકાશે. દેહનો અંત આવ્યા બાદ તે આત્માનું શું થશે તે તો આપણે વિચારી શકતા નથી અને એના માટે જ સંતોનું જીવન છે. તેઓ સદાય આત્માની ચિંતા કરતા રહે છે. પોતાના તેમજ સંસર્ગમાં આવનાર તમામના આત્માનું કલ્યાણ થાય તેવી જ ભાવના અંતરમાં સદાયે રમતી હોય છે અને એના માટે દરરોજ તમામ જીવો સાથે ક્ષમાપના રૂપે પ્રતિક્રમણ પણ કરે છે.

અને ઇતર ધર્મના પણ કોઈ સંતોએ માનવસેવા માટે હોસ્પિટલ ખોલી નથી કે જાતે સેવા કરતા નથી. તેઓ પણ સદાયે ઉપદેશ આપતા હોય છે અને આત્માનો તથા અધ્યાત્મનો જ સંદેશ આપતા હોય છે.

હાલ માનવસેવાના નામે લોહી એકત્ર થાય છે અને એનો વ્યાપાર થાય છે એ શું સાચું છે? શાસ્ત્રોમાં આ બાબતનો ક્યાંય ઉલ્લેખ સુદ્ધાં પણ નથી અને આજના કોઈ સાધુ સંતે લોહીનું, દેહનું દાન આપ્યાના કોઈ ઉદાહરણ વર્તમાનમાં નથી. તેથી ખરી સેવા તો અંતરના ભાવોને વિશુદ્ધ બનાવવાની છે જે હાલ લુપ્ત થતી જાય છે. પરંતુ બાહ્ય સેવાઓ જ ઈમારતની જેમ દેખાય છે. પાયાની સેવા, પાયાના મૂલ્યો તો જમીનમાં જ દફન થઈ જાય છે.

જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

• • • • •

*મનની શાંતિનો શ્રેષ્ઠ ઉપાય છે આખી દુનિયાના જનરલ મેનેજર પદેથી રાજીનામું આપી દો.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છી જૈન ફાઉન્ડેશન દ્વારા દાદર ખાતે નવનીત નગર (ડોંબીવલી પૂર્વ)ના ૫૦૦ ફ્લેટનો ડ્રો યોજાયો

### દાતાઓએ દાનનો ધોધ વહેવડાવ્યો. ★ યોગી સભાગૃહ કચ્છમય બન્યું.



કચ્છી જૈન ફાઉન્ડેશન આવાસ યોજનાના ઉપક્રમે ડોંબીવલી પૂર્વમાં નવનીત નગર નિર્મિત ૫૦૦ ફ્લેટના ડ્રો સમારોહમાં દાતાઓએ દાનનો ધોધ વહેવડાવ્યો હતો.

દાદરના યોગી સભાગૃહ ખાતે યાજાયેલા દબદબાભર્યા કાર્યક્રમમાં સમાજના દાનવીરો, શ્રેષ્ઠીઓ અને લાભાર્થીઓથી યોગીસભાગૃહ કચ્છમય બની ગયું હતું.

ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી શામજીભાઈ ટોકરશી વોરાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આવાસ યોજનાની શરૂઆત કરી ત્યારે એન્કર, નવનીત, અમરસન્સ અને પ્રિન્સ પરિવાર — એમ આ ચારે જણાએ પાયાની ભૂમિકા ભજવી. ને પછી તો સમાજમાંથી દાતાઓએ સામેથી સહયોગ આપ્યો છે. એકલા સુંદરજીભાઈ મૂરજી શાહ (સણોસરાવાળાએ) ૧૫ કરોડ રૂપિયાનું દાન વહાવ્યું છે. તેમણે આ પ્રસંગે દાતાઓને દાન માટે અપીલ કરતાં દાતાઓએ દાનનો ધોધ વહેવડાવ્યો હતો.

સમારોહના મુખ્ય મહેમાન એમ.એમ.આર.ડી.એ.ના ચેરમેન શ્રી રત્નાકર ગાયકવાડે કચ્છી જૈન ફાઉન્ડેશનની આવાસ યોજનાને બિરદાવીને તેમાં સહભાગી થનારા દાતાઓની પીઠ થાબડી હતી અને જે આપણને મળ્યું છે તેમાંથી વધુને વધુ દુઃખી લોકોને અપાય તો તે સાર્થક થાય છે.

સમારંભમાં ઉમેશ ગાલાએ નવકાર મંત્ર ભણાવ્યા બાદ સમારોહ અધ્યક્ષ શ્રી સુંદરજીભાઈ અને નવનીત પરિવારના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું.

આ પ્રસંગે નવનીત પરિવારના સર્વશ્રી ધનજીભાઈ ગાલા, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા, બાબા શેઠ (જિતેન્દ્ર ગાલા)નું શ્રી દામજીભાઈ એંકરવાલા, શ્રી શામજીભાઈ વોરા, શ્રી વસંત ગલિયા, શ્રી મહેન્દ્ર સંગોઈએ સાથે રહીને સન્માન કર્યું હતું. સન્માનના પ્રત્યુત્તરમાં જિતેન્દ્ર ગાલાએ સેવા કરવાની આ તક આપવા બદલ કચ્છી જૈન ફાઉન્ડેશન પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને જણાવ્યું હતું કે સંસ્થાનું નામ 'સત્યમેવ જયતે કચ્છી ફાઉન્ડેશન' હોવું જોઈએ. તેમણે કહ્યું કે કોઈપણ સમસ્યાને હલ કરવી હોય તો તેમાં કચ્છી માડુ પાસે તે શક્તિ છે. તેમણે કહ્યું કે સમાજના કોઈ પણ સામાજિક કાર્યોમાં આર્થિક સહયોગ મળતો રહેશે અને એના થકી કચ્છી સમાજ લીલુંછમ થઈ જશે. તેમણે આ પ્રસંગે ઘર કેવું હોય તે વિશે મરાઠીમાં કાવ્ય પઠન કર્યું હતું.

સમારોહના અધ્યક્ષ અને દાતાશ્રી સુંદરજીભાઈ મૂરજી શાહે રૂ. ૧૫ કરોડનું દાન આપ્યું હોવાથી મહાનુભાવોના હસ્તે તેમનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું. તેમના પુત્રવધૂ શૈલી દિનેશ સુંદરજી શાહે કહ્યું કે કચ્છીઓએ દરેક ક્ષેત્રે સારા કાર્યો કરીને મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વતન છોડી મુંબઈ આવેલા કચ્છીઓ કાંઈક આશા અરમાન સાથે આવ્યા છે ત્યારે તેમને રહેવાની સુવિધા આપીને ફાઉન્ડેશને મોટું કામ કર્યું છે અને એમાં સહભાગી થવા બદલ પરિવાર વતી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે કચ્છી જૈન ફાઉન્ડેશનના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી વસંત ગલિયાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે મુંબઈમાં પોતાનું ઘર નહીં ધરાવતા ૪૫૦૦ જેટલા પરિવારોની અરજીઓ આવી છે. તેમાંથી નાલાસોપારા અમરસન્સ નગરમાં ૧૨૨; અંબરનાથ પુનિતનગરમાં - ૪૯, નાલાસોપારા એમ.આર.સી.સી. પાર્કમાં ૫૯, નાલાસોપારા અને અંબરનાથના અન્ય પ્રોજેક્ટમાં ૧૦૩ ફ્લેટ એમ ૩૨૩ ફ્લેટનો કબજો લાભાર્થીઓને અપાઈ ગયો છે. બધા જરૂરતમંદ પરિવારોને જો સમાજનો આવો જબરદસ્ત પ્રતિસાદ મળશે તો ફ્લેટ આપવાની મજબૂત શક્યતાઓ ઊભી થશે.

આ કાર્યક્રમમાં અતિથિપદે સર્વશ્રી ચંદ્રકાંતભાઈ દામજી શાહ, રમણભાઈ હીરજી મારુ, નવીનભાઈ ઉમરશી ગંગર, નવીનભાઈ કે. શાહ, હીરજીભાઈ મોરારજી, નવીનભાઈ ગડા, ચંપકભાઈ છેડા, નરેન્દ્રભાઈ હરિયા, શાંતિલાલ ફુરિયા, નવીનભાઈ છેડા, વીરેન્દ્રભાઈ ગાલા, અશોકભાઈ છાડવા, નરેશભાઈ છેડા, પીયૂષ છેડા, મનોજ ગડા, વિજય ગાલા, કમલેશ ગલિયા, બિપીનભાઈ વીરા, ગિરીશ દેઢિયા, ઝવેરચંદ ગડા, ધીરજભાઈ શાહ, મણિલાલ વીરા અને નવીનભાઈ મારૂના હસ્તે ડ્રો થયો હતો. જ્યારે આ પહેલાં શ્રી રત્નાકર અને નવનીત પરિવારના હસ્તે ડ્રો કરાયો હતો.

*ધનથી સદ્‌ગુણ ન મળે, પણ જો સદ્‌ગુણ હોય તો જ ધન મળે.*

સમારોહનું સરળ સંચાલન શ્રી કલ્યાણજી સાવલાએ કર્યું હતું. ફાઉન્ડેશનના સર્વશ્રી ચંદ્રકાંત ગોગરી, રમણિકલાલ દેઢિયા, દીપક ભેદા, વસંત ગલિયા, પીયૂષ શાહ, મહેન્દ્ર રતનશી સંગોઈ, દાતાશ્રી દામજીભાઈ એંકરવાલા, જાદવજીભાઈ એંકરવાલા, મૂલચંદ લખમશી, રાયચંદ ધરમશી, ગિરીશ ભેદા, અનિલ ગોસર, મીઠુંબાપા, કિશોર છેડા, વિશનજીભાઈ મારુ, ભરત ગાલા ઉપરાંત શ્રી શાંતિભાઈ મેકોની, વાગડ સમાજના અગ્રણી શ્રી પ્રેમજીભાઈ પુંજા નીસર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે હેતલ આર્ટના શ્રી મહેશભાઈ નાનજી શાહના સહયોગથી સંસ્થાએ તૈયાર કરેલ ઓડિયો વિઝ્યુઅલ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ ફિલ્મમાં દર્શાવેલ આવાસ સમસ્યાનો હૃદયદ્રાવક વાસ્તવિક ચિતાર જોઈ ઉપસ્થિત દાતાઓએ દાનની ગંગા વહેવડાવી હતી અને માતબર રકમ એકત્ર થઈ હતી.

**નવનીત પરિવાર તથા શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના આમંત્રણને માન આપી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડા આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા અને શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની "આવાસ યોજના"ના ઉમદા કાર્યમાં રૂા. ૧૧.૦૦ લાખના ડોનેશનની જાહેરાત કરી અમદાવાદના જૈન સમાજે પણ આ કાર્યમાં પોતાનો સાથ પૂરાવેલ હતો.**

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજ

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંચાલિત 'અમરસન્સ ભવન'ના નવનિર્માણનું કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આ કાર્ય માટે સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ દાતાઓ સમક્ષ અપીલ કરતાં રૂા. ૪૦ લાખના દાનના વચનો તથા તેની રકમના ચેકો મળતા થયા છે.

શ્રી લાલજી વેલજી એન્કરવાલા પરિવાર તરફથી શ્રી જાદવજીભાઈ એંકરવાલાએ સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાને રૂા. ૩ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે એંકરવાલા પરિવાર તરફથી માવિત્ર આશીર્વાદ યોજના માટે પણ અગાઉ માતબર દાન આપવામાં આવેલ અને ૫૨-૪૨ ગામોમાં ક.વી.ઓ. પરિવાર માટેના વડીલો માટેની આ યોજનામાં ૧૦૦ જેટલા વડીલો ઘેર બેઠા રાહત મેળવી રહ્યા છે.

## સૌરાષ્ટ્ર કચ્છી જૈન સેવા સમાજ - રાજકોટ

સૌરાષ્ટ્ર કચ્છી જૈન સેવા સમાજની એક મિટિંગ રવિવાર, તા. ૨૯-૮-૨૦૧૦ના રાજકોટ ખાતે મળનાર હતી પરંતુ કેટલાક કારણોસર તેને મુલતવી રાખવામાં આવેલ હતી. પણ તે જ દિવસે રવિવાર, તા. ૨૯-૮-૨૦૧૦ના રાજકોટ ખાતે રાજકોટ સ્થિત કચ્છી જૈનોની એક મિટિંગ મળેલ હતી કે જ્યારે અલગ અલગ વિભાગના ૪૦ જેટલા કચ્છી જૈનો ઉપસ્થિત રહેલ હતા.

આ મિટિંગમાં સૌપ્રથમ રાજકોટ શહેરમાં વસવાટ કરતા કચ્છી જૈનોને એકત્રિત કરી એક સુવ્યવસ્થિત સંગઠન બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. હાથ પર લઈ શકાય તેવા અનેક સામાજિક કાર્યોની પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

ત્યારબાદ નજદીકના ભવિષ્યમાં સમગ્ર સૌરાષ્ટ્રના કચ્છી જૈનોને એકત્રિત કરી "સૌરાષ્ટ્ર કચ્છી જૈન સેવા સમાજ"ની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

રાજકોટ શહેરમાં વસવાટ કરતા કચ્છી જૈનોને એકત્રિત કરવાનો આ પ્રથમ પ્રયાસ હોવાથી સહુમાં ઉત્સાહ અનેરો હતો. આ સમયે શ્રી જિતુભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ મોમાયા વગેરેએ સારું એવું માર્ગદર્શન પૂરું પાડેલ હતું.

આવતા દિવસોમાં સંગઠિત સમાજની રચના તરફના હકારાત્મક પ્રતિભાવોની સહુએ નોંધ લીધેલ હતી.

## બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ

### *અમેરિકામાં હેમરાજ શાહને 'ગ્લોબલ ગુજરાતી' ઍવૉર્ડ એનાયત*

હેમરાજ શાહે ગુજરાતી ભાષાનું ભવિષ્ય, માતૃભાષામાં શિક્ષણ શા માટે જરૂરી અને વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી શા માટે? અને કઈ રીતે? એ ત્રણ પુસ્તકનું સંપાદન કરી ગુજરાતી ભાષાના સંવર્ધન માટે કાર્ય કરવા બદલ તેમને 'ગ્લોબલ ગુજરાતી' ઍવૉર્ડ અમેરિકામાં એનાયત કરાયો હતો.

હેમરાજ શાહ વિશ્વ ગુજરાતી સમાજના ઉપાધ્યક્ષ અને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ છે. તેઓ લેખક, જયેષ્ટ પત્રકાર અને ક્રિયાશીલ કાર્યકર્તા હોઈ મુંબઈ શહેરની સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. છેલ્લા ૩૦ વર્ષથી દૈનિક અખબારમાં કટાર લેખન કરતા હેમરાજ શાહે ૨૨ જેટલા પુસ્તકો પણ લખ્યાં છે.

## શ્રી કચ્છી જૈન સાહેલી વૃંદ - વડોદરા

તા. ૨૨-૮-૨૦૧૦ને રવિવારના રોજ વિના મૂલ્યે હૃદયરોગ ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં સંઘના ૮૦થી ૯૦ કુટુંબોએ લાભ લીધેલ હતો. એ રીતે તા. ૩-૧૦-૧૦ રવિવારના દંત ચિકિત્સા શિબિરનું આયોજન પણ કરવામાં આવેલ છે.

## શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર - ૨૦૧૦

મુંબઈ, કચ્છ અને દેશાવરમાં વસતા કચ્છનાં મૂળ વતની એવા સાહિત્યકારોને તેમની સાહિત્ય સર્જનની પ્રવૃત્તિમાં ઉત્તેજન આપવાના ઉદ્દેશથી 'શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર - ૨૦૧૦'ના પારિતોષિક સંદર્ભે કચ્છી ભાષામાં પ્રગટ થયેલા પુસ્તકો પુરસ્કૃત કરવા માટે જાન્યુઆરી-૨૦૦૯થી ડિસેમ્બર-૨૦૦૯ વચ્ચે પ્રગટ થયેલા કચ્છી પુસ્તકો (ગદ્ય - પદ્ય)ના સર્જકોને એમની કૃતિની બે પ્રત અરજી સાથે નીચે જણાવેલ સરનામે મોકલવા વિનંતી. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ શનિવાર તા. ૩૦-૧૦-૨૦૧૦ રાખવામાં આવેલ છે.

**ડૉ. વિશન નાગડા,**
કોસ્મો હાઉસ, ટી.પી.એસ., ૫, કલીકુંડ જૈન મંદિરની પાસે,
રોડ નં.-૨, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૫.
વધુ વિગત માટે સંપર્ક : (૦૨૨) ૨૬૬૭૩૦૫૫

## ગીતાબહેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ

### માદરે વતન કચ્છના વતનીઓ જોગ

જય અહિંસા સાથે જણાવવાનું કે ગૌરક્ષક ગીતાબહેન રાંભિયા પરિવાર દ્વારા કચ્છ એક્સપ્રેસ તથા સયાજી એક્સપ્રેસમાં કચ્છથી મુંબઈ અને મુંબઈથી કચ્છ જતા કચ્છી યાત્રિકોને ડૉક્ટરની પ્રાથમિક સારવારની જરૂર હોય તો ગીતાબહેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ સંસ્થાને ટેલિફોન દ્વારા એક કલાક પહેલાં જાણ કરવામાં આવશે તો અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર ડૉક્ટર દ્વારા પ્રાથમિક સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

આ સેવાનો લાભ લેનારે આ સંસ્થાને એક કલાક પહેલાં પોતાનો મોબાઈલ નંબર / ડબ્બા નંબર / સીટ નંબર અને નામ જણાવવા નમ્ર વિનંતી છે. જેથી આ સારવાર તાત્કાલિક મળી રહે.

સંસ્થાના ટેલિફોન નંબર નીચે જણાવ્યા મુજબના છે. આ સેવા ૨૪ કલાક ચાલુ છે.

ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ઓગસ્ટ-૨૦૧૦ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. પરમવીર ચક્ર. બાના ટોપ (પાના-૨૯)
૨. ૧૧ જુલાઈ. કેરળ અને તામિલનાડુ (પાના : ૩૨-૩૩)
૩. જ્ઞાનપીઠ ઍવૉર્ડ ડૉ. નેલ્સન મંડેલા.
બિરસા મુંડાના જીવન સંઘર્ષની કથા (પાના-૬૯)
૪. શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં, તેમાં કચ્છની કલા કારીગરી, કચ્છનું પુરાતત્ત્વ, કચ્છની સંસ્કૃતિનો સમાવેશ કરવો. (પાના-૧૨૧)
૫. (લીમડાનું) લીંબોડીનું. (પાના-૧૦૮)
૬. મધર ટેરેસા (પાના-૬૨)
૭. પાના નં.-૮૩

*ઓગસ્ટ-૨૦૧૦ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૨. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૩. ઝરણા એચ. પારેખ - અમદાવાદ
૪. શ્રીમતી મધુરી આર. ગોસર - અમદાવાદ
૫. રમણિકભાઈ ગોસર - અમદાવાદ
૬. શ્રીમતી મીનાક્ષી આર. પારેખ - અમદાવાદ
૭. શ્રીમતી નેહા ભાવેશ પારેખ - અમદાવાદ
૮. શ્રીમતી વર્ષાબહેન પારેખ - અમદાવાદ
૯. કુ. મૈત્રી જયેશભાઈ શાહ - અમદાવાદ
૧૦. ભારતીબહેન એસ. જૈની - અમદાવાદ
૧૧. જાગૃતિ એ. જૈની - અમદાવાદ
૧૨. અલકા એ. સંઘવી - અમદાવાદ
૧૩. કામિની એસ. શેઠ - અમદાવાદ
૧૪. કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૧૫. મીનાક્ષી એ. માંકડ - અમદાવાદ
૧૬. નયના એ. ગાલા - અમદાવાદ
૧૭. દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૧૮. મૈત્રી કપિલ શાહ - અમદાવાદ
૧૯. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૨૦. જ્યોત્સના અરવિંદ શાહ - અમદાવાદ
૨૧. વિનોદ કે. મોરબિયા - મુંદ્રા
૨૨. અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ

★

માસ જુલાઈ-૨૦૧૦ના પ્રશ્નોના જવાબ આપનારની ૧ ભૂલની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

૧. જ્યોત્સનાબહેન શાહ - અમદાવાદ
૨. દક્ષાબહેન ધનસુખભાઈ શાહ - અમદાવાદ
૩. કામિનીબહેન શેઠ - અમદાવાદ
૪. લીલાધર લખમશી વિસરિયા - બાડા, કચ્છ
૫. પદમણી મહેન્દ્ર ગોસર - વડોદરા
૬. અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૭. જયચંદ માણેકજી લોડાયા - ગદગ

બધાએ પ્રશ્ન-૪નો જવાબ અધૂરો આપેલો છે. આપ સહુ દરેક વખત ખૂબ સારા પ્રયત્નો કરો છો અને મહેનત લઈને જવાબ મોકલાવો છો. બધાને ખૂબ ખૂબ ધન્યવાદ. હવેથી પ્રશ્નો બરાબર વાંચજો. ઘણી વખત એક જ પ્રશ્નમાં બે-ત્રણ જવાબો આપવાના હોય છે.

★

**★ માસ સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. પ્રકૃતિની સમતુલા બગાડવામાં જવાબદાર કોણ? એના બે થી ત્રણ કારણો જણાવો.
૨. પંક્તિ પૂરી કરો. ‘‘આપ સમા મૈત્રી... ભીતરી સ્નેહથી માપો.’’
૩. કેન્દ્ર સરકારે કોની સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનર તરીકેની નિમણૂક કરી છે?
૪. માણસ ચંદ્ર સુધી પહોંચી ગયો છે પરંતુ માણસ માણસથી દૂર થયો છે. કઈ રીતે? લેખકનો અભિપ્રાય આપો.
૫. બહેન મિત્તલ સમાજસેવાનું કામ કઈ જાતિઓ માટે કરે છે?
૬. ‘માહી મચ્છી’ કોને કહે છે? તેનો વસવાટ ક્યાં છે? એના રક્ષણ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે?
૭. ‘સમણસૂત્ર’ ગ્રંથનું પ્રકાશન કોણે કર્યું હતું? કઈ સાલમાં? કોની પ્રેરણાથી?

***નોંધ : જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૧૦-૨૦૧૦ છે. ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે.***

***જવાબો મોકલવાનું સરનામુ :***
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

***સહકાર બદલ ધન્યવાદ.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

## મા-બાપ સાથેનું ઉચિત આચરણ

મા-બાપ સાથેનું ઉચિત આચરણ કોને કહેવાય? મા-બાપે સંતાનને આ દેહ આપીને દ્રવ્ય જીવન આપ્યું. જો સંતાન તેમને ધર્મ પમાડી શકે તો તેણે તેમને ભાવ જીવન આપ્યું કહેવાય. દિવસની શરૂઆત તેમના પગમાં માથું મૂકીને કરો. માતા-પિતાની સેવાના બદલામાં કોઈપણ અપેક્ષા રાખવાની નથી. પગાર મજૂરીનો હોય, વાત્સલ્યનો નહીં. આપણી કોઈ પણ પ્રવૃત્તિથી મા-બાપને સંતાપ ન થાય તેની નિરંતર કાળજી રાખવી જરૂરી છે. કોઈ પણ કાર્ય કરવું હોય તો મા-બાપને પૂછીને જ કરવું. જે કાંઈ કમાણી થાય તે મા-બાપને ચરણે મૂકવી. મા-બાપના મૃત્યુ બાદ તેમની જે પણ સંપત્તિ હોય તે તીર્થમાં વાપરી નાંખવી વગેરે ઉચિત આચરણ કરવાથી સંતાનોનો આત્મવિકાસ થાય છે.

***પ્રેષક : પ્રભુલાલ સંઘવી***

*ગમે તેવી ખરાબ પરિસ્થિતિમાં પણ હિંમત ન હારવી.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*સપ્ટેમ્બર-૨૦૧૦ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- ગોવિંદ વી. ખોખાણી — માધાપર, કચ્છ

### આજીવન

- મુકુંદ વિશનજી શાહ — માધાપર, કચ્છ

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- ભૂપેન્દ્રભાઈ યુ. શાહ — ધમતરી (છત્તીસગઢ)
- વસંતલાલ ડી. ઝોતા — માટુંગા, મુંબઈ
- નીલેશ રતિલાલ છેડા — મણિનગર, અમદાવાદ
- સમીર શશીકાંત શાહ — રાજકોટ
- મહેન્દ્રસિંહ નથુભા જાડેજા — ગાંધીધામ, કચ્છ
- શરદભાઈ એમ. ઝાલા — આદિપુર, કચ્છ
- ચેતન જયસુખ મહેતા — રાપર, કચ્છ
- કમલ એ. શાહ — કોલકત્તા (પ.બંગાળ)
- અલ્પેશ અશોકકુમાર મહેતા — ગાંધીધામ, કચ્છ
- પીયૂષ ચીમનલાલ મોમાયા — યવતમાલ, મહારાષ્ટ્ર
- તીર્થસ્વરુપ પુણ્યધામ ચેરિટેબલ ટ્રસ્ટ — હૈદ્રાબાદ
- જવાહરલાલ એમ. સંઘવી — ભુજ

### ૩ વર્ષનું લવાજમ

- હર્ષદ શાંતિલાલ નાગડા — વડોદરા
- વલ્લભજી નરશી નાગડા — વડોદરા
- કેતન પ્રેમજી ગાલા — વડોદરા
- મહેન્દ્ર મગનલાલ છેડા — વડોદરા
- કાંતિલાલ કલ્યાણજી ગડા — વડોદરા
- કિશોર શામજી કારાણી — વડોદરા

### ૫ વર્ષનું લવાજમ

- ભરત ગોરધનદાસ પટવા — સુરત
- લહેરચંદ નેમચંદ મહેતા — સુરત
- સતીષ સૌભાગ્યચંદ વોરા — સુરત
- ભરતભાઈ ધનજી વોરા — સુરત
- અશોક હીરાચંદ સંઘવી — સુરત
- ગિરીશ કેવલદાસ ગાંધી — સુરત

### આજીવન

- ગિરીશભાઈ શાહ — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ
- અનિલ એલ. શાહ — ચુનાભટ્ઠી (ઈસ્ટ), મુંબઈ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧) શ્રી ભરત ભાવસાર - ભુજ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૧. | અરમાન | છગનલાલ ભાવસાર |
| ૨. | અબોલ પ્રીત | છગનલાલ ભાવસાર |
| **(૨) શ્રી મણિલાલ કે. છેડા - મુંબઈ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૩. | ભવોદધિ | આ. દેવશ્રી કૈલાસસાગરસૂરિશ્વરજી |
| ૪. | યોગ મટાડે રોગ (ભાગ-૩) | વૈદ્ય વજુભાઈ વ્યાસ |
| **(૩) ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્ર મહારાજ 'ચિન્મય' તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૫. | Rays of Light | કવિ 'તેજ' |
| **(૪) ભોગીલાલ પ્રેમચંદ શાહ, બુકસેલ્ફ - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૬. | સંભારણું | સી. એચ. રાવલ |
| ૭. | સફળતા | સુરેશ પ્રજાપતિ |
| ૮. | એક અનોખી આશા | સુરેશ પ્રજાપતિ |
| ૯. | દોસ્તી | રાજ ભાસ્કર |
| ૧૦. | વિદ્યાર્થી એટલે VVIP | અરુણ યાર્દી |
| ૧૧. | ભાઈ-બહેન | રાજ ભાસ્કર |
| ૧૨. | સ્મિત | રાજ ભાસ્કર |
| ૧૩. | સુખ | રાજ ભાસ્કર |
| ૧૪. | મૃત્યુ - Death | રાજ ભાસ્કર |
| ૧૫. | જીવન | રાજ ભાસ્કર |
| ૧૬. | લગ્ન | રાજ ભાસ્કર |
| ૧૭. | દુઃખ | રાજ ભાસ્કર |
| ૧૮. | પહેલું વંદન પિતાજી તમને | રાજ ભાસ્કર |
| **(૫) ગૂર્જર પ્રકાશન - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | | |
| ૧૯. | ન્હાનાલાલનાં શ્રેષ્ઠ કાવ્યો | કવિ ન્હાનાલાલ |
| ૨૦. | અંતરના ઈન્દ્રધનુષ | દિનેશ પંચાલ |
| ૨૧. | તારા જ કારણે | કલ્પના જિતેન્દ્ર |
| **(૬) શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ તરફથી ભેટ મળેલ પુસ્તકો** | | |
| ૨૨. | સંકર ગાય | વેણીશંકર મુરારજી વાસુ |
| ૨૩. | ગો સંવર્ધન | વેણીશંકર મુરારજી વાસુ |
| ૨૪. | પશુ વિનાશથી પ્રજા વિનાશ | વેણીશંકર મુરારજી વાસુ |
| ૨૫. | શ્રી જૈન શાસન સંસ્થા | પંડિત શ્રી પ્રભુદાસ બી. પરીખ |
| ૨૬. | સ્યાદ્વાદ અને સર્વજ્ઞતા | પંડિત શ્રી પ્રભુદાસ બી. પરીખ |
| ૨૭. | કર્તવ્ય દિશા | પંડિત શ્રી પ્રભુદાસ બી. પરીખ |
| ૨૮. | ભારતના નવા બંધારણમાં પવિત્રતા? | પંડિત શ્રી પ્રભુદાસ બી. પરીખ |
| ૨૯. | વિકાસના ખંડિયેરો | વુલ્ફગાંગ ઝેક્સ |
| ૩૦. | સહુને સારું અને સાચું સૂઝો | સ્વ.પૂ.શ્રી માનતુંગસૂરીશ્વરજી |
| ૩૧. | સ્વામી વિવેકાનંદ | શ્રી રામકૃષ્ણ આશ્રમ - રાજકોટ |
| ૩૨. | ગાંધી વિચારસમીક્ષા | મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી |
| ૩૩. | શું આજે પણ પરદેશી ગુલામી? | વેણીશંકર મુરારજી વાસ |
| ૩૪. | રાસાયણિક ખાતર મોતનો વરસાદ | વેણીશંકર મુરારજી વાસુ |
| ૩૫. | છાણ | વેણીશંકર મુરારજી વાસુ |
| ૩૬. | દાનનો પ્રવાહ બદલો | વેણીશંકર મુરારજી વાસુ |
| ૩૭. | આપણું ગામ ગોકુળ ધામ | પંડિત પ્રભુદાસ બી. પરીખ |
| ૩૮. | રાજ જયંતી વ્યાખ્યાનો | મનસુખલાલ રવજી મહેતા |
| ૩૯. | સાધર્મિક મારી દૃષ્ટિએ | શ્રી વિજયભુવનભાનુ સૂરીશ્વરજી |
| ૪૦. | વીસ મહત્ત્વના આધ્યાત્મિક સૂચનો | સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ |
| ૪૧. | જીવન દર્પણ | જયેન્દ્ર લા.શા. |
| ૪૨. | જૈન ધર્મ કી એક ઝલક | રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ |
| ૪૩. | તરુણાઈના ખરા મરમી | યોગીજી મહારાજ |
| ૪૪. | "બહુરત્ના વસુંધરા" | ગણી મહોદયસાગર |
| ૪૫. | આંધી આવી રહી છે | મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી |
| ૪૬. | પ્રભુમય જીવન | |
| ૪૭. | ક્રાંતિબીજ | આચાર્યશ્રી રજનીશ |
| ૪૮. | સહુના સુખમાં મારું સુખ | મુનિશ્રી જિનચંદ્રવિજયજી |
| ૪૯. | પર્યુષણ પર્વનો પ્રાણ 'ક્ષમાપના' | મુનિશ્રી જિનચંદ્રવિજયજી |
| ૫૦. | વૈરાગ્ય પ્રાપ્તિ | શ્રી સ્વામી શિવાનંદ |
| ૫૧. | શરણાગતિ | ચંદ્રશેખરવિજયજી |
| ૫૨. | કતિયું | કવિ 'તેજ' |
| ૫૩. | ધર્ધજી વાણી | કવિ 'તેજ' |
| ૫૪. | આત્મદર્શન | કે.પી. શાહ |
| ૫૫. | ટીટોડી ટહુંકા કરે | કવિ 'તેજ' |
| ૫૬. | તેજ જો અવાજ | કવિ 'તેજ' |
| ૫૭. | શિવામ્બુને જાણો | વૈદ્ય ચીમનભાઈ શાહ |
| ૫૮. | સ્વયંસિદ્ધિ | ડૉ. મોહનભાઈ પંચાલ |
| ૫૯. | જીવન સુગંધ | ડૉ. ધ.રા. ગાલા 'ધનલાલ' |
| ૬૦. | ચિનગારી | ડૉ. મહેશભાઈ કિનખાબવાલા |

*ગુસ્સો હંમેશાં જીવનમાં સર્વનાશ જ લાવે છે.*

## પુસ્તક પરિચય

## 'Rays of Light'

*'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં '' પુસ્તકનો રીવ્યુ શ્રી હંસરાજભાઈ કંસારાએ અંગ્રેજીમાં આપેલ હતો. આ અંકમાં આજ પુસ્તકનો રીવ્યુ શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયાએ પોતાની કોલમથી લખીને ગુજરાતીમાં આપેલ છે. વાચક વર્ગ બંને રીવ્યુની મજા માણી શકે તે હેતુથી આ રીવ્યુ પણ પ્રસારિત કરવામાં આવેલ છે.*

***– મુખ્યતંત્રી***

Poems by Kutchi Kavi 'Tej' translated by Pujya Upadhyay Shree Bhuvanchandra Maharaj "Chinmay"

કચ્છી ભાષા સાહિત્ય - પદ્ય સાહિત્ય ક્ષેત્રે કચ્છના લોકપ્રિય કવિશ્રી 'તેજ'નું મહાન યોગદાન છે. એમના ઘણા કાવ્યસંગ્રહો સમયાંતરે પ્રકાશિત થયા છે. તેમજ પૂજ્ય મહોપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબની પ્રેરણાથી 'તેજવાણી' નામક ગ્રંથમાં શ્રી તેજની સમગ્ર કવિતાઓનું સંકલન કરવામાં આવ્યું છે. પૂજ્ય મહોપાધ્યાયશ્રીની દૃષ્ટિએ 'તેજ'ની કવિતાઓમાં પ્રકૃતિ દર્શન ઉપરાંત માનવ જીવનની વિધવિધ સંવેદનાઓની સચોટ અભિવ્યક્તિ છે. શ્રી તેજના કાવ્યો માર્મિક છે અને હૃદયને ઉલ્લાસિત કરે તેવા છે અને કચ્છી ભાષાના તેજોમય લીસોટા પણ વરતાય છે.

'તેજવાણી'ના સંકલન દરમ્યાન જ પૂ.મહોપાધ્યાયશ્રીની એવી હાર્દિક ભાવના હતી કે 'તેજ'ના કાવ્ય માત્ર કચ્છીઓ કે કચ્છી કાવ્યરસિકો પૂરતો સીમિત ન રહેવો જોઈએ પણ વિશાળ કાવ્યરસિક જનસમુદાય પાસે પહોંચવો જોઈએ અને આ ત્યારે જ થાય જો તે કાવ્યોનો અન્ય ભાષામાં અનુવાદ કરવામાં આવે અને પૂજ્યશ્રીએ આ વિચારને અમલમાં મૂકી કેટલાક ચૂંટેલા કાવ્યોનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કર્યો અને આપણને સાંપડી આ નાનકડી પુસ્તિકા. આ પુસ્તિકામાં ૨૩ કચ્છી કાવ્યોનો અંગ્રેજી અનુવાદ આપવામાં આવ્યો છે.

શ્રી 'તેજ'ની ક્ચ્છી કવિતાઓ માર્મિક ભાવસભર હોય છે અને એ જ ભાવ અંગ્રેજી ભાષામાં ઉપજાવવામાં પૂજ્ય ઉપાધ્યાયશ્રીનો બંને ભાષાઓનું ગહન જ્ઞાન અહીં ઊડીને આંખે વળગે એવું છે.

આ પુસ્તકની પ્રસ્તાવના કચ્છ યુનિ.ના પૂર્વ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરે લખી છે અને ડૉ. ગોરે પૂ. ઉપાધ્યાયશ્રીજીને તેજના કચ્છી કાવ્યોના અનુવાદ આપવાની પહેલ કરવા બદલ અભિનંદન આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ પ્રયાસ સમૃદ્ધ કચ્છી ભાષા સાહિત્યના વૈશ્વિક વ્યાપ માટે પ્રેરક અને પથદર્શક બની રહેશે.

આ ઉપરાંત શ્રી પ્રભાશંકર ફડકેએ પણ કવિ તેજનો વિશિષ્ટ પરિચય આપી હયાત કચ્છી ભાષાના કાવ્ય સર્જકોમાં શ્રેષ્ઠતમ ગણાવ્યા છે.

'ડાય' ડહાપણ - Wisdom કાવ્ય અંતર્ગત કવિ તેજ કહે છેઃ

***કરે તેર વિચારે નતો પોય પાપ ધૂએ***
***જગત જે જીવેં મેં તેજ ચેં હિકડો માડૂ હુએ.***

*Man does not hesitate to do wrong*
*But afterwords, to mend it, he tries*
*of all animals that here throng*
*Man is the only being who cries.*

***ઊ ડા એ કેડે કમજા જુકો ખિલી ન સગેં***
***તેં કનાં તા ચરેઆ ખાસા જુકો ખિલંધા તા રેં.***

*Useless are the sanes who cannot smile*
*Better are the insanes who giggle all the while.*

અનુવાદક શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબ પાર્શ્વચંદ્રગચ્છીય પૂ.મુનિરાજ શ્રી પ્રીતિચંદ્રજીના શિષ્ય અને તેમની દીક્ષાવિધિ આગમપ્રભાકર પ.પૂ.શ્રી પુણ્યવિજયજી મ.સા.ને હસ્તે સંપન્ન થઈ હતી.

પરંપરાગત વિષયોના અભ્યાસ ઉપરાંત આધુનિક સાહિત્યમાં પણ સક્રિય રસ અને રુચિ ધરાવતા ઉપાધ્યાયશ્રીને ઈતિહાસ, મનોવિજ્ઞાન, કવિતા, સંસ્કૃત - પ્રાકૃત તથા મધ્યકાલીન ગુજરાતી ભાષાનો સંશોધનાત્મક અભ્યાસ તેમનો સતત ચાલતો જ રહે છે.

સમણસુતંનો ગુજરાતી અનુવાદ મંડલાચાર્ય શ્રી કુશલચંદજી ગણિવર, વિનોદવલોણું, દિલમાં દીવો કરો, દૃષ્ટાંત દર્પણ, ધર્મક્ષેત્રનું અંતરંગ ઓડિટ, શ્રાવકનો નિત્યક્રમ વગેરે પુસ્તકો તેમની બહુમુખી સાહિત્ય પ્રવૃત્તિનો પરિચય આપે છે.

શાંત - તેજસ્વી ઉપાધ્યાયશ્રી સહજ, સરળ અને એકાંતપ્રિય છે. વિપશ્યના સાધનાના સંન્નિષ્ઠ અભ્યાસી અને અનુભવી છે. વૈચારિક ઉદારતાનું વલણ ધરાવતા હોવાથી સંપ્રદાયમાં રહેવા છતાં અસાંપ્રદાયિક બની રહેવાનો વિકલ્પ પસંદ કરે છે. સુપ્રસિદ્ધ ચિંતક - સાધક, અધ્યાત્મમૂર્તિ પ.પૂ.મુનિવર શ્રી અમરેન્દ્રવિજયજી મ.સા.ના નિકટ સાનિધ્યમાં રહી ચૂકેલા હોવાથી ગચ્છ સંપ્રદાયની માયાજાળ બહુ સ્પર્શતી નથી.

તેમના સત્સંગમાં જિજ્ઞાસુને શાંતિ અને શીતળતાનો અનુભવ થાય છે. જૈન શાસ્ત્ર ગ્રંથો ઉપરાંત આધુનિક દર્શન વિચારધારાઓનો સંપર્ક રાખી અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોનો સારગ્રાહી ગુણગ્રાહી દૃષ્ટિથી ખુલ્લા દિલે સ્વાધ્યાય કરવામાં સદા નિમગ્ન રહે છે.

આવા બહુમુખી પ્રતિભા ધરાવનાર પૂ.ઉપાધ્યાયશ્રીએ જ્યારે અંગ્રેજી અનુવાદમાં ઝંપલાવ્યું છે ત્યારે વાચક વર્ગને અવશ્ય લાભ જ થવાનો.

***ગુલાબચંદ ધારશી રાંભિયા***

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. બ્રેટ ફેવર નામનો અમેરિકન ફૂટબોલ ખેલાડી છે. એ એકમાત્ર એવો ખેલાડી છે, જેની ટીમ ક્યારેક ને ક્યારેક તો ફૂટબોલ લીગની બત્રીસેય ટીમ સામે એકાદ વખત તો જીતી જ છે.

૨. રોમન બાદશાહ નીરોના શાસનકાળ દરમિયાન ઇ.સ. ૫૪થી ૬૮માં દુનિયાની સૌથી પહેલી ફરતી હોટલ બાંધવામાં આવી હતી. નીરોએ બેન્કવેટ હોલના રૂપમાં આવી હોટલ મહેમાનોની આગતા સ્વાગતા માટે બાંધી હતી.

૩. અમેરિકન ગોલ્ડન ગેટ બ્રિજને ટટ્ટાર ઊભો રાખવા માટે (૮૦,૦૦૦) એંસી હજાર માઈલ લાંબા સ્ટીલના વાયરથી એને બાંધી રાખવામાં આવ્યો છે. આટલા વાયરને જમીન પર પાથરી દેવામાં આવે તો પૃથ્વી ફરતા ચકરડાં થાય.

૪. ઓક્ટોબર-૧૯૯૮માં કોંગોમાં રમાયેલી એક ફૂટબોલ મેચ દરમિયાન વીજળી પડી તો તેમાં એક ટીમના તમામ ૧૧ ખેલાડી માર્યા ગયા હતા. પણ બીજી ટીમના બધા જ ૧૧ ખેલાડી આબાદ બચી ગયા હતા!

૫. કરોળિયાની દાણચોરી કરતા કોઈ પકડાયું હોય એવો દુનિયાનો પહેલો કિસ્સો નવેમ્બર-૨૦૦૯માં બ્રાઝિલના રિયો-ડી-જાનેરિયો શહેરમાં બન્યો હતો. એ દિવસે પોલીસે એક શખ્સને એક હજાર અલભ્ય કરોળિયાને દેશ બહાર દાણચોરી (સ્મગ્લિંગ)થી મોકલતાં રંગે હાથ પકડ્યો હતો.

૬.
- માણસની ચામડીનું સરેરાશ ક્ષેત્રફળ લગભગ બે ચોરસ મીટર જેટલું હોય છે અને ચામડીનું વજન શરીરના વજનના ૧૫ ટકા હોય છે.
- માણસના શરીરના તમામ હાડકાંનું વજન શરીરના વજનના ૧૪ ટકા હોય છે.
- માણસના મગજનું સરેરાશ વજન ૧.૪ કિગ્રા. જેટલું હોય છે.
- માણસના ફેફસાંનું વજન સરેરાશ ૨૩૪ ગ્રામ જેટલું હોય છે.
- માણસના શરીરનો ૭૦ ટકા ભાગ પાણી રોકે છે.
- માણસનું હૃદય સતત ધબકતું રહેવા છતાં તે થાકતું નથી. સતત ધબકતું હૃદય ચોક્કસ ક્રમથી ધબકે છે. પુખ્ત ઉંમરની વ્યક્તિનું હૃદય સરેરાશ એક મિનિટમાં ૭૫ ધબકારા મારે છે. એટલે કે એક ધબકારામાં ૦.૮ સેકન્ડ લાગે છે.
- માણસના શરીરમાં રહેતી તમામ માંસપેશીઓમાં ફક્ત જીભ જ એવી માંસપેશી છે જે બંને છેડે બંધાયેલી છે.

૭. પૃથ્વી પર લગભગ ૧૫૦૦ જેટલા સક્રિય જ્વાળામુખી છે જે સમયાંતરે ફાટ્યા કરે છે.

૮. એક સૌથી મોટી ઐતિહાસિક હોનારતમાં ૧૮૧૫માં ઈન્ડોનેશિયાનો માઉન્ટ તમ્બોરા જ્વાળામુખી ફાટ્યો ત્યારે એક લાખ લોકોનો ભોગ લેવાયો હતો.

૯. વિશ્વનો સૌથી મોટો જ્વાળામુખી હવાઈ ટાપુ પરનો માઉના લોયા છે. તે સમુદ્રની સપાટીથી ૧૩૦૦૦ ફૂટ ઊંચો છે.

## સ્વિસની બેંકોમાં ભારતીય નાગરિકોના પૈસા

સ્વિસની એક બેંકનો પહેલો પત્ર તા. ૨૨-૫-૨૦૦૮ના ભારત સરકારને મળેલ હતો. એ પત્રમાં જણાવવામાં આવેલ હતું કે અમારી બેંકમાં ભારતના નાગરિકોના રૂા. ૭૦ લાખ કરોડ જમા પડ્યા છે. તમે અમને એક ઓફિશિયલ પત્ર લખીને માહિતી માંગો તો અમે તેની વિગત આપવા તૈયાર છીએ.

સ્વિસમાં આવી ૭૦ બેંકો છે. બધી જ બેંકોના ભારતીયોના ખાતાના પૈસાની ગણના કરવામાં આવે તો એ આંકડો ક્યાં જઈને પહોંચે તેની કલ્પના કરવી અઘરી છે.

આ પૈસા ભારતની જનતાના છે. ભારતની જનતાને લૂંટીને રાજકારણીઓ, બે નંબરના ઉદ્યોગપતિઓ, માફિયાઓ વગેરેએ ત્યાં જમા કરાવેલ છે.

ભાજપ - કોંગ્રેસ બંને પક્ષો આ પ્રકારના પૈસા પાછા લાવવા કોશિશ કરવાનો દાવો કરે છે પરંતુ આજ સુધી જો આ પક્ષો પ્રામાણિકપણે વર્ત્યા હોત તો આ પ્રશ્ન ક્યારનોયે ઉકેલાઈ ગયો હોત! બંને પક્ષના નેતાઓના ઈરાદા આ મામલે શુદ્ધ નથી.

## શબ્દ રમત-પરનો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મુ | તા | બિ | ક | | લો | થ | પો | થ | | ગુ | | કા | વ | ડ |
| | ર | | પ | ર | ચો | | થી | | | લા | લ | ચો | ળ | |
| અ | ણ | કો | ટ | | | ભૂં | | વ | હે | મી | | કું | | ફ |
| | હા | થ | | ક | ક | ડ | ભૂ | સ | | | અ | વા | ચ | ક |
| ગ | ર | મી | | ચ | ર | | | મું | | ભ | મ | રો | | રો |
| ળા | | ર | | રો | ગ | ચા | ળો | | સા | વ | ન | | કાં | |
| ટૂં | કું | | અ | | ર | ગ | | બા | થ | | | આ | ત | શ |
| પો | ત | પ્ર | કા | શ | વું | | ક | દ | | મ | ર | જ | | લ્ય |
| | લ | ચ | ક | | | વે | વિ | શા | ળ | | ઘ | | સ | |
| લા | | લિ | | આ | હ | ટ | | હ | | | વા | દા | વા | દ |
| ભા | ર | ત | | કા | ર | | આ | | ઠો | ઠિ | યું | | દિ | શા |
| લા | વા | | દા | | કો | પ | રા | પા | ક | | | ગા | યું | |
| ભ | લ | મ | ન | સા | ઈ | | મ | ક | ર | | તા | ળો | | સ |
| | ચા | | વી | લ | | દી | | દિ | | ર | વી | | ક | મી |
| કા | લ | | ર | સ | મ | | જ | લ | ન | | જ | લો | દ | ર |


સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૨ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | કિશોર જે. શાહ | - ભુજ | બધા સાચા |
| ૩. | ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૪. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | ૩ ભૂલ |

*આગળ વધવા માટે ઉંમર નહિં, હિંમત જોઈએ.*

## શબ્દ રમત-૫૩

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૧૦-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. મોઢે પાઠ હોવો (૬)
૬. ગાય-બળદની ગરદન નીચે લટકતી જાડી ચામડી (૩)
૮. જન્મ આપનારી માતા (૩)
૧૦. પારકું, બીજું (૨)
૧૧. ઔષધિ ગુણો ધરાવતું એક ખાટું ફળ (૪)
૧૩. નાશ, વિઘ્ન, તૂટવું (૨)
૧૪. પૃથ્વી (૨)
૧૬. મંદિરમાં પૂજા કરનાર પુરુષ (૩)
૧૮. રાંધેલા ચોખા (૨)
૨૦. જમીનની આજુબાજુ કાંટાની આડ (૨)
૨૧. રસ્તો (૩)
૨૩. યાદદાસ્ત, સંભારણું (૪)
૨૪. ઢોર જેવું (૩)
૨૬. દરવાજો (૩)
૨૭. નકશી (૪)
૩૦. નાતવરો, જ્ઞાતિ ભોજન (૫)
૩૩. બદદુવા (૨)
૩૫. મલાઈ, તૃપ્ત (૨)
૩૬. લુચ્ચું, કાબેલ, ઠગ (૨)
૩૭. નિયમ મુજબ (૫)
૪૦. કંડિયો (૪)
૪૨. બિહારના એક ભાગની બોલી (૪)
૪૪. સામર્થ્ય (૨)
૪૫. આટો (૨)
૪૬. બનવાકાળ, સંજોગવશાત્ (૫)
૪૮. રાજા, ફરિયાદ (૧)
૪૯. રગ, રક્તવાહિની (૨)
૫૨. બરાબર વચ્ચે, મધ્યમાં (૪)
૫૫. મજબૂત પકડ, સકંચો (૩)
૫૭. વગોવવું, નિંદા કરવી (૪)
૫૯. અગરબત્તી (૪)
૬૦. ઈરાનનું એક શહેર (૪)
૬૨. જમીનનું દાન (૩)
૬૪. અહીં "નરક" શબ્દ આડોઅવળો છે (૩)
૬૫. આસપાસ, બંને બાજુએ (૬)
૬૯. ખલાસ, સમાપ્ત (૩)
૭૦. .... ઢોકળાં (૩)
૭૧. ફરજ, જુમ્મેદારી (૫)
૭૪. પાસે, નિકટ (૩)
૭૫. ખ્રિસ્તી સાધ્વી (અં.) (૨)
૭૬. દોડવું (અં.) (૨)
૭૭. નદી પાણી વહે એ વિસ્તાર (૫)

### ઊભી ચાવીઓ

૧. મજબૂત મોટરગાડી (અં.) (૨)
૨. પુષ્કળ, પૂરેપૂરું ભરેલું (૪)
૩. નાનો પર્વત (૩)
૪. શરાબનો એક પ્રકાર (અં.) (૨)
૫. શત્રુવટ, દ્વેષ (૨)
૭. મહાભાગ્યશાળી (૪)
૮. પ્રસિદ્ધ, બધે જાણીતું (૫)
૯. એશિયા ખંડમાં આવેલો પ્રદેશ (૪)
૧૨. ગાંધિયારું, મસાલા વગેરે (૪)
૧૫. પ્યાર, વહાલ (૨)
૧૭. ઉજાગરો, જાગૃતિ (૪)
૧૯. રીત, રસ્તો (૩)
૨૧. સંભાળ, સારવાર (૪)
૨૨. ઢગલો, ભંડાર (૩)
૨૫. બોલી, વાચા (૨)
૨૮. શાકભાજી, ભાજીપાલો (૪)
૨૯. દેવું કરવું, કરજે લેવું (૩)
૩૧. સુકલકડી, દુર્બળ (૪)
૩૨. ઘણી વાતો કરવાની ટેવવાળું (૪)
૩૪. વિશ્વાસ, આબરૂ (૩)
૩૮. રાષ્ટ્ર, મુલક (૨)
૩૯. સહેવું, ખમવું (૩)
૪૧. યોગનું અંગ્રેજીકરણ (૨)
૪૨. ઉપભોગ કરવો, સહન કરવું (૪)
૪૩. દીકરાની વહુ (૪)
૪૫. લોઢાને આકર્ષવાના ગુણવાળું (૫)
૪૭. ઈલાજ, ઉપાય, 'પ્રિસ્ક્રિપ્શન' (૩)
૫૦. કજિયાની પતાવટ (૪)
૫૧. ધનવાન, તવંગર (૪)
૫૩. હોંશિયાર, ચંચલ (૩)
૫૪. સાર્થક, ફળવાળું (૪)
૫૬. આકાશમાં જનારું (૫)
૫૮. બેવડું, બે ગણું (અં.) (૩)
૬૧. માળી (૪)
૬૩. કિંમત, મૂલ્ય (૨)
૬૫. સુખચેન, શાંતિ (૩)
૬૬. ગણવું (૩)
૬૭. તમાકુ, છીંકણી (૩)
૬૮. હોઠ (૨)
૬૯. વેચાતું લેવું, ખરીદવું (૩)
૭૨. રમતનો વારો, ... આપવું (૨)
૭૩. પોશાક, પહેરવેશ (૨)

*ક્યારે બોલવું તે તો સૌ કોઈ જાણતા હોય છે પરંતુ ક્યારે ન બોલવું તે બહુ ઓછા લોકો જાણે છે.*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૧૦ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૧૦-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ નવેમ્બર-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**<u>શરતો</u> :**

૧. **૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**
૨. **૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

## ક્રમાંક - ૧૦૧૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૫ | | ૨ | | ૪ |
| | ૨ | ૪ | | ૧ | | ૯ | ૭ | |
| ૮ | | ૯ | ૪ | ૨ | | | | ૧ |
| | | ૨ | ૮ | | ૪ | ૧ | | |
| ૪ | ૭ | | | | ૧ | ૮ | | |
| | | ૮ | ૨ | | | | ૬ | ૭ |
| | ૮ | ૭ | | ૬ | | ૩ | | |
| | ૯ | | | ૪ | ૨ | ૭ | ૮ | |
| ૨ | | ૬ | | ૮ | | ૫ | | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૬ | | | | | | ૧ |
| | | | ૬ | ૫ | ૨ | | ૯ | |
| | ૫ | | | | ૮ | | ૬ | ૪ |
| ૧ | ૮ | | ૪ | | ૩ | | ૭ | ૨ |
| | ૪ | ૩ | | | | ૫ | ૧ | |
| | | | | ૨ | ૧ | | | |
| | | | | ૧ | ૪ | ૭ | | ૩ |
| ૪ | ૩ | | ૨ | | ૭ | | ૮ | ૫ |
| | ૨ | ૯ | | | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૬ | | | | ૪ | ૩ | |
| ૪ | | | | | | | | ૯ |
| ૩ | | ૫ | | ૨ | | ૭ | | ૬ |
| | | | ૬ | | ૯ | | | |
| ૫ | | | | | | | | ૧ |
| | | | ૭ | | ૩ | | | |
| ૬ | | ૨ | | ૩ | | ૫ | | ૮ |
| ૯ | | | | | | | | ૩ |
| | ૩ | ૮ | | | | ૯ | ૪ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | | | ૬ | | |
| | | | ૧ | | | | ૫ | |
| | | ૫ | ૩ | ૮ | | | | ૧ |
| | | | | | ૧ | | | ૨ |
| ૧ | ૩ | | | | | | ૬ | ૮ |
| ૨ | | | ૭ | | | | | |
| ૮ | | | | ૬ | ૨ | ૪ | | |
| | ૭ | | | | ૯ | | | |
| | | ૪ | | | | | | ૫ |

## સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૯નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. કિરણકુમાર રાંભિયા - નડિયાદ
૨. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૩. ગીતાબહેન વિનોદ મહેતા - અમદાવાદ
૪. મમતા જિતેન્દ્ર શાહ - અમદાવાદ
૫. બકુલ એચ. શાહ - અમદાવાદ
૬. સરોજ અનુપ ચંદુરા - સુરત
૭. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૮. મીના પુંકેશ નાગડા - વડોદરા
૯. શામજી ખેંગારભાઈ કુરિયા - વાંકી
૧૦. મોક્ષા નવીન લાલકા - અમદાવાદ
૧૧. મયૂર શાહ - ભાવનગર
૧૨. એ. જે. ભટ્ટ - અમદાવાદ
૧૩. ચંદ્રિકા અશોક શાહ - રાઉરકેલા

## અપરિગ્રહ

ભગવાન મહાવીરે કહ્યું છે કે નિઃસ્પૃહતાનું બીજું નામ છે અપરિગ્રહ! સ્પૃહા જ માણસને પરિગ્રહ કરવા લલચાવે છે. નિસ્પૃહી માણસને માટે જગતના બધા જ પરિગ્રહ તણખલા સમાન છે. સમ્રાટ સિકંદરે એકવાર એક ફકીરને કંઈ માંગવા કહ્યું. ફકીરે કહ્યું, મને કોઈપણ વસ્તુની આવશ્યક્તા નથી. સિકંદરે વારંવાર આગ્રહપૂર્વક માંગવા કહ્યું ત્યારે એ ફકીરે કહ્યું, 'બાદશાહ! તું મને કંઈ આપવા જ માંગતો હોય તો જરા બાજુએ ખસી જા. જેથી મને સૂર્યનો તડકો યથેચ્છ પ્રાપ્ત થઈ શકે. તારા વચ્ચે ઊભા રહેવાથી એમાં રૂકાવટ પેદા થાય છે.' સિકંદર તો આ સાંભળીને આભો જ બની ગયો. આ મસ્ત ફકીરની સામે સિકંદરને પોતાની જાત કંગાળ લાગી....

*પ્રેષક : પ્રભુલાલ સંઘવી*

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૫ | ૯ | ૬ | ૨ | ૩ | ૧ | ૪ |
| ૩ | ૯ | ૪ | ૭ | ૧ | ૮ | ૬ | ૫ | ૨ |
| ૬ | ૧ | ૨ | ૫ | ૩ | ૪ | ૯ | ૮ | ૭ |
| ૧ | ૫ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ |
| ૨ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૧ | ૩ | ૯ |
| ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૧ | ૭ | ૨ | ૫ |
| ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ | ૬ | ૧ |
| ૫ | ૬ | ૩ | ૧ | ૨ | ૭ | ૪ | ૯ | ૮ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ | ૯ | ૫ |
| ૩ | ૧ | ૪ | ૯ | ૫ | ૬ | ૮ | ૭ | ૨ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૭ | ૮ | ૩ | ૪ | ૧ |
| ૨ | ૮ | ૧ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ | ૧ | ૮ |
| ૪ | ૯ | ૬ | ૮ | ૧ | ૭ | ૫ | ૨ | ૩ |
| ૬ | ૭ | ૫ | ૩ | ૯ | ૨ | ૧ | ૮ | ૪ |
| ૧ | ૩ | ૮ | ૭ | ૬ | ૪ | ૨ | ૫ | ૯ |
| ૯ | ૪ | ૨ | ૫ | ૮ | ૧ | ૭ | ૩ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૪ | ૩ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૨ | ૫ | ૮ | ૬ | ૯ |
| ૨ | ૮ | ૯ | ૪ | ૩ | ૬ | ૧ | ૫ | ૭ |
| ૮ | ૨ | ૬ | ૫ | ૯ | ૪ | ૩ | ૭ | ૧ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૬ | ૯ | ૪ |
| ૪ | ૯ | ૭ | ૩ | ૬ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૭ | ૯ | ૩ | ૨ |
| ૬ | ૪ | ૩ | ૯ | ૧ | ૨ | ૭ | ૮ | ૫ |
| ૯ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ | ૪ | ૧ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૪ | ૭ | ૬ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૯ | ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૭ |
| ૭ | ૬ | ૧ | ૮ | ૫ | ૨ | ૪ | ૯ | ૩ |
| ૮ | ૯ | ૩ | ૫ | ૪ | ૭ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૯ | ૫ | ૪ |
| ૬ | ૪ | ૫ | ૨ | ૯ | ૧ | ૩ | ૭ | ૮ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૨ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૨ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૬ |
| ૪ | ૫ | ૬ | ૧ | ૩ | ૮ | ૭ | ૨ | ૯ |

*એક સાથે અનેક કામ કરવાથી એકાગ્રતા અને ઉત્સાહ ઘટે.*

# સમાચાર સાર

★ આફ્રિકા એટલે ૫૪ દેશોનો સમૂહ. તે પૈકી એક માત્ર મોરક્કોને બાદ કરતાં બાકીના ૫૩ દેશોએ મળીને એક આફ્રિકન યુનિયન (A.U.) શરૂ કરેલ છે અને આ બધા સાર્વભૌમ દેશોએ મળીને એક 'પાન આફ્રિકન પાર્લામેન્ટ' પણ બનાવી છે. આ બાબતમાં એશિયા કરતાં તે આગળ છે.

★ થોડા સમય પહેલાં જ દ. આફ્રિકામાં ફૂટબોલનો વિશ્વકપ યોજાઈ ગયો. આ રમતોના કારણે ત્યાં ૨૦૦૦૦થી વધુ મકાનો/ઝૂપડાં તોડી પાડવામાં આવ્યા. ઉપરાંત ૭૦૦૦૦ મજૂરોને નિયમ કરતાં ઓછા પગાર અપાયા અને તેની હડતાલો પડી, દેખાવો થયા, વિરોધ થયો. પણ પરિણામ શૂન્ય.

★ મદ્રાસની વડી અદાલતના એક ન્યાયમૂર્તિ શ્રી કે. ચદ્રુ આશાએ જુલાઈ ૨૦૦૬થી ૨૦૧૦ એપ્રિલ સુધીમાં ૫૨૬૮૮ અને જૂન સુધીમાં ૫૩૦૦૦ જેટલા કેસોનો નિકાલ કર્યો તા. ૮-૬-૧૦ ના એકજ દિવસે ૭૫ કેસોનો નિકાલ કર્યો. પ્રતિમાસ તેમણે નિકાલ કરેલા કેસોની સરેરાશ ૧૩૦૦ જેટલી થાય છે.

★ દેશના કાયદા સેવક વીરપ્પા મોઈલી કહે છે કે દેશની અદાલતોમાં એકત્રીસ મિલિયન કેસ પડતર છે જેનો નિકાલ થતાં ૪૦૦ જેટલાં વર્ષો લાગે!

★ ગુજરાતમાં જે થોડા ઉત્તમ વૃદ્ધાશ્રમો છે તેમાં જામનગરના આણંદાબાવાની જગાનો વૃદ્ધાશ્રમ પણ એક છે. ૮૦ના દાયકામાં ગુજરાતમાં લગભગ ૮૦ જેટલા જ વૃદ્ધાશ્રમો હતા. અત્યારે લગભગ ૧૩૦૦ જેટલા છે. મોટાભાગના વૃદ્ધાશ્રમોનો વહીવટ સારો નથી.

★ અગિયારમી સદીમાં ભારતમાં પ્રવાસી તરીકે આવેલા અલ-બઝૂનીએ લખેલ છે કે માત્ર બે જ ધર્મો છે એક બ્રાહ્મણ અને બીજો શ્રમણ.

★ જામનગરના ચર્મરોગ નિષ્ણાત ડૉ. કે.એમ. આચાર્યનું નામ અત્યંત જાણીતું છે. રક્તપિત્ત નાબૂદીની તેમની ઝુંબેશ જાણીતી છે. તેમણે અત્યાર સુધીમાં ૭૫૧ નિદાન કેમ્પમાં તદ્દન માનદ સેવા આપી છે.

★ ફ્રાન્સમાં બુરખો પહેરીને નીકળનારને ૧૫૦ યુરો દંડ થાય અને કોઈ વ્યક્તિ બુરખો પહેરવાની ફરજ પાડે તેને એક વર્ષની જેલ તથા ૩૦૦૦૦ યુરો દંડની દરખાસ્ત છે. ઇટાલીમાં જાહેરમાં બુરખો પહેરીને નીકળેલ એક સ્ત્રીને ૫૦૦ યુરોનો દંડ કરવામાં આવેલ છે. સ્પેનમાં પણ બુરખા વિરુદ્ધ કાયદો કરવાની તૈયારી ચાલે છે. ઉપરાંત બેલ્જિયમ અને નેધરલેન્ડમાં પણ બુરખા વિરુદ્ધ કાયદો કરવાની ચર્ચા ચાલે છે.

★ ચાલુ વર્ષ (૨૦૧૦)માં બ્રિટિશ પાર્લામેન્ટની આમ સભાના ૬૫૦ સભ્યોની ચૂંટણી થઈ પણ ચૂંટણી પ્રચાર તથા ચૂંટણી પછીના સમયમાં ન સંભળાયા ઢોલ, ન ત્રાંસા, ન નગારા, ન પિપૂડા, ન ભૂંગળા, ન ઝુલૂસ, ન નારાબાજી, ન ઉડાડાઈ ધૂળ, ન સૂત્રોચ્ચાર, ન અસભ્ય પ્રચાર. આ ચૂંટણીમાં બે ગુજરાતી છે : એક શૈલેષ વોરા બીજા પ્રીતિબહેન પટેલ. શૈલેષ વોરાને પાર્લામેન્ટના ટોરી પ્રક્ષના દંડક (whip)ની જવાબદારી સોંપવામાં આવી છે.

★ ભારતમાં ભારતીય પ્રવાસી સન્માનપત્ર મેળવનારાઓમાં બ્રિટિશ પાર્લામેન્ટના ઉમરાવ સભાના સદસ્ય એવા નવનીત ધોળકિયાનું નામ પણ હતું. તે સમયના વડા સેવક અટલ બિહારી વાજપેયીના નિવાસસ્થાને વડાસેવકે તેમને ભોજન માટે નિમંત્રેલા. વડા સેવકે પૂછ્યું : ''લોર્ડ ધોળકિયા, તમે આવી પ્રગતિ ઇંગ્લેંડમાં કરી શક્યા. પણ તમારી માતૃભૂમિ ભારતમાં તમે આવું કેમ ન કર્યું?''

''વાજપેયી સાહેબ, માત્ર એક જ કારણસર''

''તે ક્યું કારણ?''

''B.B.C.''

''તમારી પ્રગતિને BBC સાથે શું સંબંધ?''

''વાજપેયીજી, મને ખોટો ન લેશો. BBC એટલે બ્રાઈબરી (લાંચ રિશ્વત), બ્યુરોક્રસી (બાબુશાહી) અને કરપ્શન (ભ્રષ્ટાચાર)''

આ સાંભળ્યા પછી વાજપેયી કશું બોલ્યા નહીં.

★ મહારાષ્ટ્રમાં આથી પહેલાં માન, વાઘરોલી અને મોટી મુંબઈ એમ ત્રણ ઠેકાણે જનતાના વિરોધના કારણે 'સેઝ'- સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની યોજના પડતી મૂકવી પડી છે. હવે પુણે જિલ્લાના માવળ તાલુકામાં કાર્લાની પાસે સેઝ માટેની યોજના પણ જનતાના વિરોધને કારણે પડતી મૂકવામાં આવી છે.

★ આપણા દેશમાં બાળકને જન્મ આપતા સમયે માતાનો મૃત્યુ દર અમેરિકા કરતાં ૪૦ ગણો અને ચીન કરતાં ૧૦ ગણો છે.

★ ચાણક્યના નામથી બધા પરિચિત છે. તેણે જ કૌટિલ્યના નામથી અર્થશાસ્ત્ર, વાત્સ્યાયનના નામે કામશાસ્ત્ર, ચાણક્યના નામે નીતિશાસ્ત્ર અને વિષ્ણુગુપ્તના નામે ધર્મશાસ્ત્ર લખેલાં છે.

★ કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કૅગ)ના રિપોર્ટ મુજબ સૈન્યના જવાનોને તદ્દન હલકી ક્વોલિટીનું અનાજ તથા શાકભાજી અને ઘીતેલ આપવામાં આવે છે. કાશ્મીરમાં લગભગ ત્રણ લાખ જવાનોને ઉપયોગમાં જ ન લઈ શકાય એટલી હલકી કક્ષાનું અનાજ આપવામાં આવેલું. ફરિયાદ થઈ તો જવાબ મળ્યો કે 'તપાસ કરવામાં આવશે.'

★ આપણા દેશના સાડા પાંચ લાખ ગામડાંઓમાં જવા માટે શિક્ષકો

*તમારું કામ પૂરી નિષ્ઠા અને જવાબદારી સાથે પાર પાડવાનું રાખો.*

નથી મળતા. ત્યાંના બાળકોને ભણવું છે પણ ત્યાં ભણતરની વ્યવસ્થા નથી.

★ ચંદરિયા ફાઉન્ડેશવાળા શ્રી રતિલાલ ચંદરિયાએ ગુજરાતી લેક્સિકોન (ગુજરાતી શબ્દકોશ) મારફત લગભગ ૪૫ લાખ શબ્દોનો વિશાળ શબ્દભંડોળ નેટ ઉપર ઉપલબ્ધ કરાવી આપ્યો છે. આજ દિન સુધીમાં તેની લગભગ ૫૫ લાખ મુલાકાત થઈ છે.

★ યુનાઈટેડ નેશન્સનો છેલ્લો અહેવાલ જણાવે છે કે આજે ભારતમાં ૫૦ કરોડ કરતાં પણ વધારે લોકો દારુણ (ABYSMAL) ગરીબીમાં જીવે છે અને નજીકના ભવિષ્યમાં એ ગરીબોનું ભવિષ્ય સુધરે એવી કોઈ શક્યતા નથી.

★ આપણા દેશના સંરક્ષણ ખાતાના સેવક એ.કે. એન્ટોનીએ હાલમાં જણાવ્યું છે કે છેલ્લા ૧૯ મહિનામાં સશસ્ત્ર દળોના ૧૭૦ જવાનોએ આત્મહત્યા કરી છે.

★ વર્તમાનમાં ન્યુઝીલેન્ડમાં સૌથી વધારે એન્ટરપ્રિન્યોર હોય તો તે મહિલાઓ છે.

★ દિલ્હીમાં રમાનારી કોમનવેલ્થ ગેમમાં વિદેશી ખેલાડીઓ અને અતિથિઓને ભોજનમાં ગાયનું માંસ પીરસવામાં આવશે એવું ખેલની આયોજન સમિતિના સચિવ લલિત ભનોટે જણાવ્યું છે.

★ અમેરિકામાં વર્ષે દહાડે ૯૦થી ૯૫ હજાર લોકો હોસ્પિટલમાં લીધેલી સારવાર દરમ્યાન વળગેલી બીમારીઓને કારણે મૃત્યુ પામે છે એમ અમેરિકન સેન્ટર ફોર ડીસીઝ કન્ટ્રોલનો અહેવાલ જણાવે છે.

★ અમેરિકાની સેટન હોલ યુનિવર્સિટીમાં બધા જ વિદ્યાર્થીઓ માટે ભગવદ્ ગીતાનો અભ્યાસ ફરજિયાત કરવામાં આવે છે. આ યુનિ.માં ૧૦,૮૦૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે.

★ ૨૦૦૮માં ચીનમાં બેઈજિંગ ઓલીમ્પિક સમારોહ દરમ્યાન વરસાદ પડવાની પૂરી શક્યતા હતી. ત્યારે સ્ટેડિયમમાં વરસાદ ન પડે તે માટે ચીનના વૈજ્ઞાનિકોએ સ્ટેડિયમની આજુબાજુ ૨૧ વિસ્તારોમાં ૧૧૦૪ જેટલા રોકેટ છોડીને વાદળોને સ્ટેડિયમથી દૂર જ ખાલી કરી નાખ્યા હતા. કૃત્રિમ વરસાદની બાબતમાં ચીન વિશ્વમાં સૌથી આગળ છે.

★ કારગિલ યુદ્ધ પહાડી વિસ્તારમાં ખેલાયું હતું. ભવિષ્યમાં પણ પહાડી વિસ્તારોમાં યુદ્ધો થાય એવી તમામ શક્યતા હોવાથી (ઘણી માનહાનિ અને જાનહાનિ પછી) જે જે શસ્ત્રો વડે કારગિલ યુદ્ધ જીતી શકાયું તેવાં શસ્ત્રોની ખરીદી માટે આપણા લશ્કરે આઠ વર્ષથી માંગણી કરેલ છે. પણ આવા શસ્ત્રોની ખરીદી કરવાને બદલે ભારત સરકારે કોઈ અકળ કારણસર (કારણો લગભગ બધા જાણતા જ હોય છે!) એવા શસ્ત્રો ન ખરીદવાનો નિર્ણય કરેલ છે.

***(નયા માર્ગ, નિરીક્ષક, લોકસ્વરાજ વગેરે વગેરે માંથી)***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***



સંકલન : પોપટલાલ નેણશી ઘરોડ

★ હાણે જિલ્લેજા શિક્ષકો પણ કચ્છી બોલધા. રાજ્યભરમાં પ્રાદેશિક ભાષાઓથી શિક્ષકોને અવગત કરાવવા અંતર્ગત ડાંગ જિલ્લા બાદ કચ્છમાં શિક્ષકોને પ્રાદેશિક ભાષાનું જ્ઞાન આપવા માટે તાલીમ આપવાનું રાજ્ય સરકારે શરૂ કરેલ છે. તેથી બન્ની ખાવડા જેવી વિસ્તારમાં ધોરણ-૧ થી ૪ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વર્તણૂક તેમજ વાતચીત શિક્ષકો સમજી શકશે.

★ કચ્છમાં તાજેતરમાં વરસેલા વરસાદ બાદ માર્ગોના થયેલ ધોવાણ ઉપરાંત સિંચાઈ કેનાલોને થયેલ નુકસાનને સત્વરે દુરસ્તીકરણ કરવા માટે સમાહર્તા થેન્નારસની ઉપસ્થિતિમાં મળેલ સંકલન સમિતિની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો.

★ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનેલા મહાનાયક અમિતાભ બચ્ચનને સહપરિવાર કચ્છમાં યોજાતા શરદોત્સવ તેમજ રણોત્સવમાં ભાગ લેવા ૧૦થી ૨૧ ડિસેમ્બર દરમ્યાન ધોરડો આવવા અને કચ્છના પરંપરાગત ભૂંગા હાઉસમાં રોકાવા માટે આમંત્રણ આપવામાં આવેલ છે.

★ ગાંધીધામ - ભુજ વચ્ચેના માર્ગ ઉપર વાહન વ્યવહાર ખૂબ જ વધેલ છે અને અકસ્માતોની વણઝાર ખડકાય છે ત્યારે ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખે આ માર્ગને ચાર લેન કરવા માટે આનંદીબહેન પટેલ, મહેસૂલ મંત્રી નરોત્તમભાઈ પટેલ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી વાસણભાઈ આહીર, સા.રો.પ.વ. મંત્રી તેમજ ધારાસભ્ય ડૉ. નીમાબહેન આચાર્યને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે.

★ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદાના વધારાના દસ લાખ એકર ફીટ પાણીના આયોજન અંગે કન્સલ્ટન્ટની નિમણૂક કરવાના મામલે રાજ્ય સરકાર દ્વારા અસત્ય માહિતી અપાઈ હોવાનું જણાવીને કાઉન્સિલે આ મામલે જળ સંપત્તિ પાણી પુરવઠા મંત્રી પાસે જાહેર નિવેદનની માંગણી કરી છે.

★ નલિયા ખાતે ગરીબ કલ્યાણ મેળામાં રાજ્યના શિક્ષણ મંત્રી રમણલાલ વોરાએ ૯૭૩૪ લાભાર્થીઓને કરોડોની સહાયનું વિતરણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે આગામી સત્રથી નલિયામાં કૉલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

★ ભુજમાં રાજ્યકક્ષાની ફૂટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ૧૪ વર્ષથી નીચેના કુલ ૩૧૦૦ ખેલાડીઓએ ભાગ લીધેલ છે.

★ નખત્રાણા તાલુકાના કલ્યાણપુર ખાતે વડીલોની વંદના માટે કુટીર બનાવવામાં આવેલ છે. આ કુટીરની પ્રેરણા પૂ.સચ્ચિદાનંદજી તરફથી આપવામાં આવેલ.

★ ડુમરા ગામના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન અને તેના પત્ની, કે જે ખુદ પણ તાલુકા પંચાયતના મહિલા સદસ્યા છે તેમને માથાભારે તત્ત્વો હેરાન કરતા હોવાથી આ દલિત પરિવારોએ ડુમરા ગામ છોડી હિજરત કરેલ છે.

★ કેન્દ્ર સરકાર નર્મદા ડેમની ઊંચાઈ વધારવામાં મંજૂરી આપે તો કચ્છને નર્મદાના પાણી ગ્રેવિટીથી આપી શકાય તેવી વાત ભાજપના ધારાસભ્યો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગરીબ કલ્યાણ મેળામાં જનમેદની સમક્ષ ગુજરાતના જવાબદાર શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ ઉચ્ચારીને કચ્છીઓને છેતરવાનું કામ કર્યું છે તેવી ઝાટકણી વિપક્ષી અગ્રણી જયકુમાર સંઘવીએ કાઢી છે.

★ કચ્છ જિલ્લામાં મેઘ મહેરને પગલે લોકોમાં વૃક્ષારોપણ પ્રત્યે ઉત્સાહભેર પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તેમાં સાધુ-સંતો અને સંસ્થાઓ જોડાઈ રહ્યા છે. શાળાઓ સહિત વિવિધ સ્થળે રોપાઓનું વાવેતર પૂરજોશમાં કરાઈ રહ્યું છે.

★ નર્મદાના વધારાના વહી જતા ચોમાસુ પાણીને કચ્છમાં નહેર મારફતે આપવાનું અગાઉ નક્કી થયું હતું. તે પાણીને પહોંચાડવા ક્યાં સંગ્રહ કરવો અને પમ્પિંગ કે ગ્રેવિટી મારફત પાણી આપવું તેનો અભ્યાસ કરવા એક કન્સલ્ટન્સીની નિમણૂક કરવામાં આવેલ છે.

★ ભુજની ઈજનેરી કૉલેજના છાત્રોને વર્તમાન સેમેસ્ટરમાં ભણવા માટે અધ્યાપકોની પૂરતી વ્યવસ્થા સરકારે ગોઠવવાની ખાતરી આપેલ છે. પ્રેક્ટિકલ માટે અન્ય સરકારી કૉલેજોમાં લઈ જવાની તૈયારી બતાવી છે.

★ નખત્રાણામાં સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકના સાનિધ્યમાં ત્રિ-દિવસીય જ્ઞાન-યોગ શિબિર શરૂ કરેલ હતી, તેમાં વ્યાયામ, આસન, પ્રાણાયામ, હવન, ધ્યાન વગેરે કાર્યક્રમો આપવામાં આવતા હતા.

★ એશિયાના સર્વપ્રથમ એવા કંડલા મુક્ત વ્યાપાર ક્ષેત્ર અને હવે વિશેષ આર્થિક ક્ષેત્ર તરીકે ઓળખાતા કંડલા ઝોનનો બીજો ભાગ ખડીરમાં વિકસાવવા ગઢડાની સીમમાં ૨૫૦૦ એકર જમીન નક્કી કરાઈ છે. ગઢડા દેશની સાંસ્કૃતિક વિરાસત એવું ધોળાવીરાથી માત્ર ૨૦ કિ.મી. દૂર છે.

★ ઝરપરાની ગોચર જમીન સેઝને આપી દેવાના મુદ્દે લાંબા સમયથી ચાલતા વિવાદ વચ્ચે આજે ગોચર જમીનમાં સર્વે અને વીજ થાંભલા ઊભા કરતા કંપનીના કોન્ટ્રાક્ટરો અને ગ્રામજનો વચ્ચે તંગદિલી ફેલાઈ હતી.

★ પાનન્ધ્રો ખાણ બંધ થઈ ગયા પછી લખપત તાલુકાના ભેડિયા ખાતે ક્રશર ઉદ્યોગ, લીઝ રિન્યુ ન થતાં સંકટમાં મૂકાયો છે.

*લાઈનમાં છેલ્લે ઊભા રહેવાનું સામર્થ્ય હોય તે લોકો ધન્યવાદને પાત્ર છે.*

પથ્થર ઉપાડવા નેત્રાથી લાવવા પડે છે તેના કારણે રોજગારીને ધક્કો પહોંચ્યો છે.

★ વીસા શ્રીમાળી સોની જ્ઞાતિ - ભુજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ વાઘેશ્વરી પાર્ટી પ્લોટ ખાતે ઉજવાઈ ગયો. તેમાં વિવિધ ધોરણોમાં ઉત્તીર્ણ થયેલા બાળકોને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજમાં સૌપ્રથમ એમ.ફિલ. થનાર પૂજાબહેન ઝિંઝુવાડિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

★ ટોપણસર તળાવની માલિકી નગરપાલિકાની નથી તેવું ગેઝેટ અને સિટી સર્વેના પત્રક પરથી સ્પષ્ટ થાય છે. તેથી આ તળાવના પરિસરમાં કોમર્શિયલ સ્વરૂપનું બાંધકામ કરવા માટે અદાલતના કેસમાં જણાવ્યા અનુસાર અદાલતની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે તેવું તારણ પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ ભુજની કોર્ટે કરી ત્યાં કોઈપણ બાંધકામ ન કરવા મનાઈ હુકમ ફરમાવેલ છે.

★ એસ.ટી. તંત્રના બેદરકાર વહીવટના પરિણામે કચ્છમાંથી ઉપડતી માંડવી - અમદાવાદ, માંડવી - દ્વારકા, નલિયા - અમદાવાદ તેમજ રાપરથી દાહોદ એક્સપ્રેસ બસોને બંધ કરી દેવાતાં અનેક પ્રવાસીઓ રખડી પડેલ છે અને દાહોદથી કચ્છ આવતા કે જતા શ્રમિક વર્ગને પારાવાર પરેશાની ભોગવવી પડે છે.

★ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે રવિવારની બપોરે ૧૨ વાગે શિક્ષક દિવસ નિમિત્તે કચ્છ કુકમાના શિક્ષક કિશોરભાઈ ચૌહાણને રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકના ઍવૉર્ડથી સન્માનિત કરાયા હતા. જેમાં તેમને ચાંદીનો ચંદ્રક, ૨૫ હજારના રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

★ અબડાસાના ધારાસભ્ય અને જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી જયંતીભાઈ ભાનુશાલીએ અબડાસામાં ૬૫ ગામોમાં નવા પંચાયત ઘર બાંધવાનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાની માહિતી આપી હતી.

★ જન્માષ્ટમીના તહેવાર પ્રસંગે જ કતલખાને લઈ જવાતા ગાય - વાછરડાને હરામખોર તત્ત્વોની ચુંગાલમાંથી વાધુરાના યુવાનોએ છોડાવીને જીવદયાનો દાખલો બેસાડ્યો હતો.

★ ઘણા લાંબા સમયથી હાડમારી ભોગવી રહેલ લોકોએ ગઢશીશા - નખત્રાણા તરફ જતાં મુખ્ય ધોરીમાર્ગ પર જર્જરીત થઈ ગયેલા પુલનું સમારકામ રિનોવેશન સંપન્ન થઈ ગયા પછી દુજાપર નજીક આવેલ 'પુલ'નું લોકાર્પણ કરાયું હતું.

★ સર્વસેવા સંઘ - કચ્છ ભુજ સંચાલિત એન્કરવાલા જનરલ હોસ્પિટલ (મસ્કા) ખાતે સંભવિત રોગચાળાને ડામવા એક માસથી ચાલેલા આરોગ્ય યજ્ઞમાં ૪૫૦૦થી વધુ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો. આ દર્દીઓને એક્સ-રે, લેબોરેટરી તપાસ, દવા, ઈન્જેક્શન, ગ્લુકોઝના બાટલા અને મોંઘી દવા ઉપલબ્ધ કરાવાઈ હતી.

★ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસના હેતુથી કચ્છ કલ્યાણ સંઘ સંચાલિત એન્કરવાલા સરસ્વતી વિદ્યામંદિર અને રંગવાલા માધ્યમિક શાળા ખાતે સંકુલ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રમતોમાં ગોળાફેંક, ચક્ર ફેંક, લાંબી કૂદ, ઊંચી કૂદ, દોડ જેવી વિવિધ રમતોની હરીફાઈ યોજવામાં આવેલ હતી.

★ મુંબઈ લૉઅર પરેલથી ૫૧ જેટલા સાઈકલવાસીઓ નવરાત્રિમાં દેવીમા આશાપુરાના દર્શનાર્થે દર વરસની જેમ કચ્છ આવશે. આ પ્રવૃત્તિના વ્યાપ વધવાની સાથે એક અંદાજ મુજબ ૧૫ જેટલા ગ્રૂપો હવે મુંબઈથી સાઈકલ દ્વારા માતાના મઢ દર્શન માટે આવે છે.

★ કચ્છભરના જરૂરતમંદ છાત્રો માટે ભુજમાં બુક બેંકનો આરંભ ચેન્નાઈના ગુરુજી સુધાકર દીક્ષિત મહારાજ ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. હાલે ધોરણ-૧૦થી સ્નાતક કક્ષાના કાયદા, પી.ટી.સી. અને પોલીટેક્નિકના પુસ્તકોથી આરંભ કરાયો છે. આ બુક બેંક માટે ૧૦ હજારથી વધુ પુસ્તકો વસાવાશે.

★ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી અને કચ્છી સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે યુનિ.ના ગુજરાતી વિભાગ દ્વારા કચ્છી ભાષા અને ગુજરાતી ભાષા વિષયે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડૉ. દર્શના ધોળકિયા, 'કચ્છમિત્ર'ના તંત્રી કીર્તિભાઈ ખત્રી કચ્છી સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી, કુલપતિ શશીરંજન યાદવ, ડૉ. કાંતિ ગોર, રવિ પેથાણી 'તિમિર', ડૉ. અંબાદાન રોહડિયા, ડૉ. વિશન નાગડા, બાબુલાલ ગોર વગેરેએ ભાગ લીધો હતો.

## વિચારવા જેવું

★ થોડાંક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે... અને થોડાંક વધુ શબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે!!

★ સંતાનને સારા સંસ્કાર આપવા ગમે તેટલા પ્રયાસ કરો... આખરે તો એ મા-બાપને જ અનુસરશે!!

★ બરફ જેવી છે આ જિંદગી... જેનો ભૂતકાળ પણ પાણી અને ભવિષ્યકાળ પણ પાણી....

★ ઈશ્વરનું બેલેન્સ કેવું અદ્‌ભુત છે... પાંચ મણ ઘઉંની બોરી ઉપાડી શકે તે મજુર એકી સાથે ખરીદી ના શકે અને જે ખરીદી શકે છે તે શેઠ તેને ઉપાડી ના શકે.

★ શ્વાસ ખૂટી જાય અને ઈચ્છાઓ બાકી રહી જાય.... તે મોત
ઈચ્છાઓ ખૂટી જાય અને શ્વાસ બાકી રહે... તે મોક્ષ!!

*પ્રેષક : કેતન શાહ*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **ગૌતમ પ્રદીપકુમાર દૌલત**
  ૨૦૫, નવનીત ભવન, બ્લોક-સી, આણંદજી કલ્યાણજી જૈન નગર, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **કુમારપાળ રમણિકલાલ મસાલિયા**
  ૪૦૭, નવનીત ભવન, બ્લોક-સી, આણંદજી કલ્યાણજી જૈન નગર, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **રોહિત રણછોડદાસ ગાંધી**
  ૩૦૧, એલાઈટ રેસિડન્સી, હરેરામ ફ્લેટ્સ કો.ઓ.હા.સો.લિ., પંચવટી બીજી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : ૨૬૪૩૧૫૦૨

## ફોન નંબરમાં ફેરફાર

- **હરીશ વીરચંદ નાગડા** મો. ૯૯૧૩૫ ૨૧૫૩૦
- **હંસા હરીશ નાગડા** મો. ૮૧૪૧૫ ૫૬૦૭૮

## સગપણ

- **ગુરુવાર, તા. ૧૨-૮-૨૦૧૦**
  **સી.એ. નીશા પ્રબોધ પ્રેમજી ગોગરી (કોડાય - અમદાવાદ)**
  **સી.એ. નિકેત રમેશભાઈ ઠક્કર (આદિપુર - અમદાવાદ)**
- **બુધવાર, તા. ૧-૯-૨૦૧૦**
  **ચિ. રાકેશ હરખચંદ પોલડિયા (તલવાણા - અમદાવાદ)**
  **ચિ. ધ્વનિ ધીરેન ગાલા (કાંડાગરા - ઘાટકોપર)**

## લગ્ન

- **ગુરુવાર, તા. ૧૬-૯-૨૦૧૦**
  **સાગર મુકેશ મુળજી સાવલા (નાની તુંબડી - અમદાવાદ)**
  **નૃષદા રાજેન્દ્રભાઈ શિવપ્રસાદ જોશી (ઉમરેઠ - ભરૂચ)**

## પુત્ર જન્મ

**શ્રીમતી મીનલ તરુણ પ્રતાપભાઈ દંડ**ને ત્યાં તા. ૨૭-૮-૨૦૧૦ના રોજ પુત્ર **(ચિ. ચૈત્ય)**નો જન્મ થયેલ છે.

## પુત્રી જન્મ

- **તા. ૧૮-૮-૨૦૧૦**
  **નમ્યા – પારૂલ અમિત ખીમજી છેડા (કાંડાગરા-અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

- **ચિ. પીયૂષ જાદવજી શાહ**ની અઠ્ઠાઈતપ નિમિત્તે **શ્રીમતી ઈન્દુબહેન જાદવજી જગશી રાંભિયા (નાગલપુર - અમદાવાદ)** તરફથી રૂા. ૧૧૧૧/- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સપ્રેમ ભેટ આપેલ છે.
- **ચિ. સાગર**ના લગ્ન પ્રસંગે **મુળજી ચાંપશી સાવલા પરિવાર** તરફથી સમાજને રૂા. ૧૦૦૧/- સપ્રેમ ભેટ આપવામાં આવેલ છે.
- **શ્રીમતી આશકા કુણાલ શાહ**ની અઠ્ઠાઈ તપ નિમિત્તે **શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ** તરફથી 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૦/- ભેટ આપવામાં આવેલ છે.
- **શ્રીમતી સરલાબહેન ખીમજીભાઈ છેડા (કાંડાગરા)**ને ત્યાં તા. ૧૮-૮-૨૦૧૦ના રોજ પૌત્રી **'નમ્યા'** ના જન્મની ખુશાલીમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને રૂા. ૨૫૧/-ની ભેટ મળેલ છે.
- **ચિ. રાકેશ**ની સગાઈ નિમિત્તે **શ્રીમતી કલ્પનાબહેન હરખચંદ પોલડિયા** તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને રૂા. ૨૫૧/-ની સપ્રેમ ભેટ મળેલ છે.

*સમાજ ઉપરોક્ત સર્વે ભેટોનો સપ્રેમ સ્વીકાર કરે છે.*



## કુ. નવ્યા ધીરેન શાહ

સરસ્વતી સન્માન (તેજસ્વી વિદ્યાર્થી પુરસ્કાર)ના પ્રોગ્રામમાં સરસ્વતી દેવીની સ્તુતિથી સૌના દિલ જીતી લેતી નાની બાળા કુ. નવ્યા ધીરેન શાહ.

## ભૂલ સુધાર

'મંગલ મંદિર' સપ્ટેમ્બર-૨૦૧૦ અંકમાં પૃષ્ઠ-૧૦૧ પર Engineering (1st Year)ની યાદીમાં ધીરલ અશોક વાડીલાલ મહેતા છપાયેલ છે. જેના બદલે **ધીરલ અશોક વાડીલાલ શાહ** વાંચવું.

## સાચી લોકશાહી

'જેમ પદ ઉચ્ચ તેમ સેવા વધુ' એ સુવાક્યનો અમલ ભારતની રાજકીય નેતાગીરી, અધિકારીશ્રીઓ, સામાજિક સંસ્થાઓના પદાધિકારીઓ વગેરે અમલમાં મૂકશે ત્યારે જ સાચી લોકશાહીનું જતન કરવા તરફ આપણે પ્રયાણ કરી શકીશું.

*માણસ જેમ વધુ જાણે છે એમ એ વધારે માફ કરે છે.*

# ઉજવો દીપોત્સવી ઉમંગભેર!

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેના સભ્યો તથા હિતેચ્છુઓના લાભાર્થે દીપોત્સવી પર એક યોજના લઈને આપશ્રી સમક્ષ ઉપસ્થિત થાય છે. આ યોજના મુજબ દીપોત્સવી સમયે ખૂબ જ સાત્વિક, શુદ્ધ અને કસદાર વિવિધ વાનગીઓ બજારભાવ કરતા ખૂબ જ કિફાયતી દરે અને 'નહીં નફા તથા નહીં નુકસાન'ના ધોરણે દરેક સભ્યને ઓફર કરવામાં આવે છે.

આ વાનગીઓ સમાજના કાર્યકરોની જાત દેખરેખ હેઠળ બનાવવામાં આવશે.

વાનગીઓ માટે ઉત્તમ ક્વોલિટીના મટીરિયલની ખરીદી પણ જાત દેખરેખ હેઠળ કરવામાં આવશે.

વિવિધ વાનગીઓની વિગત નીચે મુજબ રાખવામાં આવેલ છે.

**મિષ્ટાન્ન (૫૦૦ ગ્રામના બોક્સ પેકિંગમાં)**

| | | | |
|---|---|---|---|
| • કાજુ કતરી | : | રૂા. ૩૨૦/- | કિલો |
| • અંજીર રોલ | : | રૂા. ૩૨૦/- | કિલો |
| • ખજૂર રોલ | : | રૂા. ૨૦૦/- | કિલો |
| • બુંદીના લાડુ | : | રૂા. ૧૬૦/- | કિલો |
| • મોહનથાળ | : | રૂા. ૧૬૦/- | કિલો |
| • કોપરા પાક | : | રૂા. ૧૬૦/- | કિલો |
| • ફિણીયા લાડુ | : | રૂા. ૨૦૦/- | કિલો |
| • કચ્છી પેંડા | : | રૂા. ૨૦૦/- | કિલો |

**ફરસાણ**

| | | | |
|---|---|---|---|
| • ખસ્તા કચોરી (૫૦૦ ગ્રામના પેકિંગમાં) | : | રૂા. ૧૦૦/- | કિલો |
| • ખારી બુંદી (૫૦૦ ગ્રામના પેકિંગમાં) | : | રૂા. ૮૦/- | કિલો |
| • ચકરી (૨૫૦ ગ્રામના પેકિંગમાં) | : | રૂા. ૧૦૦/- | કિલો |
| • પાપડ પૂરી | : | રૂા. ૧૨૦/- | કિલો |
| • મઠિયા | : | રૂા. ૧૩૦/- | કિલો |
| • ચોળાફળી | : | રૂા. ૯૦/- | કિલો |

**ડ્રાય ફ્રુટ (૨૫૦ ગ્રામના પાઉચ પેકિંગમાં)**

| | (રૂા. પ્રતિ કિલો) |
|---|---|
| • કાજુ (૨૪૦ ક્વોલિટી) | : ૫૫૦/- |
| • કાજુ (૩૦૦ ક્વોલિટી) | : ૪૫૦/- |
| • કિસમિસ દ્રાક્ષ | : ૨૦૦/- |
| • બદામ | : ૪૦૦/- |
| • ખારા પીસ્તા (A1 - મોટી સાઈઝ) | : ૬૦૦/- |
| • અખરોટ-મગજ (બે કે ત્રણ ફાડિયામાં) | : ૬૦૦/- |
| • અંજીર | : ૪૦૦/- |
| • આલુ (જરદાલુ) | : ૪૦૦/- |

**ડ્રાય ફ્રુટ (ગીફ્ટ બોક્ષ)**

| | | | |
|---|---|---|---|
| • નાના બોક્ષ | (૪ આઈટમ, અંદાજિત ૨૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૧૦૦/- બોક્સ |
| • મધ્યમ બોક્ષ | (૬ આઈટમ, અંદાજિત ૩૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૧૫૦/- બોક્સ |
| • મોટા બોક્ષ | (૬ આઈટમ, અંદાજિત ૬૦૦ ગ્રામ વજન) | : | રૂા. ૩૦૦/- બોક્સ |

દરેક સભ્યે પોતાને જોઈતી વસ્તુઓના ઓર્ડર મોડામાં મોડા **તા. ૧૫-૧૦-૨૦૧૦ સુધીમાં** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર નોંધાવવાના રહેશે. ઓર્ડર નોંધાવતી વખતે પૂરું પેમેન્ટ જમા કરાવવાનું રહેશે.

મટીરિયલની ડિલીવરી શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પરથી તા. ૩૦-૧૦-૨૦૧૦ અને તા. ૩૧-૧૦-૨૦૧૦ દરમ્યાન આપવામાં આવશે. જરૂરિયાત પ્રમાણે વહેલી ડિલીવરી પણ આપી શકાશે. ડ્રાયફ્રુટની ડિલીવરી તા. ૨૫-૧૦-૨૦૧૦થી આપવામાં આવશે.

સમાજના સભ્યો તથા હિતેચ્છુઓ માટે ઉપરોક્ત યોજના ખૂબ જ ફાયદાકારક હોઈ, દરેક સભ્યને પોતાની જરૂરિયાત અનુસાર વહેલામાં વહેલી તકે ઓર્ડર નોંધાવવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ - માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

*સત્ય માટે સાહસ કરો. અસત્યનો કોઈ ઉપયોગ નથી. જે ભૂલને સત્યની સૌથી વધુ જરૂર છે તે અસત્યથી બેવડાય છે.*

# કચ્છ પ્રવાસ

## વિગતવાર કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, દિવાળીની રજાઓમાં એટલે કે નવેમ્બર-૨૦૧૦માં કચ્છના ઐતિહાસિક સ્થળો તથા સરહદ વિસ્તાર, રણ વિસ્તાર વગેરેના પ્રવાસનો કાર્યક્રમ યોજવા માંગે છે, કે જેની વિગત મંગલ મંદિરના સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં પાના નં.-૧૦૭ પર આપવામાં આવેલ છે.

આ પ્રવાસ કાર્યક્રમ વિગતવાર નક્કી થઈ ગયેલ હોવાથી તેની જરૂરી વિગતો નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

### વિગતવાર કાર્યક્રમ

**સોમવાર, તા. ૮-૧૧-૨૦૧૦**

- સવારમાં ૬.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી પ્રસ્થાન.
- બપોરના ૩.૦૦ વાગે ભુજમાં આગમન
- બપોરના ૪.૦૦ વાગ્યાથી ભુજ દર્શન.
- રાત્રિ રોકાણ ભુજમાં.

**મંગળવાર, તા. ૯-૧૧-૨૦૧૦**

- ભુજથી સવારમાં ૮.૦૦ વાગે કાળા ડુંગર (ખાવડા) તરફ પ્રયાણ.
- ધ્રંગ તથા બન્ની વિસ્તાર થઈ લુડિયામાં ભૂંગા તથા ભરતકામનું નિરીક્ષણ.
- ત્યારબાદ કાળા ડુંગર થઈ ગવર્નમેન્ટ ગેસ્ટ હાઉસ - ખાવડામાં ભોજન.
- બપોરના ૩.૦૦ વાગે ખાવડાથી ધોરડો તરફ પ્રયાણ.
- ધોરડોમાં રણોત્સવ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રાત્રિ ભોજન.
- રાત્રિ રોકાણ જખ બહુંતેરા શ્રી પાર્શ્વ વલ્લભ તીર્થ, ભુજ પાસે.

**બુધવાર, તા. ૧૦-૧૧-૨૦૧૦**

- સવારમાં ૮.૦૦ વાગે શ્રી પાર્શ્વ વલ્લભ તીર્થથી ધીણોધર ડુંગર તરફ પ્રયાણ.
- પુંઅરેશ્વર, બૌદ્ધ મઠ તથા ફોસીલ પાર્ક અને ધીણોધર ડુંગરનું નિરીક્ષણ.
- બપોરનું ભોજન ધીણોધર ખાતે.
- ૩.૦૦ વાગે ધીણોધરથી માતાના મઢ તરફ પ્રયાણ.
- લખપત, ઝારાના યુદ્ધનું મેદાન, ફતેહ મહમ્મદનો કિલ્લો તથા સિંધુ નદીના મૂળનું નિરીક્ષણ.
- રાત્રિ ભોજન અનુકૂળ સ્થળે.
- રાત્રિ રોકાણ જખ બહુંતેરા, શ્રી પાર્શ્વવલ્લભ તીર્થ, ભુજ પાસે.

**ગુરુવાર, તા. ૧૧-૧૧-૨૦૧૦**

- સવારમાં ૮.૦૦ વાગે માંડવી તરફ પ્રયાણ.
- માંડવી બીચ, માંડવીનો જહાજીવાડો તથા વિજય વિલાસ પેલેસનું નિરીક્ષણ.
- બપોરનું ભોજન માંડવી ખાતે.
- બપોરના ૨.૦૦ વાગે માંડવીથી અદાણી પોર્ટ, મુંદ્રા તરફ પ્રયાણ.
- અદાણી પોર્ટનું નિરીક્ષણ.
- સાંજના અમદાવાદ તરફ પ્રયાણ.

**નોંધ :**

★ અગાઉ જાહેર કર્યા મુજબ, સમગ્ર પ્રવાસનો ખર્ચ રૂા. ૨૦૦૦/- નહીં પરંતુ રૂા. ૨૫૦૦/-ની આસપાસ થવાની ધારણા છે.

★ નામ નોંધાવનારે રૂા. ૨૫૦૦/- ભરી પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

★ ૨ x ૨, ૪૦ પેસેન્જરની બસ દ્વારા મુસાફરી કરવામાં આવશે.

★ ૪૦ પ્રવાસી થયે કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે.
ઓછા પ્રવાસી થશે તો કાર્યક્રમ રદ કરવામાં આવશે અને ૪૦ સિવાય બીજા ૪૦ પ્રવાસી થશે તો બીજી બસ નક્કી કરવામાં આવશે.

*તમારા જ્ઞાન ઉપર બાઝેલા જડ તત્ત્વના પડને દૂર કરવા માટે કુદરતે તમને જ એક વસ્તુ આપી છે તે છે તમારી વેદના.*

★ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.

★ શ્રી કચ્છી જૈન ભવનના કાઉન્ટર પર નામ નોંધાવી, ભરેલ પૈસાની પહોંચ મેળવી લેવી.

★ તા. ૨૦-૧૦-૨૦૧૦ પછી નામ નોંધવાનું બંધ કરવામાં આવશે.

*કચ્છના પુરાતન અને ઐતિહાસિક સ્થળોની મુલાકાતનો અવસર ન ચૂકવા અમારી સહુને આગ્રહભરી અપીલ છે.*

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

## "કચ્છી ભવન" પરની વિશાળ અને અદ્યતન લાઈબ્રેરીનો લાભ લેવા સહુને અપીલ

'વાંચન' એ જીવનમાં ખૂબ જરૂરી છે.
તેનાથી આગવી રીતે વિચારવાની પ્રતિભા ખીલી ઊઠે છે.
જનરલ નોલેજમાં ખૂબ જ વધારો થાય છે.
ટી.વી. મોબાઈલના જમાનામાં વાચન વિસરાતું જાય છે.
અમારો પ્રયાસ છે – આપશ્રીનું વાચન વધારવાની.
વિચાર મંથન કરી આગવી રીતે નિર્ણય લઈ શકે તેવી પ્રતિભાઓ વિકસાવવાની.
અને તેથી જ અમે લાઈબ્રેરીને વિકસાવવાનો નિર્ણય કરેલ છે.
આધુનિક અને જ્ઞાનવર્ધક અનેક નવીન પુસ્તકો અહીં વસાવવામાં આવેલ છે.
નવીન પુસ્તકો વસાવવાની પ્રક્રિયા નિરંતરપણે ચાલુ રાખવામાં આવેલ છે.
કોઈ પણ વ્યક્તિ આ લાઈબ્રેરીનો સભ્ય બની શકે છે.

**કોઈ જ ફી નથી – કોઈ જ ચાર્જ નથી – નિઃશુલ્ક સેવા માત્ર છે.**

સભ્ય થનારે માત્ર રૂા. ૧૦૦/- ડિપોઝિટ ભરવાની રહે છે.
પસંદ કરેલ પુસ્તકો પોતાને ઘેર વાંચવા લઈ જઈ શકે છે.
જરૂરિયાત ન હોય તો ડિપોઝિટ પરત પણ મેળવી શકાય છે.

**અમે અન્ય એક સગવડ પણ ઊભી કરેલ છે.**

આપશ્રીને ઘેર, આપને મનગમતા પુસ્તકો પહોંચાડવાની.
વાંચી લીધા બાદ એ પુસ્તકો પરત લઈ જઈ, અન્ય પુસ્તકો આપી જવાની.
મહિનામાં ૪ વખત આ સગવડતાનો લાભ મળી શકશે.
આ માટે માસિક ફી માત્ર રૂા. ૫૦/- રાખવામાં આવેલ છે.
આ દર ખૂબ જ નજીવો ગણાય.
આપશ્રી તેનો પૂરેપૂરો લાભ મેળવી શકો.
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની,
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરની લાઈબ્રેરીનો લાભ,
વિચારવંત અને બુદ્ધિશાળી વ્યક્તિ
આજથી જ મેળવવાની શુભ શરૂઆત કરશે,
તેમાં કોઈ જ સંદેહ નથી!

**કન્વીનર, લાઈબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જેમને સ્મારકની જરૂર હોતી નથી તેઓ જ એને યોગ્ય હોય છે.*

# યુવા વિકાસ સમિતિ

## યુવા વિકાસ સમિતિ આયોજિત બુક બેંક યોજના

ભારતની સંસ્કૃતિનું મજબૂત પાસું છે 'દાન.' અનેક પ્રકારના દાન કોઈને કોઈ રીતે આપણે સૌ કરીએ છીએ. પણ એ બધામાં સૌથી મહત્ત્વનું દાન "વિદ્યા દાન" છે. કહેવાય છે કે વિદ્યા એ એવી વસ્તુ છે કે તે જેટલી આપો એટલી વધે. અને એટલે જ અમે આપ સૌને માટે એક નવી યોજના, આવતા શાળાકીય વર્ષથી શરૂ કરવા જઈ રહ્યા છીએ.

શાળાકીય / કૉલેજની પરીક્ષાઓના પરિણામ આવી જતાં આપણે સૌ આપણા બાળકોના ભવિષ્યની તૈયારીમાં લાગી જઈએ છીએ. નવું ધોરણ, નવાં કપડાં, નવા ચોપડાની ખરીદીમાં સ્કૂલ / કૉલેજ ચાલુ થાય ત્યાં સુધી આપણે વ્યસ્ત થઈ જઈએ છીએ. સમય મળે કે દિવાળી આવે ત્યારે જગ્યા ખાલી કરવા માટે આપણે ઘણી વખત જૂના ચોપડાઓ છેલ્લે પસ્તીમાં આપી દેતા હોઈએ છીએ.

**આપની પાસે રહેલાં પુસ્તકોનો સદુપયોગ થાય એવા ઉમદા હેતુથી અમે આપની સમક્ષ બુક બેંક યોજના લઈને આવ્યા છીએ.** જે કોઈ સભ્યો પોતાના બાળકના પુસ્તક બીજા બાળકોના લાભાર્થે ઉપરોક્ત યોજનામાં જમા કરાવવા માંગતા હોય તેમને વિનંતી કે તેઓ સૌ પોતાનું નામ, બાળકનું નામ, હાલનું ધોરણ, માધ્યમ, CBSE Board કે Guj. Board વગેરે વિગતો જણાવી રાખે. જેથી પરીક્ષાઓ પછી રિઝલ્ટ બાદ સમાજ, આપની પાસેથી પાઠ્યપુસ્તકો મંગાવી શકે. સમયસર સમાજને પુસ્તકો મળે એ બહુ જરૂરી છે. જેથી પુસ્તકોને જરૂરી રિ-બાઈન્ડિંગ કરી શાળાકીય વર્ષ શરૂ થતાં પહેલાં બીજાં બાળકોને પહોંચાડી શકાય.

આ સાથે સમાજના સર્વે સભ્યોને અપીલ કરીએ છીએ કે આપના બાળકોને જે ધોરણના પાઠ્ય પુસ્તકોની જરૂર હોય તે વિના સંકોચે અમને જણાવવા વિનંતી. જેથી આપના બાળકોને સમયસર પાઠ્યપુસ્તકોની ફાળવણી થઈ શકે. આ માટે આપનું નામ, બાળકનું નામ, સરનામું, ફોન નંબર, માધ્યમ, બોર્ડ વગેરે વિગતો નીચેના સરનામે જણાવવા વિનંતી.

બુક બેંક યોજના, યુવા વિકાસ સમિતિ

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,

પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

### ગૂમ થયેલ છે

*હજુ સુધી કોઈ બાળકને એવું સૂઝ્યું નથી કે પોતાના જીવંત છતાં અતિવ્યસ્ત મા-બાપની છાપામાં તસવીર છપાવે અને ઉપર મથાળું લગાવે "મા-બાપ ગૂમ થયેલ છે."*

## આગામી કાર્યક્રમો

### યુવા વિકાસ સમિતિ આયોજિત નવરાત્રિ મહોત્સવ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૯-૧૦-૨૦૧૦ને શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સભ્ય કુટુંબના સભ્યોને આ નવરાત્રિ મહોત્સવમાં પધારવા અને ગરબે રમવા (ઝુમવા) અમારું ભાવભીનું આમંત્રણ છે. જરૂરથી પધારશો.

આ નવરાત્રિ મહોત્સવના દિવસે શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા - ગરબા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. તો થઈ જાવ તૈયાર, મિત્રોની સાથે ગરબાના તાલે ઝુમવા અને ઈનામો જીતવા... જો જો ભૂલી ન જતા... યાદ રાખજો...

***આ પ્રમાણે ગ્રૂપ પાડવામાં આવશે અને ઈનામો આપવામાં આવશે.***

- **ગ્રૂપ-એ : ૧૨ વર્ષ સુધી**
  Male ડ્રેસ, Male પરફોર્મન્સ, Femal ડ્રેસ, Female પરફોર્મન્સ
- **ગ્રુપ-બી : ૧૩ થી ૨૫ વર્ષ સુધી**
  Male ડ્રેસ, Male પરફોર્મન્સ, Femal ડ્રેસ, Female પરફોર્મન્સ
- **ગ્રુપ-સી : ૨૬ થી ૫૦ વર્ષ સુધી**
  Male ડ્રેસ, Male પરફોર્મન્સ, Femal ડ્રેસ, Female પરફોર્મન્સ
- **ગ્રુપ-ડી : ૫૧ વર્ષથી ઉપરના**
  Male ડ્રેસ, Male પરફોર્મન્સ, Femal ડ્રેસ, Female પરફોર્મન્સ

ઉપરાંત બે ઈનામ Male માટે પરફોર્મન્સ અને ડ્રેસના.

બે ઈનામ Female માટે પરફોર્મન્સ અને ડ્રેસના.

એક ઈનામ 'Person of the Day'

***તારીખ : ૯-૧૦-૨૦૧૦, શનિવાર ● રાત્રે ૮.૦૦ કલાકે***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***

### યુવા વિકાસ સમિતિ યોજે છે.... શરદ પૂનમોત્સવ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૨-૧૦-૨૦૧૦ને શુક્રવારના રોજ શરદ પૂનમના રોજ રાત્રે ૮.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ છે. આપ સર્વેને પધારવા અમારું આમંત્રણ છે. શરદ પૂનમના પૂર્ણ ખીલેલી શીતળ ચાંદનીમાં મિત્રો અને સખીઓને સંગે ગરબે ઘૂમવા જરૂરથી પધારશો. શરદ પૂનમના આ ઉત્સવના દિવસે શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. તો રખે ચૂકતા, સંગીતના

*ટોળું જ એક એવી વ્યક્તિ છે કે જે પશુના સ્વભાવને મરજિયાતપણે પ્રાપ્ત કરે છે.*

તાલે ઝુમવાને દાંડિયાની રમઝટ મચાવવાની આ અમૂલ્ય તકને. જો જો પાછા, ભૂલી ન જતા.

**ઈનામોની વિગત**

- **ગ્રૂપ-એ : ૧૨ વર્ષ સુધી**
  Male પરફોર્મન્સ, Female પરફોર્મન્સ
- **ગ્રુપ-બી : ૧૩ થી ૨૫ વર્ષ સુધી**
  Male પરફોર્મન્સ, Female પરફોર્મન્સ
- **ગ્રુપ-સી : ૨૬ થી ૫૦ વર્ષ સુધી**
  Male પરફોર્મન્સ, Female પરફોર્મન્સ
- **ગ્રુપ-ડી : ૫૧ વર્ષથી ઉપરના**
  Male પરફોર્મન્સ, Female પરફોર્મન્સ
  ઉપરાંત એક ઈનામ 'Person of the Day'

***શુક્રવાર, તા. ૨૨-૧૦-૨૦૧૦***
***રાત્રે ૮.૦૦ કલાકે***
***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***

***નોંધ :*** રાત્રિના ૧૨.૦૦ કલાક બાદ લાઉડ સ્પીકરના ઉપયોગની મનાઈ હોવાથી આપ સૌને વિનંતી કે ઉપરોક્ત બંને કાર્યક્રમો સમયસર ૮.૦૦ વાગે શરૂ થશે તો જ આપ સૌને પૂરો સમય રાસ-ગરબાની મજા માણવા મળશે. માટે અમારા માટે નહીં, તમારા માટે નહીં પણ આપણા સૌના આનંદને ખાતર પણ સમયસર (૮.૦૦ વાગે) પધારશો.

## યુવા વિકાસ સમિતિ યોજે છે...
## શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈ

આગામી તા. ૬-૧૧-૨૦૧૦ને શનિવારના રોજ શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક, શ્રી કચ્છી જૈન સેવા સમાજના પરિવારના સભ્યો પોતાના નામ બુધવાર, તા. ૩-૧૧-૨૦૧૦ સુધી નીચે જણાવેલ કાર્યકરોને લખાવી શકશે.

*નવીન જે. લાલકા : મો. ૯૪૨૭૮ ૦૫૨૪૪*
*વિમેશ જી. શાહ : મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭*

- **નોંધ :**

૧. રંગોળી વધુમાં વધુ ૪' x ૪' (ફૂટ) સાઈઝની કરી શકાશે.
૨. રંગોળી માટે જરૂરી કલર કે ડેકોરેશન માટે (દીવડા, લૅસ વગેરે) સ્પર્ધકે લાવવાના રહેશે.
૩. રંગોળી ફક્ત હાથથી દોરીને રંગો પૂરવાના રહેશે. કોઈ પણ સાધનનો ઉપયોગ કરી શકાશે નહીં.
૪. સ્પર્ધકને વધુમાં વધુ ૪૫ મિનિટનો સમય આપવામાં આવશે.
૫. સ્પર્ધામાં ભાગ લેનારે પોતાના નામ, ઉંમર તથા ફોન નંબર નિયત તારીખ સુધી લખાવવાના રહેશે. તા. ૩-૧૧-૨૦૧૦ બાદ નામ નોંધવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેશોજી.
૬. સ્પર્ધા શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે રાખવામાં આવેલ છે.

***શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦***
***સમય : બપોરના ૩.૦૦ કલાકે***
***સ્પર્ધકે બપોરના ૨.૪૫ કલાક સુધીમાં હાજર થઈ જવું.***

***કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

---

## ચિંતન

માણસનું મન સતત વિચારશીલ હોય છે. કેટલાક વિચાર સર્જનાત્મક હોય છે તો ઘણા વિચારો ખંડનાત્મક હોય છે. સર્જનાત્મક વિચાર તમોને સુંદર સર્જન તરફ દોરી જાય છે તો ખંડનાત્મક વિચારો હતાશા ભણી ધકેલી દે છે.

હતાશા, એ ભયંકર માનસિક રોગ છે. એવો માનવી હંમેશાં કાલ્પનિક ભયસ્થાનોથી ડરતો હોય છે. પોતાની જાતને મનની નબળાઈથી એક મર્યાદામાં બાંધી રાખે છે. જગતમાં દુઃખી લોકોના દુઃખનું કારણ એમાં રહેલી નિરાશાની નબળાઈ છે. જે કામ બીજા કરી શકે છે એ હું કેમ ન કરી શકું? એવા આત્મવિશ્વાસને બદલે એ કામ મારાથી તો થઈ જ ન શકે એવી ઋણ મનોદશા ધરાવે છે. ઘણા વિચારો તો સુંદર કરે છે પણ એ વિચારની કેડી પર ચાલીને મંઝીલ સુધી પહોંચવાની હામ અને ધીરજ કેળવી શકતા નથી. આત્મવિશ્વાસ વિના કોઈ સિદ્ધિ હાંસિલ થઈ શકતી નથી.

થોમસ આલ્વા એડિસન અને એનો મિત્ર જેમ્સ જ્યારે રાત્રે અટારી પાસે ઊભા વાતો કરતા હતા ત્યારે જેમ્સે કહ્યું કે, 'એડિસન, જોને બહાર કેવું ભયાનક અંધારું છે?' તો થોમસ આલ્વા એડિસન હસી પડ્યા. અરે મિત્ર, બહાર ઉપર તો જો કેવા સરસ તારલાઓ ઝગમગી રહ્યા છે. અને એ જ થોમસ આલ્વા એડિસને જગતમાં વીજળી દીવાની અદ્‌ભુત શોધ કરી. આકાશમાંથી સૂર્ય લાવીને દરેકના ઘરમાં પહોંચતો કર્યો. એટલે જ કહેવાય છે સર્જનાત્મક વિચાર હંમેશાં સુંદર સર્જનની ધાત્રી છે. હકીકત એ છે કે કુદરતે મનુષ્યને અદ્‌ભુત મગજ શક્તિ આપી છે પણ માત્ર બે ટકા જ એનો ઉપયોગ થાય છે.

જગતમાં સફળ થઈને ખમીરથી જીવવું હશે તો તમારામાં જ રહેલી અખૂટ શક્તિને ઓળખવી પડશે. ઘણાં બધા વિઘ્નો, અડચણો, સંજોગો તમારા આત્મવિશ્વાસ સામે કોઈ વિસાતમાં નથી સિવાય કે એનાથી ડરીને તમે ખુદ વામણા બની જાઓ. હે મનુષ્ય! કોઈની આરાધના કરીને, હાથ લાંબો કરી, યાચના કરવા કરતાં તારામાં રહેલી આંતર શક્તિની આરતી ઉતાર અને પછી જો, તું ખુદ જ કેવો ચમત્કાર કરી શકે છે.

આર્ષદૃષ્ટિ વિનાનો મનુષ્ય ચક્ષુ હોવા છતાં આંધળો છે.

***'ઊર્મિના સ્પંદનો'માંથી સાભાર***
***પ્રેષક : મહેન્દ્ર ડી. છેડા - અમદાવાદ***

*જેનું મન ધર્મરત છે, તેને દેવ પણ નમન કરે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## સાંવત્સરિક ક્ષમાપના, સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવારના કાર્યક્રમનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ, મિચ્છામિ દુક્કડમ્ કાર્યક્રમ, સ્વામિવાત્સલ્ય જમણવાર તથા વર્ષભર ચાલેલ વિવિધ હરીફાઈઓના પારિતોષિક વિતરણનો સમારંભ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર રવિવાર તા. ૨૬-૯-૨૦૧૦ના (પર્યુષણ પછીના બીજા રવિવારે) સવારના ભાગે ઉજવવામાં આવેલ હતો કે જ્યારે સમાજના પરિવારોના લગભગ ૧૭૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહેવા પામેલ હતા.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ વિભાગમાં કાર્યરત ડૉક્ટર્સ, સમાજના વિવિધ સ્ટાફના સભ્યો તથા સમાજની નિયાણી બહેનોને પણ સહપરિવાર આમંત્રિત કરવામાં આવેલ હતા.

એક તરફ ભવન પરના બેઝમેન્ટમાં વિવિધ પ્રકારના ગૃહ ઉદ્યોગના પંદર જેટલા કાઉન્ટર તેમજ વૈયાવચ્ચ, લાઈબ્રેરી સમિતિ અને દીપોત્સવી મીઠાઈના બુકિંગના કાઉન્ટર અને તેની સાથે સાથે વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં ઉત્તીર્ણ થયેલ બાળ વર્ગથી ધોરણ-૭ના લગભગ ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓને પુરસ્કાર એનાયત કરવાના કાર્યો ચાલુ રાખવામાં આવેલ હતા. આ સાથે સાથે ઉચ્ચ શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત સમાજના ૫ વર્ષ સુધીના બાળકોના, તા. ૩-૧૦-૨૦૧૦ના રોજના પેરન્ટીંગ સેમિનારનું બુકિંગ ચાલુ કરવામાં આવેલ હતું તો અન્ય તરફ ભવનના પ્રથમ માળ પરના હોલમાં સ્નેહમિલન સમારંભ શરૂ કરવામાં આવેલ હતો.

સ્નેહમિલન સમારંભની શરૂઆત સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતાના આવકાર પ્રવચનથી કરવામાં આવેલ હતી. આવકાર પ્રવચન બાદ સંસ્થાના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે સંસ્થાની હાલની પ્રવૃત્તિઓ અને તેની ગતિવિધિનો ચિતાર આપેલ હતો. સંસ્થાના એક ટ્રસ્ટી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે મિચ્છામિ દુક્કડમ્ - સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ ઉચ્ચ શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન શાહે તેમની સમિતિ આયોજિત રવિવાર, તા. ૩-૧૦-૨૦૧૦ના દિવસે યોજવામાં આવનાર ૫ વર્ષ સુધીના બાળકોના માતા-પિતાનું કાઉન્સેલિંગ કાર્યક્રમની વિગતો આ સભા સમક્ષ રજૂ કરેલ હતી. સાથે સાથે તેમની સમિતિ દ્વારા યોજવામાં આવનાર સમગ્ર વર્ષ દરમ્યાનના કાર્યક્રમોની વિગત પણ સમજાવવામાં આવેલ હતી.

સન્માન કાર્યક્રમની શરૂઆત સંસ્થાના કેટલાક ઉત્સાહિત કર્મચારીઓના સન્માનથી કરવામાં આવેલ હતી. ગીતા મંદિર સેવા ભવન પરના કાઉન્ટર ક્લાર્ક શ્રી પરેશ રમેશભાઈ શાહે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન ભવન પર આવતા અતિથિઓ પાસેથી વૈયાવચ્ચ ખાતામાં રૂા. ૩૫,૦૦૦/- જેટલી રકમની ભેટો મેળવેલ હતી. શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પરના કાઉન્ટર ક્લાર્ક શ્રી હિતેન્દ્ર એચ. પરીખે પણ વર્ષ દરમ્યાન વૈયાવચ્ચ ખાતામાં લગભગ તેટલી જ રકમની ભેટો મેળવેલ હતી. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના પટાવાળા અમૃતલાલ પરમારે પોતાની ધગશથી પ્લમ્બિંગ તથા ઇલેક્ટ્રિકના કામ શીખી લઈ, જરૂરિયાત મુજબ પોતાની ફરજ દરમ્યાન આ પ્રકારના રોજબરોજના કામમાં સારી એવી દિલચસ્પી દાખવેલ હતી. ઉપરોક્ત ત્રણે કર્મચારીઓનું બહુમાન ભવન સમિતિના અનુક્રમે શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર દ્વારા ઉપસ્થિત જનસમૂહ સમક્ષ કરવામાં આવેલ હતું.

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન 'મંગલ મંદિર'માં પ્રગટ થયેલ લેખોમાંથી શ્રેષ્ઠ લેખ તથા આંજો કાગર વિભાગમાંથી શ્રેષ્ઠ આંજો કાગર પસંદ કરવા આપણે એક નિર્ણાયક સમિતિની રચના કરેલ હતી કે જેના સંયોજક સભ્ય તરીકે શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશી તથા અન્ય સભ્યો તરીકે શ્રી હંસરાજ ઠાકરશી કંસારા અને શ્રી ભોળાભાઈ એન. ગોલીબારની નિમણૂક કરવામાં આવેલ હતી. બાર મહિનાના મંગલ મંદિર ચકાસી તેઓને સુપરત કરવામાં આવેલ જવાબદારી તેઓશ્રીએ બખૂબી નિભાવેલ હતી. નિર્ણાયક સમિતિના ત્રણે મહાનુભાવોના બહુમાન, સંસ્થાના પ્રમુખશ્રી અશોક મહેતા દ્વારા કરવામાં આવેલ હતા.

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાનના શ્રેષ્ઠ લેખના લેખકશ્રીઓ શ્રી શાંતિલાલ મોતીચંદ સંઘવી (ભણતર અને ગણતર, માર્ચ-૨૦૧૦) તથા શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ (વિદ્યાર્થીઓના આપઘાતના બનાવની ભીતરમાં, માર્ચ-૨૦૧૦)નું બહુમાન મંગલ મંદિરના તંત્રી મંડળના શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. એ જ રીતે શ્રેષ્ઠ આંજો કાગર માટે સુશ્રી ચૌલાબહેન કુરુવા દ્વારા બહુમાન કરવામાં આવેલ હતું.

ચિત્રસેન શાહના બે હાસ્ય પુસ્તકો (૧) ફાઈવ સ્ટાર સ્મશાનમાં સ્વયંવર! તથા (૨) સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય! – નુંવિમોચન સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતા તથા અન્ય હોદ્દેદારો દ્વારા કરવામાં આવેલ હતું.

ઇતર પ્રવૃત્તિ પ્રતિભા પારિતોષિક યોજનાના વિજેતાનું સન્માન શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મુળજી સાવલા, ચિત્રકલા હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, બ્લડ ડોનેશન યોજનાના વિજેતાઓનું બહુમાન શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ, સંગીત હરીફાઈ (નૃત્ય)ના વિજેતાઓનું સન્માન શ્રી સ્વર દિગંત શાહ, સંગીત હરીફાઈ (વાદ્ય)ના વિજેતાઓનું સન્માન શ્રીમતી શીલ્પિબહેન પ્રકાશ શાહ, સંગીત હરીફાઈ

*જો તમે જિંદગીના અગોચર અર્થને ગોચર કરી શકો તો જિંદગી સ્વયં ઈશ્વર છે. – મહર્ષિ મહેશ.*

(કંઠ્ય)ના વિજેતાઓનું સન્માન શ્રીમતી તરુબહેન નરેન્દ્ર શાહ, વક્તૃત્વ હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રી હસમુખલાલ લાલજી શાહ, નિબંધ હરીફાઈ, વાર્તા હરીફાઈ તથા કાવ્ય હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રી અશ્વિનભાઈ સાવલા, જનરલ નૉલેજ હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, વાનગી હરીફાઈ (ફરસાણ) તથા વાનગી હરીફાઈ (મિષ્ટાન્ન)ના વિજેતાઓનું સન્માન શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા, મહેંદી હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રીમતી કોકીલાબહેન ભોગીલાલ શાહ, બ્યુટી હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રીમતી શીલ્પિબહેન શાહ, ગૃહ ઉદ્યોગ હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રીમતી હસ્મિતાબહેન હસમુખલાલ લાલજી શાહ, લગ્નગીત હરીફાઈના વિજેતાઓનું સન્માન માતુશ્રી દમયંતીબહેન ખીમચંદ વેલજી ધરમશી, મંગલ મંદિર પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગના વિજેતાઓનું સન્માન શ્રીમતી સંધ્યાબહેન ચંદ્રકાંત રવિલાલ શાહ તથા શબ્દરમત હરીફાઈના વિજેતાઓનું સન્માન શ્રી રવિલાલ પોપટલાલ પારેખ દ્વારા કરવામાં આવેલ હતું.

આભારવિધિ સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખલાલ બાબુલાલ શાહે કરેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી અલ્પા મેહુલ શાહે કરેલ હતું.

સ્વામિવાત્સલ્ય જમણવાર ભોંયતળિયાના વિસ્તારમાં બરાબર ૧૧ વાગે શરૂ કરી દેવામાં આવેલ હતું. દરેક વ્યક્તિને અલગ અલગ સમયના પાસોનું વિતરણ અગાઉથી કરવામાં આવેલ હતું. આ વર્ષે દરેકને ટેબલ-ખુરશી પર બેસાડીને પંગતમાં ભોજનનો લાભ લેવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. લગભગ ૨૬૫ સીટની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. દરેક વ્યક્તિએ પોતાના નક્કી કરેલ સમયે આવીને આ સ્વામિવાત્સલ્ય જમણવારનો લાભ લીધેલ હતો. સમગ્ર આયોજન પાછળ જમણવાર સમિતિની જહેમત દેખાઈ આવતી હતી. લગભગ ૧૭૦૦થી પણ વધુ વ્યક્તિઓએ આ જમણવારનો લાભ લીધેલ હતો.

લગભગ ૨.૩૦ વાગે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થયેલ હતી.

'સંકલ્પ'ની વોલંટિયર ટીમે ભવનના ત્રણે મજલા પર ખૂબ જ સારી વ્યવસ્થા જાળવેલ હતી.

પુરસ્કાર સમિતિ, યુવા વિકાસ સમિતિ, ઈતર ડેવલપમેન્ટ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ, વૈયાવચ્ચ સમિતિ, જમણવાર સમિતિ, લાઈબ્રેરી સમિતિ, સંકલ્પનું વોલંટિયર ગ્રૂપ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજના સ્ટાફના સભ્યો સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પોતપોતાના વિભાગની જવાબદારી સંભાળવામાં કાર્યરત રહેલ હતા અને દરેકે પોતાના ભાગે આવતી જવાબદારી ચીવટ અને ખંતપૂર્વક નિભાવેલ હતી.

## ગૃહ ઉદ્યોગ સમિતિનો અહેવાલ

તા. ૨૬-૯-૨૦૧૦ના રોજ સ્વામિવાત્સલ્યના દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજના સહયોગથી ચાલતા ગૃહ ઉદ્યોગના સ્ટોલનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં જનતાનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. અહીં વિવિધ જાતના સ્ટોલ નીચે પ્રમાણે હતા.

| *ક્રમાંક* | *ગૃહ ઉદ્યોગ ચલાવનાર વ્યક્તિનું નામ* | *વેચાણમાં આવતી વસ્તુઓ* | *ફોન નંબર* |
|---|---|---|---|
| ૧. | પ્રકાશ બાબુલાલ ત્રેવાડિયા | વિવિધ નાસ્તાઓ, ખાખરા વગેરે | ૯૬૬૨૦ ૫૮૭૧૨ |
| | રજનીભાઈ બાબુલાલ ત્રેવાડિયા | | ૯૯૭૮૮ ૩૬૯૦૮ |
| ૨. | મનીષ કરમશી દેઢિયા | સ્કૂલ બેગો તેમજ વિવિધ પ્રકારની બેગો | ૯૩૭૬૬ ૬૪૯૭૩ |
| ૩. | કાંતાબહેન કાંતિલાલ લોડાયા | વડી | ૯૯૨૪૧ ૦૫૫૩૪ |
| ૪. | રક્ષાબહેન ભરત ભેદા | ખાખરા, પાપડ, દાબેલીનો મસાલો, નાસ્તા, સોયા સ્ટીક | ૯૯૨૪૮ ૫૧૨૩૭ |
| ૫. | નયનાબહેન અલ્પેશ ગાલા | જર્મન સિલ્વરની આઈટમો, ૧ ગ્રામ સોનાના દાગીના | ૯૪૨૮૬ ૧૦૪૭૩ |
| ૬. | ઈલા એમ. છાડવા | ચોકલેટ | ૯૮૭૯૧ ૨૨૭૨૯ |
| ૭. | લક્ષ્મીબહેન દંડ | ગીફ્ટ પેકેટ - કવર | ૮૦૦૦૭ ૨૧૧૧૨ |
| ૮. | અલ્પાબહેન મારુ | માટીકામ | ૯૦૯૯૦ ૬૪૮૦૦ |
| ૯. | હેજલબહેન | ડેકોરેટીવ કાર્ડસ બોક્સ | ૯૮૨૫૬ ૨૯૮૦૫ |
| ૧૦. | દેવલ ચંદ્રકાંત શાહ | ધાર્મિક ભેટો | ૯૨૨૮૪ ૦૯૮૪૨ |
| ૧૧. | મિલન પદમશી ગોસર | દાંતનો પાવડર, હેર ઓઈલ | ૭૬૯૮૫ ૧૧૩૬૫, ૯૦૧૬૩ ૬૧૮૮૭ |
| ૧૨. | કવિતા પંકજ શાહ | જૈન કેક | ૯૩૭૪૨ ૧૨૫૨૩ |
| ૧૩. | ભાવેશ હીરજી ગડા | કચ્છી પેંડા - મીઠાઈ | ૭૬૦૦૮ ૩૨૨૮૧ |

આવનાર નવરાત્રિ દરમ્યાન ગરબાના પ્રોગ્રામના સમયમાં જેમણે ગૃહ ઉદ્યોગનો સ્ટોલ રાખવાનો હોય તેમણે રજનીભાઈ પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)ને જાણ કરવી.

***રજનીભાઈ પારેખ, કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ***

*વિમુખતાથી જીવન પાણીમાં જાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઉજવ્યો

## સ્નેહ મિલન સમારંભ, સ્વામિવાત્સલ્ય જમણવાર, મિચ્છામિ દુક્કડમ્ કાર્યક્રમ તથા પારિતોષિક વિતરણ સમારંભ



સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અશોક મહેતા આવકાર પ્રવચન આપતા



સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ સંસ્થાની પ્રવૃત્તિઓની વિગત આપતા



સંસ્થાના સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર સામૂહિક ક્ષમાપના કરાવતા



સામૂહિક ક્ષમાપના



ઇતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન કે. શાહ આગામી પરિસંવાદની વિગતો આપતા



સંસ્થાના કર્મચારી શ્રી પરેશ શાહની કામગીરી બદલ તેમનું બહુમાન કરતા ટ્રસ્ટી શ્રી તથા ભવન સમિતિના કન્વીનર શ્રી મણિલાલ કુંવરજી ગોસર (જમણે)



સંસ્થાના કર્મચારી શ્રી ભૂપેન્દ્ર પરીખની કામગીરી બદલ તેમનું બહુમાન કરતા ટ્રસ્ટીશ્રી તથા ભવન સમિતિના સભ્ય શ્રી કે.ડી. શાહ (જમણે)



સંસ્થાના કર્મચારી શ્રી અમૃતલાલ પરમારની કામગીરી બદલ તેમનું બહુમાન કરતા સંસ્થાના ટ્રસ્ટીશ્રી તથા ભવન સમિતિના સભ્ય શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર



સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો



સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો




નિર્ણાયક સમિતિના સંયોજક સભ્ય શ્રી મહેન્દ્રભાઈ દોશી (જમણે)નું
બહુમાન કરતા શ્રી અશોક મહેતા (ડાબે)



નિર્ણાયક સમિતિના સભ્ય શ્રી હંસરાજભાઈ કંસારા (જમણે)નું
બહુમાન કરતા શ્રી અશોક મહેતા (ડાબે)



નિર્ણાયક સમિતિના સભ્ય શ્રી લાલાભાઈ ગોલીબાર (જમણે)નું
બહુમાન કરતા શ્રી અશોક મહેતા (ડાબે)



વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના શ્રેષ્ઠ લેખના લેખક શ્રી શાંતિલાલ સંઘવી (ડાબે)નું
બહુમાન કરતા મંગલ મંદિરના તંત્રી મંડળના સભ્ય શ્રી મનુભાઈ શાહ (જમણે)



વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના શ્રેષ્ઠ લેખના લેખક શ્રી પૃથ્વી શાહ (ડાબે)નું
બહુમાન કરતા મંગલ મંદિરના તંત્રી મંડળના સભ્ય શ્રી મનુભાઈ શાહ (જમણે)




મંચસ્થ મહાનુભાવો. પ્રથમ હરોળમાં ડાબેથી શ્રી ર.કુ. ગોસર, શ્રી ચિત્રસેન શાહ, શ્રી કે.ડી. શાહ,
શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી શાં.મૃ. સાવલા,
શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી સ્વ. ઈંગિત શાહ



શ્રી ચિત્રસેન શાહના હસ્તે પુસ્તકોનું વિમોચન



કાવ્યા રાહુલ શાહને વિજેતા પારિતોષિક એનાયત કરતા
ટ્રસ્ટી શ્રી શાંતિલાલ મુળજી સાવલા



૭૭ વખત બ્લડ ડોનેશન કરવા બદલ શ્રી શૈલેન વિજયસેન શાહનું
સન્માન કરતા શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ (જખૌ)



૬૮ વખત બ્લડ ડોનેશન કરવા બદલ શ્રી મનીષ આણંદજી વીરાનું
સન્માન કરતા શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ (જખૌ)



સંગીત હરીફાઈ (યુવા)ના દ્વિતીય વિજેતા આનલ કમલેશ શાહને
પારિતોષિક એનાયત કરતા શ્રી સ્વર હિંમત શાહ (જખૌ)



સંગીત હરીફાઈ (બાળ)ના વિજેતા જય અનિષ છાડવાને
પારિતોષિક એનાયત કરતા શ્રીમતી શોભિતબહેન શાહ



સંગીત હરીફાઈ (કિશોર)ના વિજેતા ધ્રુવ હીરેન શાહને
પારિતોષિક એનાયત કરતા શ્રીમતી તરુબહેન નરેન્દ્ર છ. શાહ



વક્તૃત્વ હરીફાઈ ગ્રુપ-બી ના દ્વિતીય વિજેતા શ્રીમતી ઉર્વશી મનીષ સાવલાને
પારિતોષિક એનાયત કરતા શ્રી હસમુખ લાલજી શાહ



વાર્તા હરીફાઈના પ્રથમ વિજેતા ચિરાગ લહેરચંદ મૈશેરીને
પારિતોષિક એનાયત કરતા શ્રી અશ્વિનભાઈ સાવલા (જમણે)



વાનગી હરીફાઈ (ફરસાણ)ના વિજેતા શ્રીમતી જ્યોત્સનાબહેન ગોગરી (ડાબે)ને
પારિતોષિક એનાયત કરતા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા (જમણે)



લગ્નગીત હરીફાઈના તૃતીય વિજેતા શ્રીમતી રૂક્મણીબહેન ગુલાબચંદ શેઠિયા (ડાબે)ને
પારિતોષિક એનાયત કરતા માતુશ્રી વસંતીબહેન ખીમચંદ વેલજી ધરમશી (જમણે)



પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગના વિજેતા શ્રીમતી જ્યોત્સના અરવિંદ શાહ (ડાબે)ને
સન્માનતા શ્રીમતી સંધ્યાબહેન ચંદ્રકાંત રવિલાલ મહેતા (જમણે)



શબ્દ રમત હરીફાઈના વિજેતા શ્રી પ્રતાપભાઈ દંડ (ડાબે)ને સન્માનતા
શ્રી રવિલાલભાઈ પરીખ (જમણે)



સમારંભના અંતે આભારવિધિ કરતા
સહમંત્રી શ્રી હસમુખ બાબુલાલ શાહ



સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા શ્રીમતી અલ્પાબહેન શાહ



પુરસ્કાર સમિતિ



સ્વામિવાત્સલ્ય જમણવાર



સ્વામિવાત્સલ્ય જમણવારની ઝલક



સ્વામિવાત્સલ્ય જમણવાર



પૈસાવસૂલ ગ્રુપની કાર્યવાહી

## પુરસ્કાર સમિતિનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા દર વર્ષે પર્યુષણ પર્વ પછી સ્વામિવાત્સલ્યના દિવસે બાળવર્ગથી અનુસ્નાતક સુધીના ભણતા દરેક વિદ્યાર્થીઓને સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપવામાં આવતા હતા. પરંતુ આ વર્ષે ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે તા. ૧૫મી ઓગસ્ટે પુરસ્કાર સમિતિ, શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ અને યુવા વિકાસ સમિતિ દ્વારા **'સરસ્વતી સન્માન'**ના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે અને પ્રોત્સાહિત થાય એ હેતુથી એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. (જેનો અહેવાલ સપ્ટેમ્બર માસના મંગલ મંદિરમાં આપવામાં આવેલ હતો.) અને ધોરણ બાળવર્ગથી ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને સ્વામિવાત્સલ્યના દિવસે પુરસ્કાર આપવામાં આવેલ હતા.

આ વર્ષે પુરસ્કાર સમિતિએ જૂન મહિનાના 'મંગલ મંદિર'ના અંકમાં ફોર્મ મોકલાવીને કાર્યનો આરંભ કર્યો હતો. સભ્યશ્રીઓએ જે તે ફોર્મ ભરીને સંસ્થાની ઓફિસ, પાલડી ભવન પર મોકલી આપ્યા હતા. મળેલા ફોર્મની ચકાસણી કરીને બાળવર્ગથી અનુસ્નાતક સુધીના ધોરણમાં ભણતા તમામ વિદ્યાર્થીઓની નોંધણી કરી અલગ અલગ ધોરણોની યાદી બનાવવામાં આવેલ હતી.

વિદ્યાર્થીઓની ઉંમર અને ધોરણને ધ્યાનમાં રાખીને બાળવર્ગ માટે નાની બેગ, ધોરણ-૧ માટે 8-in-One ગેમ, ધોરણ-૨ અને ૩માટે બેડમિન્ટન (શટલ કોક સાથે), ધોરણ-૪થી ૭ માટે કાંડા ઘડિયાળ, ધોરણ-૮થી ૧૦ માટે ફોલ્ડર બેગ અને ધોરણ-૧૧ અને તેનાથી ઉપરના માટે સાઈડ પાઉચ આપવામાં આવ્યા હતા. આમાં કુલ ૪૭૮ વિદ્યાર્થીઓને સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપીને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યમાં પુરસ્કાર સમિતિના સભ્યો મનીષ વીરા, વિજય દેઢિયા, શશીકાંત ગાલા, પારસ રાંભિયા, નિમેષ ગોગરી, શ્રીમતી સ્મિતાબહેન શાહ અને કુ. સુજલ શાહ — બધાએ આ સમિતિનું કાર્ય સ્વામિવાત્સલ્યના દિવસે હળીમળીને એક ટીમવર્ક સાથે પૂર્ણ કરેલ હતું.

આ કાર્યમાં વિમેશ શાહ, વિશાલ શાહ, રાજેશ ધરમશી, પૂજન ગોરજી, જાનકી ગોરજી, નેશા સંઘવી, વિધિ ગાલા અને ટ્વીંકલ છેડાનો સારો સાથ અને સહકાર સાંપડેલ હતો.

***પંકજ ગોગરી, કન્વીનર - પુરસ્કાર સમિત***

## તબીબી સેવા સમિતિ

### હૃદયરોગ અને જીવનશૈલી વિશે પરિસંવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તબીબી સેવા સમિતિના નેજા હેઠળ રવિવાર તા. ૨૯-૮-૨૦૧૦ના સવારમાં ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર હૃદયરોગ અને જીવનશૈલી વિશે ઓડિયો વિઝ્યુઅલ મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે એક પરિસંવાદ યોજવામાં આવેલ હતો કે જ્યારે સમાજના અંદાજિત ૬૫ સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

'હૃદયરોગ, તેના કારણો, ચિહ્નો અને તેની સારવાર'ના વિષય પર શહેરના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ઊર્મિલ શાહ, M.D., D.M. કે જેઓ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટર સાથે પણ સંલગ્ન છે, તેઓએ ખૂબ જ નમ્રતાપૂર્વક અને સરળ શૈલીમાં પોતાની વિગતો સમજાવેલ હતી. મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે લગભગ ૦ાા કલાક સુધી પ્રવચન આપી તેઓએ લોકોને આ વિષયે માહિતગાર કરેલ હતા.

ત્યારબાદ 'હૃદયરોગ અને જીવનશૈલી'ના વિષય પર અમદાવાદના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ અને વાસ્ક્યુલર સર્જન ડૉ. ધીરેન શાહ, M.S., M.Ch. (CVTs) મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે ખૂબ જ હળવી શૈલીમાં પરંતુ ખૂબ જ અગત્યની વિગતોની રજૂઆત પોતાના પ્રવચન દરમ્યાન કરેલ હતી. મૂળ તો તેમનું પ્રવચન ૩૦ મિનિટનું રાખવામાં આવેલ પરંતુ તેમનું વક્તવ્ય એટલું રસપ્રદ હતું કે વક્તવ્ય દરમ્યાન ૧.૩૦ કલાકનો સમય ક્યાં પાસ થઈ ગયો તેનું તેમને કે શ્રોતાજન — એમ બંનેમાંથી કોઈને પણ ખ્યાલ ના રહ્યો.

પ્રવચન બાદ પ્રશ્નોત્તરીનો સમય રાખવામાં આવેલ હતો કે જ્યારે શ્રોતાજનમાંથી પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબો બંને ડોક્ટરશ્રીઓએ વ્યવસ્થિતપણે આપેલ હતા.

અગાઉ સભાની શરૂઆતમાં બન્ને ડૉક્ટરશ્રીઓનો પરિચય શ્રી અશ્વિનભાઈ સાવલાએ આપેલ હતો. ડૉ. ધીરેન શાહનું સન્માન બુકે અને મોમેન્ટોથી શ્રી વિશાલ શાહે અને ડૉ. ઊર્મિલ શાહનું સન્માન શ્રી કાંતિભાઈ સાવલાએ કરેલ હતું. શ્રી અશોકભાઈ મહેતાએ આવકાર પ્રવચન આપેલ હતું. સેમિનારનું સંચાલન શ્રી અશ્વિનભાઈ સાવલાએ કરેલ હતું. સેમિનારના અંતે પરિસંવાદ બાદનો સારાંશ ડૉ. હિતેન્દ્ર શાહે રજૂ કરેલ હતો.

***કન્વીનર, તબીબી સેવા સમિતિ***

## ભીષ્મ પિતામહ

બાણશય્યા પર પડેલા ભીષ્મ પિતામહને યુધિષ્ઠિર પૂછે છે, 'પિતામહ, પુરુષાર્થ અને દૈવમાં શ્રેષ્ઠતા કોની?' ત્યારે જવાબમાં પિતામહ કહે છે, 'પુરુષાર્થ દૈવને અનુસરી રહે છે એ ખરું પણ પુરુષાર્થ વિનાના મનુષ્યને દૈવ કશું જ આપી શકતું નથી. તમે પાંડવોએ તમારું રાજ્ય પુરુષાર્થથી પાછું મેળવ્યું છે, માત્ર દૈવની કૃપાથી નહીં. તેલ ખૂટી જતાં દીવો હોલવાઈ જાય છે તેમ કર્મ પૂરું થતાં દૈવની સક્રિયતા રહેતી નથી. માટે કર્મફળની ભૂમિકા સ્વસ્થ ચિત્તે સમજવાની છે કેમકે વાછરડું એની માતાને સેંકડો ગાયો વચ્ચેથી પણ શોધી લે છે તેમ પૂર્વેના કર્મ કર્તાને શોધી લઈ એને અનુસરે છે.' ***'જીવનમાંથી જડેલી વાતો'માંથી સાભાર***

***પ્રેષક : મહેન્દ્ર દામજી છેડા - અમદાવાદ***

*ચિંતાથી લોહીનું પાણી થાય, વ્યસનથી ધનનું પાણી થાય. કુસંગથી સમય અને શક્તિનું પાણી થાય અને પ્રભુ*

# હૃદયરોગ, તેના નિવારણ અને જીવનશૈલી વિશે પરિસંવાદ




ડાયસ્થ મહાનુભાવો. ડાબેથી ડૉ. દેવીન્દ્રાબહેન શાહ, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, ડૉ. ઊર્મિલ શાહ તથા ડૉ. ધીરેન શાહ



સમારંભનું સંચાલન કરતા શ્રી અશ્વિનભાઈ સાવલા



ડૉ. ઊર્મિલ શાહ (ડાબે)નું સ્વાગત કરતા શ્રી કાંતિભાઈ સાવલા (જમણે)



ડૉ. ધીરેન શાહ (ડાબે)નું સન્માન કરતા શ્રી વિશાલ શાહ (જમણે)



સભાગૃહમાં ઉપસ્થિત જન સમુદાય.



પરિસંવાદના અંતે સારાંશ રજૂ કરતા ડૉ. હિતેન્દ્ર શાહ.
ડૉ. ઊર્મિલ શાહ તથા ડૉ. ધીરેન શાહ ડાયસ પર.

*સખત કામ એ પ્રાર્થના બરાબર છે. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.*

## સમિતિઓના કન્વીનરશ્રીઓને વિનંતી

આથી જે તે સમિતિના કન્વીનરશ્રીઓને વિનંતી કે તેમના દ્વારા થઈ ગયેલ તેમજ થનારા કાર્યક્રમો - મિટિંગ તેમજ અન્ય કાર્યક્રમની વિગત દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં સંસ્થાના કાર્યાલયે પહોંચી જાય તેવી વ્યવસ્થા કરવા વિનંતી. જેથી જે તે મહિનાના મંગલ મંદિરમાં યોગ્ય સમયે તે માહિતી પ્રકાશિત થઈ શકે.

આભાર.

*મુખ્યતંત્રી, મંગલ મંદિર*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

તા. ૨૬-૮-૨૦૧૦ ગુરુવારે બપોરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે લીલાવતી નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિએ લગ્નગીત, ગૃહ ઉદ્યોગ અને બ્યુટી હરીફાઈનું આયોજન કરેલ. શ્રીમતી પુષ્પાબહેન કાંતિલાલ રામજી શાહ ગૃહ ઉદ્યોગ હરીફાઈ રાખેલ હતી. તેમાં કુલ ૧૭ બહેનોએ ભાગ લીધેલ ને જજ તરીકે વીણાબહેન પરીખ અને મીનાબહેન કવિયા આવેલ હતા. વિજેતાઓની યાદી નીચે મુજબ છે.

*પ્રથમ* : અલ્પા મારુ

*દ્વિતીય* : વર્ષાબહેન પારેખ અને સ્મિતા શાહ

*તૃતીય* : કલ્પના શાહ.

ગૂર્જર પરિવાર બ્યુટી હરીફાઈમાં જજ તરીકે પ્રજ્ઞાબહેન શુક્લ હતા. તેના વિજેતા

*પ્રથમ* : પ્રીતિબહેન ભરતભાઈ રાંભિયા.

માતુશ્રી દમયંતીબહેન ખીમચંદ વેલજી ધરમશી લગ્ન ગીત હરીફાઈમાં જજ તરીકે પ્રજ્ઞાબહેન શુક્લ આવ્યા હતા. તેના વિજેતાઓની યાદી.

*પ્રથમ* : જ્યોત્સનાબહેન શાહ

*દ્વિતીય* : જ્યોત્સનાબહેન ગોગરી

*તૃતીય* : રુક્ષ્મણીબહેન રાંભિયા

આ કાર્યક્રમમાં બહેનોએ ખૂબ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આવતા પ્રોગ્રામોમાં પણ આવી જ સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લેશો અને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરશો. ખૂબ ખૂબ આભાર.

***વસુમતીબહેન હરિયા, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

**સન્માન**

*સંતાનને 'તું' ન કહેતા 'તમે' કહીને સંબોધીએ તો!*
*સંતાનને સન્માનના ઉપદેશો આપવાના બદલે સન્માન જ આપીએ તો!*

## સમાજ સુરક્ષા સમિતિ

માસ સપ્ટેમ્બર દરમિયાન નીચે મુજબના નવા સભ્યો, સમાજ તરફથી લેવામાં આવતા રૂા. ૨,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર)ના આકસ્મિક મૃત્યુના વીમા મેળવવાપાત્ર છે. જે સભ્યોને પોતાના જ નામે વીમો લેવો હોય તેઓને કંઈ કાર્યવાહી કરવાની જરૂર નથી પરંતુ જે સભ્યને પરિવારમાંથી અન્ય કોઈ વ્યક્તિનું નામ આપવાનું હોય તેઓએ તરત નીચેના સરનામે જાણ લેખિતમાં કરવા વિનંતી.

સભ્ય પરિવાર દીઠ ૧ વ્યક્તિ અને ૮ કે તેથી વધારે વ્યક્તિઓના સંયુક્ત પરિવારની ૨ વ્યક્તિના વીમા લેવામાં આવે છે.

***સરનામું :***
સમાજ સુરક્ષા સમિતિ,
શ્રી કચ્છી જૈન ભવન,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**નવા સભ્યોનું લિસ્ટ (અકસ્માત વીમા માટે)**

૧. હસમુખ મણિલાલ શાહ (ગરમાણિયા)
૨. વીણાબહેન પ્રવીણ વોરા
૩. રાહુલ નવીનચંદ્ર તારાચંદ સંઘવી
૪. મેહુલ વિનોદકુમાર દોશી
૫. ભોગીલાલ દલસુખલાલ વોરા
૬. પ્રકાશ ભોગીલાલ મહેતા
૭. પારસ રાજેન્દ્ર દંડ
૮. નિરંજન ઠાકરશી સાવલા
૯. ધર્મેશ વસંતલાલ વિસરિયા
૧૦. જીવીબહેન નરપતલાલ મોથારિયા
૧૧. જગદીશ અજિતકુમાર મહેતા
૧૨. કિરણ ચંદુલાલ દંડ
૧૩. અશ્વિન જેઠાલાલ મોરબિયા
૧૪. અલ્પેશ નાનજી ગાલા
૧૫. અમિત સુરેશભાઈ બાબરિયા
૧૬. અમિત કિરણકુમાર શાહ
૧૭. અજયકુમાર ઉત્તમચંદ દંડ
૧૮. ચારૂલ પ્રફુલ્લભાઈ મૂળજી શાહ
૧૯. રતિલાલ નેણશી હીરજી નાગડા

## વયસ્ક સમિતિ

### તા. ૨૩-૯-૨૦૧૦ના રોજ યોજાયેલ વયસ્ક પ્રોગ્રામ અહેવાલ

આજરોજ તા. ૨૩-૯-૨૦૧૦, બુધવારના રોજ સાંજે ૬.૩૦ વાગે સમાજની વયસ્ક સમિતિ દ્વારા એક મનોરંજન કાર્યક્રમનું આયોજન વયસ્કો માટે કરવામાં આવેલ હતું. જેમાં ૮૦ જેટલી વયસ્ક વ્યક્તિઓએ હર્ષોલ્લાસભેર ભાગ લીધેલ.

આ કાર્યક્રમનું સંચાલન વયસ્ક સમિતિના કન્વીનર શ્રી રજનીકાંત ધરમશી પારેખે સંભાળેલ. જેમાં તેમણે વયસ્ક સમિતિ દ્વારા ભવિષ્યમાં થનારા પ્રોગ્રામોની આછી રૂપરેખા રજૂ કરેલ હતી. તેમણે જણાવેલ કે નજદીકના ભવિષ્યમાં મધ્યપ્રદેશમાં આવેલ નાગેશ્વર તીર્થ, ઈંદોર શહેર તથા કેવડિયા કોલોની, નર્મદા બંધ, વલસાડ - તીથલ તેમજ ભવિષ્યમાં ફોરેન ટૂરના આયોજન વિશેની ટૂંકમાં માહિતી આપેલ હતી.

આ પ્રસંગે શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડે જણાવેલ કે વયસ્કોના પ્રોગ્રામો ભાષણબાજીના બદલે મનોરંજક હોવા જોઈએ. ગયા વર્ષે વયસ્ક સમિતિ દ્વારા થયેલા પ્રોગ્રામોની પ્રશંસા કરેલ હતી જેમાં સમાજના વયસ્ક વડીલ શ્રી હીરજી પાસુભાઈ શાહે સંમતિ દર્શાવેલ. જ્યારે વયસ્ક શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહે વયસ્કોને ઉપયોગી માહિતીના સંવાદો થાય તેમજ મનોરંજન કાર્યક્રમો પણ થાય તેવી લાગણી રજૂ કરેલ હતી. ત્યારબાદ શ્રી રજનીકાંતભાઈએ 'હાઉસી ગેમ' રમાડી ઈનામોની લહાણી કરેલ હતી. ત્યારબાદ ભોજનનો આસ્વાદ માણી વયસ્ક સમિતિ દ્વારા એકદમ વાજબી કિંમતમાં ટાઉન હોલમાં અંકુર એજ્યુકેશન મોટીવેશન એસોસિએશન અને શહેરના વયસ્કોના પ્રશ્નો માટે હંમેશાં કાર્યરત રહેતા શ્રી ઈન્દ્રવદન સી. શાહ આયોજિત ગીત સંગીતનો 'સુહાની યાદેં'નો પ્રોગ્રામ માણવા ટાઉનહોલ પહોંચી ગયેલ. જ્યાં પધારેલ શહેરના પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં આપણા સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડનું પણ સ્ટેજ ઉપર ગુલદસ્તાથી સન્માન થયેલ.

અંતે આ સુમધુર ગીત સંગીત સૂરાવલીનો આસ્વાદ માણી મોડી રાત્રે સૌ ખુશાલી સાથે છૂટા પડેલ.

*રજનીભાઈ પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## વયસ્ક સમિતિ માહિતી પત્રક

આથી વયસ્ક મિત્રો કે જેઓ ૬૦ વર્ષ અને તેની ઉપરની ઉંમરની વ્યક્તિઓને વિનંતી કરવામાં આવે છે કે આપશ્રી નીચેની માહિતી કોરા કાગળમાં એક બાજુ સ્વચ્છ અક્ષરે સમાજની ઓફિસ - પાલડી ભવન ઉપર તા. ૮-૧૧-૨૦૧૦ સુધી મોકલી આપવા વિનંતી.

કવર ઉપર "વયસ્ક સમિતિ, પાલડી ભવન" લખવું જરૂરી છે.

*વિગત*

૧. પૂરું નામ
૨. પૂરું સરનામું (પીનકોડ સહિત)
૩. આપના ફોન તથા મોબાઈલ નંબર
૪. જન્મ તારીખ અને મૂળ વતન (બંને વ્યક્તિઓની)
૫. લગ્ન તારીખ
૬. હાલની પ્રવૃત્તિ
૭. આપના મતે સમિતિએ કઈ પ્રવૃત્તિ કરવી જોઈએ. ક્રમવાર આપો. જે પ્રવૃત્તિ પહેલાં કરવી જોઈએ તેને પ્રથમ સ્થાન તથા બીજી પ્રવૃત્તિઓ ક્રમવાર ગોઠવો.
(અ)
(બ)
(ક)
(ડ)
૮. આપના મતે સમાજ દ્વારા નીચેની કઈ પ્રવૃત્તિ કરવી જોઈએ?
(અ) સમાજની વાડી
(બ) સમાજની હોસ્પિટલ / સ્કૂલ
(ક) કચ્છમાં અમદાવાદ અભ્યાસ માટે આવતી છોકરીઓ માટે હોસ્ટેલ બિલ્ડિંગ / વ્યવસ્થા.

*તા.ક. :* ૬૦ વર્ષની ઉપરનાં પુરુષની ધર્મપત્ની માટે ઉંમરનો બાધ રહેશે નહીં. એકલા રહેતા બહેનો ૫૫ વર્ષ ઉપરના હશે તો જોડાઈ શકશે.

*કન્વીનરશ્રી, વયસ્ક સમિતિ,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.*

## ઇઝરાયેલ અને ભારતના કર્ણધારો

વર્ષ ૧૯૬૭. મહિનો જૂન. ઇજિપ્ત તથા જોર્ડન અને બીજા આરબ દેશોએ ઈઝરાઈલ પર આક્રમણ કર્યું. ઈઝરાઈલે જોરદાર મુકાબલો કરીને ઇજિપ્તનો તથા જોર્ડન સહિત આરબ રાજ્યોનો કેટલોક પ્રદેશ કબજે કરી લીધો. આરબો હાર્યા.

હવે આરબો પોતાનો પ્રદેશ પાછો માંગવા લાગ્યા. ત્યારે ઇઝરાઈલના વડાપ્રધાન શ્રીમતી ગોલ્ડા માયરે જવાબ આપ્યો કે, 'તમે ઇઝરાઈલ પર યુદ્ધ લાદ્યું. અમે તમારો પ્રદેશ જીતી લીધો. હવે જો તમારામાં તાકાત હોય તો યુદ્ધ કરીને પ્રદેશ પાછો મેળવી લો.'

પાકિસ્તાની સૈન્યને મારી હટાવતું ભારતીય સૈન્ય લાહોરમાં પ્રવેશી ચૂક્યું હતું. વિજયનો આનંદ તમામ સૈનિકોના હૃદયમાં ભરેલો હતો. સૈન્યના વડાએ દિલ્હી સંદેશો મોકલ્યો, 'જો મંજૂરી આપો તો આવતીકાલે આપણું લશ્કર કરાંચીમાં આંટા મારતું હશે.'

જવાબ નકારમાં આવ્યો. કરાંચી ને લાહોર તો ઠીક પણ હાથમાં આવેલું આઝાદ કાશ્મીર પણ પાછું આપી દેવું પડ્યું. પ્રજા તૈયાર હતી, લશ્કર તૈયાર હતું પણ નેતાગીરી નિર્માલ્ય નીકળી. *ભાસ્કર પંડ્યા.*

*આટલા નિર્માલ્ય તો ત્રીજી જાતિના લોકો પણ નથી હોતા.*
*- શાંતિલાલ સંઘવી*

*ભારતના વડા પ્રધાનની જગ્યા બીજો કોઈ નાગરિક ભરી શકે છે, પણ મા-બાપ તરીકે આપણી જગ્યા કોઈ લઈ શકે નહીં.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### કાઉન્સેલિંગ સેમિનાર

જો આપ ૬ વર્ષથી ૧૧ વર્ષનાં બાળકોનાં માતા-પિતા કે વાલી, વડીલ હો – તો આપને નીચેની બાબતો જાણવી જરૂરી છે જ –

★ આ ઉંમરે બાળકો મિત્રતા કેળવે છે.

★ પોતે મિત્રો તરફથી પ્રેશર અનુભવે છે, સાથે જ પોતે સ્વતંત્ર બનવાની કોશિશ કરે છે.

★ પોતાના શરીરમાં થતાં ફેરફારો નિહાળે છે.

★ પોતાના શરીરનું ભાન થાય છે અને ખાવાપીવામાં નખરા શરૂ થાય છે.

★ સ્કૂલમાં ભણવાનું પ્રેશર શરૂ થયું હોય છે!

★ પ્રશ્નો - સમસ્યાઓ - ઈમેજ - લાગણીઓ આ બધાની શરૂઆત થઈ ગઈ હોય છે!!

આવી ઉંમરે આવેલ બાળકને સમજવું માબાપ માટે અત્યંત આવશ્યક છે. આવો, આપણે મળીને જાણીએ.

*ડૉ. નિમ્રત સિંઘ (શ્રીમતી)*

*તા. ૨૪-૧૦-૨૦૧૦, રવિવારે*

*સવારે : ૧૦.૩૦થી ૧.૩૦ (ચા-બિસ્કિટ સાથે)*

*ચાર્જ : રૂા. ૨૦/- વ્યક્તિ દીઠ.*

**મોડા આવનાર માફ કરશો!**

*નામ લખાવવા સંપર્ક :*

શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

*વધુ વિગતો મેળવવા સંપર્ક :*

હીરેન કે. શાહ (૯૮૨૫૦ ૧૩૭૧૫) (સવારે ૮ થી રાત્રે ૮)

## "સંકલ્પ"

**શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ**

### વાર્ષિક સામાન્ય સભા

'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૦-૧૦-૨૦૧૦ને રવિવારના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે રાખવામાં આવી છે. સમય સાંજે ૪.૦૦ વાગે.

સંકલ્પના જે સભ્યો કમિટીમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય અને સ્વેચ્છાએ સેવા આપી શકતા હોય તેઓ નીચે મુજબની વ્યક્તિઓ પાસે પોતાના નામ નોંધાવે.

*કેતન લોડાયા : મો. ૯૯૯૮૦ ૧૧૧૫૯*

*ડૉ. કેતન શાહ : મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*

*સ્મિતા વિશાલ શાહ : ફોન : ૨૬૭૬ ૩૬૪૮*

***પ્રમુખ / મંત્રી, સંકલ્પ***

## શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ

★ શ્રીમતી કસ્તૂરબહેન લક્ષ્મીચંદ વીરા તરફથી સ્વ. હરમેશની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભણાવેલ પંચ કલ્યાણક પૂજાનો નકરો રૂા. ૫૧૫/- મંડળને મળેલ છે.

★ શ્રીમતી તરુબહેન નરેન્દ્રભાઈ રંગવાલા તરફથી અ.સૌ. ચિ. આસ્કાની અઠ્ઠાઈ નિમિત્તે રાખેલ સાંજીના રૂા. ૧૦૦૧/-ની ભેટ મળેલ છે.

★ શ્રી જયેશભાઈ ઠાકરશી લોડાયા તરફથી એમના સ્વ. માતુશ્રી કાંતાબહેનની પ્રાર્થના નિમિત્તે મંડળને રૂા. ૫૦૧/- મળેલ છે.

ઉપરોક્ત સર્વે ભેટોનો ભક્તિ મંડળ સાભાર સ્વીકાર કરે છે.

## શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ

ઉપરોક્ત સંસ્થાના ઉપક્રમે તા. ૨૧-૯-૨૦૧૦ને મંગળવારના શારીરિક તંદુરસ્તીની જાળવણી તથા સ્કીન કેર તથા વાળની માવજતના એક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. શારીરિક તંદુરસ્તીની જાળવણીના અનુસંધાને તેરાપંથ હોલિસ્ટિક હિલિંગ્સના સંચાલક શ્રી અરુણભાઈ વ્યાસે તથા સ્કીનકેર તથા વાળની માવજતના અનુસંધાને શ્રીમતી માયાબહેન વ્યાસે (એકમે બ્યૂટી પાર્લર - મણિનગરના સંચાલિકા) બહેનોને સમજણ આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ બહેનોના પ્રશ્નોનું પણ નિરાકરણ કરેલ હતું.

**આગામી કાર્યક્રમ : નવરાત્રિ ગરબા**

તા. ૧૩-૧૦-૨૦૧૦ને બુધવાર (છઠ્ઠું નોરતું)ના નવરાત્રિ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ઢોલના તાલે ગરબા તથા રાસની મજા લેવાનું ખાસ આમંત્રણ છે.

***સ્થળ :*** એલિસબ્રિજ મહિલા સમાજ હોલ - પાલડી
ગાંધીનગર બસ સ્ટેન્ડની પાછળ,
પાલડી ચાર રસ્તા.

***સમય :*** બપોરે ૩.૦૦થી ૬.૦૦

***ખાસ નોંધ :*** નવરાત્રિમાં સારા ડ્રેસ સાથે ઉંમર પ્રમાણે સારું રમનારને ઈનામોથી નવાજવામાં આવશે.

| *વય જૂથ* | *ઈનામો* | |
|---|---|---|
| ૧૮થી ૩૦ વર્ષ | ૧ + ૧ વેલ ડ્રેસ | ૧ + ૧ વેલ ગ્રેસ |
| ૩૦થી ૪૫ વર્ષ | ૧ + ૧ વેલ ડ્રેસ | ૧ + ૧ વેલ ગ્રેસ |
| ૪૫થી ૬૦ વર્ષ | ૧ વેલગ્રેસ | |
| ૬૦ વર્ષથી ઉપર | ૧ વેલગ્રેસ | |

***નવરાત્રિના કાર્યક્રમમાં દાંડિયા, બહેનોએ પોતાના લાવવાના રહેશે.***

***સમતા, સરળતા, સુમધુરતા, સફળતા, સાર્થકતા, સરસતા અને સમર્પિતતા યુક્ત ઈન્દ્રધનુષી આપણું જીવન નભ શોભી રહે.***

***આપણા બાળકો આવતીકાલે શું થશે તેની આપણે ચિંતા કરીએ છીએ પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે તેઓ આજે પણ કંઈક છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ

## વિવિધ સમિતિઓનું લિસ્ટ : વર્ષ ૨૦૧૦-૧૧

*રવિવાર, તા. ૧૯-૯-૨૦૧૦ના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની મિટિંગ મળેલ હતી કે જેમાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે સમાજની વિવિધ સમિતિઓને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવેલ હતું.*

*વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટેની સમાજની વિવિધ સમિતિઓની વિગત નીચે મુજબ છે. આ સમિતિઓને તેમના કાર્યોમાં સહકાર આપવા સહુને અપીલ કરવામાં આવે છે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૧) શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ** | | | | | | |
| • | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | કન્વીનર | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| • | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય | — | — | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| • | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૬ |
| • | શ્રી કિરીટ પ્રેમજી નંદુ | રાયણ મોટી | સભ્ય | ૨૬૫૮ ૧૭૧૭ | ૬૬૩૦ ૫૦૦૦ | ૯૮૨૫૦ ૮૪૩૪૦ |
| • | શ્રી દેવેન મેઘજી છેડા | લાયજા | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૮૨૪૦ ૦૪૮૭૯ |
| • | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | ૨૬૫૮ ૧૯૮૦ | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| • | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| • | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| • | શ્રીમતી હાસ્યલતા દિનેશચંદ્ર મહેતા | ભુજ | સભ્ય | ૨૬૮૫ ૪૬૪૪ | — | ૯૪૨૭૭ ૧૦૩૬૫ |
| • | શ્રીમતી રશ્મિ રાજેન્દ્ર ગાલા | હાલાપર | સભ્ય | ૨૬૯૩૭૬૧૪/૧૫ | — | ૯૮૨૪૧ ૬૦૧૧૧ |
| • | શ્રી નિમેશ મણિકાંત શાહ | જખૌ | સભ્ય | — | — | ૯૭૨૭૭ ૫૨૨૦૭ |
| • | શ્રીમતી નેહા નિમેશ શાહ | જખૌ | સભ્ય | — | ૬૬૬૧ ૪૭૦૩ | ૯૮૨૫૬ ૦૦૫૮૭ |
| **(૨) વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ** | | | | | | |
| • | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | કન્વીનર | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| • | શ્રી મનીષ આણંદજી વીરા | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | ૯૪૨૬૮ ૬૧૧૩૬ |
| • | શ્રી વિજય ભવાનજી દેઢિયા | કપાયા | સભ્ય | ૬૪૧૯ ૯૨૪૯ | ૨૫૪૬ ૦૮૯૩ | ૯૨૭૫૧ ૧૫૧૨૩ |
| • | શ્રી પારસ કલ્યાણજી રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૭૫૦ ૬૧૬૧<br>૩૨૯૩ ૬૩૦૨ | ૨૭૫૬ ૦૪૮૦<br>૩૨૯૮ ૮૮૮૭ | ૯૮૨૫૧ ૯૧૨૬૧<br>૯૩૭૭૫ ૪૧૩૪૨ |
| • | શ્રીમતી સ્મિતાબહેન વિશાલ શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | — | — |
| • | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય | ૯૦૧૬૩ ૨૬૩૩૭ | ૨૭૫૪ ૪૬૪૬ | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| • | શ્રી પૂજન અશોક ગોરજી | તેરા | સભ્ય | ૨૬૬૪ ૧૬૭૯ | ૨૫૫૦ ૫૬૯૮ | ૯૮૨૫૦ ૯૧૩૧૬ |
| **(૩) કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ** | | | | | | |
| • | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | કન્વીનર | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫ / ૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| • | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | ૨૬૫૮ ૧૯૮૦ | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| • | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય | ૯૦૧૬૩ ૨૬૩૩૭ | ૨૭૫૪ ૪૬૪૬ | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| • | શ્રી મોનીશ ભૂપેન્દ્ર વોરા | અંજાર | સભ્ય | — | — | ૯૨૭૭૯ ૫૭૩૮૫ |

*'તારાથી એ નહીં થાય, લાવ હું કરી આપું' તેવા શબ્દો બાળકના વિકાસને રુંધનારા છે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૪) લાઈબ્રેરી સમિતિ** | | | | | | |
| ● | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | કન્વીનર | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ● | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ● | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | મુંદ્રા | સભ્ય | ૨૨૯૨ ૫૮૧૨ | — | ૯૮૨૫૬ ૮૭૭૪૧ |
| ● | શ્રીમતી પ્રવીણાબહેન રાજેન્દ્ર દોશી | માંડવી | સભ્ય | ૯૪૨૮૨ ૪૬૬૬૮ | — | ૯૮૨૫૩ ૪૬૧૦૧ |
| **(૫) યુવા વિકાસ સમિતિ** | | | | | | |
| ● | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | કન્વીનર | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ● | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય | ૯૦૧૬૩ ૨૬૩૩૭ | ૨૭૫૪ ૪૬૪૬ | ૯૮૭૯૧ ૧૦૪૬૭ |
| ● | શ્રી હીરેન અમૃતલાલ શાહ | તલવાણા | સભ્ય | ૨૬૮૫ ૬૬૧૦ | — | ૯૮૨૫૪ ૦૩૬૦૦ |
| ● | શ્રી રાજેશ ખીમચંદ ધરમશી | જસાપર | સભ્ય | ૨૭૬૬ ૨૬૦૪ | ૨૨૧૭ ૪૧૭૮ | ૯૯૨૫૦ ૩૮૮૯૬ |
| ● | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | ૨૬૩૧ ૪૬૦૫ | ૯૪૨૮૩ ૫૦૦૩૮ |
| **(૬) મહિલા ઉત્કર્ષ સમિતિ** | | | | | | |
| ● | શ્રીમતી વસુમતીબહેન પ્રવીણ હરિયા | બાડા | કન્વીનર | ૨૬૯૩ ૭૫૪૫ | — | ૯૮૨૪૬ ૨૭૧૧૭ |
| ● | શ્રીમતી દમયંતીબહેન મેઘજી છેડા | લાયજા મોટા | સભ્ય | ૨૬૬૪ ૧૬૧૬<br>૨૬૬૪ ૧૭૧૭ | | |
| ● | શ્રીમતી સ્મિતાબહેન વિશાલ શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૩૬૪૮ | — | — |
| ● | શ્રીમતી શિલ્પીબહેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૬૨ ૦૧૯૯ | — | ૯૩૨૭૦ ૧૪૬૨૫ |
| ● | શ્રીમતી વર્ષાબહેન અનિલ હરિયા | બાડા | સભ્ય | ૨૬૯૨ ૩૫૩૧ | — | ૯૮૨૫૦ ૪૬૧૬૩ |
| ● | શ્રીમતી પ્રફુલ્લાબહેન પંકજ ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૪ ૨૦૭૮૫ |
| ● | શ્રીમતી માલાબહેન પ્રફુલભાઈ ધરમશી | કોઠારા | સભ્ય | ૨૭૪૧ ૩૭૪૬<br>૩૦૯૧ ૩૦૭૭ | — | ૯૩૨૭૦ ૦૯૪૪૪ |
| **(૭) બાળ કલ્યાણ સમિતિ** | | | | | | |
| ● | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | કન્વીનર | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૫૦ ૧૯૫૫ | — |
| ● | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | સભ્ય | ૨૭૪૮ ૫૮૧૨ | — | — |
| ● | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | — |
| ● | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ● | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | સભ્ય | ૬૫૨૧ ૮૫૩૫<br>૨૬૬૦ ૭૯૯૦ | — | — |
| **(૮) દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ** | | | | | | |
| ● | શ્રી કમલેશ બાબુભાઈ શાહ | કપાયા | કન્વીનર | ૨૫૪૬ ૨૩૩૭ | ૨૫૪૬ ૭૪૩૭ | ૯૮૯૮૭ ૪૨૬૨૪ |
| ● | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | — | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ● | શ્રી ટોકરશી કેશવજી શાહ | પુનડી | સભ્ય | ૨૬૬૦ ૪૮૦૦ | — | ૯૮૨૫૦ ૦૮૫૦૦ |
| ● | શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | સભ્ય | ૬૫૨૧ ૮૫૩૫<br>૨૬૬૦ ૭૯૯૦ | — | — |

*સપને વો નહીં હોતે જો સોતે વક્ત આતે હૈં, સપને વો હોતે હૈં, જો સોને નહીં દેતે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૯) ગર્લ્સ હોસ્ટેલ સમિતિ** | | | | | | |
| ● | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | કન્વીનર | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ● | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | સભ્ય | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧<br>/ ૬૨ / ૬૩ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ● | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | સભ્ય | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫ / ૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ● | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | તુંબડી | સભ્ય | ૨૬૭૮ ૪૯૦૬ | ૨૬૮૫ ૩૨૭૯ | ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| ● | શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | સભ્ય | ૨૬૪૬ ૨૫૩૬<br>૨૬૪૦ ૮૬૮૦ | ૨૬૪૨ ૭૦૦૧<br>૨૬૫૬ ૦૨૭૨ | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| **(૧૦) પરિચય મિલન સમિતિ** | | | | | | |
| ● | શ્રી હીરજી પાસુ શાહ | શેરડી | કન્વીનર | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ● | શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ સાવલા | તુંબડી | સભ્ય | ૦૨૭૧૭-૨૩૧૦૧૧ | — | ૯૮૭૯૬ ૧૬૬૮૮ |
| ● | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ● | શ્રી મહેન્દ્ર વિશનજી શાહ | ભુજ | સભ્ય | ૨૬૭૬ ૦૨૬૬ | — | ૯૪૨૭૬ ૩૧૮૪૧ |
| ● | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| ● | શ્રી પીયૂષ હીરજી સાવલા | ભોજાય | સભ્ય | ૨૨૭૪ ૬૮૯૭ | — | ૯૮૭૯૪ ૯૬૧૩૯ |
| **(૧૧) તબીબી સેવા સમિતિ** | | | | | | |
| ● | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | કન્વીનર | ૨૬૩૦ ૫૮૬૦<br>૩૨૯૨ ૧૨૦૪ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ● | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | સહ કન્વીનર | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧<br>/ ૬૨ / ૬૩ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ● | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | અંજાર | સભ્ય | ૨૬૬૧ ૨૦૯૦ | ૨૬૬૦ ૯૧૪૬ | ૯૮૯૮૧ ૯૮૬૧૬ |
| ● | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | સભ્ય | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૫૬ ૪૪૩૨<br>૨૬૫૬ ૧૧૬૮ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ● | શ્રી કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | સભ્ય | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬<br>૨૫૮૩ ૩૯૮૯ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| **(૧૨) તબીબી સહાય સમિતિ** | | | | | | |
| ● | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | કન્વીનર | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧<br>/ ૬૨ / ૬૩ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ● | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | સભ્ય | ૨૬૮૭ ૨૩૨૮<br>૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ● | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | સભ્ય | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫/૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ● | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | સભ્ય | ૨૬૩૦ ૫૮૬૦<br>૩૨૯૨ ૧૨૦૪ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |

*સંતાનને જન્મ આપી દેવો એ એક ઘટના માત્ર છે. મા-બાપ બની શકવું તે એક સાધના છે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૧૩) વયસ્ક સમિતિ** | | | | | | |
| ● | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | કન્વીનર | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ● | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સભ્ય | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ● | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ● | શ્રી બાબુભાઈ ખેતશી મહેતા | ભુજપુર | સભ્ય | ૨૭૫૬ ૦૩૩૧ | ૨૭૬૮ ૩૨૨૮ | ૯૩૭૭૧ ૯૮૩૬૯ |
| ● | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૫૭ ૫૮૪૯ | — | ૯૮૨૫૦ ૬૧૯૩૦<br>૯૮૨૫૩ ૫૫૮૫૫ |
| **(૧૪) સામાજિક સુરક્ષા સમિતિ** | | | | | | |
| ● | શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | કન્વીનર | ૨૭૯૧ ૧૭૯૧ | ૨૬૫૬ ૪૪૩૨<br>૨૬૫૬ ૧૧૬૮ | ૯૮૨૫૯ ૩૮૭૭૧ |
| ● | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | સભ્ય | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૫૦ ૧૯૫૫ | — |
| ● | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | સભ્ય | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ● | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ● | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | — |
| ● | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| **(૧૫) શૈક્ષણિક સહાય સમિતિ** | | | | | | |
| ● | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | કન્વીનર | ૨૭૪૮ ૫૮૧૨ | — | — |
| ● | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | — |
| ● | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | સભ્ય | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ● | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| **(૧૬) સાધર્મિક સહાય સમિતિ** | | | | | | |
| ● | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | કન્વીનર | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| ● | શ્રી હીરજી પાસુ શાહ | શેરડી | સભ્ય | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ● | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| **(૧૭) વૈયાવચ્ચ સમિતિ** | | | | | | |
| ● | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | વરાડિયા | કન્વીનર | ૨૬૬૦ ૮૩૨૨ | — | ૯૮૨૭૪ ૧૭૬૮૬<br>૯૮૨૫૮ ૮૫૮૨૨ |
| ● | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | સભ્ય | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| ● | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સભ્ય | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ● | શ્રી જશવંત જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય | ૨૬૬૩ ૩૩૨૪ | ૨૬૪૬ ૦૨૩૬ | ૯૮૨૫૧ ૪૨૩૯૭ |
| ● | શ્રી બાબુભાઈ ખેતશી મહેતા | ભુજપુર | સભ્ય | ૨૭૫૬ ૦૩૩૧ | ૨૭૬૮ ૩૨૨૮ | ૯૩૭૭૧ ૯૮૩૬૯ |

*પપ્પા વ્યસ્ત હોય અને મમ્મી વ્યસ્ત થવા પ્રયત્નશીલ હોય ત્યારે સમૃદ્ધ ઘરનું પનોતું સંતાન ઘરમાં જ બેઘર બની શકે છે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૧૮) મંગલ મંદિર — તંત્રી મંડળ** | | | | | | |
| ● | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મુખ્યતંત્રી | ૨૬૮૭ ૨૩૨૮<br>૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ● | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | — |
| ● | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | સભ્ય | ૨૬૪૪ ૬૪૧૩ | ૨૨૧૪ ૪૬૬૩<br>૨૬૪૦ ૧૧૫૦ | ૯૮૨૫૦ ૩૧૫૨૮ |
| ● | શ્રી દિનેશચંદ્ર રતિલાલ મહેતા | ભુજ | સભ્ય | ૨૬૮૫ ૪૬૪૪ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| **(૧૯) મંગલ મંદિર — વ્યવસ્થા, લવાજમ તથા જાહેરાત સમિતિ** | | | | | | |
| ● | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ભુજ | કન્વીનર | ૨૬૫૬ ૪૭૩૦ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ● | શ્રી હીરજી પાસુ શાહ | શેરડી | સભ્ય | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ● | શ્રી દિનેશચંદ્ર રતિલાલ મહેતા | ભુજ | સભ્ય | ૨૬૮૫ ૪૬૪૪ | — | ૯૯૨૪૩ ૪૨૬૨૮ |
| ● | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ● | શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય | ૨૬૬૪ ૧૬૯૦ | — | ૯૪૨૮૮ ૦૬૮૮૨ |
| **(૨૦) લીગલ સમિતિ** | | | | | | |
| ● | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | કન્વીનર | ૨૬૩૦ ૫૮૬૦<br>૩૨૯૨ ૧૨૦૪ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ● | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | સભ્ય | ૨૬૮૭ ૨૩૨૮<br>૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ● | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | સભ્ય | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫/૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ● | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | સભ્ય | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| **(૨૧) હિસાબી સમિતિ** | | | | | | |
| ● | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | કન્વીનર | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૫૦ ૧૯૫૫ | — |
| ● | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | સભ્ય | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ● | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સભ્ય | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ● | શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા) | અંજાર | સભ્ય | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| **(૨૨) સભ્યપદ સમિતિ / મેડિકલ કાર્ડ સમિતિ** | | | | | | |
| ● | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | કન્વીનર | ૨૭૪૮ ૫૮૧૨ | — | — |
| ● | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | — | — |
| ● | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | સભ્ય | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ● | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |

*બાળક આપણે કહીએ તેમ નહીં, આપણે કરીએ તેમ કરે છે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૨૩) ફંડ રેઈઝિંગ સમિતિ** | | | | | | |
| ● | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | તુંબડી | કન્વીનર | ૨૭૪૮ ૪૯૦૬ | ૨૬૮૫ ૩૨૭૯ | ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| ● | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | સભ્ય | ૨૬૮૭ ૨૩૨૮<br>૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| ● | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | સભ્ય | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫/૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| ● | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | સભ્ય | ૨૬૪૪ ૪૯૪૪<br>૨૬૫૬ ૩૩૩૩ | ૨૭૫૦ ૨૪૬૧<br>/ ૬૨ / ૬૩ / ૬૪ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| ● | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | સભ્ય | ૨૬૩૦ ૫૮૬૦<br>૩૨૯૨ ૧૨૦૪ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| ● | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શેરડી | સભ્ય | ૨૬૬૦ ૧૦૭૦ | — | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| ● | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | બાડા | સભ્ય | ૨૬૭૫ ૧૪૧૫ | ૨૭૫૭ ૩૩૬૬ | ૯૮૨૫૦ ૦૭૨૫૪ |
| **(૨૪) ભવન તથા કેન્ટીન સમિતિ** | | | | | | |
| ● | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ગોધરા | કન્વીનર | ૨૬૭૫ ૨૧૨૨ | — | ૯૪૨૭૫ ૫૧૮૭૭ |
| ● | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સહ કન્વીનર | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| ● | શ્રી ચંદ્રકાંત દામજી શાહ | ડુમરા | સભ્ય | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ● | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સભ્ય | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ● | શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય | ૨૨૮૬ ૫૪૩૧<br>૨૨૮૬ ૭૦૬૪ | ૨૨૧૨ ૩૨૧૦<br>૨૨૧૨ ૪૪૭૪ | ૯૩૭૬૧ ૧૪૦૨૪ |
| ● | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | રામાણિયા | સભ્ય | ૨૨૧૪ ૧૧૯૭<br>૨૨૧૪ ૯૫૫૦ | ૩૨૯૩ ૫૭૭૨ | ૯૨૨૭૨ ૧૩૩૫૧<br>૯૪૨૮૧ ૧૩૧૯૧ |
| ● | શ્રી અશ્વિન ભવાનજી સોની | વડાલા | સભ્ય | — | ૨૫૬૧ ૧૮૮૪ | ૯૨૮૭૫ ૩૦૨૪૮ |
| **(૨૫) જનરલ ખરીદ સમિતિ** | | | | | | |
| ● | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | કન્વીનર | ૨૬૬૦ ૫૨૨૫ | — | — |
| ● | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | સભ્ય | ૨૬૬૫ ૦૨૯૯ | — | ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ● | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય | ૨૬૬૩ ૪૩૮૮ | — | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| **(૨૬) જમણવાર સમિતિ** | | | | | | |
| ● | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | ભુજપુર | કન્વીનર | ૨૬૮૭ ૨૩૨૮<br>૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૯૮૯ ૩૩૦૦૦<br>૯૮૯૮૦ ૫૯૩૭૮ |
| ● | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય | ૨૬૬૧ ૨૦૮૯ | ૨૬૫૮ ૧૯૮૦ | ૯૮૨૫૦ ૬૧૧૬૦ |
| ● | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય | | ૨૨૧૨ ૦૪૦૪ | ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ● | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | મુંદ્રા | સભ્ય | ૨૬૯૧ ૨૧૮૮ | ૨૬૪૬ ૩૧૯૬ | ૯૮૨૪૦ ૦૬૬૪૮ |
| ● | શ્રી ગિરીશ દામજી પોલડિયા | તલવાણા | સભ્ય | ૨૬૭૫ ૧૫૫૨ | — | ૯૪૨૭૦ ૨૮૩૮૦ |
| ● | શ્રી જયંતીલાલ રતનશી વીરા | દેવપુર | સભ્ય | ૨૯૨૯ ૫૦૨૪ | ૨૨૯૦ ૦૭૩૨ | ૯૩૭૬૧ ૭૮૮૦૨ |
| ● | શ્રીમતી જિગિષા સંદીપ મહેતા | ભુજપુર | સભ્ય | ૩૦૧૫ ૦૦૨૨ | — | ૯૮૯૮૯ ૬૬૦૦૦ |

*બાળકના જન્મની સાથે જ મા-બાપનો જન્મ થતો હોય છે.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૨૭) મુંબઈ અતિથિ ભવન સમિતિ** | | | | | | |
| • | શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | બાડા | કન્વીનર | ૨૬૭૫ ૧૪૧૫ | ૨૭૫૭ ૩૩૬૬ | ૯૮૨૫૦ ૦૭૨૫૪ |
| • | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | સભ્ય | ૨૬૮૭ ૨૩૨૮<br>૪૦૦૦ ૮૨૧૦ | — | ૯૮૨૫૩ ૨૨૬૮૯<br>૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| • | શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | સભ્ય | ૨૬૫૬ ૩૩૩૩<br>૨૬૪૪ ૯૯૪૪ | ૨૭૫૦ ૨૪૬૧<br>/ ૬૨ / ૬૩ / ૬૪ | ૯૮૨૫૦ ૩૬૬૫૧ |
| • | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | સભ્ય | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫/૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| • | શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | સભ્ય | ૦૨૨-૨૪૧૮૭૨૭૧<br>૦૨૨-૨૪૧૪૧૮૭૯ | ૦૨૨-૨૪૧૮ ૧૦૯૬<br>૦૨૨-૨૪૧૪૨૦૩૧ | ૯૮૨૦૮ ૦૦૪૫૬ |
| • | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | સભ્ય | ૦૨૨-૨૨૬૨ ૪૭૨૧<br>૨૩૬૧ ૧૦૬૬ | ૦૨૨-૨૨૦૧ ૭૫૭૬ | — |
| • | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | સભ્ય | ૨૬૩૦ ૫૮૬૦<br>૩૨૯૨ ૧૨૦૪ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| **(૨૮) ભદ્રેશ્વર પ્રોજેક્ટ સમિતિ** | | | | | | |
| • | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | તુંબડી | કન્વીનર | ૨૭૪૮ ૪૯૦૬ | ૨૬૮૫ ૩૨૭૯ | ૯૮૨૫૦ ૬૧૫૯૮ |
| • | શ્રી હસમુખ બાબુભાઈ શાહ | અંજાર | સભ્ય | ૨૬૬૦ ૩૪૫૮ | ૨૬૬૦ ૫૪૫૩ | ૯૮૨૫૦ ૪૦૬૬૬ |
| • | શ્રી કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | સભ્ય | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| • | શ્રી મહેન્દ્ર વિશનજી શાહ | ભુજ | સભ્ય | — | — | ૯૪૨૭૬ ૩૧૪૮૧ |
| • | શ્રી વીરેન ધીરજલાલ શાહ | ભુજ | સભ્ય | — | — | — |
| **(૨૯) બંધારણ સમિતિ** | | | | | | |
| • | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | કન્વીનર | ૨૬૮૭ ૧૯૨૫ | ૨૫૫૦ ૧૯૫૫ | — |
| • | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | સભ્ય | ૨૬૩૦ ૫૮૬૦<br>૩૨૯૨ ૧૨૦૪ | — | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| • | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | પત્રી | સભ્ય | ૨૭૪૮ ૫૮૧૨ | — | — |
| • | શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | સભ્ય | ૨૬૫૭ ૫૩૪૨ | ૨૬૫૭ ૫૩૮૪ | — |
| **(૩૦) ગૃહ ઉદ્યોગ સમિતિ** | | | | | | |
| • | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | કન્વીનર | ૨૬૬૩ ૪૩૮૮ | | ૯૮૯૮૦ ૫૩૫૨૧ |
| • | શ્રી હિતેન બાબુભાઈ વસા | વાંકી | સભ્ય | — | — | ૯૪૨૮૪ ૭૩૮૩૯ |
| • | શ્રીમતી ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય | — | — | ૯૪૨૬૮ ૬૭૮૦૯ |
| • | શ્રી ભાવેશ હીરજી ગડા | કપાયા - મોટા | સભ્ય | — | — | ૯૭૩૭૪ ૮૮૧૩૪<br>૯૫૭૪૦ ૦૮૦૭૪ |
| • | શ્રી અલ્કેશ કાંતિલાલ શાહ | માંડવી | સભ્ય | — | — | ૯૯૯૮૯ ૬૧૦૫૭ |
| • | શ્રી રજનીકાંત બાબુભાઈ શાહ | સણવ | સભ્ય | — | — | ૯૬૮૭૨ ૯૫૭૩૫ |

*પરિવર્તન એ જીવનનો નિયમ છે. ભૂતકાળમાં રાચનારા અને વર્તમાનને સાચવનારાઓનું ભવિષ્ય ઉજ્જવળ હોતું નથી.*

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો | ઘર | ઓફિસ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| **(૩૧) કચ્છ આર્ટ ગેલેરી સમિતિ** | | | | | | |
| • | શ્રી કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | કન્વીનર | ૨૬૪૨ ૩૮૯૫ | ૨૫૮૯ ૪૫૫૬<br>૨૫૮૩ ૩૯૮૯ | ૯૩૨૮૦ ૦૧૧૪૦ |
| • | શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | સભ્ય | ૨૬૪૦ ૫૦૪૭ | ૨૬૪૦ ૧૭૩૫/૪૨ | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| • | શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | સભ્ય | ૨૬૭૪ ૭૯૨૫ | ૨૬૪૨ ૨૪૫૫ | ૯૮૨૫૦ ૧૩૭૧૫ |
| • | શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ | નલિયા | સભ્ય | ૨૬૭૪ ૭૯૨૫ | — | ૯૮૨૫૦ ૧૬૬૭૭ |
| • | શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા | રાયણ | સભ્ય | — | — | ૯૮૭૯૧ ૫૦૦૦૦ |
| • | શ્રીમતી પુષ્પાબહેન કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | સભ્ય | ૨૬૪૨ ૩૮૯૫ | — | ૯૩૨૮૦ ૦૧૧૪૧ |

# આદિવાસી હક્ક દિવસ

જયારથી ઉદારીકરણની નીતિ હેઠળ કેન્દ્ર સરકારે જાહેર હિત માટે અનામત રખાયેલી ખાણોને મુક્ત કરી, ત્યારથી ગેરકાયદે 'ખનીજ-ખનન' રોકેટની ઝડપથી આગળ વધવા માંડ્યું છે.

ગુજરાતની વાત કરીએ તો એકલા ઉના - કોડીનાર વિસ્તારના બાર ગામોમાં લાઈમ સ્ટોન, બેલા સ્ટોન અને બ્લેક સ્ટોનની પંચાવન ગેરકાયદે ખાણો ધમધમે છે. પર્યાવરણવિદ્ અમિત જેઠવાની હત્યા ગેરકાયદે ખનનની કરુણ કથા છે.

કર્ણાટકમાં એ ગેરકાયદે ખનન ૧૯૯૪માં શરૂ થયું અને ૨૦૦૩ સુધી એટલે કે લગભગ એક દાયકામાં ૧૧,૬૨૦ ચો.કિ.મી.ની ખાણો ખાનગી ક્ષેત્રમાં દાખલ કરાઈ.

૨૦૦૯-૨૦૧૦માં ભારતભરમાં ૩૦,૦૦૦થી વધુ ખાણોમાં ગેરકાયદે ખનન કરાય છે.

ખનીજ મંત્રાલયે તાજેતરમાં જણાવેલ છે કે મુખ્ય ખનીજના ગેરકાયદે ખનનના અંદાજે ૫૦૦૦ અને માઈનોર ખનીજના આવા અંદાજિત ૨૮,૦૦૦ કિસ્સાઓ બહાર આવ્યા છે.

ઈન્ડિયન બ્યૂરો ઑફ માઈન્સે ભારતના ૧૭ રાજયોમાં ખનીજની ચોરી થાય છે એવું જણાવ્યું છે. ખનીજ ચોરીના મુખ્ય વિભાગો નીચે મુજબ છે.

- કર્ણાટકનો બેલારી હોસ્પેટ વિસ્તાર.
- આંધ્રના ઓબુલાપુરમ, કુરનુલ અને કડાપ્પા વિસ્તારો.
- ઓરિસ્સાના કેઓન્જારે અને બડબિલ વિસ્તારો.
- ઝારખંડના પશ્ચિમ સિંગભૂમનો વિસ્તાર.

ખુદ દિલ્હી સરકારના અહેવાલ પ્રમાણે દર વર્ષે ૧૮૦૦ કરોડ રૂપિયાનો કોલસા એકલાનો જથ્થો માફિયાઓ તફડાવે છે.

અગાઉ ઝારખંડના મુખ્યપ્રધાન મધુ કોડાએ ખનીજના ખનનમાંથી રૂા. ૪૩૦૦ કરોડનો ગોટાળો કરેલ હતો.

કર્ણાટકના બેલ્લારી વિસ્તારમાં રાજયના મંત્રીઓ રેડ્ડી બંધુઓની ખનીજના ગેરકાયદે ખનન અને ગેરકાયદે દેશ બહાર નિકાસની વિગતો બહાર આવી ત્યારે એ જાણવા મળ્યું કે આ પ્રકારના કૌભાંડો રાજનેતાઓ, વહીવટીતંત્ર અને ઉદ્યોગોની મિલીભગત વગર શક્ય નથી.

એકલા ઓરિસ્સા રાજયની વિગતો ચકાસીએ.

- વેદાંતનો એલ્યુમિનિયમ પ્લાન્ટ તેની ધારણા પ્રમાણે કાર્યરત થાય તો રાજ્ય સરકારને દર વર્ષે રૂા. ૧૨૦૦ કરોડ વિવિધ કરવેરા મારફતે મળે.
- પોસ્કો કાર્યરત થાય તો દર વર્ષે બીજા રૂા. ૨૨૦૦ કરોડ મળે.
- તાતાનો કલિંગનગર સ્ટીલ પ્લાન્ટ કાર્યરત થાય તો રૂા. ૧૬૦૦ કરોડ દર વર્ષે મળે.
- ત્રણે મળીને સંયુક્તપણે રૂા. ૫૦૦૦ કરોડ મળે કે જે ઓરિસ્સા રાજયની કરની વાર્ષિક આવકના ૫૦ ટકા થાય. આવું બને તો આજની કઈ લાલચુ સરકાર સિયાવિયાં ના થાય!

કુદરતે ખનીજ, પાણી, વૃક્ષો એ બધું જંગલ વિસ્તારોમાં આપ્યું છે કે જયાં માત્ર અને માત્ર ગરીબો અને આદિવાસીઓ વસે છે. ખનીજના ખોદકામ માટે દોઢ લાખ હેક્ટર (એટલે લગભગ ૪ લાખ એકર વિસ્તાર)થી વધુ જંગલ વિસ્તાર ખનીજ માટે ફાળવાયો છે. ક્યાં ગયા હશે આ બધા જંગલવાસીઓ – આદિવાસીઓ? આ બધાના મૂળમાં વૈશ્વિકીકરણે જન્માવેલ નાણાકીય ભૂખ છે.

અને તેથી જ ઓરિસ્સામાં નિયમગીરી પહાડ વિસ્તારમાં સદીઓથી ધરબાયેલા બોક્સાઈટની ખનનની વૈશ્વિક ઉદ્યોગ વેદાંતને નામંજૂરી મળતાં એ દિવસને "આદિવાસી હક્ક દિવસ" તરીકે રાહુલ ગાંધીએ મનાવ્યો. રાહુલ ગાંધીની પીપૂડી પેંધા પડી ગયેલ રાજકારણીઓ પાસે કેટલી ચાલશે?

***(સનત મહેતાના તા. ૨૦-૧૦-૨૦૧૦ના દિવ્ય ભાસ્કરના લેખના આધારે.)***

*ઉત્સાહ સરસ એન્જિન છે પણ તેને ડ્રાઈવર તરીકે બુદ્ધિની જરૂર પડે છે.*

# માહિતી માટેનું ફોર્મ

*સમાજના દરેક પરિવારની છેલ્લામાં છેલ્લી વિગત કોમ્પ્યુટર પર રેકોર્ડ કરીને તેને સંગ્રહિત કરવાની હોવાથી સમાજના દરેક સભ્ય પરિવારને વિનંતી કે આ સાથેનું ફોર્મ તાત્કાલિક ભરીને તેને સમાજની ઓફિસે, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ પર મોકલી આપે.*

**મુખ્ય વ્યક્તિનું નામ** ____________ **પિતા/પતિનું નામ** ____________ **દાદાનું નામ** ____________ **અટક** ____________

**હાલના રહેઠાણનું સરનામું :** ____________________

____________________

____________ **વિસ્તાર** ____________

**શહેર :** ____________ **પીનકોડ :** ____________

**વ્યવસાયનું સરનામું :** ____________________

____________________

____________ **વિસ્તાર** ____________

**શહેર :** ____________ **પીનકોડ :** ____________

**જન્મ તારીખ :** ____________ **અમદાવાદમાં વસવાટનું વર્ષ :** ________ **વ્યવસાય : નોકરી / ધંધો / અન્ય** ____________

**જ્ઞાતિ :** ____________ **સંપ્રદાય :** ____________ **કચ્છનું ગામ :** ____________ **તાલુકો :** ____________

**વૈવાહિક સ્થિતિ : પરિણીત / અપરિણીત બ્લડ ગ્રૂપ :** ________ **સભ્યપદ પ્રકાર :** ____________ **કુટુંબનાં કુલ સભ્યોની સંખ્યા :** ________

**ફોન : રહે.** ____________ **ઓફિસ :** ____________ **મો.નં. :** ____________ **ઈ-મેઈલ :** ____________

| ક્રમ | કુટુંબના સભ્યોની વિગત નામ | જન્મ તારીખ | મુખ્ય વ્યક્તિ સાથેનો સંબંધ | વૈવાહિક સ્થિતિ | બ્લડ ગ્રૂપ | અભ્યાસ | વ્યવસાય | ઓફિસનું સરનામું | ઓફિસનો ફોન / મોબાઈલ / ઈ-મેઈલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

*ઈશ્વર દરેક પંખી માટે ચણ તો પેદા કરે જ છે, પણ એના માળામાં નથી નાંખી આવતો. તે શોધવા પંખીએ જાતે નીકળવું પડે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૧૦

● **ગુરુવાર, તા. ૨૬-૮-૨૦૧૦**

☆ આજરોજ મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ શ્રીમતી પુષ્પાબહેન કાંતિલાલ રામજી શાહ ગૃહ ઉદ્યોગ હરીફાઈ, ગૂર્જર પરિવાર બ્યુટી હરીફાઈ તથા માતુશ્રી દમયંતીબહેન ખીમજી વેલજી ધરમશી લગ્નગીત હરીફાઈઓના આયોજન કરવામાં આવેલ હતા. સારી એવી સંખ્યામાં સમાજની બહેનો ઉપસ્થિત રહેલ હતી. ત્રણે હરીફાઈઓના વિજેતાઓના નામો નક્કી કરવામાં આવેલ હતા.

● **શનિવાર, તા. ૨૮-૮-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈના ડોંબીવલી ખાતેના નવનીત નગર આવાસ યોજનાના યોગી સભાગૃહ - દાદરમાં યોજાયેલ ડ્રો પ્રસંગે શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડા ઉપસ્થિત રહેલ હતા. ઉપરોક્ત આવાસ યોજનામાં શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદ તરફથી રૂા. ૧૧ લાખનું ડોનેશન લખાવવામાં આવેલ હતું.

● **રવિવાર, તા. ૨૯-૮-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર તબીબી સેવા સમિતિ આયોજિત હૃદયરોગ, તેની સારવાર અને તેના અનુસંધાને જીવશૈલી વિષયે એક પરિસંવાદ યોજવામાં આવેલ હતો. આ પરિસંવાદના વક્તા તરીકે ડૉ.ઉર્મિલ શાહ તથા ડૉ. ધીરેન શાહ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી અશ્વિનભાઈ સાવલાએ કરેલ હતું.

● **શુક્રવાર, તા. ૩-૯-૨૦૧૦**

☆ જળસિંચાઈ વિભાગના ચીફ એન્જિનિયર શ્રી ગુલાટી સાથે ફોન પર વાત થયેલ હતી. કચ્છમાં વધારાના પાણીના આયોજન માટે સર્વે કરવાનું કામ ‘મલ્ટી મેન્ટેક ઈન્ટરનેશનલ પ્રા.લિ.’ નામની અમદાવાદ સ્થિત કંપનીને સુપરત કરવામાં આવેલ છે તેવું તેમણે જણાવ્યું હતું.

● **શનિવાર, તા. ૪-૯-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી મુકુલભાઈ શેઠ (આર્કિટેક્ટ) કચ્છ મ્યુઝિયમ જોવા ભુજ ગયેલ હતા. મ્યુઝિયમના નિરીક્ષણ બાદ શાહીબાગ ખાતે ઊભી કરવામાં આવનાર ‘કચ્છ આર્ટ ગેલેરી’નું ઈન્ટિરિયર ડિઝાઈનિંગ શ્રી મુકુલ શેઠ દ્વારા તરતમાં તૈયાર કરીને આપી દેવામાં આવશે.

● **મંગળવાર, તા. ૭-૯-૨૦૧૦**

☆ આજરોજ સવારના શ્રી દિનેશભાઈ શાહ તથા મેનેજર શ્રી પરાશર વ્યાસ મંગલ મંદિર માટેનું પ્રિન્ટિંગ સ્થળ બદલતાં તે માટેની જરૂરી મંજૂરી તથા કાર્યવાહીની માહિતી મેળવવા ‘જિલ્લા સેવા સદન’ અમદાવાદ (કલેક્ટર કચેરી) ખાતે ક્લાર્કને મળી તે બાબતની વિગતે જાણકારી મેળવી હતી.

☆ આજરોજ અમદાવાદ ખાતે સરદાર સરોવર નર્મદા નિગમના એક ડાયરેક્ટર શ્રી મુકેશભાઈ ઝવેરી સાથે મિટિંગ ગોઠવી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોની ઝડપ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **બુધવાર, તા. ૮-૯-૨૦૧૦**

☆ આજરોજ લાઈબ્રેરી સમિતિના

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓને સુચના

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓને સૂચના આપવામાં આવે છે કે :***

૧. હોદ્દાની રુએ પ્રમુખ તથા મંત્રી દરેક સમિતિના સભ્ય છે. વિવિધ સમિતિના કન્વીનરશ્રી પોતાની સમિતિની મિટિંગ બોલાવે ત્યારે તેઓએ પ્રમુખ તથા મંત્રીને પણ આમંત્રણ આપવું જરૂરી છે. હવે પછી આ પ્રકારના આમંત્રણ વગરની કોઈપણ મિટિંગની કાર્યવાહી રદબાતલ ગણી શકાશે.

૨. દરેક સમિતિના કન્વીનરશ્રીને વિનંતી કે પોતાની સમિતિની મિટિંગ અગાઉ સમિતિના દરેક સભ્યોને તે મિટિંગના એજન્ડાની લેખિતમાં જાણ કરે. મિટિંગ બાદ તેની મિનિટ્સ પણ દરેક સભ્યને સરક્યુલેટ કરે. સમિતિની દરેક મિટિંગનો રેકોર્ડ રાખવો ખૂબ જરૂરી છે.

૩. ‘માસિક સમાચાર’ના અહેવાલ હાલે શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ સંભાળે છે. જ્યાં લગી તેમને દરેક સમિતિની ગતિવિધિના સમાચાર નહીં મળે ત્યાં લગી તેઓ તે અહેવાલનો સમાવેશ ‘માસિક સમાચાર’માં કરી શકશે નહીં. આથી દરેક સમિતિના કન્વીનરશ્રીને વિનંતી કે તેઓ તેમની સમિતિના મિટિંગના અહેવાલ અને સમિતિની ગતિવિધિના સમાચાર શ્રી દિનેશભાઈ શાહને નિયમિતપણે મોકલતા રહે.

આશા છે કે હવે પછી દરેક સમિતિના કન્વીનરશ્રી શિસ્તમાં રહી, ઉપરોક્ત વિગતોનો અમલ કરશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***સફળતા પર સફળતાની ઈમારત નથી ચણાતી. નિષ્ફળતારૂપી ભંગાર પર જ સફળતાની અડીખમ ઈમારત ઊભી થાય છે.***

કન્વીનરશ્રી મનુભાઈ શાહ સાથે તે સમિતિની ભવિષ્યની કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન કે. શાહ સાથે તેમની સમિતિની ભવિષ્યની કાર્યવાહી વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૯-૯-૨૦૧૦**

☆ બીના મેડિકલ સ્ટોર્સવાળા શ્રી જયેશભાઈએ બ્રાન્ડેડ જનરીક દવા તથા જનરીક દવાઓની વિગત રજિસ્ટરમાં લખીને મોકલી આપેલ હતી.

- **શનિવાર, તા. ૧૦-૯-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીભાઈ પારેખે તા. ૨૬-૯-૨૦૧૦ના સ્વામિવાત્સલ્ય જમણવારના પ્રસંગે શ્રી કચ્છી જૈન ભવન પરના બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલે માળે યોજવામાં આવનાર વિવિધ કાર્યક્રમોના આયોજનો ગોઠવેલ હતા.

- **રવિવાર, તા. ૧૨-૯-૨૦૧૦**

☆ આજરોજ રાત્રે શ્રી કાંતિભાઈ સાવલાને ત્યાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા એકત્રિત થયેલ હતા અને શ્રી ક.જૈ.સે.સ.ની અનેકવિધ યોજનાઓ વિશે વિગતવાર ચર્ચા કરેલ હતી.

- **બુધવાર, તા. ૧૫-૯-૨૦૧૦**

☆ આજરોજ સાંજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ગૃહ ઉદ્યોગ ચાલુ કરવા માટેની એક મિટિંગ નવનીત ભવન (આવાસ યોજના), બહેરામપુરા ખાતે આવાસ યોજનામાં રહેતા ૩૫ મેમ્બરોની હાજરીમાં મિટિંગનું આયોજન કરી ચર્ચા વિચારણા કરેલ હતી. જેમાં શ્રી રજનીકાંત ડી. પારેખ, શ્રી મહેન્દ્રભાઈ વિશનજી શાહ, શ્રીમતી ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ તથા શ્રીમતી મીનાક્ષીબહેન રજનીકાંત પારેખ હાજર રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૭-૯-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા શ્રી અશોક મહેતાને ત્યાં મળેલ હતા અને સમાજની વિવિધ યોજનાઓ વિશેના ભવિષ્યના પ્લાનિંગ નક્કી કરેલ હતા.

- **રવિવાર, તા. ૧૯-૯-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પ્રથમ ટ્રસ્ટ મંડળની મિટિંગ મળેલ હતી અને એજન્ડા અનુસારના કાર્યોના નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ ત્યારબાદ કારોબારી સમિતિની મિટિંગ મળેલ હતી કે જેમાં વિવિધ સમિતિઓની રચનાને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવેલ હતું.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર તબીબી સેવા સમિતિના નેજા હેઠળ શરીરમાં વિવિધ ભાગોમાં થતા દુઃખાવા વિશેનો એક પરિસંવાદ અને ત્યારબાદ નામ નોંધાવનાર વ્યક્તિઓનું ચેક-અપ કરવામાં આવેલ હતું. બોન ડેન્સીટો મીટર મશીનથી ઉપસ્થિત દરેકના હાડકાંઓમાં કેલ્શિયમનું પ્રમાણ હાડકાઓમાં નબળાઈ અને ખામીઓ વગેરેનું ચેકિંગ કરવામાં આવેલ હતું. અંદાજિત ૨૫૦થી પણ વધુ સંખ્યામાં લોકો આ સેમિનારમાં ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ જમણવાર સમિતિએ શણગાર ડેકોરેટર્સના શ્રી સમીર શાહ સાથે બેસી તેઓ સાથે સ્વામિવાત્સલ્ય જમણવારની વિગતો ફાઈનલ કરી, તેઓને રવિવાર તા. ૨૬-૯-૨૦૧૦ના સ્વામિવાત્સલ્ય જમણવારનો કોન્ટ્રાક્ટ ફાઈનલ કરેલ હતો.

- **સોમવાર, તા. ૨૦-૯-૨૦૧૦**

☆ આજરોજ શ્રીમતી અલ્પા શાહને ભવન પર બોલાવી તા. ૨૬-૯ના કાર્યક્રમની વિગત સમજાવેલ હતી કે જેથી તે દિવસે વ્યવસ્થિતપણે એન્કરિંગ કરી શકે. વિગતવાર કાર્યક્રમ પણ ટાઈપ કરીને આપી દેવામાં આવેલ હતો.

☆ મુદ્રા પ્રિન્ટર્સવાળા શ્રી જયેશ શાહને બોલાવી તેની સાથે શ્રી અશોક મહેતા તથા શ્રી સૂરજલાલ મહેતાએ મિટિંગ કરેલ હતી અને ભવિષ્યમાં મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવનાર વિગતોમાં ગરબડ ન થાય તે માટે શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી અશોક મહેતા મોકલે તેના સિવાય ડાયરેક્ટ આવતી કોઈપણ મેટર ન સ્વીકારવા બાબતે તેમનું ધ્યાન દોરવામાં આવેલ હતું.

☆ દીપોત્સવીમાં સમાજના સભ્યોને સસ્તા દરે ડ્રાય ફ્રુટ, મીઠાઈ, ફરસાણ વગેરે વિતરણ કરવા આજરોજ શ્રી પંકજભાઈ રસિકલાલ શાહ પાસેથી વિવિધ પ્રકારના ડ્રાયફ્રુટના સેમ્પલ મંગાવવામાં આવેલ હતા. શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ પણ વિવિધ પ્રકારની મીઠાઈઓના ભાવનું ફાઈનલ તારવણ મેળવી આપેલ હતું.

- **રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર વાર્ષિક સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવારનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સમાજની લગભગ ૧૭૦૦થી વધુ વ્યક્તિઓએ સ્વામિવાત્સલ્યનો લાભ લીધેલ હતો. પુરસ્કાર સમિતિએ બાળવર્ગથી ધોરણ-૭ સુધી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપેલ હતા. ગૃહઉદ્યોગ વિશેના લગભગ ૧૫ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવેલ હતા. વિવિધ હરીફાઈઓના વિજેતાઓને શિલ્ડ તથા અન્ય ઈનામો આપવામાં આવેલ હતા. દિવાળી મિષ્ટાન્ન, લાઈબ્રેરીના સભ્ય થવા તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના તા. ૩-૧૦-૧૦ના આગામી સેમિનારનો પ્રચાર / પ્રસાર કરવામાં આવેલ હતો. આ પ્રસંગે વૈયાવચ્ચના ખાતામાં વિવિધ લોકોએ જમા કરાવેલ રકમનો સરવાળો રૂા. ૧૦,૦૦૦/- પણ વધુ થવા પામેલ હતો. આજરોજ સમારંભના સમયે સંસ્થાના કેટલાક કર્મચારીઓનું બહુમાન પણ કરવામાં આવેલ હતું. ■

***નૈતિકતા અને પ્રામાણિક્તા હોય ત્યાં ધાર્મિકતાની કોઈ જરૂરત નથી.***